Chap-2



# પ્રકરણ - ૨

# સુંદરમ્‌ની કવિતામાં અધ્યાત્મનિરૂપણ

## ૨.૧ અધ્યાત્મવ્યક્તિત્વનાં ઘડતરપરિબળો

કવિતામાં કવિના આત્માનો વૈભવ પ્રગટે છે. જન્મના સંસ્કારો, ઉછેર, શિક્ષણ, જાહેરજીવનના અનુભવો અને સાહિત્ય તથા વિવિધ વ્યક્તિઓનો પ્રભાવ કવિના આત્મા પર ચિરંજીવ છાપો ઉપસાવે છે. આ દૃષ્ટિએ કવિની આધ્યાત્મિક ભૂમિકાને જાણવી એ એમની અધ્યાત્મકવિતાના અભ્યાસમાં ઉપકારક બનશે.

### કુટુંબ

ગાંધીયુગ અને અનુગાંધીયુગના પ્રખર સર્જક અને દૃષ્ટા એવા સુંદરમ્ ગુજરાતી કવિતાના પ્રતિભાસંપન્ન અને અગ્રણી કવિ છે. સુંદરમ્‌ના જીવનનો વિકાસક્રમ તેમનો આધ્યાત્મિક યાત્રાનો પણ વિકાસક્રમ બની રહે છે. સુંદરમ્‌ના જીવનના ત્રણ તબક્કા તેમના વ્યક્તિત્વના વિકાસ પર ઊંડો અસર ઉપજાવનારા છે, તેમાં સૌ પ્રથમ તબક્કો તેમનો જન્મભૂમિ મિયાં-માતરના શૈશવકાળના અનુભવોનો છે, ત્યારબાદ આમોદ, ભરુચ અને અમદાવાદ વિદ્યાપીઠના અભ્યાસકાળના અનુભવોનો બીજો તબક્કો છે અને શ્રી અરવિંદનો પ્રભાવ અને અરવિંદઆશ્રમ પોંડિચેરીમાં નિવાસનો ત્રીજો તબક્કો છે.

કવિ સુંદરમ્‌નો જન્મ ગુજરાતમાં ભરૂચ જિલ્લાના , આમોદ તાલુકાના સર્વરંગી વસતિવાળા ઠકરાતી ગામ મિંયા-માતરમાં ૨૨મી માર્ચ ૧૯૦૮ ના રોજ એક લુહાર કુટુંબમાં થયો હતો . પિતા પુરુષોત્તમદાસ કેશવદાસ લુહાર તથા માતા ઊજમબેનના ચાર પુત્રોમાં સુંદરમ્ પાટવી સંતાન હતા. સુંદરમ્‌ના કુટુંબમાં તેમના દાદા. દાદીમા, દાદાના બા, પિતા, માતા તથા કવિ સહિત ચાર ભાઈઓ હતા . ધાર્મિક સંસ્કારો કવિને કુટુંબમાંથી જ મળેલા . કવિના પિતા પુરુષોત્તમદાસ અનેક સંતાનો પછી એમના માબાપના એકલાજ હયાત સંતાન હતા અને એ અંબાજીની પ્રસાદીરૂપે હયાત હોવાનું મનાતું હોઈ કવિના કુળદેવી અંબાજી હતા . કવિનું કુટુંબ ગામના એક ગુલાબગુરુના ઘનિષ્ટ સંપર્કમાં હોઈ સુંદરમ્‌નો જન્મ પણ આ ગુરુના આશીર્વાદરૂપ જ મનાતો .

કવિ જન્મ્યા ત્યારે તેમનું કુટુંબ સારી સ્થિતિમાં હતું. તેમના બાપુ અને દાદા આમ તો લુહારીકામ કરતા હતા, પણ હિસાબ વગેરેની સારી ત્રેવડ હતી અને એ ધીરધારનું કામ પણ કરતા. નાનપણમાં સુંદરમ્‌નો સંબંધ તેમના દાદાઅને બાપુ કરતાં તેમની દાદી જેને તેઓ 'ગમા' - 'ઘરડી મા' કહેતા તેમની સાથે ઘનિષ્ઠ હતો. તેઓ જ કુટુંબની ભૂતકાળની કથાઓ કવિને સંભળાવતાં. સુંદરમ્‌ના દાદાના બા માકોરડોશી કવિ પાંચ વર્ષના થયા ત્યારે તેમને નિશાળે મૂકવા જતાં. કવિના આ પ્રારંભિક તબક્કામાં જ ડોશીમાએ કુટુંબમાંથી વિદાય લીધી. કવિના જીવનમાં મૃત્યુનો આ પ્રથમ અનુભવ હતો . ત્યારબાદ ૧૯૧૮માં પ્લેગ ફાટી નીકળ્યો અને સુંદરમ્‌ના પિતાનું પ્લેગને કારણે મૃત્યુ થયું. જુવાન પિતાના મૃત્યુથી કવિના કુટુંબ ઉપર કરુણતાનું વાદળ ઊતરી આવ્યું અને કવિના કુટુંબની જવાબદારી વૃધ્ધ દાદા ઉપર

આવી પડી.જો કે પિતાના મૃત્યુ પહેલાં જ કવિ સુંદરમ્‌ના લગ્ન ૧૯૧૭માં નવ વર્ષની ઉંમરે મંગળાબહેન સાથે થઈ ગયા હતા.

આમ સુંદરમ્‌નો ઉછેર કુટુંબના સંઘર્ષની સાથે સાથે થયો. ગામના ગુલાબગુરુનો દરોબો, તથા મંદિરો અને ભજનમંડળીઓની ગામમાં અને અવારનવાર ઘરમાં ચાલતી રમઝટના સૂરતાને કવિની હૃદયવીણાના તારને ઝંકૃત કરેલા . આ અધ્યાત્મ તથા કાવ્યના બીજારોપણનો કાળ હતો , જે અભ્યાસકાળના બીજા તબક્કામાં અંકુરિત થતો જોવા મળે છે.

## શિક્ષણ અને સાહિત્ય

કવિ સુંદરમ્‌નું પ્રારંભિક સાત ધોરણ સુધીનું શિક્ષણ તેમના ગામ મિંયા-માતરની નિશાળમાં પુરું થયું. ત્યારબાદ તેઓ આમોદની બોર્ડિંગમાં સૌથી નાના વિદ્યાર્થી તરીકે દાખલ થયા અને પાંચ વર્ષના અંતે સૌથી અગ્રણી અને તેજસ્વી વિદ્યાર્થી બન્યા . આમોદની બોર્ડિંગમાં ૧૯૨૦-૨૧ માં સુંદરમે અનેક દેવદેવીઓનાં ચિત્રો કર્યાં હતાં, શરદપુનમની રાતે સુંદરમ્ દેવપૂજા કરીને પેટીમાંના દેવો પાસે સળગતી મીણબત્તી મુકીને મિત્રો સાથે દૂધપૌંઆ ખાવા નીચે ગયા ત્યારે મેડા પરની તેમની ઓરડીમાં મીણબત્તીના અગ્નિમાં બધા જ દેવો ભસ્મીભુત થઈ ગયા અને સુંદરમ્ કહે છે તેમ -' બસ ત્યારથી મારો ભક્તિયોગ પુરો થયો એમ હું માનું છું અને પછી કોઈપણ કાગળના કે મંદિરના દેવોની પાસે હું ગયો નથી .' આમોદની સ્કૂલમાં સુંદરમે ચાર વર્ષમાં અંગ્રેજી પાંચ ધોરણનો અભ્યાસ પૂરો કર્યો. આથી આમોદની સ્કૂલના હેડમાસ્તરની ભલામણથી સુંદરમ્‌ને ભરૂચની શ્રી છોટુભાઈ પુરાણીની રાષ્ટ્રીય ન્યુ ઈંગ્લીશ સ્કૂલમાં સીધો સાતમા ધોરણમાં પ્રવેશ મળ્યો , ત્યાંથી તેમણે ગુજરાત વિદ્યાપીઠની વિનીત પરીક્ષા પાસ કરી. આખી વિદ્યાપીઠમાં સુંદરમ્‌ના વધુમાં વધુ માર્કસ હતા . શ્રી છોટુભાઈ પુરાણીની ભલામણથી સુંદરમ્ તથા શ્રી છોટુભાઈના પુત્ર બંનેએ ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો.

અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં આવી ચાર વર્ષ અભ્યાસ કરી ૧૯૨૯માં ૨૧મા વર્ષે સુંદરમ્ 'ભાષાવિશારદ'ની ઉપાધિ સાથે બીજા વર્ગમાં સ્નાતક થયા. તેમના વિષયો સંસ્કૃત અને અંગ્રેજી હતા. સુંદરમ્ વિદ્યાપીઠમાંથી જ ગાંધીજીના પ્રભાવમા આવી ગયા હતા . અભ્યાસ પૂરો કરી થોડા થોડા સમય માટે જુદી જુદી શાળાઓમાં જોડાયા પરંતુ ગાંધીજીનું આકર્ષણ તેમને ફરી ફરી સત્યાગ્રહલડતમાં ખેંચી લાવ્યું . આમ વિદ્યાપીઠમાંથી નીકળી સુંદરમ્ સ્વાતંત્ર્યસંગ્રામની પ્રવૃત્તિમાં જોડાયા, સાથે સાથે કવિતાપ્રવૃત્તિ પણ ચાલતી રહી .

સાહિત્ય, સંગીત અને ચિત્રકલાના ઉપાદાનો નાનપણમાં કવિ સમક્ષ હતાં. નિશાળમાં ગવાતી કવિતાઓ અને પ્રાર્થનાઓમાંથી સંગીતનું ઉપાદાન અને કવિએ આમોદની બોર્ડિંગમાં દોરેલા વિવિધ દેવદેવીઓનાં ચિત્રો તથા વિદ્યાપીઠમાં ગયા પછી ગંભીર રીતે કરેલ ચિત્રવિષયનો અભ્યાસ એમને માટે વિધિનિર્મિત હથિયાર જેવું ઉપાદાન બની ગયું. નાનપણથી વર્ગખંડમાં ગવાતી કવિતા અને ઘરમાં ગવાતાં ભજનોની પંક્તિઓની અસરને ઝીલી તેમની પ્રથમ કાવ્યકૃતિ 'વડલાની ડાળ ઉપરના હીંચકા'ને શાળામાં ગવાતા રેંટિયાના ગીત ઉપરથી રચાયેલી કવિતા દ્વારા એમના

સાહિત્ય સર્જનનો આરંભ થાય છે. શાળાના હસ્તલિખિતગ્રંથમાં એ પ્રગટ થઈ હતી. નાનાં મૌલિક જોડકણાં તો તે પહેલાં પણ ગોઠવાતાં હતાં. શાળાકાળમાં પુસ્તકો જ તેમના શિક્ષાગુરુ અને દીક્ષાગુરુ બની રહેતા. વિદ્યાપીઠમાં એમના અભ્યાસ દરમ્યાન તેમણે ખૂબ જ લખ્યું. ગાંધીજીએ પોતાની આત્મકથામાં વર્ણવેલા એક 'બાલા-સુંદરમ્ 'ના નામમાંથી ' સુંદરમ્' શબ્દ લઈ તેમણે ઉપનામ રાખ્યું. હસ્તલિખિત 'પંચતંત્ર ' અને મુદ્રિત 'સાબરમતી'માં પદ્યની સાથે સાથે ગદ્ય પણ લખાતું ગયું. 'સાબરમતી'માં ઉત્તમ લેખને માટે તેમને નારાગૌરી રોપ્યચંદ્રક પણ મળેલો. થોડો સમય 'સાબરમતી'નું સંપાદન પણ તેમણે કરેલું.

આમ શિક્ષણ અને સાહિત્યનો પ્રભાવ કવિને કાવ્ય-રચનાની અધ્યાત્મપ્રવૃત્તિમાં ખેંચી જાય છે. એ વખતે ગાંધીજીના સમાજવાદના પ્રભાવ તળે દલિતો પ્રત્યેનો પ્રેમ અને પ્રભુની વિડંબનારૂપે અધ્યાત્મનાં બીજ અંકુરિત થતાં જોવા મળે છે. સુંદરમ્‌ની સાહિત્યસેવાના પરિપાકરૂપે અત્યાર સુધીમાં આપણને 'કોયા ભગતની કડવી વાણી'(૧૯૩૩), 'કાવ્યમંગલા' (૧૯૩૩), 'વસુધા'(૧૯૩૯),'યાત્રા'(૧૯૫૧), 'વરદા'(૧૯૯૦), 'મુદિતા'(૧૯૧),'ઉત્કંઠા'(૧૯૯૨),'અનાગતા'(૧૯૯૩),'લોકલીલા' (૧૯૯૫),' ઈશા' (૧૯૯૫),'પલ્લવિતા','મહાનદ'(૧૯૯૫),કાવ્યસંગ્રહો તથા 'રંગ રંગ વાદળિયાં'(૧૯૩૯), બાળકાવ્યસંગ્રહ મળે છે. ગદ્યક્ષેત્રે 'હીરાકણી' (૧૯૩૮),'પિયાસી' (૧૯૪૦), 'ઉન્નયન' (૧૯૪૫), 'તારિણી' (૧૯૭૭), ' પાવકના પંથે '(૧૯૭૭), વાર્તાઓ મળે છે. નાટકોમાં 'વાસંતી પૂર્ણિમા'(૧૯૭૦) ઉપરાંત અનુવાદિત નાટકો 'મૃચ્છકટિક ' ( સંસ્કૃત ) (૧૯૪૪), ' કાયાપલટ ' (જર્મન-અંગ્રેજી) (૧૯૬૧), 'જનતા અને જન'(જર્મન-અંગ્રેજી)(૧૯૬૫), 'ઐસી હૈ જિંદગી '( જર્મન-અંગ્રેજી) (૧૯૭૪), સુંદરમ્ આપે છે. કવિનું ચિંતનાત્મક ગદ્ય પણ વિપુલ છે. 'દક્ષિણાયન ' (પ્રવાસ) (૧૯૪૧), 'અર્વાચીન કવિતા '(૧૯૪૬) અને 'અવલોકના'(૧૯૬૫), વિવેચન ગ્રંથો, 'ચિદંબરા' (આરંભના તથા અન્ય લખાણો) (૧૯૬૮), ' શ્રી અરવિંદ યોગી' (યોગ) (૧૯૫૦), ઉપરાંત સુંદરમ્‌ના વિચારસંપુટના ત્રણ ગદ્યગ્રંથો સાહિત્ય ચિંતન ( સાહિત્ય વિષયક અધ્યયનો), 'સમર્ચના ' ( અંજલિ~~આત્મક~~-લેખો) અને 'સા વિદ્યા' (તત્ત્વચિંતનના લેખો) (૧૯૭૮) પ્રગટ થયા છે.

આમ કવિના શૈક્ષણિક-સાહિત્યિક અનુભવો અને સર્જનાત્મક સંવેદનો એમના અધ્યાત્મવ્યક્તિત્વના ઘડતરમાં ઉપકારક બન્યાં છે.

## વિભૂતિપ્રભાવ - સંપ્રદાય

અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં૧૯૨૫થી ૧૯૨૯નાં વર્ષોમાં સુંદરમે જે વિદ્યાર્થીજીવન વીતાવ્યું એ દરમ્યાન ગાંધીજીનો સવિશેષ પ્રભાવ તેમણે ઝીલ્યો છે. આ ઉપરાંત વિદ્યાપીઠના આચાર્ય કાકાસાહેબ કાલેલકર,આચાર્ય ગિદવાણી, આચાર્ય કૃપલાણી, તથા રામચંદ્ર આઠવલે, હરિનારાયણ આચાર્ય, બાબુરાવ ઠાકોર, વાલજીભાઈ દેસાઈ, શ્રી રામનારાયણ પાઠક અને નરહરિ પરીખ જેવા અધ્યાપકો સાથેનો સુંદરમ્‌નો પરિચય સર્જક તરીકેનો રહ્યો. બ.ક. ઠાકોર અને આનંદશંકર ધ્રુવને પણ કવિએ વિદ્યાપીઠમાં જ સૌ પ્રથમ જોયા હતા. પરંતુ કવિની અધ્યાત્મયાત્રાનો આરંભ તો થયો તેમના દક્ષિણાયનના પ્રવાસથી.

કવિએ ૧૯૩૫માં દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો. આ દક્ષિણાયનના પ્રવાસ દરમ્યાન કવિ પોંડિચેરી આશ્રમની અછડતી મુલાકાતે ગયા હતા. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિય એવા સુંદરમ્‌ને અરવિંદની મૌનપ્રવૃત્તિ એ વખતે નિરર્થક લાગી હતી. આ પ્રથમ મુલાકાત વખતે તો ધ્યાનમાં જવાની પણ તેમણે ના પાડી હતી. પરંતુ આ મુલાકાત દરમ્યાન રિક્ષામાં બેસીને વિદાય લેતા કવિએ એક અકલ્પ્ય એવો સંકલ્પ પોતાનામાં સાકાર થતો જોયો. કવિ પોતે જણાવે છે તેમ 'કોઈ મૂંગું સંવેદન અંતર કોરી રહ્યું હતું. જીવનનાં સૌ રસો કરતાં કોઈ મહારસ અહીં રેલાઈ રહ્યો છે તેનું ભાન મને બેચેન કરી મૂકતું હતું એ મહારસના અસ્તિત્વની ખાત્રી અહીંના સાધકોને જોઈને થઈ. શ્રી અરવિંદના પ્રત્યક્ષ દર્શન કદાચ વધારે ગૂઢ અસર પણ ઉપજાવી શકતા હશે પણ શું શ્રી અરવિંદનું કાર્ય જીવનના એ રસોને છોડીને જ સમજી શકાય ? સંકલ્પ કર્યો, જે ઘડીએ જીવનના સૌ રસો સુકાઈ જશે અને ત્યાં કશું નહીં દેખાય તે જ ઘડીએ અહીં દોડયો આવીશ. ત્યાર બાદ ૧૯૪૨માં દસેક માસનો સમય કાઢીને સુંદરમ્ નિરાંતથી આશ્રમમાં રહેવા ગયા, આશ્રમના સેવાકાર્યોમાં જોડાયા, અહંકારનું વિસર્જન થતાં શ્રી અરવિંદ અને માતાજીના શરણે સમર્પિત થવાની ભૂમિકા રચાઈ. ત્યારબાદ તેઓ ૧૯૪૫ના ૨૨મી માર્ચના પોતાના જન્મદિવસથી શ્રી અરવિંદ આશ્રમમાં કાયમ માટે નિવાસ કરી પૂર્ણયોગને સમર્પિત થયા. ત્યાર પછી કવિનું જીવન જ નહીં કવિની કવિતા પણ પૂર્ણયોગને સમર્પિત બની. કવિનું કામ માત્ર અરવિંદપ્રણિત વિચારોનો પ્રચાર કરવાનું અને એના ચીંધ્યા માર્ગે અધ્યાત્મવિકાસ સાધવાનું જ બાકી રહ્યું, જે તેમણે ૧૩-૧-૧૯૯૧ના રોજ પરમની વાટે હાલી નીકળ્યા ત્યાં સુધી અવિરત કર્યા કર્યું.

આ રીતે સુંદરમ્‌નું અધ્યાત્મવ્યક્તિત્વ ગાંધીજી અને અરવિંદના વિચારોના પ્રભાવને ઝીલે છે. સાબરમતી આશ્રમ છોડી કવિ અરવિંદઆશ્રમમાં આવે છે. સમાજવાદનો ચોળો ઉતારી અરવિંદની કંઠી બાંધે છે. આથી તેમનું અધ્યાત્મવ્યક્તિત્વ અરવિંદ-સંપ્રદાયના રંગે રંગાયેલું છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજી તેમના ગુરુના સ્થાને હોઈ તેમના માટે સર્વસ્વ છે. તેમને અનુલક્ષતાં કાવ્યોનું પ્રમાણ 'યાત્રા' અને ત્યારપછીના કાવ્યસંગ્રહોમાં સવિશેષ જોવા મળે છે. અરવિંદના ધ્યાનયોગને વરેલા કવિ અનેક પ્રાર્થનાઓ આપે છે, જે અરવિંદભક્તિની વિશિષ્ટતા છે. વિશ્વને સુંદર બનાવવા દિવ્યચેતનાના અવતરણ માટે તેઓ કાર્યરત રહે છે.

### અધ્યાત્મવિકાસયાત્રા

કવિ સુંદરમ્ કુટુંબમાંથી ધાર્મિક સંસ્કારોને પામી, શાળાની કવિતા અને ભજનની ધૂન સાથે સંગીતનો તાર મેળવતાં મેળવતાં, કુટુંબ ઉપર આવી પડેલી કરુણતાઓ, જીવનસંઘર્ષ અને આમોદની બોડિંગ સ્કૂલ તથા વિદ્યાપીઠનું જીવન તેમના અધ્યાત્મબીજને અંકુરિત કરવામાં સહાયક બને છે. દક્ષિણનો પ્રવાસ કવિના જીવનમાં એક નવો જ વળાંક લાવે છે. કવિની અધ્યાત્મની પરિભાષા બદલાઈ જાય છે. બુધ્ધના મહાભિનિષ્ક્રમણની જેમ કવિ જીવનના સર્વ રસો સુકાઈ જતાં મહારસને પામવા અરવિંદનું શરણ શોધે છે. અરવિંદને જ પોતાના ગુરુ બનાવી તેમની પૂર્ણ શરણાગતિમાં ધ્યાનયોગના માર્ગે આધ્યાત્મિક વિકાસ સાધતાં સાધતાં કવિ પોતાનું શેષ જીવન વીતાવે છે. આમ સુંદરમ્‌નું સમગ્ર જીવન એક આધ્યાત્મિક ખોજ માટે જ જાણે કે સમર્પિત

છે. તેમના જીવનના વિવિધ સંસ્કાર -અનુભવો જ તેમના સાહિત્યની ભૂમિકા બને છે.૧૯૩૩માં 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો' તથા 'કાવ્યમંગલા' કાવ્યસંગ્રહો બાદ 'યાત્રા'થી કવિના અધ્યાત્મવ્યક્તિત્વમાં પરિવર્તન જોઈ શકાય છે. 'વસુધા' માં આ પરિવર્તનની ઝાંખી રેખા તો મળે છે જે 'યાત્રા'થી સ્પષ્ટતયા બદલાયેલી જોઈ શકાય છે. ત્યારપછીના કાવ્યસંગ્રહો અધ્યાત્મના વિવિધ રંગોથી રંગાયેલી કવિતાઓથી સભર છે. 'વરદા', 'મુદિતા', 'ઉત્કંઠા' અને 'અનાગતા' ગ્રંથચતુષ્ટયમાં અરવિંદપ્રચારનું માધ્યમ બનતી કવિતા પ્રત્યક્ષ બને છે. સુંદરમ્‌ના મરણોત્તર કાવ્યગ્રંથો 'લોકલીલા','ઈશ','પલ્લવિતા' અને 'મહાનદ'માં કવિની અગાઉની અપ્રગટ કવિતાઓ સંગૃહિત છે, જેમાં પણ તેમના અધ્યાત્મચિંતનની રેખાઓ સ્પષ્ટ જોઈ શકાય છે.

આમ કવિ સુંદરમ્‌ના અધ્યાત્મવ્યક્તિત્વના ઘડતરમાં તેમના જન્મગત સંસ્કારો, કુટુંબ, શિક્ષણ, સાહિત્ય અને ગાંધીજી-અરવિંદ જેવી વિભૂતિઓનો જે પ્રભાવ વર્તાય છે,તે તેમનાં અધ્યાત્મસંસ્કારબીજોને ક્રમશઃ વિકસાવી સ્વચિંતનમાંથી સ્વદર્શનની ભૂમિકાએ પહોંચાડે છે.

# ૨.૨ સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન

### કોયા ભગતની કડવી વાણી

સુંદરમ્‌નો કાવ્યયાત્રાનો ઉઘાડ થાય છે 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો'થી . કવિ જેલમાં તેમની સાથે રહ્યા હતા તેવા જેલવાસી બંધુઓને આ સંગ્રહ અર્પણ કરે છે.'કોયા ભગતની કડવી વાણી'માં પ્રભુની ઉપેક્ષા પછી પ્રભુપ્રાર્થનામાં ઉપાલંભ છે પરંતુ આ ઉપેક્ષા અને ઉપાલંભમાં પણ અહીં કાવ્યના વિષય તરીકે પ્રભુતો છે જ. કવિ પ્રભુ પ્રત્યે રોષ ઠાલવે કે પ્રભુને જાકારો આપે તેમાં પણ કવિની પ્રભુના હોવાપણાની આસ્થાનો સ્વીકાર તો છે જ. કોયાભગતને ભગવાનમાં શ્રદ્ધા નથી એથી ભલે એ એની ભક્તિ છોડી નવું ભજન ગાવા કહે એનો હરિને જાકારો આપતાં 'હરિને વિદાય'માં કહે છે -

'વૈકુંઠે સિધાવો રે,<br>
વૈકુંઠે પધારો રે<br>
હવે હરિ વૈકુંઠે જાઓ રે' (કડવીવાણી પૃષ્ઠ-૮)

હરિને પાછા વૈકુંઠ પધારવા કહેતા કોયાભગત નાસ્તિક કદાચ લાગે પણ તેમાંજ પ્રભુ પ્રત્યેના રોષને કારણે, માધવ રામાનુજના એક ગીતમાં રાધાની 'ગોકુળમાં આવો તો રાધાને મુખ ન બતાવશો' જેવી પ્રગાઢ પ્રેમવિવશતા જ પ્રગટે છે . કોયો ભગતતો 'હરિનો જવાબ' મળે છે તોય પૂછે છે 'એમાં આ સાચું શું છે ?' એથી તો એ પાછો હરિજીને 'અવતાર ના લેશો'માં કહે છે -

'અવતાર ના લેશો,<br>
કોયો રે કહાવે સંદેશો<br>
હરિજી હવે દરશન ના દેશો''(કડવી વાણી,પૃષ્ઠ- ૧૪)

આ અશ્રદ્ધા - નાસ્તિકતા એ સુંદરમ્‌નો ગીતરચનાનો પ્રારંભિક ઉઘાડ છે પણ કોયા ભગતથી સુંદરમ્ સુધી - કડવી વાણીથી આનમવાણીનો ગતિના આલેખનો ખ્યાલ બંધાય છે.

H. A. MEHTA LIBRARY

સમાજવાદી વિચારધારામાંથી 'કોયા ભગતની કડવી વાણી' [illegible] સાથે જ 'ગરીબોનાં ગીતો' આપ્યાં છે. જૂના લોકઢાળમાં નવયુગનો [illegible] અભિવ્યક્તિની પરંપરાને જાળવી નવું કહેવાનો ઉન્મેષ દાખવે છે. પરંતુ કવિના આ પ્રકારનાં ગીતોમાં પણ ભગવાનને ઠપકો છે. ઈશ્વરનો અપમનોભ -વિષમ સ્થિતિમાં [illegible] પીડાતા માનવીને એ જોઈ શકતા નથી. તેથી એ ' વગિયાં' માં ઈશ્વર સાથે [illegible] માંડે છે.

'હરિ તારાં વગિયાં આવાં કેમ ચાલે ?
ભુખ્યાં તજી કેમ ધરાયાંને આલે?'
( કડવી વાણી. પૃષ્ઠ-૪ )

તો 'દૂબળી ભક્તિ'માં --

'કોયો ભગત કહે ભાઈ ભગતી એ ખોટી,
એણે તા ઘરમાં રહેવા દીધી લંગોટી.
દરિયા મધ્યે જઈ એને ડુબાડી દઈએ'
( કડવી વાણી, પૃષ્ઠ- ૫ )

અને 'સાચું ભજન' માં --

'કરમ ધરમ કૈં સમજ તું જાતે ના બીજાનું ગાયું ગાઈશ,
ભજન ગાયે તને તારી લેશે એમ સમજયો તો લટકી રહીશ'
( કડવી વાણી ,પૃષ્ઠ-૬ )

ઉપરોક્ત ઉદાહરણોમાંથી જણાશે કે કવિની આધ્યાત્મિકતા અહીં ગાંધીજીનાં રંગે રંગાયેલ સમાજવાદના આશ્રયે પ્રગટ થાય છે.

'કોયા ભગત'નાં ગીતોમાં ગરીબોનાં અસંખ્ય ચિત્રો ઝિલાયાં છે. ' વેરણ નીંદડી'માં પીંજારા આદમનો હાંડલો ફૂટતાં આવતી કાલની ચિંતામાં ઊંઘ ઊડી જાય છે. એક ગરીબ પીંજારાને મન હાંડલીનું શું મૂલ્ય છે તેનું કટાક્ષવ્યંગ દર્શાવતું ચિત્ર અહીં રજૂ થયું છે.

' હાંડલી ભાંગી , ઘર તો ભાંગ્યું , વાસણ ન રહ્યું કંઈ.
કાલ શું મેલવું રાંધવા વાસણ ચિંતમાં ચિંતા થઈ,
આદમને નીંદર વેરણ થઈ. '
( કડવી વાણી.પૃષ્ઠ- ૨૬ )

તો 'પાંદડો'માં એકને રમવું. એકને ઊંઘવું અને એકને કમાવા જવું, એમાં બે બિલાડાની લડાઈમાં પર્ણનું કરુણ વ્યંગચિત્ર ઉપસાવવામાં આવ્યું છે.

'ત્રણ પડોશી'માં રામનું મંદિર , શેઠનો મેડો અને માકોરબાઈ-એમ ત્રણ જુદી જુદી પરિસ્થિતિને એક સાથે મૂકી સામાજિક અસમાનતાને કવિ આબાદ ઉપસાવી આપે છે. કાવ્યને અંતે એ કહે છે --

' શેઠ હસે બેઠા આઠમે માળે , રામ રમે રણવાસ ,
રામને મંદિર ઝાલર બાજે , શેઠને મહેલ હુલાસ,
માકોરની મુરછા દાણી રે ,
ઘંટીના મોતના ગાણાં રે ,
કાળો એક કાગ કળેળે નિસાસ. '
( કડવીવાણી.પૃષ્ઠ-૪૧ )

ગરીબોનાં પ્રતીક સમાં કેટલાંક પાત્રો કોયા ભગતે કંડાર્યાં છે . એમાં ભંગડો, ડક્કો અને તલાવણી ધ્યાન ખેંચે છે. ભંગડાનું શબ્દચિત્ર દોરતાં કવિ કહે છે કે -

'ભામણા ગામનો ભંગડો રે,
એક ભંગડો રે, એની આંખમાં આંજેલ મેશ,
લીલા કાચનો બંગડો રે,
ચાર બંગડો રે, એનો ચુંદડિયાળો વેશ.
ઘમ્મર ઘેરો ઘાઘરો રે,
એક ઘાઘરો રે, એના પગમાં કાંબી ઠેશ,
ડોકમાં રૂપા હાંસડો રે.
એક હાંસડો રે, એના તાણી ગૂંથેલ કેશ.'

(કડવી વાણી, પૃ૦-૩૨)

તો 'રુકડો'માં રુકડોની ભૂખી-ભૂંડી સ્થિતિનું જુગુપ્સાપ્રેરક ચિત્ર કવિ દોરી આપે છે.

'ચાઘરીવાડનો રૂકડો એના લટિયે લટિયે લીખ,
અંગે અંગે ઓઘરાળા એનાં લુગડાં પીંખાપીંખ,
ભૂંડો ભટ્ટ રૂકડો રે.
એક કાખે એક છોકરું, બીજું હાથે ટીંગાતું જાય,
માથે મેલ્યા ટોપલા ઉપર માંખો બણબણ થાય.

(કડવીવાણી, પૃ૦-૩૪)

તો 'તલાવણી' કાવ્યમાં તળાવકાંઠે ઝૂંપડીમાં રહેતી મજૂરણના ઝૂંપડાની છાજલી ને શકોરું ને રાબડી, પરાળની પથારીના વૈભવમાં મ્હાલતી તલાવણી કહે છે 'હું સોમેશ્વરાની રાણી'. દરિદ્રતાના ચીર ઓઢેલી આ રાણી છે.

ગાંધીચિંતનાનો બુલંદ અવાજ સર્જકતાનો સંસ્પર્શ પામી કવિ સુંદરમ્‌ની કવિતાનો ઉઘાડ બની આવે છે. અહીં કવિનું તત્વચિંતન માનવતાવાદના સંદર્ભે પ્રગટે છે. કવિ પોતે આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં કહે છે- 'કોયા ભગતે ભગવાનને અને ભક્તોને તથા જેને જેને વાણી સાંભળવી છે તે બધાં તરફ તેને પ્રેમ છે. પ્રભુ અને પંખી માણસ અને ભગવાન બધાંને માટે એને માયા છે, એ બધાંનાં દુઃખ તે એનાં દુઃખ છે. એ દુઃખ કેમ દૂર થાય એને માટે કોયા ભગતની તપશ્ચર્યા છે. પણ હજી એને સિદ્ધિ નથી વરી એટલે આ વાણી તો ખીજવાયેલા જીવના ઉકળાટ જેવી છે. સત્, ચિત્ અને આનંદનો રસ્તો કયો એ તો એ નથી બતાવી શકતો પણ અત્યારે જે એને નથી ગમતું, તે તો એ સાફ સાફ કહી દે છે.[1]' અહીં કવિનો વિશ્વમાત્ર માટેનો પ્રેમ, વિશ્વની પીડાનું દુઃખ અને એ દુઃખ દૂર કરવાના માર્ગની શોધનો નિશ્ચય પ્રગટ થાય છે. ભગવાન બુદ્ધની જેમ સંસારના દુઃખનું રહસ્ય શોધવાની ઈચ્છામાં જ કવિની અધ્યાત્મયાત્રનાં બીજ પડેલાં છે. કવિની એ મહેચ્છા છે કે સમાજની વિષમતા દૂર થાય, જગત શાંતિપૂર્ણ અને સુખી હોય અને પરિણામે સુંદર હોય. આ વિશ્વસૌંદર્યની ભાવના સ્થૂળમાંથી પ્રગટે છે જે તેમની વિશ્વ માટેની સૂક્ષ્મ સંવાદિતા, પરમશાંતિ અને વિશ્વની સુંદરતા માટેની સાધનાની ભૂમિકારૂપ છે. દલિત- પીડિતના સામાજિક પ્રશ્નોમાંથી પ્રગટેલો માનવતાવાદ જ કવિને માનવનાં પરમ સુખ, શાંતિ અને ચરમ સિદ્ધિ માટેના તત્વચિંતનનો પાયાની ઈંટ બને છે.

---

૧. કડવી વાણી, સુંદરમ્, ૧૯૩૩, પ્રસ્તાવના પૃ૦- ૯

## કાવ્યમંગલા

'કોયા ભગતની કડવી વાણી' સાથે જ સુંદરમ્‌નો બીજો કાવ્યસંગ્રહ 'કાવ્ય-મંગલા' પણ ૧૯૩૩માં પ્રગટ થાય છે. સુંદરમ્‌નાં કુલ ૧૫૦ જેટલાં કાવ્યોમાંથી ૪૩ 'કડવી વાણી' માં અને ૫૪ 'કાવ્યમંગલા'માં મૂકી બંને કાવ્યસંગ્રહો સાથે જ તૈયાર થાય છે. 'કાવ્યમંગલા'નાં ૫૪ કાવ્યોમાંથી ૬ કાવ્યો તો કવિએ 'કડવી વાણી'માં પણ મૂકેલાં છે જ. આ ૬ કાવ્યો 'વેણ મીંદડી', 'ભંગડી', 'પાંદડી', 'ત્રણ પાડોશી', 'ઝડકો', 'નવાનગી' છે. આ સિવાયનાં કાવ્યોમાં 'કાવ્યમંગલા' કાવ્યસંગ્રહની ૧૬ કવિતાઓ તો સીધી આધ્યાત્મિક સંસ્પર્શવાળી જ છે. બાકીની ત્રીસેક કવિતાઓ પ્રણય, પ્રકૃતિ, વ્યક્તિવિશેષ કે પ્રસંગનિરૂપણની છે. આ કાવ્યોમાં પણ મહદ્‌ અંશે પ્રભુનો સંદર્ભ કે ઉલ્લેખ તો પ્રાપ્ત થાય જ છે. 'કોયા ભગતની કડવી વાણી'માં કવિ પ્રભુને ઠપકો આપે છે પરંતુ 'કાવ્યમંગલા'ના પ્રથમ કાવ્યમાં જ કવિ કહે છે કે -

' પ્રજીવન સુધા પીને સફળ જીવવા અંશ દે '

(કાવ્યમંગલા,પૃષ્ઠ-૧)

આમ સુંદરમ્‌ની કાવ્યવિભાવનાનો સાચો ઉઘાડ આપણને 'કાવ્યમંગલા'માં જડે છે. વાસ્તવના વાઘા ઉતારી, માનવતાના સંદર્ભને છોડી આધ્યાત્મિકતા આગળ વધતી કંઈક અંશે લાગે છે ખરી. પરંતુ અહીં પણ માનવના જીવનનો સંદર્ભ, જીવનની સફળતા-નો સંદર્ભ સામાજિક સંપ્રજ્ઞતાથી વેગળો જ છે તેવું સ્પષ્ટ કહી શકાતું નથી, પરંતુ તેમનાં કાવ્યોના આધ્યાત્મિક અભિગમનો સાચો અણસાર પણ આપણને અહીં જ મળે છે.

'કાવ્યમંગલા'માં 'એક શિશ દે', 'અભયદાને', 'આગે આગે', 'છેલ્લી આશા', 'બુદ્ધનાં ચક્ષુ', 'ત્રિમૂર્તિ', 'ભારતીને ઓટ', 'કાવ્યપ્રણાશ', 'સત્યં શિવં સુંદરમ્', 'સ્વપ્નભંગ', 'પતંગિયું અને ગરુડ', 'અલખ લખ લીજે', 'જુદાઈ', 'ધખના', 'સતિયા જન' અને 'ધ્રુવપદ કયહીં?' જેવી કવિતાઓમાં આધ્યાત્મિક અભિગમ જડી આવે છે.

'એક શિશ દે' સંગ્રહની પ્રથમ કાવ્યકૃતિ એ નોંધપાત્ર સૉનેટ રચના છે. જે પ્રભુને ઉદ્દેશીને છે. સૂચક તો એ છે કે યુવાનોમાં પ્રગટ થયેલા પહેલા કાવ્યસંગ્રહના પહેલા કાવ્ય તરીકે સુંદરમ્ પસંદ કરે છે 'એક શિશ દે'. એક શુદ્ધ કાવ્ય તરીકે અને સુંદરમ્‌ની ભાવિ કવિતાની આગાહી આપતી પ્રતિનિધિકૃતિ તરીકે એ માણવા જેવું છે. જે પ્રભુને ઉદ્દેશીને છે. ~~સૂચક તો એ છે કે યુવાનોમાં પ્રગટ થયેલા~~ અહીં સુંદરમ્ આંશિક ચેપણાના કવિ દેખાય છે. કવિ ભલે આ કાવ્યને સૉનેટના સફળ ઢાળામાં ઢાળે, છતાં દરેક કડીની ચોથી પંક્તિના અંતિમ શબ્દો 'અંશ દે' 'અંશ દે' ગીતની ધ્રુવપંક્તિની જેમ આવર્તન પામે છે તેમાં સુંદરમ્‌ની ગીતકાર તરીકેની સફળતા છે.

' અહો, દિશદિશાન્તરાળ નહિ તેજ હીણો થ તો
મને નમસલીનને તવ પ્રભા ન કાં અંશ દે?'

(કાવ્યમંગલા પૃષ્ઠ - ૧)

આ તમસલીનતા અને તેની વ્યથા પ્રગટતાં કવિની પ્રભાના અંશ માટેની પ્રાર્થના પ્રભુ સામે આક્રોશ ઠાલવતા કોયા ભગતથી તદ્દન ભિન્ન રૂપ પ્રગટાવે છે. કવિનો આક્રોશ વ્યર્થ છે. આથી જ તેઓ વિવશ, લાચાર, હતાશ બની પાછા પ્રભુને જ શરણે જાય છે. હૃદયનો અજંપો દૂર થયો નથી. સમાજની કરુણતાઓ પ્રત્યેનાં શોક, દુઃખ, પીડાનું શમન થયું નથી. પણ કોઈ ઉપાય પણ નથી. આથી જ 'અભયદાને' કાવ્યમાં કવિ

પોતાની જીવનરૂપી નાવ જે ઘાટે બંધાયેલી હતી તેને સાગરનાં ખોળે તરતી મૂકી દે છે. પ્રભુના અભયદાને કવિની નાવ ઘેરા પ્રેમલ તાને નાચે છે . કવિ પ્રભુ પ્રત્યે રોષના બદલે પ્રેમ અનુભવવા લાગે છે. ને કહે છે-

'સાગર ગાંડો ઉછળો ઉછળો,
ભેટવા મને આવે.' ('કાવ્યમંગલા, પૃષ્ઠ-૩)

કવિની જીવન હોડી મઝધાર પાણી કાપે છે, કવિની પાંપણ પ્રેમથી ભીંજાય છે. પણ એટલામાં ક્યાંકથી આભ ચીરીને વાયરા આવે છે, જે આભમાં ઝૂમતા તારલાનાં ઝુમ્મર ફોડી નાખે છે, વડવાનલ ભભૂકી ઊઠે છે અને સાગરને ભેટવાનાં મીઠાં સોણલાં તૂટી જાય છે. ચંદ્ર પણ તિમિરજળમાં પડે છે. જે તિમિરને ફેડવાનો કવિનો મથામણ છે તે એ જ અંધકારના ડુંગર જેવડાં મોજાં એમને ઘેરી વળે છે અને અંતરમાં શોક ઊમટી આવે છે. આ દુષ્કૃત્ય માટે કવિ પહેલાંની જેમ કઠિન બનતા નથી. તે તો કહે છે કે વહાલપના બહાને આ તો કોઈ પાપીએ મારી નાજુક નાવ તોફાનમાં ફસાવી છે પણ કવિ પાછા 'સાગર ગેબથી ઘોર ગોરંભાતો ગીતનો મૃદંગ' સાંભળે છે અને અંધાર ચીરીને આશા પ્રગટી ઊઠે છે, ત્યારે કવિને લાગે છે કે તેમના જીવનની નાવને દિશા મળી ગઈ છે, અનુકૂળ પવન પણ મળી ગયો છે અને 'નાવડી જાણે આરબ ઘોડી' બની દોડવા લાગે છે, પણ હજી કવિનો જીવનનો અનુભવ તો કટુ જ છે. 'રૌદ્ર જીવનતાને ખોળલે ખેલવા, પ્રભુના અભયદાને' નાવને મૂકે છે. અહીં કવિ પ્રભુની નિંદામાંથી સ્તુતિ તરફ વળે છે એ વળાંક સૂચક છે પણ સાથે જ કવિનો જીવનના કલુષિત, ક્લિન્ન અને ખિન્ન અનુભવોથી છૂટવાનો મથામણ જ અહીં પ્રગટ થાય છે.

કવિ પોતાની ડામાડોળ જીવનનાવને પ્રભુના ખોળે તરતી મૂકે છે 'અભયદાને' માં, તો એ જ અજંપામાં -

'ઊંઘ વિનાની રાત વિતાવી,
પંથ જવા વળી મન મનાવી,
ચાલ્યો ખંભે ઝોળી ઝુલાવી,
હું આગે આગે.' (કાવ્યમંગલા, પૃષ્ઠ- ૪)

એમ 'આગે આગે'માં કવિ ચાલી નીકળે છે. પ્રભુના ધામની એંધાણી માટે કવિ કંઈ પીઢ પ્રવાસીઓને પૂછે છે, પણ તેમણે રચેલા જાકજમાળ જનમંદિરોમાં ભગવાન નથી એવું તેમને લાગે છે અને તેઓ હજુ ય આગળ ચાલે છે. શુદ્ધ-અશુદ્ધના વાદ વદતા શાસ્ત્રવિદ્ પંડિતોએ ચીંધેલા ધામ પણ કવિને સ્વીકાર્ય નથી. ધૂપ-દીપ કરી પ્રભુભજન કરતાં ભક્તોના ધામમાં પણ કવિને પ્રભુ જડતા નથી. આથી મુંઝાયેલા કવિનો પ્રશ્ન છેલ્લી કડીમાં પણ અકબંધ જ રહે છે.

'લોક વિષે નહિ, રંગે વિષે નહિ.
જ્ઞાન વિષે નહિ, મંદિરમાં નહિ,
'આગે આગે' સર્વ રહ્યાં કહી,
ક્યાં આગે આગે તું?'

(કાવ્યમંગલા, પૃષ્ઠ - ૫)

આમ ક્યાં જવું? એની વિમાસણ, મથામણ અહીં પ્રગટ થાય છે.

'છેલ્લી આશા' કવિ સુંદરમ્‌નું સૂચક કાવ્ય છે. વાસ્તવિકતા અને આધ્યાત્મિકતાના વિભિન્ન અભિગમનો સંક્રાંતિકાળ અહીં જોવા મળે છે. કવિની છેલ્લી આશા શેના માટે છે? કવિની છેલ્લી આશા ક્ષુભિત જનોની નિંદ્રા સરે અને જળમાં ડૂબેલા

જડાજો જેવી નિરાશા ફરી તરે એના માટે છે. સમાજની વિષમતા - વર્ગભેદની સભાનતા નો અહીં પ્રગટી જ છે પણ કવિ તરત જ આધ્યાત્મિક સંસ્પર્શ તરફ ફંટાઈ જાય છે.

'અમે તેવે ટાણે
ભરી સાતે વ્હાણે,
અમર સફરે સૌ ઉપડિયા,
અહા, કેવા કેવા શિશુદિલ વિષે કોડ ભરિયા
મગન મનડે હંસ ઉડિયા:
મળે મોતી ચારો, નિત નિરખવા દિવ્ય દરિયા'
(કાવ્યમંગલા, પૃષ્ઠ - ૧૦)

કવિને વિપત્તિભંઝાના પવનને તરી તરી વિજયમધુ પીવાની અને પ્રેમોર્મિથી જગકલહ ભૂંસવાની છેલ્લી આશા છે. નકલી સુખના સિન્ધુથી અને હવે વધારે ન સહી શકાય તેવા પતનથી અકળાયેલા કવિ મહાયજ્ઞમાં બલિ થવા ઇચ્છે છે. આમ જગકલ્યાણ અર્થે સમર્પિત થવાની ઇચ્છા વ્યક્ત કરતાં કવિ એ અંતિમ ઉડાન માટે પાંખોમાં બળ માગે છે, અને કોઈ પણ ભોગે એ ઉડ્ડયન મંદ ન બને એના માટે બૃહદ્ યજ્ઞમાં પોતાનું નાનકડું બલિદાન સ્વીકારવા કહે છે. જો કે કોઈ પણ ઇચ્છા વગરનો નિઃસ્વાર્થ કવિમાં દેખાતો નથી. સમાજની વિસંગતિને સુધારવા પોતે કંઈક કરી શકે એવો સમષ્ટિ સાથેનો નિસ્બત અહીં પ્રગટ થાય છે. અરવિંદદર્શનની ભૂમિકાના મૂળ કવિમાં પ્રથમથી જ પડેલા અહીં જોઈ શકાય છે.

'બુદ્ધનાં ચક્ષુ' આ સંગ્રહમાં જ નહિ, સુંદરમ્‌ની કેટલીક ઉત્તમ કાવ્યકૃતિઓમાં ગણના પામી છે. 'ભલે ઉગ્યાં વિશ્વે'નો ઉઘાડ જ એવો છે કે તેમાં આપણે સંતની ઊંચકાયેલી હથેળીની શાંત મુદ્રાનાં દર્શન કરી શકીએ.

'પ્રભો' જન્મેજન્મે કર ધરી કંઈ શસ્ત્ર ઉતર્યા,
નખાગ્રે, દંતાગ્રે, દમન કરિયું, શબ્દ છળથી,
ધર્યું કે કોદણ્ડ, ગ્રહી પરશુ, ચક્ર ચિત ધર્યું,
તમે આ જન્મે તો નયનરસ લેઈ અવતર્યા''
(કાવ્યમંગલા, પૃષ્ઠ-૧૪)

શાંત અવતારની બધી વાત લાઘવપૂર્વક કવિએ કરી છે.

કવિનો જગ વિષેનો વિષાદ પણ બુદ્ધના જેવો જ છે. બુદ્ધના સંદર્ભે રજૂ થયેલું ચિંતન પણ કવિનું પોતાનું જ હોઈ આત્મસ્થાને આર્દ્ર બનેલાં નયનો ભગવાન બુદ્ધનાં જ નથી, કવિનાં પોતાનાં પણ છે. વિશ્વપ્રેમની ગંગા એ આંખોમાંથી અવતરે છે. આ પ્રભુની કૃપાને કારણે જ કવિ પોતાને પણ અવગતિમાંથી ઉગારી શક્યા છે. બુદ્ધનાં ચક્ષુનો ઉઘાડ એ કવિના આંતરચક્ષુનો ઉઘાડ પણ છે જ. કવિ 'નયન ઉગ્યાં' પ્રયોગ દ્વારા જેમ નયન વિષે જીવનકાર્યને પ્રબોધે છે, એ જ રીતે કવિ પોતાની જાતને-પણ પ્રેમ થકી જગતના તાપ હરી લેવાનો પોતાનો જીવનસંકલ્પ પણ પ્રગટાવે છે. આમ કવિનું હૃદય 'કડવી વાણી'માં રોષાન્વિત હતું તે પ્રેમાન્વિત બન્યું છે. પણ જગતના-સમાજના સંદર્ભથી દૂર ગયું નથી, જગકલ્યાણનો મહિમા જ તેમને મન ઘણો છે. આત્મકલ્યાણની વાત વિચારે એટલા અંતર્મુખી બનેલા કવિ હજુ જણાતા નથી.

'ત્રિમૂર્તિ' કાવ્યમાં કવિ ગાંધીજીને બુદ્ધ અને ઇશુની સાથે મૂકી આપે છે. અહીં ગાંધીપ્રભાવ કવિમાં જણાય છે. બુદ્ધ, ઇશુ અને ગાંધીની ત્રિમૂર્તિ રૂપે સ્તુતિ કરતાં કવિ બુદ્ધને સંતાપમાં તરફડતા દુઃખી જગતને પ્રેમ-કરુણાના સુખમંત્રો પ્રબોધનાર અને અહિંસાનો મંત્ર જગતમાં સૌ પ્રથમ પ્રગટાવનાર વિભૂતિ તરીકે ઓળખાવે છે. ઇશુને

તેમના બલિદાનમાંથી ઊભરાતી કૃપાના સ્નાનથી દુ:ખના જગતને શીતળ કરનાર તરીકે ઓળખાવે છે અને ગાંધી તો ધરતીનાં રુદન રૂપે જ પ્રગટ થયા છે એવું કવિ કહે છે. જગપણાયમાં જગકલ્યાણને જોવાનો ભાવ પણ અહીં પ્રગટ થાય છે.

'ભરતીએ ઓટ'માં કવિ કહે છે કે ચઢતી ભરતીએ ભરદરિયે નાવ ઝુકાવશે ત્યારે જીવનભરતીએ સાગરનું દિલ મુગ્ધ ઉછળશે, પણ જીવનની ઓટે જળસફર ખેડી પાછા ફરેલાં વહાણોને કેડો કોણ નોંતરશે ?

'કાવ્યપ્રણાશ' કાવ્યની પ્રથમ પંક્તિ જ કવિની જગતને અને કાવ્યને તત્ત્વત: પામવાની ઈચ્છા રજૂ કરે છે. કવિનો પ્રકૃતિના ગૂઢ રહસ્યને પામવાનો પ્રયાસ પણ અહીં પણ જોઈ શકાય છે. કવિ વાસ્તવજગતને તત્ત્વત: જોતાં તેની પેલે પારની અન્ય સૃષ્ટિનો ખ્યાલ પણ જાણે કે પામતા જાય છે. જગતના સુખ-સિદ્ધિના રંગથી ચિત્ત પર અંધકારનો પડદો છવાઈ જાય છે. આ જોતાં કોઈક અન્ય સૃષ્ટિ - વાસ્તવ જગતથી પર - પ્રગટે છે. જગતની કરુણતા, કિલષ્ટતા અને દુ:ખોને જોઈને બુદ્ધની જેમ જ કવિ પ્રાણનો ઉત્કંપ ઈચ્છે છે અને કલ્પનાથી ભૂતકાળના પ્રાણવંત સત્યયુગને જુએ છે પણ હજી 'કડવી વાણી'માં પ્રભુને વિદાય લેતા કહેતા કવિ અહીં એ જગતના આવા બદલાયેલા ક્રમ જોઈને એમ તો કહે જ છે કે પ્રભુએ અહીંથી વિદાય લીધી છે કે શું ? જગતની વિષમ સ્થિતિ વિષેની પ્રભુની ઉદાસીનતા કવિને હજી યે ડંખે છે. કવિને ચિંતા છે કે ભૂતકાળનો ભસ્મીભૂત બની ગયો છે, વર્તમાન દૈન્ય, દૌર્બલ્ય અને દુ:ખોથી ગ્રસ્ત છે. આવો વર્તમાન, ભવિષ્ય કેવું થશે ? કઠોર જીવનની દીવાલો સાથે ભટકાઈને કવિના મૃદુ ખ્યાલો ક્યાંયે પીગળી જાય છે. માનવીની વિવશતા અને દર્દભર્યા ક્રૂર જીવનમાં કવિને જીવવાની ઈચ્છા નથી. કવિને પ્રતીતિ થાય છે કે 'નહિ જ ભૂમિ આ સ્વપ્નની' અને કવિ પલાયનવાદી વલણ દાખવે છે.

'નિઠુર તજી વિશ્વ આ જલસમાધિ લૈએ બધાં,
ન ઠામ ટકવા ઠરી જગતમાં હવે આપણે'.

(કાવ્યમંગલા પૃષ્ઠ-૨૮)

કવિની વિરતિ જગતની કરુણતાઓ, દુ:ખોથી ગૌતમબુદ્ધમાં જાગેલા વૈરાગ્ય જેવી છે. કવિને પણ 'જગહાર્દને પામવા જલસમાધિ' લેવાનું મન થાય છે. આમ 'કાવ્યપ્રણાશ' કવિના જગતને અને પોતાના કવિકર્મના યાથાર્થ્યને પામવાનો પ્રયાસનું કાવ્ય બની જાય છે.

'સત્યં શિવં સુંદરમ્' કાવ્યમાં કવિ દેખાતા વાસ્તવિક જગતમાં રહેલા સૂક્ષ્મ જગતને જોવા પ્રયત્ન કરે છે.

'વિશ્વે વિશ્વ થયાં ખડાં પ્રથમના આધાર જેનો લઈ,'

(કાવ્યમંગલા, પૃષ્ઠ- ૩૦)

એ આ બુદ્બુદ શાં ક્ષણભંગુર જગતમાં પ્રભુ સત્યમૂર્તિ રૂપે વિહરે છે. વિશ્વના સંઘટનોને સૌમ્ય નજરે જોતા કલ્યાણમૂર્તિ શિવરૂપ પ્રભુ છે અને સૃષ્ટિમાં ઠામે ઠામે સૌંદર્યનો સ્રોત બની નવ્ય ભવ્ય જીવનને પ્રગટાવતા સૌંદર્યરૂપ પ્રભુને કવિ વંદે છે.

'હસતો કે રડતો' કાવ્યમાં જીવન-મૃત્યુનો સંદર્ભ કવિ આપે છે. પ્રથમ આવૃત્તિમાં 'હસવું ને રડવું' એવું શીર્ષક હતું. 'કુમાર'ના સંવત ૧૯૮૭ નાં ભાદરવા અંકમાં પ થી ૮: જૂનો પાઠ : 'ફૂલડાંને ફળમાં પરિણમવું, વાદળને વરસી જળ બનવું, જીવનને જનમી શું કરવું ? હસવું ને રડવું.' ત્રીજી આવૃત્તિમાં ફેરફાર કરી 'હસતાં હસતાંમાં' નામ રાખેલું. ૧૯૮૦માં મુદ્રિત કાવ્યસંગ્રહમાં આ નામ 'હસતો કે રમતો' આપેલું છે. શૈશવની ચિંદુર પગલીએ અંતરની ગલીએ ભમતો અને ફૂલડાંની ડગલીએ

હસતો, રમતો ને જમતો આવે છે-પ્રભુ કદાચ -પણ પગલો પડો ન પડો ત્યાં જ, ઉરનો ધરતીને અડો ન અડો ત્યાં જ અંધારડોમાં ઊંડો જાય છે. કવિને ખબર નથી પડતી કે આ પગલો હસતો હસતો જતો રહે છે કે રડતો રડતો.

'સ્વપ્ન ભંગ'માં યંત્રયુગની અસરને લીધે પ્રકૃતિથી અને માનવતાથી દૂર ગયેલા માણસનાં મન રાગલોભાઓથી ગ્રસ્ત છે. સમાજ અને એની સંસ્થાઓ પોલી થઈ ગઈ છે. પડી ગઈ છે ત્યારે કવિ આવા જગતથી દૂરના સૌંદર્ય જગતને ઝંખે છે. કવિનો મહેલ જેલ જેવો બની ગયો છે. કવિ તડકામાંથી જુએ છે તો 'ઊજળી જાળી ઝાંય' દેખાય છે અને એમનું હૈયું હાથ રહેતું નથી. દ્વારને ભાંગીને પણ ભાગી છૂટવાની અદમ્ય ઈચ્છા કવિમાં જાગે છે. તે કહે છે -

'હામ કરી હું આંખ કો મારું, ભોગળ ખોલું બારું,
તેજનાં પૂર વહે મુજ આંખે, બાયરા ઠેલે દ્વાર.'

(કાવ્યમંગલા, પૃષ્ઠ- ૪૭)

નશ્વર, કલુષિત, પીડાદાયક જગતને છોડી ને કવિ તેજ તત્ત્વની શોધમાં નીકળવા તલસી ઊઠે છે. અજ્ઞાનનાં પ્રતીકરૂપ ગોળી અને ઘુવડ અંધારના માળખામાં ઘૂમે છે, એવા ખંડિયા મહેલને ભાંગી કવિ જ્યાં સૂરજનો મીઠો તડકો હોય અને શીતળ સમીર વાતા હોય, જ્યાં ભીંતોનો ભાર ન હોય એવાં ઠામ બાંધવા ઉત્સુક છે. તેજતણા અંબાર પીવા- સ્વર્ગગંગાના પાણી પીનાં જીવડો તાજો થશે અને ત્યાંજ કવિની આગ હોલવાશે અને સાંત્વન - શાતા મળવાથી જરા આંખ મીંચાશે. અર્થાત્ અજંપ- ત્રસ્ત મનને જરા શાંતિ મળશે. કવિનો ભૌતિક સુખોપભોગ પ્રત્યેનો વૈરાગ્ય અને તેજની પ્યાસનો સંદર્ભ તો હજુય સમાજના ખોખલા કલેવરની સભાનતા દાખવે જ છે. કવિએ જગતને જોયું છે. સેવ્યું છે. તેની અસુંદરતા અને કલેશ તેમને ડંખ્યા છે. આથી કવિ વાસ્તવને છોડી ને કલ્પનાના ભાવજગતમાં ભાગી છૂટવાની વૃત્તિ દાખવે છે. વાસ્તવ જગત મિથ્યા છે. સત્ય કંઈક અન્ય છે એવી સભાનતા આવવી એ જ કવિની સ્વપ્નભંગની પ્રક્રિયા છે.

'પતંગિયું અને ગરુડ' આધ્યાત્મિકતાનો અભિનિવેશ ધરાવતું એક સુંદર કાવ્ય છે. જોકે કવિ કલાસંયમ ત્યજીને મુખર બની ઊઠે છે છતાં મુખરિત કવિના વિસ્મય અને ભક્તિરસી પંખીઓના વર્ણન સભર બન્યાં છે. સૃષ્ટિના એ બે નબળા અને ભવ્ય જીવોને કવિ વિસ્ફારિત નેત્રે વિલોકે છે. તેમના કર્તા તરફના આદરભાવ સહ બંનેના જીવનનું અને આચરણનું અર્થઘટન તો એ મનમાન્યું જ કરે છે પણ તે પ્રસ્તુત કૃતિને બાધક નથી. સંગત છે.

'અહો નાનાં સંગે પ્રખર પ્રભુએ પાય ધરિયા'
અહો શું ઊઠે આ મુખથી ખરિયું હાસ્ય પ્રભુનું''

(કાવ્યમંગલા, પૃષ્ઠ-૫૨)

જોકે 'પતંગિયું અને ગરુડ' કાવ્ય કલાવિધાનની દૃષ્ટિએ પણ એક તાજગી દેખાડે છે. પ્રતિરૂપ અને પ્રતીક દ્વારા કવિ સૃષ્ટિના ક્રમને સમજવા પ્રયત્ન કરે છે. કવિનો ગ્રામે સંહારવાનો કે સમર્પિત થવાનો કયો ક્રમ ખરો તે પ્રશ્ન કાવ્યના અંતે પણ અકબંધ રહે છે.

'અલખ લખ કોઈ' કાવ્યમાં કવિને વાસ્તવ જગતની પેલે પારના જગતની ભ્રાન્તિ તો થઈ ચૂકી છે પરંતુ તેમાંનું કંઈ હજી દેખાતું નથી. આથી કવિ જે અલક્ષ્ય છે તેને લક્ષ્ય કરવા પ્રભુને વિનંતી કરે છે. જે જોઈ શકાતું નથી તે જોવા કવિના ભૌતિક, સ્થૂળ પ્રયત્નો તો નિષ્ફળ ગયા છે પણ કવિ કહે છે કે તેમની શોધ ક્યારેય અટકશે નહીં.

'વિશ્વોના સૌ ભાગ સુકાશે,
સૂર્ય શશીના દીપ બુઝાશે.
પણ અંતરનાં વલખાં તારે
સરશે બંધ ન થાશે રામ, તું હિ. તું હિ.'

(કાવ્યમંગલા, પૃષ્ઠ -૫૪)

'જુદાઈ' કાવ્યમાં પ્રભુથી અલગ રહ્યાનું દુઃખ અને 'ઝંખના' માં પ્રભુની અકળ લીલાનું અચરજ પ્રકૃતિના આલંબને વ્યક્ત થાય છે.

'સતિયા જન'માં કવિ પ્રાચીન ગુરુપરંપરાનાં ભજનોનો ઘાટ લઈને આવે છે. ઈશ્વરને આરાધવા માટે કવિ ભક્તિ ઉપરાંત જ્ઞાનનો પણ એટલો જ આશ્રય લે છે. 'અડકો ભુનાવળ ભાગે', 'નવલો ફૂટે એને આંખો ને પાંખો' સાથે 'અપયશનાં ફૂલડાં', 'જ્ઞાનનો ઘંટ', 'પ્રેમદયાના પાયા', 'વૈરાગ્યનો વડભાડાળ', 'મનના - મંદિર' અને 'કાયાનો કર્મહિંડોળો' જેવા પ્રયોગો કાવ્યને ભારેખમ બનાવી દે છે. 'ધ્રુવપદ ક્યહીં ?' માં કવિ શરૂઆતમાંતો કાવ્યનાં મધુવન વિશે ભમતા એ ઉત્સુક કવિની છબિ આલેખે છે. એ એવો કવિ છે જેના મનમાં ઉત્કટપણે રસ -સત્ -સૌંદર્યને લહવા - માણવાનો અને એ સાથે તેનો સર્વને લાભ આપવાનો મનોરથ છે. તેનો મનોરથ-અભીપ્સા વિશ્વસમસ્તમાંથી સૌ સત્યોને 'લણી' મૃદુ કવનમાં તે ગૂંથી લેવાનો છે. આ કવિનું ભાવનામય સૌંદર્યજગત એક છે તો કઠોર વાસ્તવિકતાવાળું બીજું જગત પણ એની સન્મુખ છે. કવિના ભાવનાલોક અને અનુભવલોક વચ્ચે, કવિના મનોલોક અને બાહ્ય- સ્થૂળ - વાસ્તવલોક વચ્ચે જાણે મેળ ખાતો નથી. 'કાવ્યપ્રણાશ'નું વસ્તુ અંશતઃ અહીં પુનરાવર્તિત થાય છે. અહીં એ જ પ્રશ્નને બીજી રીતે ટૂંકાણમાં મૂકી પ્રશ્ન આગળ લંબાવ્યો છે.

કવિની દૃષ્ટિએ વિશ્વોએ માણસને અનુકૂળ થવાનું નથી. વિશ્વરચનામાં જે દોષ કે વિષમતા દેખાતાં હોય તે માણસના પોતાનાં દર્શનની ખામીને લીધે પણ હોય એ સંભવે, એટલે એણે પોતાનું સ્થાન વિશ્વમાં ક્યાં છે તે શોધવાનું છે. કવિના જીવનને તેમજ કવિની કવિતાને હજી તેનું ધ્રુવપદ પ્રાપ્ત થયું નથી. કવિની કવિતા પા પા પગલીભરતા શિશુ જેવી છે અને કવિની અભીપ્સા છે કવિતાને તેમજ જીવનને પૂર્ણતાએ પહોંચાડવાની.

'અરે. મારી ભોળી શિશુક કવિતાને હજી નથી
મળ્યું એનું સાચું ધ્રુવપદ, ભમે આજ અટુલી.'

(કાવ્યમંગલા, પૃષ્ઠ -૧૨૦)

કવિને લાગે છે કે તેમની કવિતા દૂરથી -ભ્રમથી જ મધુર લાગે છે. સત્યાબ્ધિને તળે નવ્ય ગહવા ડૂબકી દઈ મોતીને શોધવાની અને નવલી પાણપગથી રચવાની કવિની ઝંખના છે. ભગ્નાવસ્થામાં કવિ વીણાના તારો શિથિલ કરે છે, વચનો સંહૃત કરે છે પણ કવિને હજી સાચી કેડી જડી નથી. 'ધ્રુવપદ ક્યહીં ?' એ 'કાવ્યમંગલા'નાં કાવ્યો માટે માત્ર કવિકર્મના સંદર્ભનો જ પ્રશ્ન નથી. કવિના જીવનનો અને એના સંદર્ભે કવિની આધ્યાત્મિક ચેતનાનો પણ પ્રશ્ન બની જાય છે. કવિની આધ્યાત્મિક ચેતનાને હજી તેનું ધ્રુવપદ મળ્યું નથી. આ અચળ, અમર, શાશ્વત, તેજોમય પદની શોધ એ 'કાવ્યમંગલા'નાં કાવ્યોમાંથી પ્રગટતો કવિની આધ્યાત્મિક ચેતનાનું પ્રથમ સોપાન છે.

'કાવ્યમંગલા'નાં અન્ય કાવ્યોમાં ત્રીસેક કાવ્યો પ્રકૃતિ. પ્રણય. વ્યક્તિ-વિશેષ અને પ્રસંગવર્ણન ઉપર આધારિત છે. 'સંજીવની', 'વાદળ', 'પગલાં'. 'માણી', 'મેઘનૃત્ય'. 'ઝંઝાનિલને'. 'રુદન'. 'દુનિયાનો દાતાર'. 'પરથારે પલળે', 'રંગ રંગ

વાદળિયા ' ઇત્યાદિ કાવ્યોમાં પ્રકૃતિની છટાનું કે લીલાનું વર્ણન કરવા સાથે ક્યાંક ક્યાંક ગૂઢ - અગમ તત્ત્વનો સ્પર્શ પણ સાંપડે છે, તો ક્યાંક છેલ્લે પ્રભુનો અછડતો ઉલ્લેખ માત્ર પણ જોવા મળે છે. કવિનાં વ્યક્તિ કે પ્રસંગનિરૂપણનાં કાવ્યોમાં પણ કોઇને કોઇ સંદર્ભે પ્રભુનો પ્રવેશ તો આવો જતો જોવા મળે જ છે.

પ્રકૃતિના આશ્રયે પ્રભુની લીલાને નીરખવાનો કવિનો ઉપક્રમ 'કાવ્ય-મંગલા'નાં પ્રકૃતિકાવ્યોમાં જણાઇ આવે છે. 'સંજીવની' કાવ્યનો વિષય છે વર્ષાગમન, પણ કાવ્યનાં પ્રારંભે જ આવતાં શબ્દો આધ્યાત્મિક સંદર્ભ રચી આપે છે.

' તજેલી માયાઓ ,
મહેચ્છા છાયાઓ ,
મરેલી કાયાઓ
પુનરપિ બધી જીવિત થતી ;'

(કાવ્યમંગલા ,પૃષ્ઠ-૧૨)

એ જ રીતે 'વાદળી ' કાવ્યમાં -- 'સોનેરી વાદળી,
રૂપેરી વાદળી ,
ઊતરી રે કહાન મારે તળાવ .
સંધ્યાપ્રભાતના રંગ ભરી પાંખે ,
સૂરજના આંજણાં આંજીને આંખે .
સાગરને હૈયે આળોટી એ વાદળી
અમૃતના ગર્ભ ધરી '

(કાવ્યમંગલા, પૃષ્ઠ-૩૭)

'વાદળી' પ્રતીકાત્મક રીતે સાન્ત્વના અને અમરત્વ લઇ આવનાર પરમતત્ત્વ- પ્રભુનું પ્રતીક બની શકે . સંધ્યા- પ્રભાતના રંગો - જીવનમૃત્યુ- ઉદય અને અંત બંને જેની પાંખો-માં ભરેલા છે, સૂરજ- પ્રકાશના - પરમજ્ઞાનના આંજણ જેની આંખોમાં છે, એવા અમૃતને ધારણ કરી . અમૃતને જન્માવનાર વાદળી ઊતરી અને નાનકડું તળાવ - કવિનું મન -પાણી છલકતું, ભીના પવનમાં મલકતાં કમળોથી યુક્ત બને છે. એ પ્રેમભરી વાદળી દુનિયાનાં આંસુ લૂછે છે. આ રીતે પ્રકૃતિનિરૂપણ પણ પ્રતીકાત્મક રીતે આધ્યાત્મિક દર્શન કરાવે છે.

' પગલાં ' કાવ્યમાં પણ સૂરજદેવ , પવનદેવ , સમદરદેવને આવીને સોના,રૂપા અને મોતીનાં પગલાં પાડવા કવિ વિનંતી કરે છે અને એ પગલાંની પાંદડી વિલાઇ ન જાય એવા હળવેથી આવીને એ રેતીની ઓટલી પર પગલાં પાડવા કહે છે. 'રેતીની ઓટલી' શું કવિનું હૃદય નથી ? આમ કવિ પ્રકૃતિતત્ત્વને સહારે તેમને રૂપે સચરાચરમાં વ્યાપ્ત વિભુને નિમંત્રણ આપે છે.

'મહેમાન' કાવ્યમાં વર્ષા તથા વીજળીરૂપી ભાઇબહેનની પધરામણીની વાત છે. આ મહેરાં ભાઇબહેન ભગવાનની દુવા લઇને આવ્યાં છે. 'મેઘનૃત્ય' શુધ્ધ પ્રકૃતિ-વર્ણનનું કાવ્ય છે. તેમાં પણ વર્ષાની લીલાનું વર્ણન છે. પણ કવિ અંતે ભગવાનને યાદ કરવાનું તો ભૂલતા નથી જ .

' દેવથી પ્રાપ્ત ઉપહાર બહોળો ,
અહો ! સૃષ્ટિનો સ્નિગ્ધ છલકાય ખોળો . '

(કાવ્યમંગલા, પૃષ્ઠ-૫૬)

'ઝંઝાનિલને 'કાવ્યમાં પ્રકૃતિતત્ત્વમાં પ્રભુનો પ્રતીકાત્મક સંકેત છે. કવિ ઝંઝાના ઝુંડના ઝોલે વિશ્વના સુપ્ત પ્રાણને તરલ બની વિહરતો વર્ણવે છે. વળી સુકાં પડેલાં સુરભિરહિતમાં પણ સંચારનારો મહિમાનો ધોધ આવેગધારાને અવિરત પગલે

ઘુમતો ઊંડા ઉદ્વેગઘેરાં હૃદયભવનનાં બારણાં ઠોકતો વર્ણવે છે અને સ્રષ્ટાનો એ પ્રચંડ શક્તિને ચણેલાં દુર્ગમ ગઢના કોટ જો ખુલે નહીં તો એને તોડી નાંખવા અનુરોધ કરે છે. પ્રભુ ઝંઝાનિલ રૂપે આવે તો જ માનવહૃદયનાં જડ-કુંઠિત બનેલાં દ્વાર ઊઘડી શકે ને ?

'રુદન' અને 'દુનિયાનો દાતાર' પ્રકૃતિને આલેખે છે પણ તેમાં દીન-જનવાત્સલ્ય ભળે છે. આ વર્ષાને વિષય બનાવતાં કાવ્યોમાં 'પરથરે પલ્લવ'ને પણ ઉમેરી શકાય. 'દુનિયાનો દાતાર' અને 'પરથરે પલ્લવ' વર્ષાની આગમનપ્રશસ્તિનાં કાવ્ય છે. 'રંગ રંગ વાદળિયાં' એક મધુર ગીત રચના છે.

'કાવ્યમંગલા'ની અન્ય કવિતાઓમાં વ્યક્તિવિશેષ કે પ્રસંગવિશેષ પર આધારિત પણ પ્રભુનો કે ચિંતનનો સંદર્ભ અવશ્ય સાંપડી આવે છે. 'વિદાય' કાવ્ય વિદ્યાપીઠમાંથી મિત્રોથી વિદાયવેળાના પ્રસંગને નિરૂપે છે પણ સૉનેટની અંતિમ કડી -

'પછી સૌ ખેડંતા સફર જળની કે વન તણી
મળીશું કો'દી કે જલધિ તણી થાશું જલકણી ?'

(કાવ્યમંગલા, પૃષ્ઠ-૬)

એક વ્યાપક પરિમાણ રચી આપે છે. તો વ્યક્તિવિશેષનું કાવ્ય 'સ્વ. શંકર દત્તાત્રેય પાઠકને'માં ગુજરાત વિદ્યાપીઠનાં સંગીતના માજી અધ્યાપક અને પ્રખ્યાત વાયોલિન-વાદકને અંજલિ આપતાં કવિ કહે છે કે તેમનો સંગીત શક્તિમાં ઈશ્વરનો આકાર વગરની શક્તિ ગીતરૂપે આધાર ધરીને જે પ્રગટ થઈ હતી તે પછી આકારહીન થઈ ગઈ. આવા ઉલ્લેખમાં જગતનાં સર્જન અને વિસર્જનનો ક્રમ દાર્શનિક રૂપે જોવા મળે છે. 'ગીત' અને 'બીન' શબ્દો પ્રતીકાત્મક રીતે સૃષ્ટિના જીવનના સર્જન અને લયને પ્રગટાવે છે, જે કાવ્યને આધ્યાત્મિકતાનો સંસ્પર્શ આપી જાય છે.

'ભાંગેલો ઘડિયાળ' જેવા સ્થૂળ વિષય પર લખાયેલા કાવ્યમાં પણ માનવીની જડતા અને સમયની શાશ્વતતાનાં ઉલ્લેખો કવિના આધ્યાત્મિક ચિંતનની ભૂમિકારૂપ છે. 'કવિનો પ્રશ્ન' કાવ્યમાં પણ કવિ કાવ્યને પ્રભુની બક્ષિસ માને છે. જે વ્યંગ્યાર્થે જીવનને પણ અનુલક્ષે છે. 'રામજી એ તો' કાવ્યનું બાહ્ય નિમિત્ત તો વિસાપુર જેલમાં રહેવાનો મળેલો બરાકમાં સામેના છેક છેડે પાયખાનાંની પાસે પહેલી રાતે સૂવા મળેલું અને રાતભર લોકો આવતા રહેલા અને કવિનો નિદ્રાભંગ કરતા રહેલા તે છે. પરંતુ

'મારામાં સૂતા રામજી એ તો સળવળ્યા છે લગાર'.(કાવ્યમંગલા,પૃષ્ઠ-૭૪)

જેવી પંક્તિ કવિના આધ્યાત્મિક વ્યક્તિત્વનો સ્પર્શ પણ આપી જાય છે. 'જન્મગાંઠ'માં પણ અનાદિમાં પડેલો એક છેડલો અને અનંતમાં પડેલ બીજો છેડલો જીવનરૂપી દોરનો બનાવી કવિ આત્માની અમરતા અને જીવનના સાતત્યનો નિર્દેશ કરે છે અને એ આદિથી અંત સુધીના સમગ્ર જીવનને કવિ સ્પર્શવા ચાહે છે, મથે છે, પડે છે, ઊઠે છે, આમ કવિનો જીવનના રહસ્યને પામવાનો મથામણ અહીં પ્રગટ થાય છે.

'ગરુડનો વિષાદ'માં કવિને સર્વ પ્રકાશધામો આઘાં અને સર્વ દિગંતરાઓ ખાલી લાગે છે ત્યારે આભ વિશે ઊડવાનું છોડી કવિ શૂન્યતાના સાગરમાં બૂડવાનું પસંદ કરે છે. તો 'માનવી માનવ'માં અરવિંદ દર્શનની ભૂમિકાના મૂળ કવિમાં પડેલાં જોઈ શકાય છે.

'અનન્ત વિશ્વે લઘુ બિંદુ પૃથ્વી
પરે હું ચૈતન્ય તણો જ બિંદુ,
ચૈતન્યશાળી થઈ ચેતનાનો
પવાહ પીશું જડમાં ઘણું તો.'

(કાવ્યમંગલા, પૃષ્ઠ-૮૫)

કવિ સ્થૂળ અને ચિંતિતને ઉપાસી સૂક્ષ્મ અનંતને જોવા મથે છે. એમાં રહેલી ચેતનાને કવિ અધિકાધિક પ્રજવાળવા ઇચ્છે છે અને એ ઉત્ક્રાંતિ પથે પળના કવિ શુધ્ધાત્મા બની માનવચિત્તને એક પૂર્ણ જ્વલંત દિનનો ઝાઝો ચળગાર થતો જોવા ઇચ્છે છે. જગકલ્યાણ માટે પોતાની ચેતનાને બધાવીને સત્કાર્યમાં સમર્પિત કરવાનો સંકલ્પ કવિ અહીં પ્રગટાવે છે જે અરવિંદદર્શનનો મહત્ત્વનો વિચાર છે.

'બળતા બથાવ્યું'માં પણ કવિ પ્રભુને દીર્ઘ પંથો પર એના પાય ધરવા અને તપેલ કાયા પર એની શીળી છાયા ધરવા પ્રાર્થના કરે છે. કવિ અકળામણની તીવ્ર દશામાં પોકાર કરે છે કે આ સુરંગના તંગ ક્યારે તૂટશે અને ક્યારે મુક્તિનું પ્રભાત ઉગશે. 'ધૂમકેતુ'માં ધૂમકેતુ મનોકાન્મકરૂપે પરમતત્ત્વનો સંદર્ભ રચી આપે છે. 'પોક ખાવા' જેવી ઉતરતી કક્ષાની કૃતિમાં પણ કવિના આધ્યાત્મિક વ્યક્તિત્વનો સ્પર્શ પ્રગટાવતી પંક્તિઓ મળે છે.

સંગ્રહના છેલ્લા ત્રણ સોનેટ- 'દશાભાગ્યનો ', 'કાં ન ચહું?' અને 'નથી સ્વપ્ને જાવું ' પ્રણયકાવ્યો છે પરંતુ કવિની મનોદશાને પૂર્ણરીતે પ્રકટાવે છે. 'નથી સ્વપ્ને જાવું'માં કવિનો સંકલ્પ -

'નથી સ્વપ્ને જાવું : મુજ વણચહ્યાંને ચહીશ હું ,
તમો ચાહેલાંને મુજ કરીશ, ઝંપીશ તવ હું .'
(કાવ્યમંગલા , પૃષ્ઠ - ૧૨૭)

પ્રગટ થાય છે. સ્વપ્નમાં નહીં જાગૃત દશામાં જ-આ નિત્યના જીવનમાં જ બધું મેળવવાની કવિની ઇચ્છા છે .

આમ 'કાવ્યમંગલા' કવિનો જગતની કરુણ સ્થિતિ પ્રત્યે રોષ, વિરતિને પ્રગટાવે છે. દુઃખોમાંથી છૂટવાનો અને આનંદને શોધવાનો મથામણને એ રજૂ કરે છે.

## વસુધા

'કાવ્યમંગલા'નો અનુગામી કાવ્યસંગ્રહ 'વસુધા ' ૧૯૩૯માં પ્રગટ થયો. જેમાં મહદ્‌અંશે ૧૯૩૩ થી ૧૯૩૮ દરમ્યાન લખાયેલાં કાવ્યોનો સંગ્રહ છે.જોકે કેટલાંક કાવ્યો ૧૯૩૩ પહેલાનાં જે 'કડવીવાણી' કે 'કાવ્યમંગલા'માં સમાવિષ્ટ ન હોય તેવાં કાવ્યોને પણ 'વસુધા'કાવ્યસંગ્રહમાં સ્થાન આપવામાં આવ્યું છે. 'વસુધા'નાં ૯૧ કાવ્યોમાંથી ૧૪ કાવ્યો સ્પષ્ટપણે આધ્યાત્મિક અભિગમ ધરાવે છે અને અન્ય કેટલીક રચનાઓમાં અછડતો આધ્યાત્મિકતાનો સંસ્પર્શ સાંપડે છે.'વસુધા'નાં કાવ્યોમાં મોટા ભાગની રચનાઓમાં કવિએ માનુષપ્રેમ મનભરીને ગાયો છે, પછી એ વ્યક્તિગત હોય કે સમષ્ટિગત. ક્યારેક માનુષપ્રણયની ઉત્કટતાનો તાર એ પરમતત્ત્વની સાથે યે અંતે મેળવી દે છે. આમ છતાં ગાંધીયુગની અસર હજી ઓછી નથી 'મોટરનો હાંકનાર', 'સિનેમાના પડદે ',' પંચાંગનાં પત્તાં '.' આસ્તે કુંજગલી ',' મંગલાષ્ટક ',' મને અધિક છે પસંદ',' ધનયુગનો સ્થિતપ્રજ્ઞ',' ઉષા ન્હોતી જાગી' ઇત્યાદિ કાવ્યો એનાં ઉદાહરણ તરીકે નોંધી શકાય . આમ છતાં 'ગરીબોનાં ગીતો'થી 'વસુધા'નો કવિતા કંઇક આઘો નીકળી ગઇ છે. 'કડવી વાણી' અને 'કાવ્યમંગલા' સુધીના સામાજિક વાસ્તવના નિરૂપણથી ' વસુધા'નો કવિતા આંશિક રીતે જુદી પડેલ છે. ફંટાવાની પ્રક્રિયાના આગોતરા અણસાર જાણે કે'વસુધા'-કાળમાં જ મળે છે. પ્રણયકાવ્યો અને વ્યક્તિવિશેષનાં

સ્થૂળ વાસ્તવનાં કાવ્યોનું પ્રમાણ વધારે હોવા છતાં કવિને ઝબકાવો કે ઝબકોળો જતા કંઈક વિશેષનો અનુભવ પણ અહીં જ પ્રાપ્ત થાય છે.

'વસુધા'નો આધ્યાત્મિક સંસ્પર્શવાળો કવિતામાં વ્યક્ત થતો કવિ-ચેતનાનો પરિચય આપણે મેળવીએ. સંગ્રહનું સૌ પ્રથમ કાવ્ય 'પૃથ્વી મૈયા'માં કવિ કોટિયુગથી સફર કરતા, ભુવનભુવનોની બધી ગતિના જાણકાર, અને શુદ્ધ ગગનને નિરખનાર પૃથ્વીમૈયાને તેમના ધ્યેય અને ભેદ પૂછે છે અને એમની નાનેરી મતિને ઝાઝી ન મૂંઝવવા પ્રાર્થના કરે છે. કવિ પૃથ્વીમૈયાની સ્તુતિ કરતાં કહે છે કે -

'અહો પૃથ્વીમૈયા, તમ ચરણસંગીત રમતું
મહા જે સ્રષ્ટાના અગમ ગિરિયો ને ગમ તમે
અમારાં વાળો થાં તુષિત મુખનેત્ર, ભરી દિયો
દિગન્તો વિદ્યુતે અમ બહુક યાત્રાળુ ચરણ.'

(વસુધા, પૃષ્ઠ - ૧)

જીવનનો - સમાજનો વિસંવાદિતાનું દુઃખ તો કવિને છે જ. જે 'કડવી વાણી' અને 'કાવ્યમંગલા'માં પણ પ્રગટ થયું છે. તો કવિ એ માટે 'ભુવનભુવન'ની ભવ્ય સંવાદ-ગીતિ ને લાવવા વિનંતી કરે છે. કવિનો યત્ન પણ એ દિશામાં જ છે. કવિને સત્યની ઝાંખી કરવી છે. સંવાદની-સ્થિતિ પ્રાપ્ત કરવી છે. એવું ન થઈ શકે તો કવિને પોતાનું જીવન મૂઢ જ લાગે છે. આમ 'વસુધા'નો ઉઘાડ જ સંવાદિતાની શોધ માટે કંટાયેલી પ્રાર્થનાથી થાય છે.

'નવા વર્ષની ઉષાને'માં કવિની પ્રકાશની ઝંખના પ્રગટ થાય છે.

'પ્રશસ્ત તારાં ચરણ પ્રભાવતી,
ઉષા ! ઢળતી અમ અર્ચના આ.'

(વસુધા, પૃષ્ઠ - ૨)

અને આ અર્ચનામાં કવિ 'તમિસ્રતીરે ઊભતા ઉડાડજે'ની પ્રાર્થના કરે છે સાથે સાથે 'ઝળકંત જિંદગીનો મધ્યાહ્ન જોવા ખુલ્લા નયને જિવાડવાની' વિનંતી પણ કરે છે.

'ઉષાના આગારે'માં પણ પ્રકૃતિના વર્ણનની સાથે પ્રતીકાત્મક રીતે પ્રકાશના-જ્ઞાનના ઉદયની વાત કવિ કરે છે. છિન્ન સંસ્કૃતિની સંપ્રજ્ઞતા પણ તેમાં આલેખાયેલી જ છે.

'મહાકાળે' ત્યાં તો ધણધણત ગોળા વછુટતા
બધું બાળે ઝાળે ભસમ, મસ ઢૂમો દિલ દહે.'

(વસુધા, પૃષ્ઠ - ૩)

પણ કવિને આશા છે કે ધરતી પર ક્યાંકય સૂર્ય હંમેશ માટે જાગે તો દિલમાં 'ભો નહિ તિમિરનો'.

'આજે પ્રભાત પ્હોરે'માં પ્રગટે છે કવિનું રહસ્યમય વિસ્મય.

'આજે પ્રભાત પ્હોરે વહેલું વહેલું,
હો ગીત કોણ ગાતું ઘેલું ?

(વસુધા, પૃષ્ઠ - ૪)

આ ગીત - 'મંજરીએ મંજરીએ મોહું મહોરેલું, કોકિલના કંઠે ફોરેલું, ગ્રીષ્મની અટારીએ ઘૂંટી ઘૂંટી ઘૂંટે હાથે વરેલું' છે. કવિ ગીતના લયને પણ શબ્દે શબ્દે ઘૂંટે છે. પણ રહસ્યમય અનુભૂતિ અને વિસ્મયની મુગ્ધતાની ખરેખરી તો સવાર થાય છે 'એક સવારે' કાવ્યમાં. કવિનો પ્રશ્ન અહીં કશીક ઝંખનાનું નિહિત બનીને આવે છે. 'ઝબકાવી' થી

'ઝળકોળો' સુધાનો પૃચ્છા વાસ્તવથી પર થઈ કલ્પનબળ સુધી વિસ્તરી છે. સામાજિક નક્શાનો ભૂમિકાને સ્થાને અહીં પ્રકૃતિનો પરિવેશ રચાયો છે. આ પૃચ્છાવૃત્તિ અને પ્રકૃતિમય આલેખન કવિની આંતરસમૃદ્ધિને નિર્દેશે છે. 'વસુધા'નાં 'એક પ્રભાત પ્હોર', 'એક સવારે ' અને 'કોણ ?' આ ત્રણ ગીતો ઊર્ધ્વગામી સુંદરમ્‌ને પામવા દિશાસૂચક નીવડે છે. કોણનો શોધ 'કોણ?' ગીતમાં પણ પ્રકૃતિના પરિવેશમાં જ વધુ ઉઘાડ પામી નીતનતમ બને છે.

'પુષ્પનણી પાંદડીએ બેઠો હસતું કોણ ચિરંતન હાસ ?
પૂર્વોત્તરથી ઊડે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?

(વસુધા, પૃષ્ઠ - ૧૫)

આ ગીતમાં જેનો ઝંખના છે તેનું રૂપ બંધાતું લાગે છે. કવિના મનમાં કોઈ અકળ શ્રદ્ધા રહી છે તેના સ્ફુલિંગો અહીં તહીં ઊડયા કરે છે.

'કોનાં કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ ?
પર્વતને શિખરે સ્થિર બેઠો કોણ સનાતન જોતું વાટ ?'

(વસુધા, પૃષ્ઠ-૧૫)

કવિનો અનુભવ કેવો સૂક્ષ્મ બનતો જાય છે એનો પરિચય અંતરનો એરણ પર ચેતનરૂપ હથોડાના પડવાના અને કાળતણી ધરતીમાં જીવનના કૂપ ખોદવાના ઉલ્લેખમાં થાય છે. વિવિધ નિસર્ગરૂપોમાં એનું અસ્તિત્વ જે રીતે વિલસે છે તે રીતે પામવાનો કવિનો પ્રયાસ છે. આ પ્રયાસ છે વિસ્મયરૂપ. આ વિસ્મયે રૂપ ધર્યું છે પ્રશ્નાર્થનું. દોઢેક વર્ષના ગાળામાં રચાયેલાં આ ત્રણ ગીતોમાં કવિની આધ્યાત્મિક ખોજની દિશા ઊઘડતી જોઈ શકાય છે. પ્રકૃતિ અને લયનું રસાયણ નાદતત્ત્વની ગુંજને રણકાવે છે.

આ પછી કવિની પ્રભુઝંખના વિશાળ બની રહે છે. કવિ પ્રભુની પગલી ઢૂંઢતા ગલીએ ગલીએ ભમે છે, ભવ ભવને ઘાટે વિચરે છે. 'તુજ પગલી'માં કવિ પ્રભુની પગલી શોધતા 'ગગનભુવનની શેરી શેરીએ, તેજ-તિમિરની દેરી દેરીએ 'રખડે છે, તલસતા ભટકે છે. ગલી ગલી અથડે છે અને જન જન અંતરની ઓસરીએ મૂર્છિત ભટકે છે તો ભવ ભવને ઘાટે એક અનંત ઉચાટે વિચરે છે. ક્ષિતિજના કિનારે પાંખ પછાડતો, દિગંતને ઉંબર ડગ માંડી સૂર્યની કોટિ પરકમ્મા કવિ પ્રભુ માટે આદરે છે. જીવનનાં ભાથાં બાંધી, મૃત્યુના વગડા વીંધી પ્રભુની દર્શનના તલસાટે કવિ કાળકિનારે ભટકે છે.

આ પછી કવિમાં જીવનની જ્યોત જગાવવાની વૃત્તિ તીવ્ર બનતી જણાય છે. 'જ્યોત જગાવો' કાવ્યમાં પ્રકાશની પ્રબળ ઝંખના બનીને કવિનો મુગ્ધભાવ પ્રગટે છે. પરમ-તત્ત્વને પામવાની મથામણો અનેકવિધ હોય છે. કવિને પોતાની અપૂર્ણતા અને અલ્પતા કઠે છે અને એથી જ યાચનાનો ઉદ્‌ગાર પ્રગટે છે.

'વણ દીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો,
વણ જહાજે દરિયાને તરવા બળ બાહુમાં આપો,
અમને ઝળહળતાં શિખવાડો.'

(વસુધા પૃષ્ઠ - ૮)

કવિ અહીં માત્ર પોતાને માટે નહીં પરંતુ બધાને માટે પ્રાર્થના કરે છે. માટે અહીં 'હું'ને બદલે 'અમને'નો વાત છે. કવિ સહુવતી યાચના કરે છે. આ રીતે આખી રચના એક પ્રાર્થનાકૃતિ બની રહે છે. અહીં યાચના ક્રમશઃ સૂક્ષ્મ બનતી જાય છે. તેમ કવિનાનો રણકાર પણ વધુ સ્પષ્ટ સંભળાય છે.

હવે તો કવિ પોતાની જીવનનાવ તે પ્રભુને શરણે ધરી દે છે અને 'હંકારી જા' કાવ્યમાં બંસીધર કૃષ્ણને તેઓ ઘાટે બંધાયેલી હોડીને સાગરને પેલે ઉતારી જવા

વિનવે છે અને કહે છે કે -

' મારી બંસીમાં બોલ બે વગાડી તું જા ,
મારી વીણાનો વાણી જગાડી તું જા , '
' મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા . '

(વસુધા,પૃષ્ઠ-૬)

અહીં કવિ 'ઝંઝાના ઝાંઝરને પહેરી પધારવા'નું ઇજન આપે છે. તો 'કોક આવે છે' કાવ્ય-માં કવિને આ અનુભૂતિનો સાક્ષાત્કાર થાય છે.

' કદીક કોક આવે છે ,
જીવનનો નાનો કંઇક
થઇ વંટોળ આવે છે.'

(વસુધા,પૃષ્ઠ- ૧૬)

'નમું' કાવ્યમાં કવિની શ્રદ્ધાભૂમિનો આપણને પરિચય થાય છે --

'તને નમું , પથ્થરને ય હું નમું ,
શ્રદ્ધા તણું આસન જયાં નમું નહીં . '

(વસુધા,પૃષ્ઠ- ૧૦)

' વિરાટનો પગલો'માં કવિ ઇશ્વરનું જે રૂપ જુએ છે તેને વર્ણવે છે --

' પેલો મૂર્તિ વિરાટ મટી અંગુલ શી સાવ થઇ.'

(વસુધા ,પૃષ્ઠ -૧૩)

આ મૂર્તિના દર્શન પછી ભકતકવિની જે સ્થિતિ થાય છે તે --

'મારે આતમને આવાસ પ્રભુ તારી પગલી પડે ,
મારા અંતર આંગણ માંહ્ય મગનકેરી આંધી ચડે . '

(વસુધા, પૃષ્ઠ- ૧૩)

અહીં વિરાટનો અણુરુપ આવાસ કવિના અંતરમાં થઇ ચૂકયો છે અને એના અનુભવથી જે આનંદની આંધીનો કવિને અનુભવ થાય છે તેનું વર્ણન કવિ કરે છે.

'ગઠરિયાં'માં તો કવિ ગઠરિયાં બાંધીને ચાલી નીકળે છે.'બાંધ ગઠરિયા મૈં તો ચલી 'માં મીરાંનો નૂપુરઝંકાર સંભળાય છે અને ગહરી પણ કવિ કહે છે--

' સુન્દર પ્રભુકે અમર પ્રેમકી ,
બાંધ ગઠરિયાં મૈં તો ચલી . '

(વસુધા,પૃષ્ઠ -૧૪)

ગીતમાં ફરી ફરી ઘુંટાતો 'મૈં તો ચલી ' - નો ભાવ કવિની મસ્તીનું ધ્વનન કરે છે, પણ આ મસ્તી વિરાગની મસ્તી છે. નરસિંહ અને મીરાંની સાથે આ અર્વાચીન કવિનું અનુસંધાન જોઇ શકાય છે. આમ વસુધાનાં ગીતોમાં પ્રભુભકિતનો તાર સધાતો જોઇ શકાય છે.

આ ઉપરાંત અન્ય ઘણાં પ્રકૃતિ કે પ્રસંગચિત્રણનાં કાવ્યોમાં કવિના ચિંતનનો સ્પર્શ છતો થાય છે.કવિનાં પ્રણયકાવ્યોમાં પ્રગટ થતો આરત પણ પતીકાત્મક રીતે પ્રભુનો નિર્દેશ કરે છે. તો કયારેક માનુષી પ્રણયની ઉત્કટતાનો તાર આપોઆપ જ પરમતત્વની સાથે મેળવાઇ જાય છે.કવિનું માત્ર દોઢ પંકિતનું જ કાવ્ય 'તને મૈં' એનું ઉત્તમ ઉદાહરણ છે.

'તને મેં ઝંખી છે -
યુગોથી ધોખેલા પ્રખર સહરાની તરસથી .'

(વસુધા. પૃષ્ઠ-૬૬)

એ જ રીતે પ્રણયની ઉત્કટતાનો તાર 'સૂતું તારાં સ્વપ્ને' તથા 'રસાનાં રસઃ'માં પણ સંધાતો જોઈ શકાય છે. એના જ સ્વપ્નમાં સૂતા અને જાગતા અને એના અંતરે આ નરવો 'રસાનાં રસઃ' પોતાની ઝંખના વ્યક્ત કરતાં કવિ પ્રેમોર્જન સાથે પ્રભુના સંદર્ભને સાંકળી આપે છે. 'સાંજને સમે'માં કવિનું ઇજન પ્રભુનિમિત્તે હોવું પણ શક્ય છે. એ જ રીતે 'પ્રતીક્ષા'માં બાળકની પ્રતીક્ષામાં કવિનો તલસાટ પ્રભુ માટે હોવાનું વ્યંગ્યાર્થ માની શકાય છે.

કવિની સામાજિક વાસ્તવ માટેની પ્રતિબધ્ધતાને લીધે વધુ ઊંડા કાવ્ય-વિષયની શોધનો પ્રયાસ '૧૩-૭નો લોકલ' કાવ્યમાં સિધ્ધ થાય છે પરંતુ સામાજિક વાસ્તવમાંથી રસ ઓછો થઈ જવાને લીધે બીજા રૂપો તરફ પણ ગતિ કરે છે. કવિની આ ગતિનો અણસાર જેમ 'એક સવારે' કાવ્યમાં પ્રગટ થાય છે તેમ 'બક્ષિસ' કાવ્યમાં પણ પ્રગટે છે.

'રાજાના દરબારમાં રસિકડો મેં જોને છેડો અને
મેં તારા ડમકારાથી સકળનાં ચોરી લીધાં ચિત્તને,'

(વસુધા, પૃ.૧૬-૧૮)

પણ હજી કવિને બક્ષિસમાં શું માગવું તેની સૂઝ પડતી નથી.

આમ 'વસુધા' કાવ્યસંગ્રહ કવિની અધ્યાત્મકવિતાના પૂર્વાલાપના ચરમ-બિંદુ સમ બની રહે છે. કવિની સંવાદની શોધ, રહસ્યમય અનુભૂતિ અને મુગ્ધ વિસ્મય, પ્રભુની પગલીની શોધ, અલ્પતાને ટાળવાની યાચના, પ્રભુની શરણાગતિ, શ્રધ્ધાના આસનતણી કવિની શ્રધ્ધાભૂમિ, સુંદર પ્રભુના અમરપ્રેમની ગઠરિયાં બાંધી વિરાટનું અંતરમાં સ્થાપન કરવાની કવિની અદમ્ય અભીપ્સાનો આલેખ આપણને 'વસુધા'ના કાવ્યમાં જડે છે.

## યાત્રા

'યાત્રા' એટલે કવિની અમૃતની યાત્રાનો કાવ્યગ્રંથ. 'યાત્રા' ૧૯૫૧માં પ્રગટ થાય છે જેમાં મુખ્યત્વે ૧૯૩૮ થી ૧૯૫૧ વચ્ચે લખાયેલાં કાવ્યોનો સંગ્રહ છે. 'વસુધા'માં કવિની પરમતત્ત્વને પામવાની ઉત્કટતા, પ્રકૃતિમાં રહસ્યમયતાના દર્શનનો વિસ્મયભાવ, પ્રભુની પગલીની શોધનું ભ્રમણ અને અન્તે ગઠરિયાં બાંધીને કવિ પરમની શોધમાં ચાલી નીકળે છે અને આ પરમની કેડી કવિને જડે છે તે ખરી જે તેમને ગાંધીઆશ્રમમાંથી અરવિંદઆશ્રમમાં લઈ જાય છે. કવિની પૂર્વશ્રધ્ધા અને શ્રધ્ધાન્તરનો સંક્રાન્તિકાળ છે આ. આથી જ 'યાત્રા'માં બે પ્રકારનાં કાવ્યો જોવા મળે છે. એક તો પ્રભુની આરત, સ્તુતિ અને ઇજન કે અણસાર-આભાસનું નિરૂપણ તો 'વસુધા'નાં કાવ્યોની જેમ છે જ, પરંતુ 'યાત્રા'નાં અન્ય કાવ્યો પર કવિના શ્રધ્ધાન્તરની અસર છે. સુંદરમ્ સાબરમતીના સંતની કેડી છોડી પોંડિચેરીના યોગીની કેડી બાંધે છે. ગાંધીઆશ્રમથી અરવિંદઆશ્રમની યાત્રાનું ભાવપરિવર્તન 'યાત્રા'નાં ઘણાં કાવ્યોમાં ઝીલાયું છે. શ્રી અરવિંદનું દર્શન આપણા સનાતન ધર્મદર્શનનો જ નવો ઉન્મેષ છે. આ દર્શન 'યાત્રા'માં છંદોબધ્ધ કૃતિઓમાં તેમજ પદોમાં મુખરિત થયું છે. 'વસુધા'માં જે 'અહો પૃથ્વીમૈયા'ના મંદિરમાં 'મુક્ત જીવ્યાની ગતિ' સામે અણગમો છે અને 'કાવ્યમંગલા'માં પૃથ્વીની માટી માટે પૃથ્વીના ખોળતળેટો માટે ઉમળકો છે તે 'યાત્રા'માં હવે ઊર્ધ્વ તરફ ફંટાય છે અને આ ઊર્ધ્વના મનુષ્ય વ્યક્તિના હૃદયની ગજોકુંથીમાંથી પસાર થયા પછી જ દેખા દે છે. 'યાત્રા'ની ૧૯૪૩માં રચાયેલી 'મનુજ-પ્રણય' કૃતિ સુંદરમ્‌ની આ ગતિને

સમજવાનો ચાવી પૂરી પાડે છે. 'યાત્રા'ની ભાવના-યાત્રા પ્રસન્નકર, જ્ઞાનપ્રદ અને તુષ્ટિપ્રદ બની રહે છે. સાથે જ આધુનિક ગુજરાતી કવિતાનું એક ચરમશિખર 'યાત્રા'માં ઊપસી આવ્યું છે.

'યાત્રા'નાં કુલ ૧૧૮ કાવ્યોમાંથી મોટા ભાગનાં કાવ્યો પ્રણયભાવને તથા અધ્યાત્મભાવને નિરુપે છે. એમાં પ્રકૃતિના ચિત્રણને પણ સહયોગી તત્ત્વ તરીકે સ્થાન મળ્યું છે. નિસર્ગ પ્રત્યેના ભાવો સ્વતંત્ર વિષય બનીને પણ કેટલાંક કાવ્યોમાં નિરૂપાયા છે. આ બધામાં થોડાંક કાવ્યો વ્યક્તિવિશેષોને અનુલક્ષીને રચાયેલાં પણ જોવા મળે છે. આ બધાં જ કાવ્યોમાં આધ્યાત્મિક સંસ્પર્શ જડી આવે છે.

'યાત્રા' કાવ્યસંગ્રહમાં ૫૦ જેટલી રચનાઓ સ્પષ્ટપણે આધ્યાત્મિક ભાવનાનું જ આવિષ્કરણ છે. 'વસુધા'નાં ગીતોમાં પ્રભુભક્તિનો તાર રચાયો છે તો 'યાત્રા'માં એ તત્ત્વ સાથેની એકરૂપતા માણી શકાય છે. 'યાત્રા'માં પ્રાર્થના, સ્તુતિ, શરણાગતિ- આ બધા જ ભાવો જોવા મળે છે. તમસનો ગૂંગળામણ અને તેજતત્ત્વો માટેની મથામણનો નકશો અહીં રચાયો છે.

સંગ્રહનું પ્રથમ પ્રાર્થનાગીત 'તવ ચરણે'માં કવિની શરણાગતિને શબ્દના લયાન્વિત સૌંદર્યમાધુર્યથી મનોરમ અભિવ્યક્તિને પામે છે. 'ચરણકમલ' એ રૂઢપ્રયોગને બદલે 'ચરણ' અને 'કમલ' શબ્દોને જુદી જુદી પંક્તિમાં યોજી શરણાગતિની અમૂર્ત ભાવનાને કવિ મૂર્તરૂપ આપી શક્યા છે. કવિની એ ઘન અનુભૂતિ સાથે આપણે પણ અલૌકિક ભાવવિહારનો આનંદ પામી શકીએ છીએ.

'અહો ગગનચારિ'માં કવિ પોતાની જમીન પર ઢળેલી મૂર્છામયી કાયાને આવીને ઝડપી લેવા વિનંતી કરે છે. પ્રભુ સાથે 'મૃત્યુની શત શત ઝડીઓ' લાવે તો પણ કવિને મંજૂર છે. કવિ 'તમસવગડા'ને ભસ્મ કરવા 'જાગ અગની' કાવ્યમાં પ્રાર્થના કરે છે. કવિને અઘસના અંધા ભૂત ભગાડવા છે, અનહદ ઊર્ધ્વના રાગ જગાડવા છે. એક અણબૂઝ જ્યોત કવિને પંથ ચીંધી રહે અને દિવ્ય હંસરૂપી આત્મા માનસની મંઝિલને પામે એ માટે પ્રાર્થના કરે છે. અહીં કવિની સાધનાના સ્વીકાર પછીના સંકલ્પોનો પરિચય મળે છે. ગુરુરૂપી દીવો મળી જતા પંથ ચિંધાતો રહેશે અને કવિ દિવ્યહંસને પ્રાણશક્તિને માનસ -સહસ્રાર સુધી પહોંચાડી શકશે એવા આત્મવિશ્વાસ સાથે કવિ પ્રાણાગ્નિને જગાવવા મથે છે. કવિનું આ પણ ખેડાયેલું ગીત છે.

'કસ્મૈ'માં કવિ પૂછે છે --

' કસ્મૈ દેવાય હવિષા વિધેમ '
કોને નમું ? કોણ પદે ઢળું જઈ,
કે સ્તોત્ર કોનાં રહું ગુંજી ગાઈ ? ' (યાત્રા, પૃષ્ઠ -૬)

અને કવિ કહે છે - જેમણે મારા જીવનને જીવવા જેવું કર્યું, જેણે એકાદ ક્ષણ માટે પણ મારા અંતરવ્યોમમાં પ્રસન્ન તેજનો રંગોળી પૂરી એ સૌને હું નમીશ. કવિને પ્રભુનું કોઈ પણ રૂપ સ્વીકાર્ય છે એ જરા વિનોદવૃત્તિથી અહીં પ્રગટ થાય છે --

'હે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે,
આવે ભલે તે લયલા બનીને ' ' (યાત્રા પૃષ્ઠ-૬)

'પ્રતિપદા'માં અમાસે તિમિરભરતીમાં ડૂબેલા જગતને ઊગરવાનો જાણે કે કોઈ આરો જ નહોતો ત્યારે અંધારાનાં જલ[illegible] જગનો ઉદ્ધાર કરવા પ્રભુએ ચંદ્રનો ગલ નાખી જગની હોડીને તણાતી રોકી લીધી અને અનવતમના સાગરમાંથી વિલસતી પૂનમના કિનારે પહોંચાડી દીધી. એવા પૂનમ અને અમાસના આલંબને કવિ આશા અને બળ આપવા પ્રતિપદાને પાંચેય આંગળીએ પૂજવા તત્પર છે.

'અંગુલિ હે'' કાવ્યમાં કવિ આંગળીને આજ લગી જે શીખ્યું નથી તે શીખવા જણાવે છે. અંજલિ રચવા અને પદ્મદલોને હાથમાં ધરી કોઈક અનન્ય સંપુટ રચવા કહે છે. આજ સુધી આંગળીએ અનેક કામો કર્યાં છે પરંતુ સંજીવની આપતું ઈશ-અમૃત હજી અંગુલિ-અગ્રથી ક્યારેય સ્રવ્યું નથી. એટલે જ કવિ પોતાના'આ નાનકડા અંગને સંપુટમાં જવાળા બાંધી લેવા કહે છે. આ દૃઢ બંધાયેલી જયોત જ અહંકારના વનને બાળવા અને અગમ્યમાં આરોહવા ક્ષેપન હોય બને એવું કવિ ઈચ્છે છે. કારણ કે તો જ અનંતનાં દ્વાર ઉઘડશે અને નભચારી દિવ્યતા ઉર્ધ્વલોકના બધાં અમૃત સંપુટમાં લઈ આવશે અને એનું ઉન્નત નીડ રચશે. આવા ઉન્નત નીડની રચના માટે કવિ પોતાના ચિત્તને ઉર્ધ્વગતિ કરવા આદેશ કરે છે 'વસો ઊંચે' કાવ્યમાં. કવિ ચિત્તને અણુમાં ખૂંતીને અણુતમબનીને સૃષ્ટિની અકળતા જોઈ લેવાનું અથવા તો બૃહદ્‌તમ વ્યોમમાં વિચરીને નિગૂઢ દૈવી દ્યુતિની સહચરી રચીને અખિલ ભુવનોની સકલતાને આલિંગવા કહે છે. સાથે સાથે પરાપ્રાન્તો સુધી ન પહોંચાય ત્યાં સુધી વચ્ચેનાં પ્રાન્તમાં અટકી ન જવા માટે પણ સૂચન કરે છે. આ ગીત પણ પ્રાર્થનાગીત તરીકે ખેડાયેલું ગીત છે.

'રસઉગ્રતા' કાવ્યમાં કવિ પ્રભુની સૌમ્યતા અને ઉગ્રતાની સહોપસ્થિતિ-ઓનું વર્ણન કરીને પ્રભુને પ્રાર્થના કરે છે કે તારી સકલ તીવ્રતાને માણવાની શક્તિ મને આપજે. 'રાઘવનું હૃદય'માં કવિ રામના સીતા ત્યાગને વિષય બનાવીને કહે છે કે જે રામે ધર્માર્થ સ્ફુરતાં સીતાને તત્ક્ષણ ત્યજી દીધી એવા રાઘવનું હૃદય મને કોઈ આપો. જે સીતા માટે રામે શિવધનુષ તોડ્યું, વનવનમાં મંગળ રચ્યા, કપટમૃગની મૃગયા કરી, દશશિર રાવણ સાથે સંગ્રામ માંડ્યો, જેના મૃદુ મૃદુલ દોહદ પૂર્યા, એ સીતાને લક્ષ્મણ જોડે વનમાં મોકલી દીધી. જતી વખતે -ચિરવિરહના આરંભે -'આવજો' કહેવા પણ ન ગયા. જરા જોઈ લેવાનું મન પણ ન કર્યું અને ઉરને પથ્થર પણ ન બને એવું કઠિન કરી લીધું. એ ત્યાગ સાથેની વેદના એ ધર્માર્થને દિવ્યાર્થ બનાવી દે છે. ધર્માર્થને દિવ્યાર્થ બનાવી શક્યા એટલે રામ રામ હતા અને આપણા કવિ માગે છે એ રાઘવ તણું હૃદય. જેમણે દિવ્યાર્થ સ્ફુરતાં પળમાં જ સીતાનો ત્યાગ કર્યો. આ ઝંખના જેના હૃદયમાં હોય એ કઈ રીતે આ ભૌતિક જગતમાં સ્થિરતા અનુભવે ? કવિની આ દિવ્યાર્થની ઝંખના-'જઈએ 'કાવ્યમાં આ રીતે પ્રગટ થાય છે.

'નહીં. થાકો જૈએ અભિનવ કલાસાધક કને,
જહીં તારું મારું રસધન બધું દિવ્ય જ બને.'

(યાત્રા,પૃષ્ઠ-૨૯)

કવિને હવે લઘુજયોતિથી સંતોષ નથી. 'કાવ્યમંગલા'માં 'એકાંશ દે 'ની પ્રાર્થના કરતા કવિને હવે અંશની એષણા નથી. પૂર્ણતાની પ્રાપ્તિ જોઈએ છે. 'પૂર્ણમયંક' કાવ્યમાં કવિ કહે છે -

'મુકી નાનું ભવન ક્ષિતિને ચાલ વિસ્તીર્ણ અંક,
દીપ જયોતિ લઘુક મટીને પૂર્ણ થૈએ મયંક.'

(યાત્રા, પૃષ્ઠ -૩૦)

કવિના ચિંતનો વિસ્તાર અહીં પામી શકાય છે.

'ઊર્મિ અને શિલા 'કાવ્યમાં કવિ પોતાના ખડક જેવા અસ્તિત્વ ઉપર 'પ્રભુના ઊર્મિલય હિમથર ' થશે એવી કલ્પના કરે છે.' અગુણમય પૂર્વસ્થિતિમાં તો શિલા કે ઊર્મિ કંઈ જ નહોતું. અજ્ઞાનનો અંધકાર માત્ર હતો. ત્યાં પ્રકૃતિ પૂર્ણ વેગથી આનંદાર્દ્ર ધસી આવે છે અને કોઈક નવા જ પરમ ઐક્યના રસની છોળ છલકી ઊઠે છે. કવિને ત્યાં પહોંચવાની જ હવે અભીપ્સા છે.

'હવે ઊર્મે ઊર્મે થવાનું, જયહોં આ ભેદ ફળકે .
નવા કોઈ ઐક્યે પરમ રસકો ભવ્ય છલકે .'
(યાત્રા, પૃષ્ઠ-૩૨)

કોઈક સૂફી સંતની મસ્તીને ઉજાગર કરતા 'તું આવજે' કાવ્યમાં કવિ ઈજન આપે છે.

'આ અમારા ચક્ષમાં છે આજ તો અંધારનાં,
આ અમારા હૃદયમાં છે વન વસ્યાં કંથારનાં,
ત્યાં પુષ્પ તારાં રોપતો ,
અંધારને આટોપતો ,
કિરણાવલીનો કનકસેના સજ્જ કરતો આવજે,
તું આવજે .' (યાત્રા, પૃષ્ઠ -૫૦)

કવિનું આ ઈજન દિવ્યતાને હોવાનું જણાય છે, જેમાં અરવિંદદર્શનનો સ્પર્શ પણ પામી શકાય છે.

'આકર્ષણો'માં ચરમ લક્ષ્યની આડે આવતાં જગતનાં આકર્ષણો કવિના મનને ઘેરી લે છે ત્યારે બીજા ભાગમાં શત સહસ્ર શુક્ર તણી રશ્મિની પ્રભા અનંત તિમિરોની જાળ ક્ષણમાં ભેદી કવિના મનસ્તલના સ્તરે સુધાથી સીંચી જાય છે અને કવિ એ ક્ષણનાં ભાવોને શબ્દસ્થ કરતાં કહે છે --

'અને જગત જોઉં : એ જ જગત અન્ય કિંતુ હવે
સ્થળે સ્થળ સિંચાઈ તૃપ્ત ધરતી યથા પાંગરે
નવાંકુર સહસ્ર તેમ મુજ ચિત્ત આકૃષ્ટમાં
લહું પ્રગટ કોઈ નૂતન પ્રસાર સૌંદર્યનો (યાત્રા,પૃષ્ઠ-૫૪)

કવિના ચિત્તની ધખેલી કોરી ભૂમિ હવે સિંચાઈ ગઈ છે, તૃપ્ત થઈ છે, નવાંકુરથી યુક્ત થઈ છે. કવિને આ નૂતન સૌંદર્યનો અનુભવ થઈ ચૂક્યો છે. માટે જ આવા સૌંદર્ય વિનાનો જીવનપટ કવિને લુખો-પડતર લાગે છે 'મને આકર્ષ્યો છે'માં .

કવિની ફૂલભરી નજાકતનાં માધુર્યની ઝંખના છે. કવિ 'મેં વાંચ્યું'માં માધુર્યના ઘૂંટ ભરી ભરી નવાજતી જિન્દગી ઈચ્છે છે અને પિછાનવું બાકી રહેલ જગત પૂર્ણપણે તદાત્મ થઈ પિછાનવા ઈચ્છે છે. કવિને કઠોર કંટકોની જમાતને ચિરંજ્ઞાન માધુર્ય ભરવું છે. એમાં અરવિંદદર્શનનો પ્રભાવ જણાઈ આવે છે. કવિને જેની શોધ છે તે પ્રાકાર કરતું મનુષ્યમુખ કવિને જડે છે 'હું શોધતો'તો'માં --

'ત્યહીં એક જોયું મેં
મનુષ્યનું કો મુખ, સ્વપ્ન માર્ગે જયાં
મેં સિદ્ધ દીઠું .' (યાત્રા,પૃષ્ઠ -૫૭)

અને કવિનું ચિત્ત ખીલી ઊઠે છે ત્યાર પછી

'કો જયોતિનો ગુંબજ ઘેરતો મને
ગુંજી રહ્યો કો મધુમત્ત રાગિણી.'
(યાત્રા, પૃષ્ઠ- ૫૮)

અને કવિ પોતાની માયા સંકેલીને એના જ ચરણમાં ઢળે છે. શ્રી અરવિંદની શરણાગતિનો સંકેત અહીં પ્રગટ છે. કવિને પૂર્ણશશીની પૂર્ણતાને પામેલા અને નેત્રમાં બંકિમની તેજરેખાને ધારણ કરતાં જે પૂર્ણમાનવને જોવાની, પામવાની ઝંખના હતી તે શ્રી અરવિંદમાં મળી ગયાનો સંતોષ વ્યક્ત થયો છે. પૂર્ણેન્દુ અને બીજની રમ્ય બંકિમા અને નેમાં માનવચિત્તપદ્મની પ્રફુલ્લ ભવ્યતા કવિને શ્રી અરવિંદમાં જડે છે. કવિ આવા પુરાતનારૂપ મનુષ્યને હાથ જોડી રહે છે. આવી વ્યક્તિ પોતાને શું આપી શકશે એવા

વિનોદમાં કવિની વાણી વિરમે છે. કવિ સ્વરૂપને પિછાનવા નેત્રો ઉન્નત કરે છે.ત્યાં તો પ્રકાશિત સૂર્ય જેવો છતાંય 'શીતળ એવી જ્યોતિનો ગુંબજ પોતાને ઘેરી વળેલો જુએ છે. એ દિવ્યપ્રકાશ મધુર રાગિણી રેલાવી રહ્યો છે. કવિ વાસનાની વખરી સંકેલતા એના જ શરણમાં જાય છે.

'રહો સભર તૃપ્ત'માં કવિને હવે જગતના રસમાં રસ રહ્યો નથી. 'રસૈવ બ્રહ્મ' એ તૈત્તિરીય ઉપનિષદ્‌ની ઉક્તિ મુજબ કવિ કહે છે કે હે રસનિધિ તારામાં જ રસોનું બધું રહસ્ય છે. તું જ રસરૂપ, સર્વરસવિદ્ રસોત્સર્જક રસનાથ છે એ સ્મરણ ભલે લુપ્ત થઈ ગયું હોય, આ જગતની સાથે ઘસાઈને લુપ્ત થયેલી દ્યુતિને તું દીપ્ત કરી લે, તો જ આત્મા પોતાને નિજ પૂર્ણતામાં સિદ્ધ થયેલો જોઈ શકાશે. જગતના બધાં રસ તે જ રસધિની તરંગલીલા છે. ઊર્મિકવિ છે.

કવિને હવે આભના કોડિયે લખ લખ સોતવાળી જ્યોત દેખાવા લાગી છે. 'જ્યોત'માં એનું વર્ણન જુઓ -

' ઝગી ઝગારી જ્યોત એકલ આભ કોડિયે,
લખ લખ એના સોત ઝળહળ જગનો વાડીએ .'

(યાત્રા, પૃષ્ઠ -૬૯)

કવિ સુંદરમ્‌નો આધ્યાત્મિક ચેતનાનો એક મધુરતમ સ્પર્શ આપણને મળે છે કવિનાં લયલીલાન્વિત ગીતોમાં. કવિનો ગોપીભાવ 'ચલ' કાવ્યમાં સુંદર ભાવદૃશ્યો ખડાં કરે છે. કવિનો સત્યદર્શનની આરત એક અનેરું લાવણ્ય ધારણ કરે છે. કવિ નીર-ભર્યાં ઘટ ઠલવી દઈ, સાસુની આણ ન સુનતા, છોરું-વછોરું છૂટાં મૂકી, મોંઘું સોંઘું ગણ્યા વિના ઝટ ગાગર લઈ પનઘટ જવા કહે છે કારણ કે સૂને ઘાટે એકલો બેઠેલો સાંવરો આપણી વાટ જુએ છે. વળી વિનોદવૃત્તિમાં કહે છે --

અમ સરિખાં એને ઝાઝાં મળે ના,
બીજા કોને એ પાર ઉતારે રે ?' (યાત્રા,પૃષ્ઠ-૧૨૩)

'સુધા પીવી?'માં કવિ સદેહે સ્વર્ગે જવા કે અમરત્વ મેળવવાને બદલે પ્રકૃતિ-તમસ, ઇન્દ્રિયોની લોલુપતા મિટાવી પરમ ઋતની વેદી રચી દિવ્ય અગ્નિ પ્રગ-ટાવવાની ઇચ્છા વ્યક્ત કરે છે . ત્યાર પછી અમૃતરસ અને મૃત્યુનું ઝેર પીવાની કવિની ઇચ્છા છે.

'તંબૂરના તાર'માં કવિના જીવનરૂપી તંબૂરના તૂટેલા-વિખરાયેલા તાર પુષ્ટ બની સિદ્ધ મહાન 'સા'માં મળી ગયા છે.આ સૂરો કવિ મૂક તંત્રમાં તેના ઉસ્તાદને અર્પણ કરે છે. અર્થાત્ મૌનસમાધિમાં સિદ્ધ મહાન 'સા'ના ઉસ્તાદ ગુરુને એના રાગરાગિણી રચવા અને શાંતિની પીઠિકા પરે દિવ્ય આનંદની નાગિણીના નર્તન ઝંકારની ઝંખના અભિવ્યક્ત કરે છે.

'અહીં હું - ' માં કવિ વિરાટ ગરુડની જેમ સકલ પૃથ્વીને આવરી પ્રલંબ પાંખને વિસ્તારી ધરાતલથી ઊંચે ગગનના અમીકૂપની દિશામાં આતુર નયન માંડી રહે છે અને કહે છે -

' અહો ગગનશાયિ ' આવ, મુજ પૃષ્ઠ આસીન થા,
મને વહન સોંપી તારું, જયસિદ્ધિમાં લીન થા. '

(યાત્રા, પૃષ્ઠ -૧૨૬)

અહીં માનવચેતનાના આરોહણ અને દિવ્યચેતનાના અવતરણના અરવિંદયોગનો નિર્દેશ અહીં મળે છે. એ જ રીતે 'શિખરો પરથી'માં પણ કવિ ઉન્નત અદ્રિશીર્ષે જ્યાં સ્વચ્છ હવા છે અને કોલાહલ-રુગ્ણતા શમી જાય છે જ્યાં અનંતનો મર્મરનો સિસૃક્ષા અનાગતોના અનિ-

ગહન અંકમાં ઉચ્છ્વસતી હોય. જ્યાં કૂટસ્થ ચિત્ત શાંત પ્રતીક્ષા કરતું હોય એવા કોઈક રમ્ય રાગીનો અવતાર ભૂતલના તલમાં સંક્રામવા ઇચ્છે છે અને ત્યાં જ ચિત્તને વિરમવા કહે છે. 'પૂનમરાણીને'માં કવિ પૂનમને દાઝેલાને ઠારવા ઉરને પારણે ઝૂલવા પોતાને આકાશ -કવિના ચિદાકાશમાં ઊગવા કહે છે. 'હંસા મારા'માં કવિ કવિને હરતાં ફરતાં હવે મુક્તિના દ્વારે પહોંચવાનો જ રહ રહે છે. ચપટીક વારમાં જીવતરનો ગઢ ઠેકી આતમ-ના ઊંચા તોરણને આંબી અડધી પળમાં કવિ મુક્તિના દ્વારે પહોંચી જવાનો સંકલ્પ પ્રગટાવે છે. કવિ એમના આતમહંસને માનસનાં મોતી ચરવા જવાનો આદેશ કરે છે. થંભ્યા વિના સમરથ ભોમિયાની જોડી જેણે કોટિ બ્રહ્માંડ બાંધ્યા છે તેણે જ મોકલી છે. તો તેના ચિંધ્યા માર્ગે નિર્ભય થઈ ઊડયે જવા કવિ કહે છે કેમ કે તો જ કંટકવંતી સંસારની ફૂલડે ઊભરાશે.

આ કાવ્યસંગ્રહનાં અંતિમ ગીતોમાંથી કવિનો દિવ્યજીવન માટેનો તલસાટ પ્રગટ થતો જોઈ શકાય છે. 'ફૂંક ફૂંક', 'નવ હરતું', 'જાગે મોરી', 'ગા ગા તું મુરલિયા', 'ગુંજ ગુંજ', 'સ્મિતબિંદુ', 'હે સુંદર', 'પલક પલક' 'બાજો વિજય દદામાં', 'એક જ્યોત', 'સો મેરા હથિયાર', 'ભવ્ય સતાર', 'મેરે પિયા' ઇત્યાદિ ગીતોએ ગુજરાતી કવિતાના એક ઉન્નત શિખરને સર કર્યું છે. શાસ્ત્રીય રાગોમાં બંધાયેલાં આ ગીતોમાં સુરદાસ, કબીર અને મીરાંની પરંપરાગત બાનીની માધુરી પણ પ્રગટી રહે છે. વળી એમાં કવિના આરત, ઈજન અને સંપ્રાપ્તિના પરમ આનંદની ભાવાનુભૂતિઓ કાવ્યત્વના રસકીય પરિમાણનો સુભગ સંસ્પર્શ આપી જાય છે. 'ફૂંક ફૂંક'માં કવિનો તિમિરવિહીન પ્રકાશતા ધ્રુવસાથી પ્રીતમની શોધનો તલસન નિરૂપાઇ છે. 'ગા ગા તું'-માં કવિ અનાહત મંત્ર બની મત્તબની ગાવાનો મોરલીને અનુરોધ કરે છે. તો 'ગુંજ ગુંજ'માં ભ્રમરાને નિમિત્ત બનાવી કવિને પ્રાપ્ત થયેલ મિલનની મધુર ઘડીનો આનંદ વ્યક્ત થાય છે. 'સ્મિત બિંદુ'માં મૃત્યુંજય જલ લઈ આવતા, ક્ષુધિત ધરાને પ્રાશન આપતા, સુધાસિંધુ છલકાવતા સ્મિતબિંદુ વરસાવવાનો કવિ દિવ્યશક્તિને યાચના કરે છે. તો 'પલક પલક'માં કવિ મલકતા મુખની માધુરીને પલક પલક નિહાળી રહે છે અને કવિના હૃદયસાગર પટ પર એનો મધુરરસ છોળ બની છલકાય છે. આજે તો કવિના આનંદનો કોઈ સીમા નથી કેમકે દિશાઓ અને કાળની સીમાઓનો લોપ થઈ ગયો છે અને અણુસીમ બનેલો દિવ્યતા અંજલિમાં અખિલને ભરીને છોળ છોળ છલકી રહો છે. 'બાજો વિજય દદામાં' કાવ્યમાં કવિ પૃથ્વી પર છલકતો દેવગણોનો અમર સોમરસ ચાખે છે. સૂર્યકિરણમાં સ્નાન કરી લીધાં પછી જેમ જેમ પેલું અધિક જગત ઊઘડતું જાય છે તેમ તેમ અધિકને અધિક રસને કવિ પામે છે. કવિને જેની અભીપ્સા હતી તે હવે જાણે કે મળી ગયું છે. 'એક જ્યોત'માં કવિએ ઝંખેલી એક જ્યોત જે સૂરજ, સોમ, ભોમ કે વ્યોમમાં નથી તે 'અજબ અગન રસભરી' જ્યોત કવિને રોમેરોમ ડખી ગઈ છે.
કવિને હરિદરસન લાધી ચૂક્યું છે જેની પ્રતીતિ 'સો મેરા હથિયાર'માં જોવા મળે છે. કવિને પરમગુરુએ પલકમાં 'ગગન દંકાર' દીધું છે. જેમાં કવિ હરિદરસનનું સુદર્શન - સુંદર દર્શન પામે છે અને એનો જ પરમ જયકાર ગાય છે. તો 'એકલ પગદંડી'-માં કવિ કોઈ અદૃશ્ય અવધૂતને ભમતો જુએ છે. જગ વચ્ચે નગર અને નગર વચ્ચે જંગલ એમાં નથી મારગ કે નથી કેડી ત્યાં આ અણદેખ્યો અવધૂત ભમી રહ્યો છે. એના પાય કે પડછો દેખાતા નથી. કવિ આવું અગમ્ય દર્શન અવધૂતના માધ્યમે પ્રગટ કરે છે. તો હવા-ના રહસ્યમય સ્પર્શનો અનુભવ કવિ 'આ હવા અહીં' કાવ્યમાં કરાવે છે. મર્મરતી, કોઈક મધુર મંત્ર ભરતી અને કોઈક ગુપ્ત નગરની ગલી ગલીની અશબ્દ વાતને ઉચ્ચારતી હવાના સ્પર્શને કવિ અનુભવે છે. 'બંસીમાં બોલ 'વગાડી જવાનું કહેનાર કવિને રણઝણતી' ભવ્ય

સતાર 'હવે સંભળાવા લાગી છે' ભવ્ય સતાર' કાવ્યમાં. પરમદિવ્યના વડે છેડાતી આ ભવ્ય સિતારનું વર્ણન કરતાં કવિ કહે છે કે અધ્ધર ગગનમાં થડીને એને પૃથ્વીનું તુંબ ગોદમાં ગ્રહ્યું છે અને સપ્તતેજના તાર પરોવી કામોદ રાગ છેડ્યો છે. તો 'મેરે પિયા' કાવ્યમાં પણ કવિની પ્રભુમિલનની ઝંખના ફળી છે. અજંપો શમી ગયો છે અને મિલનના મધુર સ્પર્શની ક્ષણો કવિ સ્થિરચિત્તે માણી રહ્યા છે.

' તુમ પાયે મૈં બહુ બડભાગી ,
મૈં તો પલ પલ વ્યાહ રહી ,
મેરે પિયા મૈં કછું નહીં જાનું ,
મૈં તો ચુપચાપ ચાહ રહી .'
(યાત્રા,પૃષ્ઠ -૧૬૬)

અહીં વ્રજવાસાનીની મધુરના પ્રેમમગન મીરાંની સ્થિતિને આકારી આપે છે.

આમ 'યાત્રા'નાં ગીતો અમૃતની યાત્રાએ નીકળેલા કવિને તેની યાત્રાની મંઝિલ સુધી પહોંચાડી દે છે. કવિની ઊર્ધ્વગતિનો આરંભ ચરમબિંદુએ પહોંચી હવે વિરમે છે.

'યાત્રા'નાં વ્યકિતવિશેષોને અનુલક્ષીને રચાયેલાં કાવ્યોમાં પણ અધ્યાત્મદર્શનનો સ્પર્શ જડી આવે છે. તેમાંય 'યાત્રા'માં ગાંધીઆશ્રમથી અરવિંદઆશ્રમની યાત્રાનો નકશો છે. આથી 'અહો ગાંધી','કસ્તુરબા',' રવિકવિ ', 'શ્વેતકેશી પિતરને', 'કવિ ન્હાનાલાલને ',' અગ્નિવિરામ' અને 'શ્રી અરવિંદ 'જેવાં 'યાત્રા'નાં કાવ્યો ગાંધીજીથી અરવિંદ સુધીની ગતિનો ખ્યાલ પણ આપે છે.

'અહો ગાંધી', 'કસ્તુરબા','કવિ ન્હાનાલાલને',' અગ્નિવિરામ' એ કાવ્યવિષયરૂપ વ્યકિતવિશેષોનાં અવસાન બાદ લખાયેલાં કાવ્યો છે. 'અહો ગાંધી'માં એક મહામાનવની હત્યાની ઘટનાને અનુલક્ષીને માનવ જાત માટેનાં સનાતન પ્રશ્નો અને અપેક્ષાઓને વાચા આપવા સાથે કવિ ઝંખે છે રુદનમાંથી સ્મિતનાં પ્રાગટ્યને. કવિની અપેક્ષા છે.

' પૂર્ણથી પૂર્ણ એ તારા સત્ય આનંદનો ઘટ
અક્ષુણ્ણ ધરતીતીરે પ્રગટાવ, મહા નટ ! '(યાત્રા,પૃષ્ઠ-૬૬)

'કસ્તુરબા અને 'અહો ગાંધી' કાવ્યો જોતાં જણાશે કે કવિ મૃત્યુને નિમિત્તે શોક, અફસોસ, રોષ, કકળાટ, નિરાશામાં સરી પડતા નથી .ક્યારેક કૃતાર્થતાનો , ક્યારેક આશાનો સૂર ઊઠે છે. એ આશા , એ કૃતાર્થતાના ભાવ ભૌતિકકક્ષાએ રહેવાને બદલે લોકોત્તર સંસ્પર્શવાળા બને છે. વિષયવિભાવનામાં સુંદરમ્‌ના સાધક વ્યકિતત્વનો પ્રભાવ પડતો અહીં સ્પષ્ટ જોઈ શકાય છે. 'ઘટ' કવિનું પ્રિય કલ્પન છે. 'કસ્તુરબા'ના જીવનને ઘટ કહ્યા પછી ' અહો ગાંધી' માં તેઓ 'સત્ય-આનંદના ઘટ'ની વાત કરે છે.

'કવિ રવિ' તથા 'કવિ ન્હાનાલાલને'માં કવિ બે મોટા કવિઓના પશ્ચાત્ય કવિકર્મને અંજલિ આપે છે . તો બ.ક.ઠાકોરની ૭૪મી વર્ષગાંઠે પૂજાલાલે તેમને ઉદ્દેશીને લખેલા મુકતકના ઉત્તરમાં બ.ક.ઠાકોરે લખેલી આઠ પંકિતઓની વિગતોનો સંદર્ભ સાથવીને સુંદરમે 'શ્વેતકેશી પિતરને' કાવ્ય લખ્યું છે. 'અગ્નિવિરામ' કાવ્યનાં નાયક ગોવિંદસ્વામી કવિના મિત્ર અને કવિતા ક્ષેત્રે જાણીતા બનેલા હતાં . આ કાવ્યમાં કવિ અંતિમવિધિ વખતના અગ્નિનો સંદર્ભ રચે છે. જીવનના અંતિમ ચરણમાં પ્રગટતો અગ્નિ માત્ર દાહ આપીને રહી જાય છે કે પછી માનવની મૃતતાને દાહનો ને 'અમરતાનો કાં અર્પિપે','જીવન તણી નમિસાવલિ'ને 'પ્રદીપ્ત કરી જાય' છે? આ ચિંતનને કવિ અહીં પ્રજીવન બનાવે છે .

'યાત્રા'નાં ઘણાં કાવ્યો શ્રી અરવિંદ અને માતાજી વિષયક હોય એમ લાગે છે. લગભગ ૨૨ કાવ્યો તો સીધા આ ઉભય વિભૂતિ વિષયક છે. 'હે માતા', 'તને વંદું', 'તને જોવો', 'અમોને તું દેખે', 'અમોને સ્પર્શી છે', 'તે જ જાણે', 'દેજે', 'પણ છું', 'એકજ રટના', 'હું ગાન ગાઉં', 'શ્રી અરવિંદ', 'પંખણી', 'તવ સંગ', 'સદૈવ' - આટલાં કાવ્યો ખાસ ધ્યાન ખેંચે છે. કવિનો આ ગુરુદ્વય તરફનો સમર્પણયુક્ત ભક્તિ અને એમાંથી જન્મતો આંતર-અનુભવ સાધારણીકરણથી એવું બિનંગત સ્વરૂપ ધારણ કરે છે કે માનવહૃદયના સનાતન ભાવનું જ આલેખન એ થઈ રહે છે.

'શ્રી અરવિંદ' નામના સોનેટયુગ્મમાંના પહેલા સોનેટમાં કવિએ અરવિંદના માનવજાતઉદ્ધારક-વ્યક્તિત્વનો હૂબહૂ ખ્યાલ આપવા માટે તેમને પાતાળથી માંડીને ઊર્ધ્વ સુધીનાં તમામ તલને વટોળતા વિરાટ આત્મા તરીકે ઓળખાવ્યા છે. વિશ્વરચનાના પૌરાણિક ખ્યાલને લેખે લગાડીને કવિએ અહીં બૃહત્પરિમાણી કલ્પનો યોજ્યાં છે. અરવિંદના હાથમાં શક્તિનો પુંજ ગુલછડી શો કલ્પાયો છે અને કરપુટમાં 'પગાઢ જ્ઞાનાબ્ધિઓ' કલ્પાયા છે. કવિ સોનેટયુગ્મના બીજા સોનેટમાં માણસને તેના 'મનુજતા' નો હવિ આપી ને 'પ્રભુતાણી સુધા ભાસ્વતી' ને લાવવાનું આમંત્રણ આપે છે. આમ બંને કાવ્યોમાં સંબોધિત પાત્રો જુદાં છે પણ બંને દ્વારા એક જ પાત્રનો મહિમા પ્રગટાવાય છે. પહેલું સોનેટ પ્રશ્નરૂપ છે તો બીજું ઉત્તરરૂપ છે.

'આભનો ખેડૈયો'માં કવિ અરવિંદનું ભવ્ય કલ્પનાન્વિત ચિત્ર ખડું કરે છે. 'દિગ દિગ પહોળા રે પગથાર'ને ખેડતો આદિકાળનો ખેડૈયો ઓરાં આભ થાસે છે ત્યારે એનું ભવ્ય ગતિશીલ ચિત્ર રચાય છે.

'ઊંચો રે કેશવાળો ઘોડો હણહણે
ઘણાં આભનાં મેલાણ,
હિમાળો બાંધો ને પાધ ખેડુએ
પગમાં પવનનાં પલાણ,
નિત નિત નવલાં ખેડાણ,
ભલો રે ખેડૈયો આદિ કાળનો.'

(યાત્રા. પૃષ્ઠ - ૬૦)

આવો આભનો ખેડૈયો કવિને જડે છે શ્રી અરવિંદમાં તો 'એક પંખણી' રૂપે શ્રી માતાજીનું શબ્દચિત્ર કવિ કંડારે છે. એમાં ઘેરા તિમિર હળ્યાં ક્ષિતિજોને ઠેકતી, ગગનને ટોડલે ટોડલે ટહુકતી અને જ્ઞાનબીજનો ચમકાર કરતી આ તેજોની નિરાળી પવનપંખણીએ વિશ્વનાં અનિષ્ટ-જંજાનાં ઝુંડને ઝબકાવીને ઉડાવ્યાં અને સાગરના લોઢે-ઠારી દઈને સૂરજ-તારાનાં તગતગતાં તેજને પોતાની આંખોમાં ઉતારી દીધાં. પાંખોની આગને સંકેલી તેણે પૂરવીપર અવતરણ કર્યું અને જુગના જામેલ જડતાના ડુંગરાના ડુંગરા ચપટીમાં ઉપાડી નાંખ્યા. કણમાં કિરણની કણીઓ વાવીને અણદીઠની મોહિની લગાડનાર તેજોની નિરાળી પંખણી રૂપે શ્રી માતાજીનું ભવ્ય શબ્દચિત્ર સાથે જ ગુજરાતી અધ્યાત્મ-કવિતામાં વિરલ છે.

'હે માતા'માં -

'હે માતા, જગમાંહિ, સુન્દર નકો દૃષ્ટે
પડ્યું તું સમું,
મારાં ન્રશ્યણારવિંદ વિરમે સૌંદર્યનેત્રો હવે.'

(યાત્રા. પૃષ્ઠ-૧૨૮)

જેમનાં ચરણકમલમાં કવિ પોતાનાં સૌંદર્યસ્તોત્રો અર્પણ કરે છે એવા શ્રી માતાજી પરાશક્તિરૂપ, સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. કવિ પોતાની પાંચેય ઇન્દ્રિયોથી તેમને જુએ છે, જાણે છે, સ્પર્શે છે, અનુભવે છે. તેમનું આ દર્શન કે સ્પર્શ અલૌકિક-ચમત્કારિક છે.

'અમોને સ્પર્શે છે' કાવ્યમાં કવિ માતાજીને કહે છે કે અનિલલહર, સૂર્ય-શશીના કુણાં-તીણાં કિરણ, મિત્રનો પૌરુષભર્યો હસ્ત, પ્રિયજનની ભુજાઓ, શિશુના નિર્મલ કર - આ સૌના સ્પર્શમાં જે નથી એવું અદ્ભુત અને વિરલ તારા સ્પર્શમાં છે. તેઓ કહે છે કે આનંદનો પરમચિતિજલ નોતરતો તારો દિવ્ય સ્પર્શ 'અણુ અણુ વિષે નવ્ય લયને' રચે છે --

' મિટ્ટીને શિર વરદ તારો કર ફરે,
અને ત્યાં ઊર્ધ્વોનાં અમૃત શતનું સ્થાપન કરે.'

(યાત્રા, પૃષ્ઠ-૧૪૨)

આવા અદ્વિતીય માતાજીને અચલ આંખોની પલકે જોવામાં સાધક તૃપ્તિ છતાં અતૃપ્તિ અનુભવે છે. 'તને જોવી'- સોનેટમાં એ મધુદર્શનથી પમાતી કૃતાર્થતાનો આનંદ વ્યક્ત કરવા કવિ સુંદર ઉપમાઓ યોજે છે. નયનને ભરતી ઘન જેવી, દિશાઓના નીલાફલક પર 'પરમા કો સ્ફુરણા શી' - મા અમારા પર શીળી છાયાની જેમ ઝૂકે છે અને દિવ્ય શાંતિસાગરનાં નિર્મલ જલ અમારાં પર વહેવડાવે છે. માના ઔદાર્યવિભવના મહોદધિ પ્રતિ શિશુ-ઝરાના કલરવે ધસી જવાનું અમને મન થાય છે. માની દર્શનદ્યુતિથી અમારી અભીપ્સાની તેજસ્-કળી પ્રજ્જવલિત થશે અને ચરણ તથા હૃદયને નવું નરવું બળ મળશે.

તથા જ 'અમોને તું દેખે' ના સર્વાંગ સુંદર સોનેટયુગ્મમાં માના દૃષ્ટિ-પ્રભાવનું વર્ણન કરતાં કવિ કહે છે કે સાધક તરફ સ્મિતમુકુલિત મુખે મીટ માંડી રહેલાં તારાં નયનોમાંથી નીતરતી કિરણધારા, પ્રભુધામથી શિવશિરે સરીને પૃથ્વીપટ પર વહેતી ગંગાની જેમ રાગદ્વેષના દુર્ગોને વિદારી ઊર્ધ્વારોહણ માટે ઉત્સુક કરે છે. મા' તું મહાકાળી રૂપે પ્રલયજગ સંહાર કરે છે રુદ્ર અને વજ્ર બનીને ગિરિશિખરો વીંધે પણ--

'અમારે શીર્ષે તું કુસુમિત લતા જેવી લળતી,
અમોને તો 'માતા' થઈ નિજ ઉરે ધારી ધરતી.'

(યાત્રા, પૃષ્ઠ-૧૪૦)

જ્યાં ઘન તમસ્, કાર્પણ્યો અને અદિતિ દુરિતો જ સદા સમસમે છે એવી અમારી આંખોમાં તું શું જુએ છે? અમારી પાસે સૌંદર્યનાં સમિધ કે ઋતુનાં ઘૃત નથી, છતાં તારી અગ્નિશિખા કયા હવ્યો માટે સ્ફુરે છે? જ્યાં સતત તિમિરતેજનું દંગલ અને ગ્રાહગ્રાહોનાં દ્વંદ્વયુદ્ધ મચેલાં છે એવા અમારા હૃદયના ગૂઢાગારમાં તારી તીક્ષ્ણ નજર પ્રવેશી શુદ્ધિકરણનું કાર્ય કરે છે. આમ માનાં વાત્સલ્ય અને અનુગ્રહ અપાર છે.

માની વિલક્ષણ સિદ્ધિ- શક્તિનો મહિમા તો જેણે એના અનુગ્રહના અમૃતનું પ્રાશન કર્યું હોય 'તે જ જાણે' પણ એ અનુગ્રહને પાત્ર બનવા પૂર્ણ પ્રપન્નતા જોઈએ. ભુવનભરની રિદ્ધિસિદ્ધિઓથી સમૃદ્ધ માના 'કમલ ચરણે' કવિ કેટલાય પ્રતિભાપૂર્ણ મેધાવી સર્જકો, સાધુઓ અને કર્મકર્મીઓ પોતાના અહમપૂર્ણ બંડને શમાવીને બેઠા છે. 'તે જ જાણે' કાવ્યમાં કવિ શીળા કર, નયનની મીઠી મધુરી જ્યોત તોય અકળ ગરિમાવંત ઊંચા આવાસે વાસ કરતાં માતાજીનું સુંદર સુરેખ ચિત્ર ઉપસાવે છે. તો 'દેજે' કાવ્યમાં કવિ આ દિવ્ય મા પાસે એના સ્નેહ, બળ, સૌંદર્ય અને એના અન્નક્ષેત્રે કણ પણ ચણવાનું ભાગ્ય માગે છે. માતાજીના મહાન કાર્યની પ્રશસ્તિ કવિએ

'તારી શી કૃતિ''માં કરી છે. ગુરુત્વને લઘુતાથી સજ્જનો અને લઘુત્વમાં ગુરુતા નિપાવતી મા નૂતન તાલમાન રચી રહી છે. પ્રગાઢ પાર્થિવતાના પથારામાં જકડાયેલા માનવોના દીર્ઘ જાડ્યનો વિધ્વંસ કરનારી માની ચેતનસર્જિકા દ્યુતિ નિશ્ચેતન સૃષ્ટિપટે સર્જનનો ચમત્કાર સર્જે છે. વેણુપટ પર દોરેલા ચિત્રની પેઠે, વાયુની લહર પણ જેને ભૂંસી શકે અને હરેલી જેવડું નાનું વાદળ પણ જેના તેજને મંદ કરી શકે એવી ક્ષીણતાને માતાજી તેમની પૂર્ણતાના પયોધિશી રસે છે. આ કાવ્યનાં અંતિમ ચિત્રની પહેલી અને પાંચમી પંક્તિના અંતમાં 'આ કૃતિ' અને 'આકૃતિ'ના શ્લેષનો વિનિયોગ સ્વભાવિક સુંદર લાગે છે. માતાજીની મહા રસાળ આકૃતિ ઊર્ધ્વના સૌ શ્રેયસો અને પ્રેયસોને આંગળીના ટેરવે ધારીને ઊભી છે. આ અંગુલિટેરવાનું ગૌરવ કવિએ 'સુધા બધી' કાવ્યમાં ગાયું છે. એ કહે છે કે ભવનીતલની અને ભવનીપારની બધી સુધા માતાજીની આંગળીના ટેરવે જ વસી છે એ જો મેં પહેલેથી જ જાણ્યું હોત તો ભવાટવીમાં ભટક્યો ન હોત. પણ કવિ પાછું વિચારે છે કે ભટકવાનું થયું તે પણ સારું થયું. જગતના તીખા અનુભવોથી હવે જાણે એવું લાગે છે કે કંટકવનોમાં ભટક્યા પછી કુસુમસેજ મળી, રેતીના રણમાં તલખનારને મધુબિંદુથી તોષ મળે તેમ બધી નીરસતાની કથા-વ્યથા તજી પૂર્ણ વિરાટ સિંધુના અંકમાં હવે મહાલવાનું મળ્યું. અંતમાં કવિએ માતાજીને દિવ્યજીવનની મહાઉષા રૂપે નિરૂપી સમર્પણના ભાવનું ધ્યાન કર્યું છે. -

'અયિ દિવ્ય કલ્પની પૂર્ણિમા !
ભગવજ્જીવનની મહા ઉષા !
તવ અંશુ વરેણ્ય ઝીલતાં
ઉર ઝંખે બનવા જ તન્મય.'
(યાત્રા.પૃષ્ઠ-૧૩૬)

બ્રહ્માંડના અણુએ અણુમાં અનુસ્યૂત રહેલી માને સાધક શું સમર્પી શકે? એની મનોરમ મૂંઝવણ કવિ વ્યક્ત કરે છે 'તને શું અર્પું ?' કાવ્યમાં. કમલદલ તારું આસન છે. પૂરવોની સઘળી સુરભિ વ્યંજન અને આકાશની મહોજ્જ્વલ જ્યોતો તારાં વસન છે. કાવ્યશિલ્પાદિ સકળ કલાઓ તારા અંબર માત્રની લીલા છે. કવિ કહે છે કે કુટિલ, મલિન મનુષ્યમાં ઘણાં દુઃસત્ત્વોનું નગર આવીને વસ્યું છે એટલે 'તને શું અર્પું ?' હા, તારા ચરણે ચૈતન્ય માત્ર અભિસરણ કરવાની સમાગ્ર અભીપ્સા તને આપી શકાય. પણ પછી બીજા સોનેટમાં કવિ એવક દલીલ કરે છે કે વિશ્વનો બધો વૈભવ જેમ તારો છે તેમ મારો પણ છે અને પ્રશ્ન કરે છે કે તારા મિલનની મારામાં જેવી અભીપ્સા છે તેવી શિશુકુસુમને બાહુ-માં લેવાની તને શું ઇપ્સા નથી ? જે જગત તારી જ ચિતિની નિઃશ્વાસગતિમાં જન્મ્યું છે તે ઉચ્છ્વાસરૂપે તારા જ પ્રતિ ઊંચે ચઢે છે. આમાં શ્રી અરવિંદદર્શનનો આરોહણ-અવતરણનો પાયાનો સિદ્ધાંત કવિતાના રસમાં રસાઈને વ્યક્ત થયો છે, જેથી તે કહે છે-

'જગન્માતર, તારો સકલ રસ, તારી જ રસના
વિખેરીને લેતી મધુ કણ કણે ઘૂંટ રસના.'
(યાત્રા.પૃષ્ઠ-૧૩૮)

માતાજીની સ્થૂળ અને સૂક્ષ્મ ગતિ માટેની 'ચાલી આવે' ગીતમાં યોજેલી ઉપમાઓ સૂચક છે. સપનાંની સુરખી અને ફૂલડાંની સુરભિ સમી માતાજીની ગતિ 'રાધાના તલસન' સમી લાગે છે. શિખરે શિખરે એની ધજાઓ લહેરાવતી, આશાના ઇજન આપતી, અંગ અંગમાં સમાધિની શાંતિ ભરતી નાડીના ધબકારમાં વહેતી અને રહસ્યા બની રોમેરોમ-માં વિચરતી એ ચાલી આવે છે.

'ચિર પૂર્ણતા'માં કવિના અજંપ અને ક્લાન્ત હૃદયને માએ હવે પરિપૂર્ણ કર્યું તેની પ્રતીતિ થાય છે. વળી અગમ્યને ગમ્ય કરતો, ચિત્તમાં ચૈત્ય રૂપે વિલસતો, નિત નવ્ય, ભવ્ય રંગો રસો ઉરમાં એ ઉલ્લાસ ભરે છે. આવા પરમમુદાના સ્રોત સમા માતાજીના સાંનિધ્યમાં કવિ પળે છે 'પળું છું' કાવ્યમાં. એ કહે છે કે ધરાના પાર્થિવ્યોને પરહરીને હું તારી પાસે આવું છું, તો હે જનની મને તારી પરમચિતિના અંકમાં લે જે. તારા પ્રભુત્વમાં રસો દઈ, ઋતમાં કસો લઈ દેવગણની મુદાની ગંગા આપો પછો જગતમાં પાછો મોકલજે. તો 'અમારી અભીપ્સા' કાવ્યમાં કવિ પૃથ્વીનો ઉષ્ણ-ઉગ્ર રસ પર્વત રૂપે આકાશ તરફ ધસીને ઊર્ધ્વસ્થ બનો જે ઝંખના કરે છે તેમાં કવિની અભીપ્સા પ્રગટ થાય છે. એમનો આ અભીપ્સા ઊર્ધ્વ પ્રતિ ઊઠતો નિત્ય દિવ્યતાનું જ રટણ કરે છે. કવિનું મન હવે અક્ષુબ્ધ, અણજંપ, સ્વસ્થ, અણકંપ, પ્રોત્કંઠિત, દૃઢસ્પંદ બન્યું છે, એ જરાય મંદ, ઉન્મદ કે કુંઠિત રહ્યું નથી.

'એક જ રટના'માં પણ કવિની એજ અભીપ્સા વ્યક્ત થાય છે. કવિ-હૃદયમાં પ્રભુનું ધામ સ્થપાઈ જાય એ શુભ ઘટનાને કવિ ઝંખે છે. પ્રભુનો પદ પદ આહટ કવિને સંભળાય છે. શ્રી અરવિંદ અને માતાજીના શરણમાં કવિ ગયા ત્યાર પહેલાં રચાયેલું આ પ્રાર્થનાગીત છે. કવિને હવે પ્રભુનો અને પોતાનો વચ્ચેનો પડદો મીટાવી દેવો છે.

'મુજ તુજ બીચ હવે હે પ્રીતમ ઘૂંઘટપટ ના હો'

(યાત્રા, પૃષ્ઠ-૧૫૧)

કાવ્યનો વિચાર અને વર્ણન શ્રી અરવિંદનો સંદર્ભ પણ રચે છે. પરમઆનંદના જલધિને કવિ પોતાના ઝરણાંનો અવધિને સંહરવા, અને પોતાના 'કલશ'ને રસધોધથી ભરી લેવા ઇચ્છે છે.' યદિ જોવા'માં કવિ શ્રી અરવિંદનો અને માતાજીનો સંદર્ભ ચંદ્રનિમિત્તે રચે છે. વસુધાતલે તો મનુષ્યરૂપે - એકલ કે દ્વય - પ્રગટેલા શ્રી અરવિંદ અને માતાજીની આંખોમાં આંખો માંડવા કવિ તત્પરતા બને છે.

'નયન નિમીલિત'માં પણ અરવિંદના યોગની વિશેષતા પ્રગટ થાય છે.

'નયન નિમીલિત તારાં
ખોલે શાં જગ અપરંપપારાં.' (યાત્રા, પૃષ્ઠ-૧૫૩)

બંધ આંખે કરાયેલા ધ્યાનમાં જ અપરંપાર જગત ખૂલે છે અને કવિને આશ્ચર્ય થાય છે કે દશે દિશાઓમાં શોધતા જે ન મળ્યું તે શું પાંપણનો પાછળ વસ્યું હતું, અને ઝંઝાનો ઝપટે જે જડ્યું તે સમાધિના સ્થિર શિખરે જ શું ઠર્યું હતું ? વૈખરીના શત શર જે ન વીંધી શકે તે મૌન થકો સધાય છે. બાહુના બળથી જે નથી જીતી શકાતું તે કરસંપુટમાં બાંધે છે. એટલે જ કવિ 'કોઈ પવન પાવડી સંગે' સુભગ પ્રીતને જોડે છે. પવનપાવડી એ પ્રાણ-યોગનો ક્રિયાનો સંદર્ભ સૂચવે છે. ભૂમિના નવા જન્મની રટણા કરતા શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગાન ગાવામાં કવિની હવે તન્મયતા પ્રગટે છે. કારણ કે પૃથ્વી પરના દુઃખો, દૈન્યનાં વિફલ વમળમાં એ જ સિદ્ધ આનંદ-અદ્રિ છે. માટે જ 'હું ગાન ગાઉં' કાવ્યમાં કવિ ગાય છે-

'તેનાં હું ગાન ગાઉં પલ પલ રટતો ભૂમિનો જન્મ નવ્ય,
ઊંચા ચૈતન્ય કેરી સમુદિત પ્રભનો ભાળતો ભાવિ ભવ્ય.'

(યાત્રા, પૃષ્ઠ-૧૫૪)

'સદૈવ' કાવ્ય શ્રી માતાજીને અને શ્રી અરવિંદને ઉદ્દેશીને છે. કવિ સદૈવ આ યુગ્મદ્વયની પરમ મંગલકારી મૂર્તિને સ્મરણમાં રાખો, નયનમાં અને હૃદયમાં સ્થાપો, એમનો ચિંતનમાં જ જગતનો પંથ વટાવવા ઇચ્છે છે અને બીજા સૉનેટમાં પણ એ જ ભાવ

દોહરાવતાં જગતપથને વટાવવાનો અને ગુરુકૃપાના જયને જ લલકારવાનો પોતાનો દૃઢ નિર્ધાર પ્રગટ કરે છે. કવિને હવે પરાત્પરની પૂર્ણતાથી અણુ પણ ઓછું ખપશે નહીં. હવે તો મનનો બધો મુનિઓ તરફ મોટ માંડવાનું છોડો અર્થાત્ જગત-ભાવને ભૂલો, અધૂરી બધી ભાવભરતીઓને પણ છોડો એક પરમેશના પ્રકાશ અને રાસેશના રસને પામવામાં જ મંડયા રહેવાનો દૃઢ સંકલ્પ કવિ વ્યકત કરે છે. કવિની આધ્યાત્મિક ચેતનાનો વિકાસ કેવા ચરમશિખરે હવે સ્થિર થયો છે તેનો ખ્યાલ નીચેની પંકિતઓ ઉપરથી આવે છે -

'સહસ્ર યુગનો હવે ઉદિત પૂર્ણિમા શારદી ,
રસેશનણી ગત , પ્રાન પરમાત્મા પૂર્ણનો
ધરાતલ પરે હવે ગગનશૃંગ ઉત્તુંગ ને
મનસ્તલ વિષે સમસ્ત ઋતનો જ શશ્વત્-પ્રભા .'(યાત્રા,પૃષ્ઠ-૧૫૯)

આમ કવિની શ્રી માતાજી અને અરવિંદ પ્રત્યેની સમર્પિત ભકિતભાવના ઊર્ધ્વયાત્રા માટેની ઉત્કટ અભીપ્સા,આરાધ્ય તત્ત્વપ્રત્યેની અભિમુખતાથી અંકિત નિર્મલ સાધકહૃદયની સમુજ્જવલતા - આ બધાં કાવ્યોમાં સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થાય છે.

આમ 'કાવ્યમંગલા'માં ગાંધીજીના માનવતાવાદને આશ્રયે રહેલી કવિની આધ્યાત્મિકતા 'યાત્રા'માં અરવિંદનો આશ્રય પામે છે. સમાજને સુધારવાનો અને માનવનું કલ્યાણ કરવાનો માર્ગ કવિને પૃથ્વી પર દિવ્યતાનું અવતરણ કરવાના અરવિંદના યોગમાં હવે સ્પષ્ટ દેખાય છે. કવિને પોતાની કવિતા અને જીવનના જે ધ્રુવપદની તલાશ હતી તે હવે પૂરી થઈ છે . 'યાત્રા'માં કવિને પોતાનું ધ્રુવપદ જડે છે . 'ધ્રુવપદ અહીં' કાવ્ય આ રીતે કવિની આધ્યાત્મિક યાત્રાનું ચરમશિખર છે જ્યાં કવિ પોતાનો સ્થિર મુકામ આદરે છે. સુંદરમ્‌ની કવિ તરીકેની અને સાધક તરીકેની યાત્રાનો લઘુ આત્મકથાત્મક ગ્રંથ આ કાવ્યમાં આપણને સાંપડે છે. કવિને હવે' ધ્રુવપદ કયહીં ? ' નો પ્રશ્ન મૂંઝવતો નથી . 'ધ્રુવપદ અહીં' સુધી એ આવી પુગ્યા છે. એમની કવિતા એમની ઊંડી શ્રદ્ધાનું અનુરણન બની રહી છે. વાસ્તવ-આશ્રિત આધ્યાત્મિકતામાંથી કવિ આધ્યાત્મિક વાસ્તવ સુધી આવી પહોંચ્યા છે. હવે પરમવાસ્તવની ઝંખના આગળ સામાજિક વાસ્તવ ટૂંકી શકતો નથી . આમ 'કાવ્યમંગલા'માં આવેલા 'ધ્રુવપદ કયહીં ?' કાવ્યના પ્રશ્નનો ઉત્તર અહીં કવિને મળે છે. જગતનું ચિંતન કરતાં કરતાં કવિને વિષાદ પ્રગટેલો, મૂર્છા આવેલો ; એમાંથી જાગીને કવિએ જગતનું સત્ય જોયું છે અને તેની વીણા ફરી ગાન શરુ કરે છે . પ્રકૃતિને ખોળે બેસી કવિ પંખીઓને સંબોધે છે અને જગતના સત્યનું દર્શન તારવે છે. કવિ પંખીઓને ભૂરા-ગહન-ગગનની સહેલ માટે આમંત્રે છે. ત્યાં મધ્યાહ્નના પૂર્ણપ્રકાશમાન ભાનુનું દર્શન થાય છે. પણ એ મધ્યાહ્નનો પ્રકાશ પૃથ્વીના માણીથી કેઈક જીરવી શકાય છે ? આ સ્થૂલ તેમજ સૂક્ષ્મ પ્રકાશ ઝીલી શકે તેટલો વિકાસ હજી જીવનનો તેમજ બુદ્ધિનો થયો નથી એટલે એ ગગનો મૂકી કવિ પંખીઓને શીતલ કુંજમાં વિશ્રાંતિ કરવા લઈ જાય છે. એ કુંજમાં કવિ પ્રકૃતિનું દર્શન આદરે છે. આ છે પૃથ્વી ,આ સાગર, આ ગગન, આ વાયુ, આ તેજ - સૂર્ય, કવિ પૃથ્વી અને સાગરનું વર્ણન કર્યા પછી જગતનું વર્ણન કરતાં કહે છે કે ગગન જાણે પ્રભુનું હૃદય છે. વિશ્વના ગુચ્છોના ગુચ્છ તેમાં ઘૂમી રહ્યા છે. કિરણોની ગતિ પણ તેમાં અટકી જાય છે.

'જુઓ , કેવાં કેવાં વિલસત મહાભુત અહિયાં :
દિશાઓને છાતું ગગન ઢળ્યું , શું ઈશ - હૃદય ,
તમારી પાંખોને ફલક અરપે , વિશ્વ -નિચય
ત્યહીં ઘૂમે ઝૂમે કિરણગતિ યે જાય રહી ત્યાં.'(યાત્રા,પૃષ્ઠ-૧૬૨)

વાયુ વિષે કવિ અનુભવે છે કે જગતમાં વિચરતો, આકાશમાં સૂતો આ માતરિશ્વા એ શિશુના ઉરનું ક્રન્દન બની રહે છે રુધિરનું સ્ફુરણ બને છે. કંઠનું ગાન બને છે. જગતમાં સંવાદનું અનુરણન રચે છે અને સૂર્ય, પૃથ્વીનો પિતા, સવિતા, બાળક પૃથ્વીના મુખમાં એ પોતાનાં પયધરોનો મોખ મૂકી પૃથ્વીના વિપુલ જીવનનું સંવર્ધન કરે છે અને આ ધરા એ સૌ જીવોની માતા છે. તૃણના અંકુરથી માંડી મનુજની જાતિ સુધી માનવને. મેરની પ્રેરણા બની તે જીવનની સિદ્ધિ રચી રહી છે. માનવીએ વિધ્વંસ કર્યા છે તો મહાન આત્મયજ્ઞો પણ એણે જ કર્યા છે. ભૂતલ પર રહી ભર્ગની સુધા ઝંખનાર એ પરમ પ્રાણી છે. માનવીની એ ઝંખનામાંથી પૃથ્વીના જીવનનો નવો તબક્કો રચાય છે. એ ધરાતત્ત્વની પોતાની ઊર્ધ્વ ગતિ છે. માનવી સ્થૂળ અને જડ જગતથી પોતાનું અવગાહન શરુ કરીને છેક બ્રહ્મદર્શન સુધી પહોંચે છે. જગતને બાહ્યચક્ષુથી જોઈ જોઈ છેવટે તે અંતરમાં વળે છે અને ત્યાં તેને ચિતિનાં, શક્તિનાં- પરમતમ બ્રહ્મપ્રભાનાં દર્શન લાધે છે, પણ આ બ્રહ્મદર્શન પછી શું એ પ્રશ્ન વિકટ છે. પ્રકૃતિ તો સદાય ગતિશીલ, વિકાશીલ રહેલી છે અને પ્રકૃતિપુત્ર માનવ પણ હજી આગળ વિકાસ પામશે, છતાં માનવને પ્રકૃતિએ સ્વાતંત્ર્ય પણ આપેલું છે. પ્રકૃતિના પ્રવાહને ત્યજી પણ શકે છે, પણ એવો ત્યાગ એ માનવતાનું મૃત્યુ નોતરશે. મનુષ્ય જો પ્રકૃતિના ગૂઢ લક્ષ્યની સિદ્ધિમાં સહભાગી અને સહકારી નહીં બને તો તેને પૃથ્વી પરથી નામશેષ કરી પ્રકૃતિ પોતાનું નવું સર્જન નિપજાવી, તે દ્વારા પોતાનું લક્ષ્ય સિદ્ધ કરશે. એ હશે એક નવમાનવતા, પોતાની ઉત્તમોત્તમ દિવ્ય સિદ્ધિને પૃથ્વીની સાથે સાંકળી લેતી. જગતમાંનું નીચેમાં નીચેનું અચિત્ જડતત્ત્વ અને ઊંચામાં ઊંચેનું પરમ ચિત્ તત્ત્વ, વિશ્વના આ બે છેડા મેળવવા એ છે વિશ્વપ્રકૃતિનું લક્ષ્ય, વિશ્વના આવિર્ભાવની અંતિમગતિ. એ પરમ ચિતિનો આ જડભૂમિ પર વાસ બનવો એ વિશ્વમાં વિષ્ણુ ત્રિવિક્રમનું ચતુર્થ ક્રમણ બનશે. કવિ ને શ્રધ્ધા છે કે આ અવશ્ય બનવાનું છે, ભાવિની આ ધ્રુવ ઘટના છે. માનવનું-ધ્રુવપદ પણ આ જ છે. પૃથ્વી પરના આ દિવ્ય સર્જનની આસપાસ માનવીની સાધનાનું ગાન સદા ગુંજશે.

'અહો પંખી આ છે ધ્રુવ, મનુજનું આ ધ્રુવપદ,
જગત - સંઘર્ષોની ચરમ અહીં સંવાદઘટના,
અધૂરા' દર્શોનો અહીં જ બનવી પૂર્ણ ફલના,
બધાં અલ્પોનું હ્યાં પરિણમન ભૂમાયુત મુદઃ'

(યાત્રા, પૃષ્ઠ- ૧૬૭)

શ્રી અરવિંદદર્શનનો પૂર્ણયોગ અહીં કવિચિત્ત દ્વારા કાવ્યમાં પૂર્ણપણે પ્રગટ થાય છે. પ્રભુત્વમાં આરોહણ કરી પ્રભુની સકલ સિદ્ધિ લઈ પાછું ધરાતલે અવતરિત થવું અને એ રીતે વિશ્વનાં કુંઠિતતા, દુઃખો અને તમસને દૂર કરી વિશ્વને પરમઆનંદ અને પરમ-સૌંદર્યથી યુક્ત કરવાનો વિચાર એ અરવિંદચિંતનનો પાયાનો સિદ્ધાંત છે.

'પ્રભુત્વે આરોહી. પ્રભુ તણી લઈ સિદ્ધિ સકલ,
ધરાહૈયે પાછું અવતરિત થાવું. પ્રભુતણી
અહીં આંકી દેવી બૃહત ઋતમુદ્રા : રણઝણી
રહો એ ભવ્યાશે' વિકસિત ઉરોનાં શતકુલ.'

(યાત્રા, પૃષ્ઠ-૧૬૭)

આમ જગતનાં દુઃખોથી ત્રસ્ત કવિના હૃદયને સાંત્વન અને મૂંઝવણનો ઉપાય પણ મળે છે અરવિંદ પાસેથી. હવે કવિને વીણાના તાર શિથિલ કરી દેવાનો

જરૂર નથી કેમકે પૂર્ણ રસસમાધિમાં કવિની વીણા હવે મહારસથી સતત ગુંજી રહી છે. ભાવિ સ્વરની પરમ બૃહત ભૂમિને રચતી આ વીણા વ્યથિત ઉરને શાંતિ આપી રહી છે.

આમ અતિમનસના અવતરણની ઘટનામાં વિશ્વકલ્યાણને જોતા કવિ પરમયાત્રાના એક સ્થિર મુકામે આવી પહોંચ્યા છે.

**વરદા**

'યાત્રા' પછીની સુંદરમ્‌ની કેટલીય કવિતાઓ કવિની આધ્યાત્મિકતા આત્મકથાનાં અંશ જેવી છે. સુંદરમ્‌ની ભક્તિકવિતામાં ક્યારેક સરોવરની પારદર્શકતાની ઝાંખી થાય છે તો ક્યારેક નદી પર પડતાં પ્રભાતનાં સૂર્યકિરણનાં તેજનો સ્પર્શ માણી શકાય છે. ક્યારેક ટેકરી પરના મંદિર પર સાંજને સમયે આરતી ટાણે જે વાતાવરણ રચાતું હોય એની હવા અનુભવાય છે. તો ક્યારેક વાણીની પાર રહેલી નીરવતાનું દર્શન થાય છે .

'યાત્રા'ના અનુગામી કાવ્યસંગ્રહોના ગ્રંથચતુષ્ટયમાં મુખ્યત્વે ૧૯૫૧થી ૧૯૭૩ સુધીમાં લખાયેલાં કાવ્યો સંગૃહિત થયાં છે. જોકે અગાઉના કાવ્યસંગ્રહોમાં સ્થાન ન પામેલાં એવાં૧૯૫૧ પહેલાં લખાયેલાં કાવ્યોનો સમાવેશ પણ આ કાવ્યસંગ્રહોમાં કરવામાં આવ્યો છે. ગ્રંથચતુષ્ટયનો પ્રથમ સંગ્રહ 'વરદા' ૧૯૯૦માં પ્રસિદ્ધ થયો . આ સંગ્રહમાં પ્રભુ-અગમનિગમ, પ્રકૃતિ, પ્રણય આ ત્રણ વિષયો કવિએ લીધા છે. આ દૃષ્ટિએ જોઈએ તો 'વરદા ' કાવ્યસંગ્રહમાં આધ્યાત્મિક કવિતા સવિશેષ હોય એ સ્વાભાવિક છે . કવિનું અરવિંદ-આશ્રમમાં સ્થિર થયા પછીનું જીવન એક સાધકનું જીવન છે. આથી તેમના પ્રકૃતિ કે પ્રણયને વ્યક્ત કરતાં કાવ્યોમાં પણ આધ્યાત્મિક ચિંતનનો -અરવિંદદર્શનનો સંસ્પર્શ સાંપડે તે સ્વાભાવિક છે. જો કે આગળ જણાવ્યું તેમ કવિના અગાઉના કાવ્યસંગ્રહોમાં ન લેવાયાં હોય તેવાં કેટલાંક કાવ્યોને પણ અહીં સ્થાન મળ્યું છે. તેવાં કાવ્યોમાં વિષયની સ્થૂળતા જડી આવે તે પણ સ્વાભાવિક છે.

'વરદા'માં કવિનો આનંદસમાધિની ભરતી અને નીરવ શાંતિ અને પરમમુદાએ સ્થિર મુકામનો અનુભવ જ કાવ્યનો મુખ્ય વિષય છે. કવિની અગાઉના સંગ્રહોમાં છે તેવી લયભરી, અગમ્યજ્ઞાનથી યુક્ત, ભક્ત, ભજનિક, જ્ઞાની, સંત કે અલગારીની ન્યૌ મિજાજ દાખવતી વિવિધ કાવ્યછટાઓ જોવા મળે છે. શ્રી અરવિંદ અને માતાજીની ભક્તિની કવિતા પણ આ સંગ્રહમાંથી ભરપૂર મળે છે, કારણકે સાધક થયા પછી સુંદરમ્‌ને મન શ્રી અરવિંદ અને માતાજી જ જગતમાં સર્વસ્વ છે. સંગ્રહનું સૌ પ્રથમ સ્તુતિસોનેટ 'આવો' શ્રી માતાજીની સ્તુતિ નિમિત્તે જગતની પરમશક્તિરૂપ પ્રભુની સ્તુતિનું પણ કાવ્ય બની રહે છે. કવિની ઊર્ધ્વગતિનું પ્રમાણ અહીં પણ સાંપડે છે.

'આવો અમારે અંતરે અભ્યંતરે ,અંતરતરે !
લાવો તમારા ઊર્ધ્વના અભિષેક અમ આ ભૂ-શિરે .'

(વરદા,પૃષ્ઠ-૩)

અહીં અરવિંદનો વિશ્વભરમાં સુંદરતાના અવતરણનો સંદર્ભ છે. કવિ કાવ્યના ઉપાડમાં જ કહે છે -

'આવો અમારે અંતરે અભ્યંતરે. હે સુન્દરે'
આવો તમારાં ગગનથી અમ ભૂમિના આ મંદિરે.'(વરદા,પૃષ્ઠ-૩)

તમસલીન કવિની રાત્રી લખોલખ તારકે દીપિત થઈ છે, જેના કારણે આવી મંગલમય મૂર્તિને કવિ ઇજન આપે છે અને કહે છે કે જગતનું શુભ અને કલ્યાણ આવી દિવ્યતાના

અવતરણમાં જ છે. કવિની ભાવાનુભૂતિની પ્રગાઢતા કાવ્યને ય કેવું સઘન બનાવે છે તે નીચેની બે પંક્તિઓમાં જોઈ શકાય છે. -

'આવો, રચો તમ કુંજ કુંજ તણો અમારી કન્દરે,
આવો પરમ નિર્વાણ લૈ સૌવર્ણ પગલે, મન્દિરે ''

(વરદા, પૃષ્ઠ-૩)

'જયોઽસ્તુ '' કાવ્ય સ્વાતંત્ર્યજન્મ અંગે લખાયેલું છે પરંતુ કવિના આધ્યાત્મિક ચિન્તના પ્રભાવે કાવ્યનું વર્ણન જગજ્જનનીની સ્તુતિ બની જાય છે. અમૃતનિધિ. શુભજનનીની સ્તુતિ કરતાં કવિ કહે છે કે તારા અંતરે પ્રભુનો સંનિધિ છે. તું ધરા-મનુજ -સ્વર્ગ -દિવ્ય એવા ચિન્તનાં એક એક પગથિયાં ચઢી યુગયુગો મહીં જગને ય ત્યાં લઈ જાય છે. એવી જગતની માતાને કવિ વંદન કરે છે.

' નમોઽસ્તુ, વરદે ' મહા મધુર હે જગન્માતર '
ઉદાર સ્મિત તારું આ જગ રચ્યો સુધાસાગર.'

(વરદા, પૃષ્ઠ-૪)

'પ્રકાશો, વરદાયિની ''માં કવિએ બધા જ આધ્યાત્મિક રંગોને એક સાથે પ્રગટાવ્યા છે. કવિ પ્રકાશને સોનાના પગલે એના મોતીપૂર્યા મહાઘટે રજતો વેરતો ધરાતટે આવવા કહે છે. કવિની આ દિવ્યઅવતરણની ઈચ્છા નિશાને આંગણે ઉષાને આમંત્રવા અને મનુના ચિત્તમાં વિશ્વ ચિતિને તંત્રવા માટે છે. કવિની વિશ્વકલ્યાણની ઈચ્છા કેટલી પ્રબળ છે તેનો ખ્યાલ પણ આપણને અહીં મળે છે. કવિની શાંતિશિલા પૃથ્વીના ફરી સ્થાપવાની અને એની સૌ ઉગ્ર ઝંઝાઓ પોતાના શિરે ઝીલવાની અભીપ્સામાં કવિની પૃથ્વીના દુઃખોને દૂર કરવાની તીવ્ર ઝંખના જોઈ શકાય છે.

કવિની 'કાવ્યમંગલા', 'વસુધા' અને 'યાત્રા'માં પ્રગટતો વિસ્મયનો રહસ્યવાદ અહીં પ્રગટ થતો જોઈ શકાય છે.

' આ છે શું વ્યોમ ઝૂકેલું ? આ શો છે ધરતી અહીં ?
આ શો છે ઉરમાં જ્યોતિ ? શેનો આ ભરતો રહી ? '

(વરદા, પૃષ્ઠ -૫)

વળી આ કાવ્યમાં અરવિંદદર્શન રજૂ કરતી જુદી જુદી પંક્તિઓ જુદા જુદા આધ્યાત્મિક સ્રોતની યાદ અપાવે છે. વિશ્વના હૈયે ઊર્ધ્વનો અંગારો મૂકી રાક્ષસી - તામસી ખાંડવો-વનોને જલાવતી જ્યોતિને પ્રગટાવવાની ઈચ્છામાં મહાભારતના ખાંડવદહનનું પુરાકલ્પન યોજાય છે. તો આદિત્યને પેટાવનાર, વ્યોમને વિસ્તારનાર અને લોકકલ્યાણ માટે જ ભર્ગના ભંડારને સંઘરનાર બ્રહ્મરૂપ કવિના ગુરૂ શ્રી અરવિંદનો નિર્દેશ બતાવતી પંક્તિઓમાં વેદોક્ત ગાણીનો સ્પર્શ સાંપડે છે. મનનો મેડીએ નાની બારીમાં બેઠેલું પ્રાણ-પંખીડું પાંજરે બેસી એક જ ગાન રટયા કરે છે. એમાં જ્ઞાનમાર્ગી રૂપકોની યોજના જોઈ શકાય છે. આ પ્રાણપંખી કોઽહમ્, સોઽહમ્, તત્વમ્, ત્વમેવ ઈત્યાદિ મંત્ર સાધે છે અને તપ કરે છે એમાં ઉપનિષદ્‌વચનનો મર્મ સાંપડે છે. તો વળી ભગવદ્ ગીતાના સંદર્ભને રચતા કવિ ઊર્ધ્વમૂલ અને અધઃશાખા ધરાવતાં વૃક્ષની વડવાઈઓને ઝાલીને સૃષ્ટિના તમસને આરોહણ કરવું ગુર્ચે છે. જગતની કલુષિતતાના - દુઃખોના ઉપાય રૂપ પરાત્પરની અર્ચનાઓનો સંદર્ભ તથા પ્રભુની પદગંગાના કમળો વીણી લાવી કમલાની આશિષથી કમળોના વનો વસાવવાનો વિચાર પણ અરવિંદદર્શનપ્રાણિત છે. કવિ કોઈ અગમ્યના અમૃતને નીરખવા જાગૃત બનવા મનને પણ એક ભક્તની અદાથી ઢંઢોળે છે. મધ્યયુગીય ભજનોમાં આવતો ' ભજી લે મનવા ભગવાન. આ સંસાર છે દુઃખોની ખાણ. 'એવો કોઈ ભાવ આપણને જડે છે. પણ કવિ પોતાની સુંદરમ્‌શૈલીથી આ વાતને કેવી રીતે કહે છે તે જોઈએ --

'જાગો જા, મનવા ઘેલા, ગોદમાં ગગનો તણી,
માંડી લે મોટ આકાશી સુધાના નૈત્રની ભણી.
ઝુકી છે કાળથી જાણે ધરાની કલાન્ત આ ધુરા,
લેઈ કો રથ પંખાળો પામવા સ્વર્ગની પુરા.'
(વરદા,પૃ૪૦-૬)

અને અંતે -

'અમારાં તપને તીરે પ્રકાશો, વરદાયિની!'
(વરદા,પૃ૪૦-૭)

'વરદા' કાવ્યસંગ્રહ કદાચ કવિના તપને તીરે પ્રકાશતી જગતની પરમશક્તિને સમર્પિત છે. શ્રી માતાજી જગતની દિવ્યશક્તિ છે. કવિનો આ કાવ્યસંગ્રહ 'વરદા'એ વરદાયિનીને સમર્પિત છે એવું મને લાગે છે.

કવિનું 'આવ'નું ઈજન તો એટલું પ્રલંબ છે કે એક પછી એક આવતાં કાવ્યોમાં એ પ્રગટયે જ જાય છે.'આવ, ધરા'માં કવિ દુઃખિયારી ધરાનું આંસુ શમાવવાની ઈચ્છા વ્યકત કરતાં 'મારા પ્રકાશે વદન તારું દીપશે' એમ કહી જણાવે છે કે -

'તુજ અધરને આ ઊર્ધ્વે ગમ લઈ આવ, મારી સુંદરી'
'તુજ યુગયુગોની પ્યાસ શમશે,
ચરણ તારે વ્યોમનાં વેરાનમાં
સંચરણ કેરી શકિત નવલી જન્મશે.'(વરદા, પૃ૪૦-૮)

પૃથ્વી પરની યાતનાઓ, ઝંઝાઓ, ઘર્ષણોથી હતાશ ન બનતાં ચૈતન્યમાળા જપી લેવા કવિ કહે છે. એવી 'તમસાવૃતા ધરા'ને કવિ બોલાવે છે. પોતાના ત્રીજા નયનથી તેના તમસને દૂર કરવા કવિ કહે છે. આ મારી આધ્યાત્મિક સંપત્તિ પૃથ્વી માટે જ છે. પોતાનું તપ ભૂમિ પર દુઃખોને દૂર કરશે કારણ કે કવિ પાસે એ બળ છે. અહીં કવિ આપણને સાધક નહીં સિધ્ધ લાગે છે. 'આવ દુઃખિયારી ધરા'થી આરંભાતું કાવ્ય હરિયાળી ધરા, રઢિયાળી ધરા, તમસાવૃત્તા ધરાના રુપ ધરતી ધરતી રમણી ધરા બની આવે અને અંતે ધન્યાધરા બને ત્યાં સુધીનો અરવિંદના વિશ્વનો સમસ્યાઓના સમાધાન માટે, વિશ્વને વિસંવાદિતાઓમાં સંવાદિતા રચવા માટે, વિશ્વને સુંદર બનાવવા માટે સમગ્ર પ્રકૃતિમાં રહેલી ચેતનાની જાગૃતિ, અતિમનસના અવતરણનો વિચાર અહીં આલેખાયો છે. આધ્યાત્મિક ચેતનાના અવતરણની પ્રક્રિયા ચાલુ જ છે. સાધકનું કાર્ય જ ચેતનાને અવતારવાનું છે. એ જ દુઃખિયારી ધરાને રમણી ધરામાં પલટી શકશે. કવિ કહે છે કે મારી ચેતના તને સમર્પિત છે. હું મારું એ તપોબળ તને અર્પું છું, જે તારાં આંસુ શમાવશે, તને ઊર્ધ્વગતિ આપશે, હતાશાને ટાળશે, તમસને ભેદશે અને આનંદના ઉન્મેષ પ્રગટાવી તારા મસ્તકને તેજોમય મુકુટથી સુશોભિત કરવા અને કવિના સ્વર્ણમંડિત દિવ્ય સિંહાસને આરુઢ થવા કહે છે. આવી ધન્ય ધરાને કવિ જે કહે છે, તે કવિના પરમ ચિત્તવિસ્તારનું જ આકલન છે.

'વસુ એ ધરી તું થા મહાન વસુંધરા,
તુજ રત્ન-કંકણ રાજતો કર,
પ્રિયતમે, વિસ્તાર,
તારો આદરી લે પરમ આ અભિસાર.'
(વરદા, પૃ૪૦- ૧૦)

વિશ્વમાં દિવ્યચેતનાનું સંક્રમણ વિશ્વને ધન્ય બનાવે એવો અભિસાર ધરતીને આદરવા કહેતા ...ં અરવિંદવિચારને જ પ્રગટ કરે છે.

કવિના ચિંતનની ધારા કાવ્યનાં અવનવાં રૂપો સર્જતી સર્જતી કવિતાના અને અધ્યાત્મના નવાને નવા આયામ સર્જતી જ જાય છે. ક્યારેક કોઈક આવીને ઝબકાવી જાય છે. ક્યારેક કોઈક પુષ્પની પાંદડીએ બેસી ઉલ્લાસ ભરી જાય છે. તો ક્યારેક કોઈ તેજનો અવતાર બની આવશે - એમ આગમનની અનુભૂતિ તો કવિ ભૂત-વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં કરે છે. 'આવશે' કાવ્યમાં કવિ કહે છે--

'આવશે આવશે
એક ઘોડલે અસવાર,
તાતાં તેજનાં અવતાર.
જગને જ્ઞાતીને જયને માંડશે જી.'
(વરદા, પૃષ્ઠ-૧૩)

ઘેરા મેહુલિયા ઘેરાશે, વીજ ઠમકારા લેશે, સુકી વેણમાં સરવર લહેરખા લેશે. અમરતના જલભંડાર છલકાશે, યુગોની આંખડીના ઘેન જાગશે, સોણલાની સીમે મોરલો ટહુકશે, વગડાના કંટકના ડંખ વીસરાશે, આકાશે પોયણું ઊગશે, દિશાના રુંધાયેલા કંઠ છૂટશે, સો સો પુનમ જેણે પૂજી છે તેવી તારિકા ભૂમિનું ઊણો રહેલો કંઠ છલોછલ ભરી દેશે, કાંચનકોટવાળું એક મંદિર ચણાશે જેના પહોળા પગથાર રતનથી જડાશે, આદિનો વિજોગણનો વિયોગ ટળશે અને ભરથાર આવી સેંથીએ સિંદુર પૂરશે- કવિના કલ્પનોની પરંપરા અહીં ચાલ્યે જ જાય છે અવિરત પ્રવાહની જેમ અને છેલ્લે કવિ કહે છે કે એના પગલે પૃથ્વી પનોતી થઈ જશે. ધરાને ધન્ય બનાવવાનો અભરખો અહીં આ રીતે પ્રગટયો છે.

'છૂપો રે મહુવર એનો દુનિયા ડોલાવશે ને
મીંચેલી આંખો એની જગાડશે જયોત,
એના તે પાવક પગે પૃથ્વી પનોતી થાશે,
ઘૂંટી રહેશે ઘેરું ઘેરું બ્રહ્મનો કપોત.'
(વરદા, પૃષ્ઠ-૧૩)

અહીં મહુવર અને મીંચેલી આંખો અરવિંદની ધ્યાન-યોગની સાધનાનો નિર્દેશ કરે છે અને એની જયોતનો પાવક પૃથ્વીને પનોતી કરી જશે. પ્રસ્તુત પંકિતઓમાં કવિએ અરવિંદ-યોગદર્શનને સુંદર કાવ્યાત્મક અભિવ્યકિત આપી છે.

'પવનપંથે'માં કવિ આંખનો તિમિર અંચળો, હૃદયનો વિપલાગ્નિ અને બધી ફરતી અદૃશ ઈન્દ્રજાળને ત્યજીને ઊર્ધ્વગતિ આદરે છે. પાંખ ફફડી ઊઠે છે અને આંખ ગગનોની યાત્રા ગ્રહે છે. અનંત અવકાશની પેલે પાર કવિનું ગામ છે અને ઘર ત્યજીને પવનપંથના રથે ત્યાં જવા હાલી નીકળવા કવિ તૈયાર છે. કવિએ કોઈ પ્રશસ્ત મૂર્તિ સાથે હવે પ્રીત આદરી છે જેને તે પેલા અનંત અવકાશની પેલે પાર આવેલા ગામના ગોંદરે ઊભેલી જુએ છે. કવિની રહસ્યમય અનુભૂતિ અહીં પણ આકાર લે છે -

'કશી રણઝણી રહી મધુર ચક્રની ઘૂઘરી !
પ્રશસ્ત તવ મૂર્તિ સંગ અબ પ્રીત છે આદરી.'
(વરદા, પૃષ્ઠ-૧૪)

કવિની 'આવ'ના ઈજનની પ્રલંબગતિ માં 'દિલે દરિયાવ' કાવ્યમાં કહે છે -

'આ આંગનમાં તવ ચરણોના
ગાજી રહો ઝંકાર.
આવ અહા હે આવ,
દિલે દરિયાવ.' (વરદા, પૃષ્ઠ- ૧૬)

કોઈ દિવ્યચેતનાનો હાથ સમગ્ર વિશ્વમાં વિસ્તરી રહ્યો છે એવી અનુભૂતિ કવિના અનેક કાવ્યોમાં વ્યક્ત થઈ છે. અહીં પણ -

' અહીં બીનના તાર તાર પર
કર તારો વિસ્તાર , '

(વરદા,પૃષ્ઠ-૧૬)

પંક્તિમાં જણાય છે .

પૃથ્વી પર પ્રભાના અવતરણ માટેની કવિની પ્રાર્થના કાવ્યે કાવ્યે પ્રગટે છે. એમ કહી શકાય કે ' યાત્રા'નાં કાવ્યોમાં અરવિંદનો પ્રભાવ જણાય છે અને ત્યાર પછીનાં કાવ્યોમાં અરવિંદદર્શનનો પ્રચાર જણાય છે.'અવતર પ્રભા!'માં પણ મહા તમસ સંસ્તરે સ્વપ્નમાં સૂતેલી ભૂમિને જગાવવા કવિ સુવર્ણિત પ્રભાને અવતરવા કહે છે.

કવિને ઝબકાવી જતું કોક કે પુષ્પની પાંદડીએ બેસી ઉલ્લાસ જગાવતું કોક જે વિસ્મયભાવ આપે છે એનો પ્રતિબિંબ આ સંગ્રહમાં પણ સાંપડે છે. 'આ કોણ ?' કાવ્યમાં કવિના સ્વપ્નની ભીતરમાં છુપચુપ સરી આવતું એમના જાગૃત અંતરમાં ચનગન કરી મૂકતું, સૂના જીવનપટમાં ધસી આવતું, ઘૂંઘટમાં મુખ છૂપાવી ખિલખિલ હસતું, કોમલકાંત પ્રભાતનું કમનીય પ્રભામય ઝરણ બની તિમિરભર્યાં આંગણમાં ઝૂમતું, યુગયુગના સૂકા રણમાં અમી બની વરસતું, શ્યામઘન અષાઢરાત્રીએ વીજ બની ચમકતું, રહસ્યમય કંઈક આવે છે અને કવિના નભ ગુંબજમાં વ્યાપે છે એમને શત શતદલ અંબુજમાં ભારે છે. શ્રી અરવિંદના અતિમનસ-અવતરણના અનુભવનો આમાં સંકેત મળે છે. કવિના ચિદાકાશમાં અવતરણ પામતી પ્રભા કવિને માથું ભારે થવાનો અનુભવ આપે છે, જેનો નિર્દેશ અંતિમ પંક્તિઓમાં મળે છે.

'સુવર્ણ પ્રકૃતિ' કાવ્યનો વિષય પણ એ પ્રભાના અવતરણથી તિમિર ઓગળે છે. અને અસલ સુવર્ણધાતુ પ્રકાશિત થઈ ઊઠે છે. પ્રકૃતિ સુવર્ણપ્રતિમા જેવી બની રહે છે. જાણે કે શિવની જટાથી જ્યોતિર્મય ગંગાનું અવતરપણ થતું હોય તેમ તે જગત ઉપર વહી એનો ઉદ્ધાર કરી એને નવજન્મ આપે છે - નવી જ સૃષ્ટિનું નિર્માણ કરે છે. જગતનો ઉદ્ધાર કરનાર પરમતત્ત્વની પ્રભાનું અવતરણ અરવિંદદર્શન-પ્રાણિત છે. કવિ સમગ્ર જગતને એ માર્ગે પળવા કહે છે.

'હવે તુજ પરે ઢળે, જગ , ન છાંયડો શ્યામિકા,
અહીં તનુથી દેવના દ્યુતિની ઝીલ તું આશકા .'

(વરદા ,પૃષ્ઠ ૨૪)

'આવો જી, આવો જી ' કાવ્યમાં કવિ પોતાના આંગણે એને બોલાવે છે જેની આંખડિયે અલક મલક અને પાંખડિયે ચૌદ લોક છે. અહીં કવિની આરત બે અંતિમો મૂકે છે. એમને માટે તો એક પક્ષે આંખડીમાં અલક મલક અને પાંખડીમાં ચૌદલોક સમાવતું કોક છે , તો બીજા પક્ષે સૂની ધરતીના સૂના ચોક અને એના સૂના ચૌટા અને સૂના હાટ છે. કવિ એ સૂરજ,સિતારા,પવન અને નીર આપનારે જ મનખામાં અમૂલખ એવું મન પણ આપ્યું છે એનો સ્વીકાર કરી એ પરમતત્ત્વને જ પોતાના અંતરને તીરે ઊતરવા પ્રાર્થના કરે છે અને અંતરની આરતને ઉત્કટતાની પરમસીમાએ પ્રગટાવતાં અંતમાં કહે છે-

' અમારી પ્રીત્યુંના તારાં પારણાં કરીશું દેવ,
હવે દિયો ને દરસ સ્વયમેવ .'

(વરદા ,પૃષ્ઠ-૨૮)

'ઈશ -આવાસ'માં કરવામાં આવેલું વર્ણન જડ-ચેતન સર્વમાં અને આપણી અંદર-બહાર સર્વત્ર, પ્રચ્છન્ન પ્રભુનું દર્શન આપણને ઉપનિષદ્પ્રેરિત લાગે છે પરંતુ અંતે -

'ને ત્યાં પછી સૃષ્ટિ પરે સુવર્ણનું
દુકૂલ તે ઈશનું તું નિહાળશે,
ને રોમરોમે તવ કો મુદાનો
મયૂર હા નર્તન મત્ત ગાશે .
અને તને અમૃત સર્વ લાધશે.'

(વરદા,પૃષ્ઠ- ૩૧)

માં અરવિંદચિંતનનો સંસ્પર્શ જોવા મળે છે.

'વિશ્વકાલિન્દિ'માં કવિ કહે છે કે કાલિનું મર્દન અને ગોપિકાના હૈયાનું તર્પણ કરનાર દિવ્ય કર્તા એક જ છે . પણ એ સ્રષ્ટા સાથે સંગમ કરાવનારી વિશ્વ કાલિંદી છે.શ્રી માતાજીને વિષય બનાવીને લખાયેલું આ રુપકકાવ્ય છે. અહીં પરબ્રહ્મનની લીલારૂપ વિશ્વપ્રકૃતિરૂપે પરાશક્તિને અનુલક્ષતું કાવ્ય માતાજીના દિવ્યશક્તિરૂપ અવતારનું પ્રબોધન પણ કરાવે છે .

'ત્રિ -પથ'કાવ્યમાં કવિ ગગન રસનો પ્યાસો બની પવનના પથે, તિમિર તતીને આક્રમતા કિરણના પંથે અને અણુ-અણુના ઉચ્છ્વાસોમાં નિજ આસનને ગ્રહણ કરતાં ચિતિના પંથે ત્રિવિધ ભુવનમાં યાત્રાને આરંભે છે અને આ ભાવાનુભૂતિનું મૂળ છે -

'અહ પરમતાઃ આશ્ચર્યોની અનંત પરંપરા ,
ચરમ ગતિની-આનંદોની સુધા ઋત- ભાસ્વરી .'

(વરદા,પૃષ્ઠ-૩૬)

અરવિંદનો અતિમનસ-અવતરણની વાત 'આ પૃથ્વીને' કાવ્યમાં પણ પ્રગટ થાય છે. પ્રભુ સાથે સાક્ષાત્કાર સાધી આત્મકલ્યાણની સ્વાર્થી ભાવનાને બદલે અરવિંદચિંતનમાં ચેતનાના અવતરણ દ્વારા સમગ્ર ભૂખંડને દિવ્ય બનાવવાની ભાવના છે. એક બે વ્યક્તિને નહીં , એક વૃંદ કે એક બે દેશ ને નહીં કે એક ખંડને પણ, અખંડ ભૂતલને બાથમાં લઈ માનવ-ચેતનાને ઊર્ધ્વના સુવર્ણશૃંગ ભણી ધકેલી માનવોની પગદંડીઓમાં દેવો તણી પગલી સજાવવાના કવિના શુભસંકલ્પો અહીં પ્રગટ થયા છે. એક એક માનવોને દેવ બનાવી વિશ્વમાંથી તમસ ,કટુતા અને દુઃખોને તિલાંજલિ અપાવવાનો કવિનો ઉપક્રમ છે.

જે કવિ સમાજના દુઃખો માટે ભગવાનને ગાળો આપતા હતા, સંસારનાં દુઃખોને હરી લેવા પ્રભુને પ્રાર્થના કરતા હતા, તે કવિને સંસારનાં દુઃખોની મુક્તિનો ઉપાય અરવિંદના તત્ત્વચિંતનમાંથી જડે છે. કવિની વિશ્વને સુંદર બનાવવા માટેના ઉપાયનો શોધનો પ્રથામણ હવે પૂરી થઈ છે. જગતને પૂર્ણ બનાવવાનો માર્ગ હવે કવિને જડી ગયો છે.

હવે કવિ આ ધરાનાં ગાન ગાતા નથી. કવિ તો પાંખ ભરીને ગગનને પેલે પાર ઊડી રહ્યા છે એટલે કવિ પવનને પંથે પળ્યા છે. અગમ્ય કલ્પનાથી પવન-પાવડી કવિને ત્યાં લઈ જાય છે. 'ચલ, પવનની પાવડી' માં -

'ચલ , ચલ પવનની પાવડી ,
છે જવું ગગનને પાર જી ,
જયાં નહિ સૂરજ , જયાં નહિ ચંદર ,
જયાં અજબ ગજબ ઝળકાર જી.'(વરદા,પૃષ્ઠ-૩૮)

કો અગમ્ય દેશમાં પ્રકાશ પ્રતિ ગતિ છે. પરંતુ કવિના ચિત્તની ભૂમિકા હવે બદલાઈ ગઈ છે. પહેલા કવિ પ્રભુની વાટ જોતા હતા. હવે કવિને મળવા પેલે પારથી જગન્નાથ તલસી રહ્યો છે.

'ચલ, બીન સજી લે, રાગ સ્થો લે,
સૌ સૂર બાંધી લે સાથ જી.'

(વરદા,પૃષ્ઠ-૩૮)

આવી આધ્યાત્મિક ભૂમિકાનાં અનેક સુંદર ગીતો ભક્તિભાવનાં સુરમ્ય શિખરોને અહીં સર કરે છે.

'ઊગતે સવાર'માં -

'ઊગતે સવાર અમને શમણું લાધ્યું,'
'શમણાનો શગે મારું જીવતર જાગ્યું.'
'અમે રે હસ્યાં ને એ ય હસ્યો મારો રૂપરાજ.'
'પ્રેમનો પિયાલો એણે અમને ધર્યો ને અમે,
પોતાં રે પોતાં બધું રે બધું વિસાર્યું.'

(વરદા,પૃષ્ઠ-૧૧)

પ્રારંભિક કાવ્યોમાં અમૃતની જે વાંછના હતી તે અમૃતના ઓડકારને અહીં સાંભળી શકાય છે.

કવિની આંખો અગમ્ય પ્રદેશમાં ભૂલી પડી છે. 'ભટકણ આંખો'માં કવિની ભૂલી ભટકતી આંખને આંજણથી આંજવાની-માંજવાની ઈચ્છા પ્રગટ થાય છે. હૃદયની ભાવનાના ચિંતનસભર આયામોને સઘનતાથી સિધ્ધ કરવા કવિની શબ્દશક્તિ ગજબની ગુંજાશ દાખવે છે. કવિની કલ્પનાવલીઓ હૃદયની ભાવનાને સાતત્ય, ઘનતા આપે છે, જે વાચકના ચેતોવિસ્તારને પણ એ જ ભાવથી સભર કરે છે. ગગનની અગનને ઘૂંટી ઘૂંટીને એનું ફુલડું બનાવી એ ફુલડાની એને લેહ લગાડી એના મોંઢળ બંધાવવાની કલ્પના કવિની મૌલિકતા અને સર્જનશક્તિના ઉન્નત શિખરને સર કરે છે. અગનને ઘૂંટીને ફૂલ બનાવવાનું તો સુંદરમ્ને જ સૂઝે. આવી ભૂલી પડેલી આંખોની ઓળખાણ કાઢવા કવિ પૂછે છે કે કયા મુલકમાં એનાં પિયરિયાં અને કયા મુલકમાં એના સાસરિયાં છે? તોરણિયે ઊભેલા પિયુની ઓળખાણ તો નથી છતાં ય કવિ એની આરતી ઉતરાવવા તત્પર છે. હવે પ્રભુમિલનનો તલસાટ શમી ગયો છે અને કવિ પરિણત એકાત્મ દશાને અનુભવે છે. 'હું' અને 'તું'નું અંતર ઘટીને 'અમે'માં પરિણમ્યું છે. કવિ પોતાને અને શ્યામને આદિના ગોવાળ કહી એની ધેનને ધણમાં ભળાવવાની વાત કરે છે એમાં આત્માને પરમાત્માનો આદિસંબંધ અને આત્મારૂપ ધેનુને પરબ્રહ્મરૂપી ધણમાં ભળાવાનો નિર્દેશ સુંદર કાવ્યાત્મક અભિવ્યક્તિ પામ્યો છે. કવિના સૂર અને શ્યામના સૂર હવે એક બની ગયા છે. માટે શ્યામની મુરલી એ કવિની પણ મુરલી બને છે, એટલે તો કવિ કહે છે--

'અમારી મુરલીના એને થાંભાં રે મારગડા ને
અમારા વગડામાં વસાવો.'

(વરદા, પૃષ્ઠ-૧૨)

આવા જ ગૂઢ અનુભવને સાકાર કરતી સુંદર રચના છે 'ઘડો રે ઘડો'. કવિ એક નવા જ જગતને ઘડવાની જુગના જોગી અને જગના રચયિતા દિવ્યરૂપ ગુરુને પ્રાર્થના કરે છે. કવિએ સામાન્ય જગતના અનુભવની ઘનતા અને ઊંચાઈનાં શિખર તો સર કરી દીધાં છે. એટલે એક નવા જ જગતને ઘડવા, નવો જ ઘાટ અને ઘૂંટ લેવા પડશે અને એ માટે હાથી હવે હલકા પડે છે અને હિમાલય ચઢવા જેવા રહ્યા નથી. 'મુગતા મોતીના

હાથ, ફેરતાં ફૂલના પડદા, મનસા માલણે લીધાં ગજરા, અશ્વા માગે છે. એક પ્રમદા'આ બધું જ કોઈ અપૂર્વ અગમ્ય ઘાટને ઘડવાની સામગ્રીરૂપે કવિ લાવે છે. ચંદને ચણાયેલા મ્હેલનો મેડીએ, નવસેં નારી રાસ લેતી હોય, પિયુનો પલંગ અંગે પાથર્યો હોય અને સોહાગણો હિંડોળે ઝુલતી હોય એવો ઘાટ ઘડવા કવિ ગુરુજીને કહે છે. જગને સુંદર બનાવવાની કલ્પના કવિના ભાવપ્રદેશને વીંધતી આલોકની પાર નીકળી જાય છે. રૂપના સરોવર અને રસના સાયર આકાશથી પૃથ્વી સુધી ગરજતા હોય, રત્નના બાજઠ પર બેસી એનો રાજ શોભતો હોય એવો ઘાટ ગુરુજી ઘડે તો એ અપૂર્વ, અકલ્પ્ય હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી, અને કવિ ગુરુજીને એવો જ ઘાટ ઘડવા કહે છે. આજે એની આંખ એવો અણસાર પામે છે કે આ રમ્યરૂપ રમણી-પદમણી હવે ઘૂંઘટમાં છુપાઈને રહેશે નહીં. નવા જ જગતનું રમ્ય રૂપ હવે પ્રગટીને જ રહેશે. શ્રી અરવિંદના પૂર્ણયોગની ક્રિયાનું અને અનુભવોનું રસીભૂત સંવેદન શબ્દના માધ્યમે જે મધુરતા અને સુંદરતા પ્રગટાવી રહે છે તેમાં જ અપૂર્વ નવા જગતના નિર્માણ જેટલી જ આનંદની અનુભૂતિ પામી શકાય છે. કવિની આધ્યાત્માનુભૂતિને અને તત્ત્વજ્ઞાનના શુષ્ક દર્શનને કલામયરૂપ આપવાની સજ્જતાનો પણ અહીં આપણને પરિચય થાય છે.

કવિના ગુરુશ્રી અરવિંદનું જ એ ચિંતન છે કે વિશ્વમાં ચેતનાનું અવતરણ ધીરેધીરે થઈ રહ્યું છે. જગતનાં દુઃખોનું કારણ આર્થિક અસંગતિ કે સામાજિક વિષમતામાં નથી, જગતમાં ચેતનાવાહિતાની કુંઠિતતામાં છે. આ કુંઠાનાં તમસ સરશે, વિશ્વમાં ચૈતન્યનો ઉદય થશે અને વિશ્વ રમ્યરૂપે વિલસી રહેશે. આથી જ દરેક મનુષ્યે આ સુંદરતાના અવતરણ માટે સાધના કરવાની જરૂર છે. કવિ અહીં એવા નવા જગતનું નિર્માણ કરવા ગુરુજીને વિનવે છે જે હાલના વાસ્તવ જગતથી જુદું જ છે. દુઃખોથી પર છે, પરમમુદાનું સાક્ષાત્ સ્વરૂપ છે. જો કે 'વરદા'નાં ગીતો એટલાં બધાં અર્થઘન છે કે એક એક કાવ્ય એક જ નહિ, અર્થના અનેક આયામો પ્રગટાવે છે.

આવા જ ઘાટને ગજરારૂપે ગૂંથવાનું કવિ 'ગૂંથ રે, માલણિયા '' કાવ્યમાં કહે છે. લયમાધુર્યની દોરમાં પરોવેલાં શબ્દનાં ફૂલ એવી તો અર્થઘન માળાને રચી આપે છે કે કવિના ચિત્તની સાથે સાથે આપણે પણ કવિના રહસ્યમય આનંદલોકમાં પ્રવેશી જઈએ છીએ, આનંદરસથી છલી જઈએ છીએ. 'ગજરો' જીવનનું પ્રતીક છે અને કવિને એવું જીવન જોઈએ છે કે જેના ફૂલડે ફૂલડે મોતી મૂકેલું હોય અને મોતીડે મોતીડે આંખ હોય, જેમે ફરતો ફોરમનો ઝૂલ હોય અને પછી કવિ કહે છે કે આવા ગજરાને મારા મનભમરાની પાંખ તું આપ કારણ કે અત્યાર સુધીની કંઈક સૂની વસંતો વીતી ગઈ છે અને મારા ગજરા ને હાર સૂના જ રહી ગયા છે પણ હવે તો જીવનની આ શૂન્યતા ટળી ગઈ છે. આજની પરોઢે પિયુનાં ઈજન આવ્યાં છે અને દૂર દૂર જવા માટે હણહણતો તોખાર કવિને જોઈએ છે. કવિના પ્રાણ કેટલી ઊંચાઈએ પહોંચી ગયા છે તેનો ખ્યાલ અહીં આવે છે-

'સાત રે સાગર પાર જાવાં તે માલણ મારે,
આઠમે ડુંગર ડેરા તાણ રે,
નવમે શિખર એનો વડલો ઝૂકે, એનો
ડાળિયે ઝૂલે મારા પ્રાણ રે.'

(વરદા, પૃષ્ઠ- ૧૭)

અહીં માલણ એ મનસા માલણી છે. કવિ ધ્યાનયોગમાં સહસ્રાર સુધીના સાતેય ચક્રો પાર કરી આઠમે ડુંગર ડેરો તાણવા મનસાને કહે છે. કેમ કે સાત ચક્રો રૂપી સાત સાગર પાર કવિને જવું છે. આઠમે ડુંગર ડેરો તાણી નવમે શિખર ઝૂકી રહેલા વડલાની ડાળે કવિના

પ્રાણ ઝૂલે છે. અર્થાત્ શૂન્યશિખરે પહોંચી સૂક્ષ્મ જગતમાં પ્રવેશવાની કવિની મનીષા અહીં પ્રતીકાત્મકરૂપે નિરુપાઈ છે એવું મને લાગે છે. ભમરાની પાંખે અને હણહણતા ઘોડલે ચઢીને પ્રિયતમની પાસે પહોંચી ગયેલા કવિના પ્રાણ ભાવસમાધિમાં શું શું અનુભવે છે તેનું દૃશ્ય અહીં તાદૃશ થાય છે--

'સૂતી રે દિશાનાં કીધાં મખમલ ઓશીકાં, માલણ
જાગતાં ગગનિયાંની સેજ રે,
પિયુનાં તળાંસું હું તો કમલ ચરણિયાં ને
ઢોળું મારા પાલવડે હેજ રે,'

(વરદા, પૃષ્ઠ- ૧૭)

કાળ અને દિશાઓથી પાર નીકળેલી કવિની મનસા સૂતેલી દિશાઓના મખમલ ઓશિકા અને જાગતા ગગનની સેજ પર પોઢેલા પીયુના દર્શનને પામે છે. કવિની આ દિક્-કાલથી પર બનેલી સૂક્ષ્મ દેહભાવની દશામાં ગુરુરૂપે સાકાર બનતી પરબ્રહ્મના દર્શનની અનુભૂતિ ક્રિયારૂપ ધારણ કરી પ્રગટે છે ત્યારે કવિ એ પ્રિયતમના ચરણકમળ તળાંસતા અને પાલવડે હેજ ઢોળતા પોતાને જુવે છે. એ પરમાનંદને પામવા કવિ પોતાના વ્યકિતગત આનંદ, હાસ્ય અને રસ બધું છોડવા તૈયાર છે. -

'આંસુડે આનંદ કેરી ઢગલી કરું ને માલણ,
રમતાં બાંધું રે મારા હાસ રે,
ચિતનો ચકવો મારો ઊડતો ઉતારું, એને
અરપું કો નવરસ રાસ રે,'

(વરદા, પૃષ્ઠ-૧૭)

કવિની ઇન્દ્રિયસંતર્પકતાનો દૃષ્ટિકોણ કેવો બદલાઇ ચૂકયો છે એનો પરિચય આ પંકિતઓમાં થાય છે. હવે કવિને દુઃખમાં સુખ લાગે છે. ચંચલવૃત્તિ મૌન બની ગઇ છે. અને જિંદગીના સર્વે રસો કવિએ એ અપૂર્વ આનંદલીલા અર્થે સમર્પી દીધા છે. હવે તો જિંદગીના સર્વ રસો કવિ એ મહારસમાં જ પામી રહે છે, માટે તો હવે કવિના આનંદ અને રસ બધું જ પ્રિયતમને સમર્પિત છે. કવિ તો પ્રભુ સાથે એકાત્મ બની ગયા છે એટલે જ આખું વિશ્વ બંનેનું સમાનમિત્ર છે. જેવી પ્રભુની જગત સાથે મિત્રતા છે એવી જ કવિની પણ છે અને બંને ભેગા મળીને હવેના ફાગણિયે એક નવલો જ ફાગ ગવડાવવા પ્રતિબધ્ધ છે. અહીં જગત- સમાજ પ્રત્યેની કવિની પ્રતિબધ્ધતામાં કેટલું પરિવર્તન જોવા મળે છે।

'યાત્રા' કાવ્યસંગ્રહના પ્રકાશનકાળનો મીરાંભાવ વ્યકત કરતાં કવિનાં કેટલાંક કાવ્યો પણ 'વરદા'માં મળે છે. ૧૯૫૧ માં રચાયેલ 'મીરાંની રીત' ૧૯૫૨માં રચાયેલ 'તોરા દેશ' ૧૯૫૬માં રચાયેલ 'સાવનરી રાત' અને 'કમલિયા' તથા 'કિસસે પ્યાર કરું' ઇત્યાદિ કાવ્યોમાં મીરાંની અસર જણાય છે.

મીરાં મુખે લખાયેલું કાવ્ય 'મીરાંની રીત'માં કવિ મીરાંની જેમ 'તારો મેવાડ મીરાં છોડશે' એવું કહેવાને બદલે અહીં રાણાને પ્રભુભકિતથી વટલાવવા નીકળેલી મીરાંની વાત કરે છે.

'અમે રે તમારે સંગ કરશું ય પ્રીત, રાણા.
તમને જો હરિ સંગ પ્રીત,'

(વરદા, પૃષ્ઠ-૨૨)

મીરાંની તુલસીની માળા જો રાણાજી ગ્રહણ કરે તો રાણાના રતન હાર પહેરવાની મીરાં

તૈયારી બતાવે છે. રાણાજી મીરાંના અંતરિયાળમાં પ્રવેશે તો મીરાં રાણાની ભોમમાં જઈને વસવાની ખાત્રી આપે છે. પણ મીરાંના અંતરિયાળમાં રાણાનો પ્રવેશ એટલે જ રાણાનું હૃદયપરિવર્તન. પછી તો મીરાં એ રાણા માટે સેજ બીછાવે કે એના આરોહણ માટે વિમાન આપે, પોતાની બધી જ મિરાત અને અભયદાન આપે પણ મીરાંની મિરાત તો પ્રભુ-ભક્તિની મિરાત છે અને પ્રભુને પામ્યા પછી તો અભયદાન આપોઆપ જ મળી જાય છે. આમ સુંદરમ્‌નો મીરાં એ આત્મકલ્યાણના માર્ગે વળેલી કૃષ્ણમય મીરાં માત્ર જ નથી, તે નાસ્તિકોમાં આસ્થાનો સંચાર કરવા પ્રભુના પ્રચારકાર્યમાં લાગેલી મીરાં છે, અરવિંદ દર્શન-પ્રચારનું કાર્ય કરતા કવિ આ રીતે પોતાને જ મીરાં રૂપે વર્ણવે છે.

'તોરા દેશ' કાવ્યમાં કવિ ધ્યાનસમાધિમાં અનાવરણ બનેલી દૃષ્ટિથી જે પાર-ના જગતને જુવે છે અને ત્યાંની રિદ્ધિને સાથે લઈ આવવાના કોડ રચે છે તેનું નિરુપણ મળે છે.

'પિયુ, તોરી પાંપણ બિનપરદા,
નેણાં મારાં ઢળી ઢળી જાય,'
'પિયુ રે, પરદેશ તોરા ખેડશું,
લાવશું અણલાધ્યાં અન્ન,
ઊડતો ઊડે રે એક તારલો.'

(વરદા, પૃષ્ઠ-૨૩)

કવિનાં રહસ્યમય ભાવકલ્પનોનો પરિચય પણ આપણને આ કાવ્યમાં મળે છે. કવિને અરધી રાતે આંબલિયે ધેરું ગાતો મોરલો સંભળાય છે. કવિનો કલ્પનતારલો અવનવાં દૃશ્યો સર્જતો ઊડતો ઊડે છે. કવિ વિંઝણો લઈને વાયરા ઢોળે છે, છલછલ દરિયા છલકાઈ જાય છે. પ્રભુની કલ્પનાનું પરમતત્વ - એની જ નાવ અને બાવડાં અનેક નાવોને પાર કરાવે છે. કવિને રૂમઝૂમ આવતી માઝમરાતનું સ્વપ્નું સમો સાંજે આવે છે. ત્યારે પીયુનો હાથ વજ્જર વિંઝતો આવે છે અને હોડી હસતી હસતી ઊપડી જાય છે. આ હોડીમાં કવિ પિયુના પરદેશ ખેડી અણલાધ્યાં અન્ન લાવવા પ્રયાણ કરે છે. ઊડતો તારલો એ કવિને ધ્યાનસમાધિમાં સૂક્ષ્મ જગતમાં પ્રવેશતા થતો અગમ્યનો અણસાર કે ઝબકાર જ છે. પરંતુ અગાઉના કાવ્યની જેમ એનો ઝાંખી નહીં પરંતુ સ્થિરગતિ અને સ્થિતિનો કવિ હવે અનુભવ કરે છે. ઝાંખી હવે પ્રતીતિમાં પલટાઈ ગઈ છે.

મધુર આસ્વાદ્ય પંક્તિઓ ધરાવતું બીજું ગીત છે 'સાવનરી રાત'. આ કાવ્યમાં મીરાંનો રાજસ્થાની હલક પ્રગટે છે.

'મોરી સાવનરી રાત,
પલ પલ વરસે બુંદ, પલોપલ
નયણાંમાં આંસુ બિછાત.'

(વરદા, પૃષ્ઠ-૨૬)

કવિ મીરાંની વિરહવ્યાકુળતા પ્રગટ કરતાં આંખોમાં આંસુ લઈ પ્રિયતમની વાટ જુએ છે. કવિની અજંપાની આંખને જરાય જંપ નથી અને આત્મ-અનંગ બાવરો બન્યો છે. કવિની પગલીની શોધ તો હજીય ચાલુ જ છે, કૂંજે કૂંજે અને ફૂલડે ફૂલડે કવિ એની ભાળ કાઢે છે, ઉડતા પરાગને એ પ્રશ્ન પૂછી મૂંઝવે છે પણ કોઈએ આવું રળિયાત ક્યારેય ભાળ્યું નથી. કવિ યોગપંથે પ્રિયતમને પ્રાપ્ત કરવાના પોતાના પ્રયત્નને આ રીતે વર્ણવે છે--

'નીલ રે ગગન કેરા ઊડતા હંસા રાજા,
જાણોજી માનસના પંથ,
અમો રે અપંખાંનો આરત જાઓજી લઈ,
ઝૂલતા અમારા જયાં કંથ.' (વરદા, પૃષ્ઠ-૨૬)

કવિનો પોતાના પ્રાણ માનસના પંથે ચડાવી પાંખ વિના જ કંથ સુધી - પરમતત્ત્વ સુધી પહોંચવાની આરત આ કાવ્યમાં પ્રગટ થાય છે. કવિને જે પગલીનો અણસાર ફૂલ કે પરાગમાં નથી મળતો તે માનસતીરે વસતા, નીલ ગગનમાં ઊડતા હંસોમાં મળે છે. આથી કવિ હંસા રાજાને-પોતાના પ્રાણને પોતાની આરત કંથ સુધી પહોંચાડવા વિનંતી કરે છે. કવિ 'કમલિયા' કાવ્યમાં હૃદયકમલને શીખામણ આપે છે કે તારે પળે પળે પ્રીત પ્રગટાવવાની છે તો સમજી વિચારીને દિલ ખોલવું જોઈએ. હૃદયકમલતો મધુર મધુનો પટ છે અને અગણિત શ્યામ ભમરાઓ ત્યાં આવે છે પણ કવિનો અંતરરસ તો માત્ર પિયુ માટે જ છે. આ જગમાં તેજ-તિમિરની ગતિ નિરાળી છે. આથી રસને અસ્થાને ઢોળી દેવો ઉચિત નથી. અંતિમપંક્તિઓમાં મીરાંની અસર દેખાય છે પણ મીરાંની વ્રજબાનીનો સભર આવેગ તો અનુભવાય છે 'કિસ સે પ્યાર -' કાવ્યમાં કોને પ્રેમ કરવો, કોનાથી બોલવું, કોનાથી રુઠવું અને કોને દશે દિશાઓમાં આકુલ બનીને શોધવું -એની મીઠી મુંઝવણ અનુભવે છે. 'કિસ સે પ્યાર કરું ?' એ પ્રશ્નમાં પ્રિયતમનો અભાવ અથવા પ્રિયતમ સાથેનો એકાત્મભાવ પ્રગટ થાય છે. અહીં પ્રેમ કરવા યોગ્ય કોઈ છે જ નહીં અથવા પ્રેમી સાથે એકાત્મતા સધાઈ ચૂકયું છે એ બેમાંથી એક સ્થિતિની સંભાવના જન્મે છે. સાધનાના પંથે પળેલા કવિ સાધ્યને સિધ્ધ કરી શકયા છે, અગોચર ગોચર થયું છે, પરમતત્ત્વનો અને પોતાની વચ્ચેનો પડદો હટી ગયો છે સર્વત્ર વ્યાપેલું એ પરમતત્ત્વ કવિને પળેપળ કણેકણમાં દેખાય છે ત્યારે કવિ આવી મીઠી મુંઝવણ અનુભવે છે. પોતાની અંદર અને બહાર એક જ તત્ત્વને કવિ નિહાળે છે, ત્યારે દ્વૈત મટી જાય છે. આ જીવનમુક્તની દશા કવિ કાવ્યમાં અત્યંત મધુર અને હૃદયસ્પર્શી વાણીમાં વ્યકત કરે છે. કવિને એક પૂર્ણ પ્રકાશની ઝાંખી થઈ છે, પણ હજી જીવ એ પરમતત્ત્વ જોડે તદ્રૂપ બન્યો નથી. સાંનિધ્ય સાંપડયું છે પણ હજી દ્વૈતની અવસ્થા છે, પરમતત્ત્વ જોડેનું અનુસંધાન છે પણ વિલીનીકરણ નથી. એનો સંકેત બાદલ અને બિજલીનાં પ્રતીકો માંથી સાંપડે છે.

'ભરે ભરે સાવન કે બાદલ,
જૈસે તુમ, વૈસે વે શ્યામલ ;
ચકાચૌંધ બિજલી ઝિલમિલ ઝિલ,
મૈં કિસ સે કહાં છિપું ?'
(વરદા, પૃષ્ઠ-૧૪૫)

અહીં શ્રાવણનું વાદળ કહો પરમાત્માની પૂર્ણતા અને સભરતાનો ધ્વનિ પણ નીકળે છે. ઈશ્વરની કૃપાની ધારા વર્ષે છે અને સચ્ચિદાનંદનો પાવક રોમેરોમને પરિશુધ્ધ કરે છે ત્યારે મનનો ઉલ્લાસ નૃત્ય કરે છે. ભાવની પ્રગટતી પરિતૃપ્તિનું આ નૃત્ય છે, પછી કોઈની સામે ફરિયાદ કરવાની રહેતી નથી. જે જીવ માયાની વૈતરણીને પાર કરી ગયો છે. માયાનો પડદો જે એનો અને પરમતત્ત્વની વચ્ચે, એનો અને અતિમનસની વચ્ચે આડો હતો, તે હટી ગયો છે. એટલે પછી એને ક્ષણે ક્ષણે બદલાતી, ક્ષણભંગુર, એવી ચીજો એને પ્યાર કરવા જેવી કયાંથી લાગે ? અજ્ઞાનની, અવિદ્યાની રાત વીતી ગઈ છે ને હવે તો પરમતત્ત્વનો સદોદિત, શાશ્વત, અનસ્ત એવો પ્રકાશ વિલસી રહ્યો છે. એટલે કવિ વનનો મોરલો બની મેઘને જોઈ જોઈને એનું જ રટણ કર્યા કરે છે. હવે તો કવિ માટે રાત છે જ નહીં માત્ર સવાર જ છે. કેમકે અજ્ઞાનરૂપી અંધકારની રાત હંમેશને માટે જતી રહી છે અને કવિના નયન એ પરમઆનંદના આંસુથી ભરાઈ જાય છે. પ્રારંભિક કાળમાં તમસલીનતામાં ડૂબેલા કવિ હવે માત્ર પ્રકાશનાં જ ગાણાં ગાય છે જેની પ્રતીતિ કાવ્યની અંતિમ પંકિતઓમાં થાય છે.

'વરદા'નાં ભાવભક્તિનાં ગીતોમાં અગમનિગમ તત્ત્વનો સંસ્પર્શ તો કોઈ પણ કાવ્યમાં જડી આવે છે. પછી એ પ્રાર્થનાગીત હોય, મીરાંની અસર પામેલું ગીત હોય, કબીરની અસર પ્રગટાવતું હોય, દયારામની ગરબીની યાદ અપાવતું હોય કે પ્રાચીન ગુરુપરંપરાનાં ભજનોમાં કે લોકગીતોના ઢાળમાં ઢળતું હોય. જેમ 'કોયા ભગતની કડવી વાણી'માં કવિએ જૂના ઢાળમાં નવાં ગીતો આપ્યાં છે. તેમ જ અહીં પણ જૂના ઢાળમાં નવી અનુભૂતિઓ - સુંદરમ્‌ની આગવી અનુભૂતિઓ કંડારાઈ છે. ઢાળ જૂનાં હોય પણ શબ્દ અને છટા તો સુંદરમ્‌ની જ છે. 'વરદા'નાં કાવ્યોમાં 'આલોજી', 'ગુરુ મારા' અને 'ઘૂંટેલા ઘાટ' ઈત્યાદિમાં ગુરુપરંપરાના પ્રાચીન ભજનોનો ઢાળ જોવા મળે છે.

'આલો જી' કાવ્યમાં કવિ 'ભેદનું ભેદાણ કરી શકે એવા એંધાણને માગે છે અને કહે છે કે --

'તમે સાચા રે ગરુ તો વીંધો ભ્રમનાં ભ્રમરાણ .'

(વરદા ,પૃષ્ઠ-૨૫)

તો 'ગુરુ મારા!' કાવ્યમાં કવિ ગુરુને કહે છે કે -

'જાણ્યું ત્યારે બધું યે જણાયું અણજાણ્યું .'
'માણ્યું ત્યારે બધું ય સમજાયું અણમાણ્યું .'

(વરદા , પૃષ્ઠ -૩૨)

હવે કવિ સામે એટલું બધું પ્રગટ છે એ કેમ ઝિલાશે તેની કવિને ચિંતા છે. ખોબામાં તો સાગરના કેટલા નીર સમાઈ શકે ? ~~એ~~ છતાંય કવિ સાગરો પીવાની પ્યાસ માગે છે. ~~એ~~ અને કવિને એ પિવાની ઉતાવળ પણ એટલી છે કે તે કહે છે કે ઘૂંટડે ઘૂંટડે એ મહારસના ઘટ કેવી રીતે પિવાશે, એક જ ઘૂંટમાં આખો ઘટ પિવડાવવાની કવિ યાચના કરે છે. એ જ રીતે ડગલે ડગલે પંથ કાપતા કવિને મંઝિલે પહોંચવાની પણ એટલી જ ઉતાવળ છે. એટલા માટે કવિ પવનની પાવડી અને અનંતના ખાજ ગુરુપાસે માગે છે. આમ કવિને ઘૂંટમાં ઘટ પીવા છે ને પવન પાવડીએ ઊડીને દેવ પાસે પહોંચી જવું છે.

'ઘૂંટેલા ઘાટ'માં પણ ગૂઢ તત્ત્વોનું નિરુપણ જોવા મળે છે. ઘૂંટમાં ઘૂંટી ઘૂંટીને ઘાટ ઘડવા કવિ કહે છે. કવિના લુહારી કામના અનુભવ 'તાવી રે તાવીને' શબ્દો દ્વારા અહીં પ્રગટ થાય છે. તાવી તાવીને બધો કાટ બાળીને શુધ્ધ સુવર્ણથી ~~એ~~ ઘાટને ઘડવામાં આત્મશુધ્ધિ દ્વારા પરમતત્ત્વની પ્રાપ્તિ અને અરવિંદના નવા જગતના નિર્માણનો સિધ્ધાંત જોઈ શકાય છે. પ્રાચીન ભજનો કે મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતામાં પ્રગટતો આત્માની પરિશુધ્ધિનો સંદર્ભ અહીં સાંપડે છે.

કવિની બે આંખડીમાં આભમાં ભમતેલાં નવલખ તેજ ન્હાલીડે પૂર્યાં છે. અને દશે દેશમાં ભમતા બારે પવન કવિની નાની છાતડીમાં પૂર્યા છે એની વિસ્મયાનુભૂતિ કવિ પ્રગટાવે છે. અમૂર્ત અનુભૂતિને શબ્દસ્થ કરતાં કવિ કહે છે -

'એવા રે ભારો રે બધા શબદુના વેશ,
એવા રે ગૂંથો રે ઘટ્ટ વાણી તણા કેશ.'

(વરદા,પૃષ્ઠ- ૩૫)

કવિને હવે નામોમાં અનામી બેઠેલો દેખાય છે. અણુના આકારમાં નિરાકારરૂપના દર્શન થાય છે. એ અગમ હતો ને સુગમ બન્યો છે અને અરવ નાદ - પરાવાણીના માધ્યમે ઓલીપારનો બંધુ આ પાર આવ્યો છે. અહીં પ્રગટ થતી ગૂઢ અનુભૂતિ કદાચ ઘણા સિધ્ધ સાધકોની હશે પણ એનું આવું નિરૂપણ તો કવિની શબ્દશક્તિનું અને આગવી અનુભૂતિનું જ પરિણામ છે.

મીરાં જેમ શ્યામને 'રંગ દે ચુનરિયા' કહી પ્રભુના રંગે રંગાઈ જવાની વાત કરે છે અને કબીર જીવનરૂપી ચુનરિયાને ગુરુરૂપી રંગારાને ત્યાં મોકલવાની વાત કરે છે એજ રીતે સુંદરમ્ 'રંગ તારા' કાવ્યમાં કોઈક અજર રંગારાને રંગો ઘૂંટવાનું કહે છે અને ~~કહે છે~~ અને એના મહેલ અને મિનારા કવિને ચીતરી આપવા કહે છે. પૃથ્વીપર પ્રભાના અવતરણની જે ઝંખના છે તેને પ્રગટ કરતાં કવિ એમાં ટમટમ ટમકતી આંખવાળા રૂપલા સૂરજ અને સોનેરી સિતારા ઉતારી આપવા અને હીરાભરી પાંપણમાં દેવહુમાના અગ્નિની અગનજવાળને ઉગાડી આપવાની માંગણી કરે છે. મીરાં, કબીર કે સંતોની ઈચ્છા આત્મકલ્યાણ પૂરતી સીમિત છે. પરંતુ કવિ તો સમગ્ર જગત માટે જ્ઞાનરૂપી તેજને ઝંખે છે. કવિની સાધના સામુહિક સાધના છે તેનો અણસાર આપણને સંધ્યાના સમીરમાં જાગી જાગીને કોઈકના પગલાંના કિનારાને બધા ઝંખી રહ્યા હોવાના વર્ણનમાં પામી શકાય છે. આમ કવિ ગુરુરૂપી રંગારાને એના રંગો ઘૂંટીને કવિના જીવનમાં એ રંગોના અપૂર્વ જગતને ચીતરી દેવાની પ્રાર્થના કરે છે. ભાવસંવેદનોના કલ્પનચિત્રોને પ્રગટાવતા કવિ કાજળઘેરી કીકીમાં કેસરીયા કેડી રચી દેવાની, ડુંગર જેવા હૃદયને માથે વાદળિયા મેડી બાંધવાની પણ માગણી કરે છે. દિવ્યચેતનાના અવતરણની પળેપળ પ્રતીક્ષા કરતા કવિ એ ભાવાનુભૂતિને કમનીય રૂપે પ્રગટાવતા કહે છે કે --

'સાથિયા પૂરીને બેઠી સુમ્મ રે સોહાગણ, એનો
કંથડો રહ્યો કો દેશ ઘૂમી.'

(વરદા, પૃષ્ઠ- ૬૨)

કવિ એ અજબ રંગારાને પોતે કરેલી સૂક્ષ્મ અનુભૂતિઓમાંથી થોડોક અનુભવ પોતાને પણ આપવા અંતિમકડીમાં કાવ્યાત્મક રજૂઆત કરતા 'પરાગની આગની રંગ', 'ઉર્વશીના નેણ પલકારા',' પારિજાતે રાત ભર સજાવેલા સોણલા' ઈત્યાદિમાં એ સૂક્ષ્મ અમૂર્ત અનુભૂતિઓનું શબ્દરૂપ પ્રગટાવ્યું છે અને પોતાને માટે એમાંથી કંઈક અણસાર તો મૂકી જવા કવિ એ ગુરુરૂપી રંગારાને નિવેદન કરે છે.

'શ્રાવણ રાત્રિ', 'રસિયણ' અને 'વ્હોલી વ્હોલી' કાવ્યો દયારામની યાદ અપાવે છે. 'શ્રાવણ રાત્રિ'નો ઉઘાડ જુઓ -

' સખિ, સાવનની રાત,
મારું મંન જાગે.
સખિ વરષાની વાત,
ક્યાં ન મંન લાગે.'

(વરદા, પૃષ્ઠ- ૬૪)

ત્યારપછી વાસ્તવથી પૂર્ણપ્રતીતિ તરફનો ક્રમિક વિકાસ એક એક અંતરામાં થતો જણાય છે. પહેલે પ્રહર જોબનિયું જાગે છે અને બારીએ વીજ ઝબકે છે. કવિ 'કંથકોડ'ને શોધે છે. બીજે પ્રહર આશલડી જાગે છે ને આભ રિમઝિમ વરસે છે. અંગથી નેપુર અળગાં કરી કવિ કંથના મુકામ શોધે છે. ત્રીજે પ્રહર પ્રીતલડી જાગે છે, ઘનઘોર ઘન ઘેરાય છે. ઉરના અણસારે મનડું ચાલે છે, કવિ કંથનો હોરદોર ઝાલે છે અને ચોથે પ્રહર તો આંખલડી ઊઘડી જાય છે, પણ એ ઊગમણી કિનારે ઊઘડે છે. ત્યાં કવિને મઝધારમાં ઝૂલતા કંથજી દેખાય છે. આમ શ્રાવણ રાત્રિએ કવિનું મન ક્યાંય લાગતું નથી તે ક્ષણથી માંડીને કવિ કંથજીને ઝૂલતા જુએ છે ત્યાં સુધીની કવિની ભાવાનુભૂતિની મનોયાત્રા કાવ્યમાં ગુંથાઈ છે. 'રસિયણ' એક નાનકડું કાવ્ય છે, જે દિવ્યશક્તિ અથવા પરાશક્તિરૂપ માતાજીના સંદર્ભે રચાયું હોવાનું જણાય છે. આ કાવ્યમાં ' ઘૂંઘટની રસિયણ, વસિયણ કીયે દેશ અલગારી'-માં કવિની ' એક સવારે ',' કોણ? 'જેવાં કાવ્યોનો વિસ્મયભાવ પ્રગટ થાય છે. 'પંખ

પંખની પંખણ' , ' ગગનોનો ઘુમનારી ' ઈત્યાદિ પ્રયોગો ઉપરથી 'યાત્રા'માં 'પંખણી' રૂપક કાવ્ય દ્વારા માતાજીના શબ્દચિત્રનો સ્પર્શ અહીં મળે છે પણ અંતિમ પંક્તિમાં 'કેવલ કૃષ્ણચરણ બિરદાળો'માં મીરાં કે દયારામ જેવા ગોપીભાવને પ્રગટાવતા કવિ જણાય છે, છતાં માતાજીનો સંદર્ભ જ અહીં યથાર્થ જ લાગે છે કેમકે સુંદરમ્ શ્રી અરવિંદને કૃષ્ણરૂપે અન્ય ઘણાં કાવ્યોમાં વર્ણવે છે અને અરવિંદ રૂપી કૃષ્ણના શરણમાં રહેલ માતાજીના શબ્દચિત્રનો સંદર્ભ હોવાનું વધારે ઉચિત લાગે છે.

'વ્હોલો વ્હોલો ' કાવ્યમાં કવિનું ચિત્ત ભાવસમાધિમાં લીન છે અને કવિને વ્હોલો વ્હોલો વાંસળી સંભળાય છે. એના સૂરની સવારી સાથે કવિને પ્રિયતમની આકૃતિ પણ દેખાય છે. કવિને કલ્પનામાં તો પ્રિયતમ પૂર્ણ સ્નેહ-આલિંગન આપે છે પણ કવિ કહે છે હજી ય આપણે અજાણ્યાં અને જુદાં છીએ

ગરબા અને લોકઢાળનાં ગીતો પણ 'વરદા'માં મળે છે. 'પ્રેમરાજા', 'લાલ કોર ', 'ડુંગરિયો પોર' જેવાં કાવ્યોની ગેયતા લોકકલાનાં સ્વરૂપોની નજીક લઈ જાય છે પરંતુ કાવ્યનું વિષયવસ્તુ તો અગમ્ય તત્ત્વોનું નિરૂપણ જ છે.

'પ્રેમ રાજા' કાવ્ય -

'અય પ્રેમનગરના રાજા !
તારા કયાં આવ્યા દરવાજા , હે રાજા!'(વરદા, પૃષ્ઠ-૧૦૭)

થી આરંભાય છે. ઊંચા ગઢ -ડુંગરિયા પર એક ચઢે, લખ પડે છે. આ ડુંગર પર ચઢવું એ ધ્યાનયોગની ક્રિયામાં પ્રાણનો ઉપર ચઢવાની ક્રિયા છે. એમાં જ બે નયણાંની નાવડીએ કવિ દુનિયાનો પાર ઉતરી જાય છે. દિશાઓ કાળ અંતહીન બને છે અને કવિ પળમાં યુગ અને યુગમાં પળનો અનુભવ કરે છે. રૂપરંગનો પારના ગગનમાં બાંધેલા રતન-મિનારાને જોતાં કવિ સૂક્ષ્મ જગતના ગૂઢ ભાવોની અભિવ્યક્તિ કરે છે. પળમાં વિશ્વનું દર્શન કરનાર પ્રભુ માટે પળ યુગ જેટલો કરવો કે યુગને પળ જેવડો કરવો - બધું જ શક્ય છે . પ્રેમરાજાના નગરે પહોંચતા તો કાળ પણ અટકી જાય છે. રૂપરંગ-આકાર શેષ બની જાય છે. જે સમય કે આકારમાં બધ્ધ નથી એવા પ્રેમનગરના રાજાના દરવાજાની કવિને શોધ છે .

કવિનું મન પ્રભુની પ્રીતથી રંગાઈ ગયું છે, કવિના મનમાં પ્રભુએ સ્થાન લીધું છે એ વાતને કવિ લયમાં ગૂંથી કેવી મનોહર રીતે પ્રગટ કરે છે 'લાલ કોર'માં ! --

'મારી આંખડિયે લાગી
આ લાલ તારા પાલવની કોર.
ઊંચી ઊંચી મેડીએથી
કોઈ ગયું ઝૂકી,
કોઈ ગયું પેસી મારા મનમાં ચકોર .'
(વરદા,પૃષ્ઠ -૧૩૭)

કવિ વનવગડાનો વનચર બની ઝોળામાં કેસૂડાંઓ વીણતા ફરે છે, વાળમાં ઝાંટ-કાંટ ભરી છે , અંતરમાં ભૂતના ધામરોળ જામ્યા છે , બધા વાયરા બાવરા - બાવરા ઘૂમે છે, કયાંય કોઈ કવિની વાત સાંભળતું નથી અને કવિના ફૂલ બળી બળીને ખાખ થઈ જાય છે. અહીં કવિની અજંપસ્થિતિ, તમસલીન હૃદયદશા, અને નિષ્ફળ ઈચ્છાઓનું વર્ણન પ્રતીકાત્મક રીતે કરાયેલું છે. પણ કેસૂડાઓ-વીણતા કવિની આંખડિયે પ્રભુના લાલ પાલવની કોર લાગી જાય છે. તે કહે છે -

'હાં રે મેં તો થાંગણુંક પ્રીત માગી,
ત્યાં તો મારી આંખડિયે લાગી

આ લાલ તારા પાલવનો કોર.'
(વરદા,પૃષ્ઠ-૧૩૭)

આંબલાનો કોળે મંજરી ને સરોવરને નીર શતદળ કમળ ફૂલે છે. વાયરા મઘમઘતો વાત લઈ આવે છે ત્યારે કવિ આંબલાનો મોર માગે છે ત્યાં લાલ પાલવનો કોર આંખડિયે લાગે છે. પ્રાકૃતિક કલ્પનો દ્વારા કવિ પોતાની ગૂઢ અનુભૂતિને અહીં અભિવ્યક્ત કરે છે. આ લાલ પાલવનો કોર 'માતાજી' પ્રત્યેના ભક્તિભાવનો સંદર્ભ પણ રચી આપે છે. અહીં કવિને પ્રકૃતિમાંથી જે ગૂઢ અનુભવો થાય છે તે સાથે જ રહસ્યમય છે.

'ડુંગરિયો પીર' પણ આવી જ ગૂઢ અનુભૂતિને પ્રગટાવતું લોકઢાળમાં રચાયેલું ગીત છે. કવિ અગમ્યના અનુભવમાં જાણે કે અકળ બનતા જાય છે અને ઘણીવાર તેમનો સાચો મનોભાવ પારખવો આપણા માટે જ નહિ એમના માટે પણ અશક્ય બને છે. આજ અનુભૂતિને આધારે કવિ કાવ્યરચના માટે દિવ્ય અનુભૂતિને કારણરૂપ ગણે છે. આવાં કાવ્યો રચાય છે અનાયાસે, અને કવિને પોતાને પણ પોતાનો શબ્દ ઘણી વાર અકળ લાગે છે. એવું કવિએ કરેલું કવિતા વિષેનું વિવેચન આ કાવ્ય વાંચતા સાચું જણાય છે. 'ડુંગરિયો પીર' કાવ્ય આમ જ રચાય છે -

' ડુંગરે ડુંગરે તારા ડણકે સાવજડા,
નદીએ નદીએ તારાં નીર,
ઊડતા ઘોડે તારી નરતી સવારી, તારા,
ઊડતાં છોગાં, મારા પીર '
તારો દીઠો રે મુકામ,
તારો દીઠો રે દમામ,
નયણાં ભરતો તારી વહી આવી રેલ,
ધરતી રેલંછેલ, ધરતી રેલંછેલ.'
(વરદા,પૃષ્ઠ-૬૭)

કવિને હવે પ્રભુના મુકામ અને તેના દમામ-બંનેનાં દર્શન થઈ ચૂક્યાં છે. સમગ્ર વિશ્વ ચેતનાથી ઊભરાતો સાગર જાણે કે બની જાય છે. એ રેલ કવિના નયણાંને તો ભરી દે છે પરંતુ સમગ્ર ધરતીને પણ રેલંછેલ કરી દે છે. કવિનો મનનો મોરલિયો ગહેકી ઊઠે છે તેણ છલકાઈ જાય છે અને સાથે કવિ જુએ છે કે આખું ય વિશ્વ પ્રભુની નાને ડોલી ઊઠે છે. દેવના દીવા કરી આજ પ્રભુ ગગનો ભરી મહેફિલ માંડીને બેઠો છે. કવિનું કલ્પન જોઈએ -

' ઊંચા રે ઊંચા તે અમે શિખરો લાવીશું તોડી,
એનો તે બાંધશું શ્રીફળ માળ.'(વરદા,પૃષ્ઠ- ૬૭)

અને કવિનું સ્વપ્ન જુઓ -

'ઊગમણી આથમણી દિશાઓ દઈશું જોડી,
ધરતીને દેશું પેલો પારિજાત ડાળ.'(વરદા,પૃષ્ઠ-૬૭)

અહીં ઊંચા શિખરોને તોડી લાવી શ્રીફળ માળ કરવાની કલ્પનામાં અનિમનસના અવતરણનું ફળ પામવાનો સંકેત અને ઊગમણી આથમણી દિશાઓને જોડીને ધરતીને પારિજાતડાળ આપવાની કલ્પનામાં ઊર્ધ્વમાં રહેલા પરમચિત્ અને જડતામાં તળિયે રહેલા અચિત્‌ને જોડી ધરતીને સુંદર બનાવવાનો સંકેત જોઈ શકાય છે.

'ઘરે ગાજતો વ્હેલો પ્રભુ આવે છે એટલે કવિ મેડી ને મહેલ સોનલે સજાવે છે. કવિને કામણ કરનાર અને અમરતનાં આંજણ આંજનાર ડુંગરિયો પીર બીજો

કોઈ નહીં શ્રી અરવિંદ જ છે એમ હું સમજું છું.

'ત્રિકાળની વાટે', 'ત્વદિચ્છા', 'તમે ભગવાન' જેવાં કાવ્યોને પ્રાર્થના-ગીતોની કોટિમાં મૂકી શકાય. 'ત્રિકાળની વાટે'માં કવિ પોતાની નાવ જલઘાટે ત્રિકાલની વાટે છોડી દે છે જ્યાં પળપળ પ્રભુના વાયુ વહે છે. કવિની નાવ સ્વર્ણ મંગલ-ના પ્રાણ પીતી પ્રભુના યુગ યુગ બહોળા, ઊંડા, અનર્ગલ, જળપ્રપાતે, મલધારે ચાલે છે. હવે કવિના અંધકાર તેજસભર બની ગયા છે. કવિને તો તેજભર્યા અંધકાર મળ્યા છે પણ કવિને સમગ્ર વિશ્વને-કોઈ પણ નાવને-દિશાસૂચન કરી શકે એવી દીવાદાંડી જોઈએ છે. એ તેજમિનાર આખાય જગને દિશાસૂચન કરે અને જગ દિવ્યતેજ ભણી પળે તો અરવિંદની ઈચ્છા મુજબ જગમાં અતિમનસના અવતરણ દ્વારા જગ સુંદર બની રહે.

'ત્વદિચ્છા' કાવ્યમાં કવિ પ્રભુને ફરિયાદ કરે છે કે તું સર્વવ્યાપી તોય કેમ તારો સ્પર્શ મળતો નથી, તું પ્રેમસાગર છે તોય કેમ શુષ્કતાને તારી લેતો નથી, તારી ને મારી વચ્ચે ભીંત રચી દેવી તને કેમ ગમે છે? કવિ આવા પ્રશ્નોની ગતિમાં જ પૂછે છે કે વિસ્મરણમાં ય તને સ્મરી શકાય તેવી પ્રાર્થના શક્ય છે અને અંતે શરણાગતિ સ્વીકારી લે છે.

'તું જે ચહે કેવલ તે જ સત્ય -
એમાં અમારાં ગળજો અસત્ય.
(વરદા, પૃષ્ઠ - ૩૩)

'તમે ભગવાન' કાવ્યમાં કવિનું કોઈ પણ કાર્ય ભગવાનની સાક્ષીએ જ થયું છે પછી તે પાપ હોય કે અજ્ઞાન હોય. કવિ કહે છે કે મેં ભૂલ કરી ત્યારે ય તમે હાજર હતા. મેં પાપ કર્યું ત્યારે તમે જ મારે શિર હાથ ધરેલો, હું અજ્ઞાનમાં ગરક હતો ત્યારે ય તમને પ્રિય હતો, હું પ્રેમ તલસતો ભટક્યો ત્યારે તમે મને એ ઘૂંઘટ આપ્યો હતો, મેં રુદન સમયે તમને મારા આંસુ લૂછતાં ભાળ્યા હતા. આમ ધીમે ધીમે નિકટતા વધતી જાય છે અને કવિ કહે છે.

'હે પરમપુરુષ,
આ મુજ પામર પર તમે ઝૂકેલા, નહિ, હસતા વદને ને ?
હે અગમ અગોચર,
આ મમ મનનાં દ્વાર ઉઘાડનાં
નથી - સુથારી કામ તમારું એ ને''
(વરદા, પૃષ્ઠ - ૩૬)

કવિ મનની આકુલતા, વ્યાકુળતા, મૂર્ખતા, મૂઢતા બધું જ ભગવાનની આપેલી દેન માને છે. શ્વાસ, રુધિર અને હાડ-ચામના સર્જનહાર પણ પ્રભુ જ છે. અંતે કવિ કહે છે કે -

'હે પરાત્પર,
કહે તું ન કશું, તું ક્યહીં ન, તારી
કરુણા ક્યાં ન ઉતારી તેં ? '
(વરદા, પૃષ્ઠ - ૪૦)

અહીં 'સર્જનહાર', 'પરાત્પર' જેવાં સંબોધનો કવિની માતાજીની ભક્તિના સૂચક પણ બને છે.

'વરદા' સંગ્રહની સોનેટકૃતિઓ ઘણુંખરું અરવિંદ અને માતાજી પ્રત્યેના ભક્તિભાવને કે તેમના ચિંતનને પ્રગટ કરે છે. અગાઉના સંગ્રહોમાં સ્થાન ન પામેલા એવાં સુંદરમ્‌નાં સોનેટો અહીં સંગૃહિત થયાં છે જેનો વિષય પ્રણય છે. સંગ્રહનું પ્રથમ સોનેટ 'આવો', 'જ્યોત્સ્નું', 'પવનપંથે', 'અનંતર પ્રભા', 'સુવર્ણપ્રકૃતિ', 'ત્રિપથ', 'કૃપા

સાધન','પરાક્રમણ',' અગાધભરતી',' પ્રશ્ન તુજ','એક પ્રણય ગુચ્છ',' છેલ્લી મંઝિલ', 'જલદ ગણોને','સજોડે',' પ્રણય ક્રમણ',' વહી આવે મારા- ',' ધરી દો બંને',' ક્યાં પ્રણય ?'- આ બધાં સૉનેટકાવ્યો છે. જેમાં અરવિંદદર્શન અને પ્રણય વિષય તરીકે આવે છે પરંતુ પ્રણયકાવ્યો પણ કવિના ચિંતનથી સભર હોઈ કવિની આધ્યાત્મિક ચેતનાનો સંસ્પર્શ આપી જાય છે..

'કૃપા સાધન' કાવ્યમાં કવિ પોતાનાં બધાં કર્મ અને બુદ્ધિનાં ભ્રમણ સંકેલી પ્રભુ સામે બદ્ધાંજલિ ખડા છે. તે અખિલને ધારણ કરતી.સૃષ્ટિનું સર્જન કરતી, પ્રભુની દૃષ્ટિ જે રચવા ઇચ્છે એ ત્યાંય બસ એ જ ઝંખી રહે છે. જ્ઞાન, કર્મ અને બળથી સકલ જગત તપી રહે એવી પરમકૃપાને કવિ પતિપળ સેવે છે. અહીં કવિની પ્રાર્થનાઓ પ્રભુ રૂપે એમના ગુરુ શ્રી અરવિંદ પ્રતિ છે. કાવ્યના બીજા સૉનેટમાં કવિનાં નયન પૂર્ણતત્ત્વ તરફ ઊંચે વળે છે. પ્રખર સ્થૈર્યમાં ભવ્ય સ્ફુરણ વિસ્તરે છે. જગતની સમસ્ત ગતિથી ઊંચે ગહી લઈ કવિ માત્ર પ્રભુને ઇચ્છે છે.

'પરાક્રમણ' કાવ્યમાં કવિને આંખો બંધ કરવા છતાંય પ્રગટતી જ્યોતિ દેખાય છે. શ્રવણ બંધ કરે તોય સૂર ઝણકતા સંભળાય છે. અગતિમાંય અતિ વેગવંતી ગતિ જણાય છે . અનંત અખિલાઈ એક પર એક છોળ બની છલકતી રહે છે અને એના આમંત્રણે વણથંભી મુદા શ્વસતી રહે છે.

'વરદા' કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં કવિની ભાવસમાધિ, એકાત્મભાવ અને આનંદભરતીના ભાવો જ અનેકવિધ રીતે પ્રગટતા રહ્યા છે.

'પળે પળ વિષે પ્રદીપ્ત થતી તારી હ્યાં શાશ્વતી ,
કૃપાળુ તવ સંનિધિ અણુ અણુ વસે ભાસ્વતી .'
(વરદા, પૃષ્ઠ- ૪૫)

'અગાધ ભરતી'માં કવિ અમાસની રાતે ચઢેલી અગાધ ભરતીની વાત કરે છે. એ ભરતી કવિનાં ચિત્તની દશા પ્રગટાવવા સૂચક છે. કવિના ચિત્તમાં પ્રભાનું અવતરણ થઈ ચૂક્યું છે એટલે આનંદભરતી માટે પૂર્ણિમાના બાહ્ય કારણની જરૂર નથી. હવે ભરતી માટે ચંદ્રના સાંનિધ્યની જરૂર રહી નથી.

'ધૂળની આરત' એ સુંદર સૉનેટ રચના છે જે કુસુમકથાને બદલે કુસુમિત કથા બની ગઈ છે. એક કુસુમની ઇચ્છા, સમગ્ર વિશ્વની ઇચ્છા બની પ્રગટે છે ત્યારે તે કુસુમકથા મટી કુસુમિત કથા બની જાય છે. ધૂળથી ખરડાયેલા કુસુમને કવિ ઉવેખી નાખે છે ત્યાંજ કુસુમ બોલી ઊઠે છે- 'મને શું ના લેશો ?' પૂજાની થાળીમાંથી નીચે પડી ગયેલા પુષ્પનો અહીં પ્રશ્ન છે. નીચે પડેલા ધૂળથી ખરડાયેલા ફૂલનો પ્રભુચરણ સુધી પહોંચવાનો અધિકાર શું નથી ? પુષ્પને કદાચ ઊંડાવી લેવાય પરંતુ તેના ઉપર લાગેલી ધૂળને તો ખંખેરી જ નાખવી પડે. આ ધૂળની પણ આરત છે પ્રભુચરણના સ્પર્શની. આસપાસ પડેલા કંકરોને પણ પ્રભુની પાસે જવું છે. કાવ્યનો નાયક એને પણ ઊંચકી લે છે. પોતે આ સૌને પ્રભુ પાસે લઈ જઈ શકે છે એવો અહમ્ હજી એનામાં છે પણ -

'ત્યારે ઊભા પથ ઉભય પાર્શ્વે સહુ ય તે
રહ્યાં ડોળા ફાડી : દુઃખિત હૃદયે : જીવ-અજીવ .'
(વરદા, પૃષ્ઠ - ૭૧)

પ્રભુના માર્ગે પળી રહેલા કવિને એ માર્ગે જવાનો અને બીજાઓને પહોંચાડવાનો અહંકાર હવે ઓગળી જાય છે. હવે તો ફૂલ, ધૂળ, કંકરને જ પ્રભુના ચરણમાં જવાની આરત નથી સમગ્ર અખિલાઈમાં પ્રભુમિલનનો તલસાટ જાગ્યો છે. અહીં કવિના હુંપદનો વિલય થાય છે અને કવિ અખિલ જગતને એ માર્ગે લઈ જવા કરગરી ઊઠે છે. અહીં અખિલ જગતને પ્રભુ-

ચરણનો સ્પર્શ કરવા સાથે લેવાનો કવિનો ઝંખનામાં અરવિંદનો અતિમનસનાં અવતરણ માટેની સાધનાનો જ પ્રભાવ છે. સુંદરમ્‌નો ભક્તિ અને ચિંતન અરવિંદદર્શનથી અનુપ્રાણિત છે આથી જ કવિને સમગ્ર વિશ્વ પ્રભુના પંથે વળે એમાં રસ છે. મધ્યયુગીય ભક્તોની જેમ આત્મકલ્યાણનો માર્ગ શોધતા સ્વાર્થી ભક્ત બનવાને બદલે પોતાની સાથે સમગ્ર વિશ્વને કલ્યાણના માર્ગે પ્રેરવાની કવિની પ્રાર્થનામાં અરવિંદ -ચિંતનનો પ્રભાવ પણ જણાય છે. 'ધરા ઊગી' કાવ્યમાં ચંદ્રના પ્રકાશથી તેજોજ્જવલિત બનેલી પૃથ્વીને જોઈને કવિ જે વર્ણન કરે છે તે દિવ્યતાના અવતરણથી પૃથ્વીના કલ્યાણને પ્રગટ કરે છે. પૃથ્વી પહેલાં તો હરિતવર્ણી, સ્વર્ણહૃદયા હતી, કણ કણમાં જીવન ભરી સભર રાગિણી સમી પૃથ્વી હવે શશીના શતગુણોથી સુભગ બની છે. એના અંગ ઉપરના બધા જ રંગોને લપેટી લઈ જ્યોતિનો ધવલપટ સજીને સૌમ્યમુખવાળી જનેતા જેવી શોભા વરદહસ્તને પ્રસારતી હવે ઊગી છે. પહેલાં જ્યાં માનવીનો ક્યારેય પગ પડ્યો નહોતો એવી સૃષ્ટિમાં આજે માનવીના ચરણો અને નેત્રો પહોંચી ગયા છે. દ્યુતિનો શોભો પુંજ ક્ષિતિજ બની-વિસ્તરી રહ્યો છે અને પૃથ્વી દ્યુતિધવલ આત્મા બની ગઈ છે. ત્યારે કવિનું હૈયું પ્રભુની આ બહુવિધ લીલાથી ચકિત બની સ્તવી ઊઠે છે અને ફરી પાછા પૃથ્વી પર જવા માટ અણુએ અણુ તલસી રહે છે. અહીં ચંદ્ર ઊગ્યો નથી, ચંદ્રના પ્રકાશથી ધરા ઊગી છે. પ્રસ્તુત વર્ણન પણ અરવિંદદર્શન જ પ્રગટાવે છે. ધરાને પ્રકાશમાં પલટાવવાનો અને એવી ધરા પર પાછા આવવાનો વિચાર અરવિંદનિર્દિષ્ટ છે. એ જ રીતે 'સજોડે ', 'પ્રાણય કમળ ', 'વહી આવે,મારા-', 'ધર્ગ દો બંને-', 'કર્યાં પ્રણય'', ઇત્યાદિ કાવ્યોમાં પણ અરવિંદવિચારોનું નિરૂપણ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

'વરદા'માં પ્રકૃતિને વિષય બનાવીને રચાયેલા કાવ્યો લગભગ ૨૦ જેટલાં છે. પરંતુ પ્રકૃતિને નિમિત્ત બનાવી રહસ્ય નિરૂપણએ કવિનો પ્રિય વિષય છે. પ્રકૃતિ કવિને પ્રભુના પ્રચ્છન્ન અસ્તિત્વની કે ગૂઢ રહસ્યમય અનુભૂતિની અભિવ્યક્તિ માટે ઉદ્દીપનકાર્ય કરે છે. 'વસંતરાજ'' કાવ્યમાં કવિ વસંતના ફાલ્યા ફૂલ્યા વનમાંથી એક ફૂલ માગે છે અને સૌને વસંત આપવા કહે છે. ગગનરાજ પાસેથી તેજનો એક સેર પોતાના માટે કવિ માગે છે અને સૌને અંબાર આપવા કહે છે. પવનરાજને એક લહેરી પોતાને આપવા અને સૌને પરાગ આપવા કહે છે. સાગરરાજ પાસે કવિ એક છોળ માગે છે અને સૌને મલ્હાર આપવા જણાવે છે અને માણારાજ પાસે કવિ એક મોટ માગે છે અને સૌને સોહાગ આપવા જણાવે છે. આમ કવિ પોતાને માટે માત્ર એક નાનકડા અંશ જેટલું માગે છે, બાકીનું સમષ્ટિને આપવા જણાવે છે. અહીં કવિની સંતોષવૃત્તિ અને ઉદારતા, પરાર્થવૃત્તિ અને સમષ્ટિપ્રેમનાં આપણને દર્શન થાય છે.

'મધરાત ' કાવ્યમાં કવિને અગમ્ય અનુભવો થાય છે. સાગરે જ્યારે મૌન પણ જંપીને સૂઈ જાય છે ત્યારે કવિનું મન અને બીન જાગે છે. કવિ ઊંચા આભને હાથ અડાડી શશિ ઝાલી રહે છે ત્યાં કવિના મીંચાયેલા નયનોના તોરણે કોઈના હરિસુંવાળા ચીર અડી જાય છે. કવિનું મન ભુવને ભુવનમાં દોડી જાય છે અને કવિના સોણલા કેરા સાદને લહેકે બીનના તાર સૂરના ભારણથી ભારોભાર બની જાય છે. ભાવભરતીના આનંદને કવિ બીનના તાર ઉપર સૂરના ભારણના ઉલ્લેખ દ્વારા પ્રગટ કરે છે.

'ગિરિ ગિરનાર 'માં પણ ઊર્ધ્વગમનની આત્મચેતનાને કવિ પ્રગટ કરે છે. અરવિંદદર્શનનો પ્રભાવ અહીં ઘણી પંક્તિઓમાં સ્પષ્ટ જણાઈ આવે છે. અહીં કવિની ઊર્ધ્વગતિની અને સકલ પૃથ્વીના ઊર્ધ્વગમનની પ્રતીતિ કરાવતી પંક્તિઓ આપણને મળે છે. સુંદરમ્‌ની ગુરુભક્તિ અને તેમના ચિંતનપ્રભાવનો મહિમા સ્પષ્ટ અનુભવાય છે.

'ચલો ચમેલી'માં કવિનો પુષ્પપ્રેમ અને તે નિમિત્તે કોઈ ગૂઢ તત્ત્વનો સ્પર્શ તથા અનુભવ કવિ વ્યક્ત કરે છે. એ જ રીતે 'કોડાઈકેનાલ','શુક્રસંગમ','માનવ ચંદ્ર','ચંદ્ર',' ચંદ્રમિલન','વરસને વરસાદ' ઇત્યાદિ પ્રકૃતિવર્ણનના કાવ્યોમાં કવિ પોતાની ગૂઢ અનુભૂતિને અભિવ્યક્ત કરે છે, તો 'મધ્યરાત્રિ','આ હવા' જેવા દીર્ઘ-કાવ્યોમાં કવિના મનની અગમ્ય કે કોઈ વિચારની વિચારધારા પામી શકાય છે.

'વરદા'નાં અન્ય કાવ્યોમાં 'અગ્નિપરીક્ષા','શિવકૃપા','હરે હૃદય', 'ત્રિપદા','દ્વયહૃદય,બે-' ઇત્યાદિ કવિની ભક્તિ અને આધ્યાત્મિકતાના પરિચાયક છે. 'શરણાઈ વાગી ','ઓટના આંસુ','અનુનય',' સોડો સુંદરતાનો','પુષ્પ થૈ આવીશ' ઇત્યાદિ કાવ્યો કવિની મનોચિંતનાને સુંદર રીતે રજૂ કરે છે. 'શરણાઈ વાગી' કાવ્યમાં સૌંદર્યની રમ્ય શરણાઈ વાગે છે ત્યાં સુહાગી ભોમ જાગી ઊઠે છે. કવિની સૌંદર્યશોધની ઝંખનાની પરિતૃપ્તિને ~~સંભાવનાને~~ સાકાર થતી અહીં જોઈ શકાય છે. કવિ આંખમાં પ્રેમની મલક અને ગોદમાં બાળકને હસતું નિહાળે છે. આમ પ્રકૃતિ અને માનવીને સુંદર બનેલા જોઈ કવિનું જગને સુંદર બનાવવાનું સ્વપ્ન અહીં ફળીભૂત થયું છે. પ્રકૃતિ અને મૂર્તિના સૌંદર્યાન્વિત ભાવોને પ્રગટ કરીને કવિ આ સ્થૂળ સૌંદર્યની કેવી સૂક્ષ્મ અનુભૂતિ આપી જાય છે .

'આહ્લાદનો રસપિંડ કોઇક ગેબથી ગબડાવતો,
રમ્ય એ શરણાઈ વાગી :
રૂપની અવિકલ સુધા ઝંકારતી,
સૌંદર્યની શરણાઈ વાગી . '
(વરદા પૃષ્ઠ-૬૩ )

ભક્ત-હૃદયના સંકલ્પને વ્યક્ત કરતી સુંદર ગીત રચના'પુષ્પ થઈ આવીશ 'સુંદરમ્‌ની પ્રશંસાપાત્ર બનેલી કૃતિ છે. સુંદરમ્‌ના જીવનના સંકલ્પનું પૂર્ણવિરામ એટલે કવિની પુષ્પ થઈ પ્રભુના શરણમાં જવાની ઇચ્છા. ગીતની પ્રથમ પંક્તિ જ 'હું પુષ્પ થઈ આવીશ તારી પાસમાં 'ભક્તહૃદયની કેવી આરતને પ્રગટ કરે છે! કવિને પ્રભુ પાસે પહોંચવું છે. પણ સાવ હળવા ફૂલ બનીને. કવિના સંકલ્પમાં કવિની શ્રધ્ધાની ફોરમ મહેકે છે.

ત્યાર બાદ કવિના હૃદયચક્ષુ સામે પ્રભુનાં એક પછી એક સ્વરુપો ઊમટતા આવે છે. એ પલટાતા સ્વરુપની સાથે પુષ્પનું સ્વરુપ તો એનું એ જ રહે છે. માત્ર પુષ્પની કર્મગતિ બદલાય છે. પરમાત્માના પલટાતા સ્વરૂપની સાથે પુષ્પની કર્મલીલા-નું ~~લીલા~~ કરેલું આલેખન, ભાવ અને ભાષામાં વહેતો શ્રધ્ધાનો પાતાળઝરો અને આ બધાં દ્વારા સર્જાતું વિસ્મયનું વિશ્વ આ કવિતાની આબોહવા બાંધી આપે છે.

સૌ પ્રથમ કવિની દૃષ્ટિ પ્રભુના પયગંબર એવા નિર્દોષ બાળક પર પડે છે. આ બાળકની આંખનો ચમકારો દિવ્ય પાવક બનીને કવિની દૃષ્ટિમાં આવે છે. વૃક્ષ-ની હેઠળ ખેલતા નાના બાળ ઉપર ઓચિંતુ ફૂલ ટપકી પડે તેમાં આનંદના અવતરણનો, જલના ફોરાં જેવો અવાજ છે. કવિ એક જ પંક્તિમાં એ ભાવ મૂર્ત કરે છે.

' હું ટપ દઈ તારા શિરે ટપકીશ . '(વરદા,પૃષ્ઠ-૬૫)

અને બાળકની આંખમાં ભોળો અચંબો ઊછળ્યા વિના કેમ રહે! એ ભોળા અચંબાને કવિ પોંખવાની વાત કરે છે.

'તારી આંખનો ભોળો અચંબો પોંખીશ.' (વરદા,પૃષ્ઠ-૬૫)

બાળકના હાથે પાંદડી પાંદડી થઈ વેરાઈ જવામાં કવિને ધન્યતા લાગે છે. કદાચ એ અહંકારના બંધનમાંથી મુક્ત બની વ્યાપક આત્મમાં ફેલાઈ જવાની ક્રિયા છે. બાળક

પાસેથી હવે કવિ કૌમાર્યના કોડે ભરેલી બાળા પાસે જાય છે અને એના કેશમાં વેણી બની ઝૂલવાની અને કાનમાં બની કપોલે રમવાની ઇચ્છા પ્રગટ કરે છે. પછી એ પુષ્પની સુવાસમાં મગ્ન થઇને ભલે એ કન્યા વિસ્મરી જાય. વળી કવિને જોબનછટાળા સોહામણા છેલના હૃદય પર બટન બનીને બેસવાનું પણ મન થાય છે. અંતમાં તો કવિતાની અને ભક્તિની કોઇ અગમ્ય પરાકાષ્ઠા આવે છે. પ્રભુના ચરણકમલમાં શ્વેત જૂઇ થઇને ઠરવાની, ચરણરજમાં સુગંધ થઇ ભળી જવાની પ્રશાંત પરિતૃપ્તિ છે. કવિએ ગુજરાતી ભાષાને એક નવો શબ્દ પણ આપી દીધો 'પુષ્પધન્વા' પરથી 'પારિજાતધન્વા'. પ્રભુ પ્રાર્થની આવી ગુફતેગુમાં મૌન એ પુષ્પની ફોરમ થઇને જ વિલસતું હશે ને! ભક્તિવેડા વિનાના ભક્તિકાવ્યમાં કવિહૃદયની અભીપ્સા કલાત્મક રીતે નિરૂપાઇ છે.

આમ 'વરદા' કાવ્યસંગ્રહ 'યાત્રા' પછીની સુંદરમ્‌ની આધ્યાત્મિક કવિતાનો સ્થિર મુકામ બની રહે છે. કવિની શોધ, મથામણ, ઝંખનાઓનો અંત હવે આવી ગયો છે. સાથો જ 'વરદા'ની જેમ જ 'મુદિતા'ની કવિતાઓ પણ કવિના આધ્યાત્મિક વિકાસનું ચરમબિંદુ પ્રગટાવે છે. સિદ્ધ થયેલી અનુભૂતિની સચ્ચાઇ અને અરવિંદવિચારનો આત્મસાત કરેલો સ્વાનુભવ આ બંને કાવ્યસંગ્રહોમાં જોવા છે, 'વરદા'ની કવિતાનું પરિશીલન કર્યા પછી હવે આપણે 'મુદિતા'નાં કાવ્યોમાં સુંદરમ્‌ની આધ્યાત્મિકતાનો વિચાર કરીશું.

## મુદિતા

'મુદિતા' કાવ્યસંગ્રહમાં ગેય કવિતાઓ, છંદોબદ્ધ કાવ્યો તથા યોગ-પંથે પળેલા કવિની અનુભૂતિઓ સાકાર થઇ છે. 'મુદિતા' કાવ્યસંગ્રહમાં લગભગ ૧૪ જેટલી ગેય કવિતાઓ છે. સંગ્રહનું પ્રથમ કાવ્ય 'રાખોશ તેમ' ૧૯૪૬માં રચાયેલું કાવ્ય છે. મીરાંના પદની અસરમાં લખાયેલા આ કાવ્યમાં કવિ પ્રભુ રાખે તેમ રહેવાનો અને કહે એમ કરવાનો શરણાગતિ ભાવ પ્રગટ કરે છે. કવિના મનની સ્થિરતા અને સમતાને પ્રગટ કરતી આ કાવ્યની અંતિમ પંક્તિઓ કવિની સ્થિતપ્રજ્ઞ મનઃસ્થિતિનો ખ્યાલ આપે છે. કવિને મન હવે જડચેતન સહુ સરખું છે. નર કે વાનર વચ્ચે હવે કોઇ ભેદ રહ્યો નથી, પ્રભુ જે આપે તે કવિને મન અમૃત સમાન છે. આવાં ૧૯૫૧ પહેલાં લખાયેલાં 'મુદિતા'-માં સંગૃહિત અન્ય ગીતોમાં પણ મીરાંની અસર જોવા મળે છે. 'તુમ બિન', 'શોધું' આ પ્રકારનાં કાવ્યો છે. જો કે ૧૯૫૧ પછીનાં કેટલાંક કાવ્યોમાં પણ આવો ભાવ પ્રગટ થયો છે. 'મુજ શ્યામ', 'સુરત તેરી', 'મુખ મોહિની' ઇત્યાદિ કાવ્યોમાં મીરાંની અસર જણાઇ આવે છે. વ્રજભાષાની મધુર છાંટ પણ કેટલાંક કાવ્યોમાં પ્રગટ છે.

તો 'મન બન' કાવ્ય રૈદાસ જેવા કૃષ્ણભક્ત કવિની અસર પામેલું લાગે છે.

'રે મન, બન બન જા ભમરા,
બન જા, બન જા ભમરા,
પંક વિષે કીટકપણ ત્યાગી,
પંકજનું બન જા અનુરાગી.'
(મુદિતા, પૃષ્ઠ-૬૭)

આ ગીતોમાં સુંદરમ્‌ના આરત, ઇંજન, ઝંખના અને તૃપ્તિ અરવિંદદર્શનના સંદર્ભે ગુંથાયેલાં જોવા મળે છે. મધ્યયુગીય ભક્તિપ્રવાહ અને અરવિંદદર્શનથી પ્રાણિત કવિ જે રસીભૂત ભાવોની ગીતમાધુરી પ્રગટાવે છે એના ઉત્તમ ઉદાહરણો અહીં પ્રચુર માત્રામાં છે.

'એક હૃદય' કાવ્યમાં પણ કવિ એવા એક હૃદયને ઢૂંઢે છે જે જગમાં કોઈ ન ઢૂંઢે. અન્ય ગેય કાવ્યોમાં 'બંસીમાં બોલ બે વગાડી તું જા' ના ભાવ અને લયમાં ઢળતું કાવ્ય 'મનમોજીને ' છે. ' નમન' નામનાં લઘુકાવ્યમાં કવિ આંખેથી પડળ હટવાનો, હૃદયથી જડત્વ ટળવાનો, પરમજ્યોતિના ઉદયનો અને પ્રભુના મહારસને અહીં નટવાનો પ્રાર્થના કરે છે.

'બહુ છે' કાવ્યમાં પણ કવિ પોતાને જે કંઈ મળ્યું છે તે બહુ છે એમ માને છે અને પ્રભુનું નામ માત્ર રટવાનો જ ઝંખના વ્યક્ત કરે છે.

'પ્રભુ દેજો' સંગ્રહનું સુંદર ગીતકાવ્ય છે. 'યાત્રા'માં ગીતકાવ્યોએ જે ચરમ શિખરોને સર કર્યાં છે તેવા ભાવ અને લયના રસાયણને ઘૂંટીને મનોરમ અર્થનો ઉન્મેષ પ્રગટાવે છે. કવિને સચરાચરમાં બધું જ વિખૂટું પડી ગયેલું લાગે છે: - આ પૃથ્વી, સૂરજ, ચંદ્રમા, તારલા, વનરાજી, માનવી અને સમગ્ર સંસાર ક્યાંય અખિલાઈનું અનુસંધાન નથી. સચરાચરનું અનુસંધાન અદૃશ્ય થઈ ગયું છે માટે જ કવિ પ્રાર્થના કરે છે કે -' પ્રભુ મારી અંધારી રાતલું ને દેજો તારલાજી ' કવિ સચરાચર જીવનના આમૂલાગ્ર સ્વરૂપને ઓળખે છે. અનુસંધાન ગુમાવી બેઠેલું વિશ્વ કવિની સહૃદયતાને કઠે છે. એટલે જ અંધારી રાતે તારલા હોવા છતાં પ્રભુ પાસે તારલા માગે છે. અજવાળી રાતે ચંદ્રમા માગે છે અને ઉજળા દિવસેય સૂર્ય માગે છે. પૃથ્વી પર ફોરમ પણ છે અને ફૂલ પણ છે, છતાં બંને અન્યોન્યમાં ઓતપ્રોત હોવાને બદલે અન્યોન્યથી અળગાં છે. કદાચ ફૂલ અને ફોરમનું એકત્વ ભાસે છે તે અકૃત્રિમ નથી. જે જ્યાં હોવું જોઈએ તે ત્યાં નથી. દ્રષ્ટા જ દેખી શકે એવી આ વાત છે. અશરીરિણી ફોરમ સૂક્ષ્મરૂપે ફૂલ વિના જાણે ભટક્યા કરે છે. કવિ કહે છે કે ફોરમ જેવી ફોરમના અવગણિયા જીવને ફૂલનો દેહ તો આપો. ફૂલનું રૂપ તો આપો, ફૂલના રંગ તો આપો. આ વિષમતા શા માટે ? સૂક્ષ્મને આપણે જોઈ શકીએ છીએ ત્યારે જ આવી પંક્તિને અનુભવી શકીએ છીએ. વૃક્ષોને વગડા નથી, ધરતી છે પણ એના ઉડ્ડયન માટે અનંતાવકાશ રૂપી આભ નથી. ધણ છે પણ ધણનાર નથી -સાચા ધણનાર. અન્ન એના સાચા અધિકારીઓને મળતું નથી. પાણી તો પર્જન્ય આપી ગયો પણ એ વૃથા વહી જાય છે, તેને કાંઠા આપજો પ્રભુ કે જેથી એ સલિલથી બધું સલીલ થાય. એ જ રીતે સમુદ્ર છે પણ એમાં મોજાં - એનાં તરંગો લુપ્ત છે' અહીં સમુદ્રને આપણે હૃદયસમુદ્ર, જીવનસમુદ્ર, યુગયુગાંતરના સમુદ્રથી માંડીને ગમે તેનું રૂપક આપી શકીએ. હકીકતમાં મોજાં વિનાનો સમુદ્ર હોતો જ નથી, છતાં સમુદ્ર માટે મોજાં માગવાં પડે છે એ જ કરુણતા છે. સત્વ-હીનતાની પ્રતીતિ કરાવતાં કવિ હજી ય આગળ વધે છે. આંગણામાં બાળુડાં છે પણ સપૂત કેટલા ? ગોંદરે કદાચ તળાવ હોય ખરું પરંતુ એ સ્વચ્છ અને સભર છે? દૂધ ન આપતી ગાયનો શો અર્થ? માનવી પણ માનવી રહ્યા નથી. મન વિનાના માનવી અને લાગણી વિનાના દિલ, રામ વિનાનો આત્મા. કેટલી કરૂણ સ્થિતિ છે આ વિશ્વની ! સજીવોમાં આત્મા તો છે પણ બધીર છે, પડળથી આવૃત છે. એવા આત્માને પરમ ચેતના આપવાનું કવિ કહે છે. આત્માની આસપાસનું જડતાનું આવરણ હઠી જશે તો જ ચેતનાની દ્યુતિનાં દર્શન થશે. આત્માની બધિરતા જશે તો જ સોહંનું સંગીત સાંભળી શકાશે. કવિની ચેતના કેટલી સૂક્ષ્મતાથી વિશ્વને જોઈ શકે છે તેનું આ સબળ પ્રમાણ છે. વિરાટનું એ વહાલસોયું રૂપ પ્રગટ કરવાની ઉત્કટમાં આવીને તેઓ ઉદ્ગાર કાઢે છે. એવા ઉદ્ગારોની આ ભાવમધુર કવિતા છે. અહીં કવિની સાચી આધ્યાત્મિકતા સૂક્ષ્મ રૂપે અનુભવાય છે. ૧૯૩૧માં 'કાવ્યમંગલા'માં કવિ કહે છે 'ફૂલડાંની ફોરમ પૂરજો જી રે' તે જ કવિ ૧૯૫૭માં એ સિદ્ધિના ઉંબરે પહોંચીને કેટલી સૂક્ષ્મતાથી ફેરવીને કહે છે 'મારી ફોરમને દેજો એનાં ફૂલડાં'.

અલગારી દરવેશના અકળ-અગમ મુલકની વાત લઈને આવે છે 'દરવેશ'. કવિ દરવેશને એમના દેશ વિષે પૂછ્છા કરીને અવધૂતના અણસુણ્યા આદેશની યાચના કરે છે અને આશ્ચર્યવત્ પૂછે છે કે દુનિયાના નવખંડથી ન્યારો દશમો ખંડ શું છે? આ જગતના છ રસથી અધિક પ્યારો સાતમો રસ શું છે ? એવો પરમરસ જેણે પીધો છે એવા દરવેશના અનુભવની વાત સાંભળવા કવિ આતુર છે. કવિને મન તો ગુરુના ચરણથી અધિક અમલ-કમલ બીજું શું હોઈ શકે ? વળી ગુરુની તેજપ્રભાના ઝળકાટમાં ચમકતા રત્નજડિત નગરચોકથી ચડિયાતો બીજો ચોક ક્યાંથી હોય? એ જ રીતે હિમશૃંગોથી ય ઉન્નત શૃંગ, રંગભવનમાં વાગતા મૃદંગથી અધિક મધુર મૃદંગ જોયા કે સાંભળ્યા હોવાથી, એ અનુભવોની વાત કવિ દરવેશને પૂછે છે. કવિને લાગે છે કે એમના ધખધખતા અંતરથી અધિક આગ બીજે ક્યાંય હોઈ શકે નહીં. કવિએ તો મૃત્યુની ભીખ માટે જ અમૃતની સુહાગ આપનાર પાસેથી હાથોહાથ મેળવ્યો છે, આ મૃત્યુની ભીખ અર્થાત્ પૃથ્વી માટે અમરતિયો સોહાગ.અર્થાત્ સૌંદર્ય હાથોહાથ આપનાર દરવેશ એ કવિના પરમગુરુ શ્રી અરવિંદ સિવાય બીજું કોણ હોઈ શકે? સુંદરમ્નું વિસ્મય, એમની મુગ્ધતા, એમની શક્તિ બની સફળરૂપે આ કાવ્યમાં પણ અન્ય કાવ્યોની જેમ જ પ્રયોજાઈ છે.

કોઈના આવવાનો અગમ્ય અનુભવ કવિની કવિતાનો વિષય વસુધા-કાળથી બનતો આવ્યો છે. 'આવી' કાવ્યમાં --

'કો આવી મતવાલી
ઝમઝુમ નર્તી ગઈ નખરાળી.'

(મુદિતા,પૃ૧૬-૩૩)

કવિને ખબર નથી પડતી કે તે ઈન્દ્રભુવનની કોઈ અપ્સરા હતી કે ભૂતલની કોઈ વિધુવદના હતી. અધખોલ્યો . અધઢાંક્યો ઘૂંઘટ ઢાળી મન ઉપર ઢળી ગઈ. તે કામણના અંગ પ્રજાવી ચંડ પણછ શી દેહછટાથી શર ઝીંકીને ઊપડી પણ ગઈ . આ અલગારી વીજળીની જેમ આવી ને તત્ક્ષણ જ જતી રહી. તેનું આગમન-નિર્ગમન એવું અજાયબ છે કે મિલનના જલ કે વિરહાનલનો અનુભવ થતો નથી. પરંતુ તે જોજન જોજન ભર સૂમસામ ધરતીને ક્ષણવારમાં જ ઢાંકી જાય છે.

કવિનું 'આવો'નું ઈજન અનેક કાવ્યોનો વિષય છે. 'આવી' કાવ્ય પછી 'આવો' અને ત્યારપછી ' આવો આવો ' અનુસરે છે. આ કાવ્યો પણ અરવિંદદર્શન-પાણિત છે. 'આવો'માં ગુરુશિખરોના પ્રદેશોથી. વિદ્યુતનાં વાદળોથી, ગગન ઘૂમતાં વાયુનાં ઝુંડમાંથી. સૂર્યની હાર્દ છૂટતા લખ લખ તેજથી શોભતા તેજના કુંડમાંથી, દિવ્યતાને ધરા પર આવી પદ્મ જેવાં રમ્ય ભવ્ય પદપગલી પાડવા કવિ કહે છે.

'આવો આવો 'કાવ્યમાં કવિ આજ ભાવને પ્રગટ કરતા પાંપણ-પ્રદેશમાં સ્નિગ્ધ સોહાર્દ વેરી આવવા અને સર્વદૃશ્યોમાં એના અદૃષ્ટોને, સર્વ ઈષ્ટોને લાવી મૂકવા કવિ આમંત્રે છે. જગતનાં દેખાતાં દૃશ્યોમાં ચેતનાવાહિતા કુંઠિત થઈ ગઈ છે. તેમાં અદૃષ્ટ ચેતનાનો સંચાર થાય તો જ ધીરે ધીરે તિમિર સ્વર્ગના રમ્ય સ્વાંગમાં પલટાય, મનના તમપુંજભરે રંગે જાગી ઊઠે. શિશુના નાના નાના કર વિરાટ હસ્ત ઝાલીને યાત્રા માંડે. સમગ્ર વિશ્વ દિવ્યતાના પંથે પળે તે અરવિંદની ઈચ્છા અહીં વ્યક્ત થાય છે. કવિ જાણે છે કે શૃંગના અગો દૂર છે પણ તેનો શોક લેશ પણ નથી. પરંતુ યાત્રા ખરેખર મંડાઈ જ છે એટલે મંઝિલ તો મળશે જ એ વાતે કવિને હર્ષ છે.

'મનસા હડોલો'માં કવિ પોતાના મનને કહે છે કે ઘણાં દિવસ મનોમન પ્રભુનું રટણ કર્યું, પ્રિયતમાને પ્રેમ કર્યો પરંતુ હવે ઘૂંઘટ ઢાળવાની જરૂર નથી. પ્રેમને છુપાવવાની જરૂર નથી. હવે પ્રગટપણે પ્રિયતમનું નામ બોલવાનું છે. પ્રિયતમ સાથે

નયન મળે છે ત્યારે યુગ યુગના પડદા વચ્ચે આવે છે. વિધિએ પ્રિયતમ નિમ્યાં પણ યુગ યુગનો વિરહ ત્યાં આવ્યો. કવિ હવે હઠીલા મનસાને કહે છે કે તારા ભાગ્ય સબળા છે કે ભવ-વન બધે ભટકયાં પછી હવે એ વનવાસી તુજ ઉર-આશી છે, તો એને બોલાવ.

ગેય કાવ્યોની યાદીમાં 'મારું સાંભળ' ગીત નો આરંભ કવિ આ રીતે કરે છે.

'હું તો મંન મૂકી તારાં નેણ રહ્યો જોતો, પ્રાણ ભરી તારા પાય,
ફુલ્લ પ્રફુલ્લિત આતમ મારો આજ અલૌકિક ગાય.
જરા મારું સાંભળી લેજે,
પછી કહેવું હોય તે કહેજે.'
(મુદિતા, પૃષ્ઠ-૪૧)

કવિની પાછળની કાવ્યોમાં ગૂઢતાનું તત્ત્વ વધતું જાય છે પરંતુ કાવ્યત્વ ઘટતું જાય છે એવું આપણને ઘણીવાર લાગે છે. કવિ આ કાવ્યમાં કહે છે કે શબ્દ બોલું છું ત્યાં અર્થ સરી જાય છે અને અર્થ ઝાલું છું ત્યારે શબ્દ સરી જાય છે. કવિના કંઠને પ્રભુની વજ્જર પાસ પળ પળ વીંટી રહ્યાં છે. ફૂલથી ય કોમળ પ્રભુ હોવા છતાં તેમનાથી દાવાનળ હારી જાય છે.

કેટલાંક છંદોબધ્ધ કાવ્યો જે આધ્યાત્મિક અભિગમ ધરાવે છે તેમાં 'મંગલધામ' કાવ્યમાં કવિ પ્રભુનું મંગલધામ અહીં બાંધવાની ઇચ્છા પ્રગટ કરે છે. આ મંગલધામ અરવિંદની કલ્પનાનું છે. મંગળધામ બાંધી ભૂમિના ભવ્ય લલાટે જયોતિર્મય શુભ્રત્રિપુંડ આંકવાની અને ત્રીજું નેત્ર ત્યાં નિપાવવાની કવિ ઝંખના વ્યકત કરે છે. મનની મ્લાન- વીચિ વિસ્તરશે, અહં દૂર થશે અને પ્રાણ વિસ્તરીને સમસ્ત વિશ્વને છાઇ જશે. એક વિરાટ વાયુ શો અનામી હર્પને ઝંકારતો પ્રેમલ સ્પર્શી બધાંને અર્પશે અને આમ પરાત્પરમાં જઇને જીવન ભળી જશે ત્યારે અંતઃસ્થ આખા બ્રહ્માંડને ધરી દિવ્યજગત્ જન્માવશે. જગતનો એક જન્મ તો થયેલો જ છે પરંતુ દિવ્યતાના સંક્રમણ પછીનો એ બીજો જન્મ હશે. પ્રભુ સ્વયં સમગ્ર વિશ્વને આમંત્રીને પોતાના તરફ વાળશે.

'ને વિશ્વને રૂપ વિરાટ દાખવી
આમંત્રશે ઇશ સ્વયં: 'ભજસ્વ મામ્'.'
(મુદિતા, પૃષ્ઠ-૧૩)

'એકલની આરજુ'માં કવિની પગલીનો શોધ હજી પ્રલંબાતો જણાય છે. કવિ આકાશની અટારીમાં પ્રભુનું મુખ જોવા ચાહે છે અને ભૂમિની સૂની રમ્ય કયારીમાં પ્રભુની પગલી જોવા ઇચ્છે છે. પ્રભુના નામથી સદાય વ્યોમનો ગુંબજ ગાજતો બની રહે એ જ કવિની આરજુ છે.

'સેતુબંધ'માં પણ અરવિંદના અતિમનસ અવતરણથી સ્ફુરિત થયેલી ક્ષિતિજને જ કવિ જુએ છે. એ રીતે એક સેતુબંધ રચાઇ જાય છે.

'ઘટ થકી પટ સુપ્રભ વિસ્તર્યો:
અહીં ત્યહીં બિંબ સેતુ બની રહ્યો.'
(મુદિતા, પૃષ્ઠ- ૧૬)

'નયન બે'માં પણ કવિને સચરાચર અખિલમાં વિસ્તરતી પરમ દ્યુતિ ધરાતલ પર ઉતરતી દેખાય છે અને યુગ યુગથી મ્લાન ધરાનું મુખ ધવલ સુખ-હાસને પ્રગટાવી રહે છે.

બધી જ્યોતિઓના જલદ-પતિ એવા એમના શ્યામ ગુરુને સઘળાં વસ્ત્રો હરી લઈ નગ્નદ્યુતિના તેજ-તરુએ સ્થાપી દેવા પાસે છે તો 'મધુ સ્પર્શ' સૉનેટમાં કવિ મહાનોદિયો અવતરિત થતાં મધુની વાત કરે છે. આ મધુનો સ્પર્શ જ્યાં પણ થાય છે તે અમૃત બની જાય છે અને તેનો સ્પર્શ અદૃશ્ય થાય છે ત્યાં રસમય જગત વિરસ બની જાય છે. કવિ ફરિયાદ કરે છે કે આવો રસઘૂંટડાનો અધૂરો થાળ જ રોજ જમવાનો ? મધુના પૂર્ણશાશ્વત સ્પર્શને કવિ ઝંખે છે. 'તિમિર ગોદ' કાવ્યમાં તિમિરની સદ્ગતિ કવિ ઇચ્છે છે.

'મહાઅભ્ર' સૉનેટયુગ્મના પ્રથમ સૉનેટ 'હસ્ત રેખા'માં કવિ મહાઅભ્રને કહે છે કે તેં મારી વિદ્યુત હરી લીધી છે તો શું તું કરુણાનું એકેય જલબિંદુ સવી ન શકે? બીજા સૉનેટ 'મુનિ ધવલ'માં અભ્રનો ઉત્તર છે કે હું તો જગની સૌ વિદ્યુતો ધરનાર છું. સૌ પ્રકાશ અને સઘળા ઘન અંધકાર પણ હું જ છું અને કરુણાજલનું એક બિંદુ નહીં જલ-પ્રપાત વહેતા કરી મૂકે છે અને કવિ ગૂઢ અંધકારનાં હૃદયે સર્યે જાય છે પરંતુ ત્યાં જ દૂર જલકણોની બનેલી એક ધવલ રૌપ્ય પ્રભાથી પૂર્ણ મુનિ કવિને દેખાય છે. કવિ કહે છે--

'એ તું હતો : વદન એ . કર એ . અને ત્યાં
એ રેખ , કાલ ત્રયનાં કમણો કર્યાંનો .
(મુદિતા, પૃષ્ઠ- ૧૬૬)

મને લાગે છે કે કવિનો નિર્દેશ માતાજી તરફ છે.

'મુદિતા'માં લગભગ ૩૦ જેટલાં કાવ્યો પ્રકૃતિ વિષયક છે. આ કાવ્યોમાં પ્રકૃતિ નિમિત્તે પ્રગટતો કવિનો વિસ્મયભાવ કે ગૂઢ અનુભૂતિઓ , તો ક્યાંક અરવિંદ-ચિંતનનો પ્રભાવ જણાઈ આવે છે.

'વાદળિયા ડુંગરા' પ્રકૃતિનિમિત્તે કવિની ભાવસંવેદનાનું સુંદર આલેખન રજૂ કરે છે. તો 'કોકિલા' કાવ્યમાં પ્રકૃતિ કવિને અગમ્ય અનુભવો આપે છે. ક્યારેક જ્યોતિ આવે છે તો ક્યારેક જ્યોતિ જાય છે. કવિનાં કાવ્યોમાં આ ભાવો પ્રગટતા જ રહ્યા છે. 'ગાતી ગાતી'માં ગાનમગ્ન થઈ ગાતી કોકિલા ઊડે છે ત્યાં અખિલ જગત સંસ્તબ્ધ, મૌનમગ્ન બની જાય છે. સૂરનો પિંડ થઈને આકાશી સકલ રસ નીચે આવી જગહૃદયને સર્વતઃ સ્પર્શે છે અને દૂર-નજીક, ગૂઢમાં અને ઊર્ધ્વમાં અગમ સુંદરની મૂર્તિ સ્થાપી લે છે. આ મૂર્તિ અગમ્ય નથી, ગમ્ય-રમ્ય છે અને એનું ગીત જગતને ઉરે સ્થિર જડાઈ જાય છે. ત્યાં ગગનથી મહાનર્તિકા અહીં ઊતરશે . અહીં અરવિંદદર્શનનો પ્રભાવ જણાય છે.

સુંદરમ્‌નો પ્રકૃતિ સજીવ પ્રકૃતિ છે. 'જાતો'તો મધરાત'માં આછેરો વીંઝણો વાતો . આછેરાં ગીત ગાતો મધરાત હળુ હળુ જાતો'તો. તે રાત કવિ માટે દૂરને ડુંગર પ્રભુના વાગતા પાવાનો હોરદોર લાવે છે અને કવિને ઝુલાવી જાય છે. કવિનું આ પ્રથમ દર્શન અને પરમ પાન છે. ત્યારે મધરાત એક આછેરી તાળી વગાવી જાય છે. એટલું જ નહિ કવિના આંસુમાં આંસુ મિલાવી એમને મનાવી પણ જાય છે. 'તિમિર ગોદ'માં અંધારનું વર્ણન છે. તિમિરમાં તેજનું સંધાન એ કવિની શાશ્વત અભીપ્સા છે. તિમિર ગોદ ઘડીભર દિવ્ય પ્રમોદની આભા આપે છે. 'ભાનુના હૃદયે પ્રવાસો પંથ ડગલા માંડશે. ત્યારે ઘડીભર વિશ્રામ આપનાર મખમલિયા તિમિરનો ગોદ' યાદ રહેશે.

'ગગનનો ઘેર' ગુરુ પરંપરાના ભજનમાં ઢળતું કાવ્ય છે. આખું ગગન-મંડળ ગોળ ગોળ ફર્યા કરે છે. સૂરજ-ચંદ્ર-તારા બધું જ ભ્રમણ કરે છે. આ ઘટનાને અધ્યાત્મનો રંગ ચઢાવી કવિ કહે છે. --

'આદિ અનાદિના થાક મિટાયા. ત્યાં નહોતી કાળકિનાર જી,
સોહં સોહં કોઈ પુકારતું ઊતર્યું આભની પાળ, સંતો.
ગગન મંડળની ઘેર જી.'

(મુદિતા, પૃષ્ઠ-૫૩)

પછી અરવિંદદર્શનને સાંકળી લેતા કવિ લાખો માણસોને ઊંચકી લેતી જ્યોતનો ઝળકાર આવતો હોવાનું વર્ણન કરે છે. કવિ રોજ ગગનની પારથી આવતો એક પુકાર સાંભળે છે, જે દૂત બની એ પારની પ્રીતને આ પાર પાઠવે છે. 'અહો ધ્રુવ તારલી' છંદોબદ્ધ કાવ્યમાં ધ્રુવ તારલીને અહીંની નિરવધિ જ્યોતમાં એની જ્યોતની ધ્રુવતમ ધુનિ ધારણ કરી એમનાં દૃગો અવગાહવા સંબોધે છે. એ જ રીતે 'ગ્રહ-ગણ ગુંફિત' કાવ્યની અંતિમ-પંક્તિઓમાં કવિના અંગના અણુ અણુ અગ્નિને ધારણ કરી ઉલ્લાસી રહ્યા છે અને કવિએ પોતાના ઘટમાં દેવનું નિવાસ સર્જી લીધું છે તો 'એકલ તારિકા'માં સઘન રાત્રિની એકલ તારિકાને ભુવનની તિમિરાવલીને સમાવીને જવા નિવેદન કરે છે. 'વસંત વધાઈ'માં શિશિરમાં મ્લાન બનેલી ધરતીને વસંત ચેતનાસભર કરી દે છે. અહીં પણ અરવિંદના તત્ત્વચિંતનનો સંદર્ભ સાંપડે છે. 'પાગલ વધાઈ'માં પણ કવિ આવતી નવી પળમાં પ્રકૃતિની પૂર્ણ નવી ગતિની વધાઈ પાઠવે છે. 'અદ્રિ' કાવ્યમાં કવિને સચરાચર સૃષ્ટિ અણુમાં પોઢી જતી લાગે છે. 'ડુંગરડા'માં ડુંગરોનું ગતિશીલ વર્ણન કરતા કહે છે કે ધણના ધણ થઈ હરતાં ફરતાં આ ડુંગરડા બે ઘડી અહીં બેઠા છે. આ ડુંગરડા કવિના કર્ણપર દૂર દૂરના અશ્રુત કૈં ભણકારા આપે છે, કવિ ભમ્યા કરે છે પણ શિવનંદી શા ડુંગરડા શિવમંદિરમાં શિવચરણોમાં બેઠા હોય તેમ સ્થિર બની બેસી ગયા છે. વળી 'માથેરાન'માં આ ડુંગરિયા અનુભૂતિને પ્રગટાવતાં કવિ કહે છે કે --

'ભરી ભરી ડુંગર પીધો.
મેં નયનથી નયને પીધો.' (મુદિતા, પૃષ્ઠ-૮૫)

કવિને આનંદની ભરતી ચઢે છે અને મન મસ્ત બનીને ઝૂમે છે. કવિ પોતાના ચિત્તની આવી દશા પવનમાં જુએ છે. 'આ પવન'માં પવનને જુદી જુદી અનુભૂતિઓ વતી બતાવી છે. અંતે પાગલ સમો પવન ખુશખુશાલ વહે છે.

'આજ……' કાવ્યમાં કવિની જીવનમુક્ત દશાનો પરિચય મળે છે.

'હું પ્રશાન્તિ-પરમા ગતિ-દ્વયે
બદ્ધ થૈ રહું અબદ્ધ સંશ્રયે.'
(મુદિતા, પૃષ્ઠ-૧૧૮)

'બેઠો વસંત' કાવ્યમાં વસંતના વર્ણનરૂપે કવિ અરવિંદના તત્ત્વવિચારને પ્રગટાવે છે. કવિ વનમાં વસંતને બેઠેલો જુએ છે અને પોતાનો જીવનવસંતનું પ્રથમ પુષ્પ ગુરુ-પ્રભુ હોવાનું કલ્પે છે અને આંબા-ડાળે કોયલ ટહુકતી જુએ છે ત્યારે એ ગુરુની આંખમાં આખું આમ્ર ઝૂલતું નિહાળે છે. કવિ કહે છે ભટકતા વાયરાને બોલાવી લાવીને એના કાનમાં મેં બધી વાત કહી તો વાયરો આખો જમાન લઈ આવવાનું કહેતો જાય છે. અરવિંદના સિદ્ધિયોગમાં જોડાવા માટે પછી તો થોક થોક પાંખો આભલાં ભરે છે, અર્થાત્ અનેક લોકો આ પૂર્ણયોગમાં જોડાય છે.

'ક્યાંક' કાવ્યમાં ક્યાંક દૂરે સુદૂરની રણઝણતી રાગિણી વાગે છે અને કવિના હૈયાકુંજમાં પોઢેલી એકલડી રાધા જાગે છે અને રાધારૂપે કવિમાંથી 'શ્યામ એકલડો સૂર વાગે છે'. 'મુદિતા'ના દીર્ઘ કાવ્યોમાં 'ઊર્ધ્વતા' અને 'હૃદયબિંદુ' કવિની આધ્યાત્મિક ચેતનાને પ્રગટાવે છે. કવિ ત્રિકાળને શાશ્વત અકાળના બની ઊભેલી વિશ્વના આકાશ પર ઝળુંબતી દિક્કાલના દિવ્ય સ્વરૂપને સર્જતી ઊર્ધ્વતાને પોતાના પ્રાણ-પિંડમાં

સ્ફુરી રહેવા કહે છે કારણકે માનવોના હાથમાં પ્રકાશનો દોર આપો એણે આરોહણપંથ દાખવ્યો છે. એક ભવ્ય નિગૂઢ સેતુ રચ્યો છે. કવિને આ ભવ્ય યાત્રા શા માટે કરવી છે? કાલાન્તરની કરાલ ગુફાઓ વટાવી કમલથી છલકતા સરોવરો અને ગિરિશૃંગ ચુમતી કૌમુદીઓ કવિને જોવી છે. આ ભૂમિ ઊર્ધ્વતાનું તપ ધરી વ્યોમપંથે તેજો તણી એકલકેડી ખેડતી ઊભી રહી છે. આ ઊર્ધ્વતાનો અખંડ આશિષ સૃષ્ટિની માટીના શિરે ઢળી રહી છે. કવિને ઊર્ધ્વતાની મૈત્રીનો હાથ ઝાલી સમસ્ત સૃષ્ટિ સાથે હૈયું જોડવું છે અને જો આમ થશે તો વૃક્ષમાં પુષ્પની જેમ મનુષ્યમાં દેવની દિવ્ય આકૃતિ ખીલી સોહી ઊઠશે. એ પૂર્ણતાની પરમાત્મ-રાગિણી ગાતાં જીવો સાથે જ કોકિલા અહીં ટહૂકશે અને પિપાસુઓના ચિત્તમાં સુવર્ણપદ્મનો ઉદય થશે.

'હૃદયબિંદુ'માં કવિ પોતાના શુદ્ધ હૃદયને ઉદ્દેશીને કહે છે કે મુઠ્ઠી સમા આ પિંડને આવડો આભ જેવડો ભૂખ કેમ હશે? પણ કવિની ભૂખ, કવિની ઝંખના ઓજાઓ કરતાં સાવ જુદી જ છે. આ જગતનો સાવ સૂનો. સ્નેહસૂનો શેરી શેરીમાં ધૂનો થઇ ધૂન રેલવતા કવિને આખાય બ્રહ્માંડને બાથ લેવાની ઝંખના છે. કવિ કહે છે કે મારે હીરા, મોતી, માણેક, પરવાળા, હાર કે ઉદ્યાનનાં કુસુમોના કલગી-તોરા કે પ્રિયનયનના મધુકટોરા કંઇ જ જોઇતું નથી. કવિએ સાવ નાના નિશ્વાસનો ય નિસાસો બની જગતમાં ઘુમતા પુષ્પના-પ્રણયની કથા સાંભળી છે, ઝરણાના ચરણની રટણા સાંભળી છે અને પાને પાને રણકતી આરતને જોઇ છે. હવે કવિ જગતની પાંપણે બહેતર રંગ આંજવા, પંથે પંથે પ્રેમની પરબ માંડવા, પોતે જીરવેલા આભને ધરાના ગર્ભમાં ભરવા, જ્ઞાન સાગરનાં સોહાગી સોણલાં સમા રત્નને રંક માનવના હાથોમાં સોંપવા કવિ ઇચ્છે છે. પ્રત્યેક નયનમાં અને પ્રત્યેક હૃદયમાં કવિ પોતાની આશાને મૂકી જવા, રવિરાજની આભા ઉતારી એ જ આભામાં પુનઃ પીગળી જવા કવિ ઇચ્છે છે. કવિ પોતાના જ હૃદયની આવી ઝંખના પર વારી જાય છે અને પોતાની દુવા એને સદા માટે પાઠવે છે. અહીં અરવિંદના દિવ્ય-ચેતનાના અવતરણ અને એ દ્વારા વિશ્વસૌંદર્યની સંકલ્પના કવિ સાકાર કરે છે. આમ 'મુદિતા'નાં કાવ્યો વિવિધ છટાએ અરવિંદદર્શનને પ્રગટ કરે છે. અહીં ગીતો, પ્રાર્થનાઓ અને પ્રકૃતિવર્ણનો તથા અન્ય કાવ્યોમાં અરવિંદતત્ત્વચિંતન જ વ્યક્ત થયું છે. જે સુંદરમ્‌ની કવિતાને સાંપ્રદાયિક કવિતામાં ખપાવવામાં કારણભૂત બને છે. કવિ માટે હવે માત્ર એક જ રસ રહ્યો છે અને એક જ કાર્ય કવિએ કરવાનું છે- એ છે જ્ઞાનપ્રબુદ્ધ બન્યા પછી જ્ઞાનનો પ્રચાર કરવાનું. આમ 'મુદિતા'નાં કાવ્યો સાંપ્રદાયિક ગણાવી શકાય.

ઉત્કંઠા

સમયાનુક્રમમાંના બે કાવ્યસંગ્રહો 'વરદા' અને 'મુદિતા' પછીના ત્રીજા કાવ્યસંગ્રહ 'ઉત્કંઠા'નાં થોડાંક કાવ્યોમાં ઐતિહાસિક પ્રસંગો અને વ્યક્તિઓ તાદૃશ અને જીવંત બની રહે છે. અન્ય કાવ્યોમાં બે રસ્તે ચાલતી ગતિ અનુભવાય છે. જ્યારે ઘણાં કાવ્યોની છેવટની કડીઓ કોઇક એવા તત્ત્વ સાથે આપણને જોડી આપે છે કે આપણે એક ઊર્ધ્વ વિશાળ, પ્રશાંત અનુભવની અવસ્થામાં બેસી જઇએ છીએ. કવિની અનુભૂતિ આપણી પણ અનુભૂતિ બની રહે છે. 'ઉત્કંઠા'નું પ્રથમ ગીત 'જીવનશ્રેય' પ્રાર્થના-ગીત જેવું છે. જીવનને ઝરણાના રૂપકથી કવિ વર્ણવે છે. ધરતીના ઉર પર ઢળતું ઝરણું વન, દવ, રણ પ્રમરાંગણ બધું વટાવીને તરતા મહેરામણને મળે છે અને કવિ પ્રાર્થના કરે છે કે--

'ઓ મહેરામણ , ઓ ભવતારણ, તવ જલમાં અમ હો કલ્લોલ .'

(ઉત્કંઠા, પૃષ્ઠ-૧)

'બધું આપો' કાવ્યમાં કવિ પ્રભુને અભેદ્યોને ભેદતું, અદૃશ્યોને ય દેખતું અને પ્રભુનું શાસન સ્થાપતું દિવ્યાગ્નિયુત પનોતું સુદર્શન પૃથ્વીના પટે પ્રેરવા કહે છે. 'ગાઓ 'ગીતમાં --

'આખો જન જન. ગાઓ મન મન ,
ઘટઘટ ગોરસ સંભરિયાં ,'

( ઉત્કંઠા,પૃષ્ઠ- ૭)

કહો ' નૂતન નરતનનો વારો ' હવે આવો છે તેમ જણાવે છે. આ નરતનથી કાલ સુંદર બનો જશે. 'જલ ઘાટે' ગીતમાં કવિને આભ ખુલેલાં, ધરણી ક્ષેત્ર ઢળેલાં, જણાય છે. મત્ત પવન ગાય છે, દિશાઓ ખુશ થઈ હસે છે, શિખર શિખર ધજા શોભે છે, મત્ત સ્વરે શહેનાઈ ભેળ છૂપેલ ગવૈયા ઘૂંટે છે ત્યારે કવિનું મન ઉત્કંઠાય છે. સાગરને ઉર પૂરપાટ આગળ વધવા, ગગનને વાટ વસવાટ કરવા, કવિના ચાતક હૃદયમાં પરમપ્રભા ગુંજી રહી છે.

'મનજી પ્રભુજી 'માં કવિ પોતાના મન-પ્રભુને હળવે હળવે હાલવા જણાવે છે કારણકે જગ જંગલનો ઝાડો છે, ત્યાં વાઘ, વરુ રાહ.જોઈને જ બેઠા છે એટલે કવિ મનજીને આભલાની ડાળે જઈ બેસવા કહે છે અને પગમાં એમના ગુરુની પાવડી પહેરી લઈ ,અંગ પર એના ભેખને ઓઢી લઈ, ગગનમાં ઘોડલો ઉડાડવાનો ઉપદેશ આપે છે. 'હાલજો હળવા'માં કવિ ફૂલનો જેમ હળવો રીતે સંસાર જીવવાનો શિખામણ આપે છે. 'નથી ઉતાવળ'માં કવિનો નિઃસ્વાર્થ જગતપ્રેમનો ભાવનાનાં દર્શન થાય છે. કવિને કંઈ લેવામાં કે ક્યાંય જવામાં ઉતાવળ નથી. આખા જગને મળી જાય પછી છેલ્લે પોતાને મળે ત્યાં સુધી રાહ જોવા તે તૈયાર છે. સ્વર્ગમાં જવા પણ પુષ્પક વિમાન આવે છે ત્યારે કવિ સૌને સફરનો મુબારક પાઠવે છે. કવિના સ્વર્ગ નિરાળાં છે માટે કવિને જરાય ઉતાવળ નથી. અહીં મોક્ષને બદલે વિશ્વકલ્યાણની ભાવના એ પણ અરવિંદદર્શનની જ સંકલ્પના છે. 'કેમ..ભાઈ-- ' કાવ્યમાં કવિ જગના જાગી છે ત્યારે જીવ કેમ સૂતો છે એવો પ્રશ્ન કરે છે. કવિની સૂર-તેજની પ્રીત અહીં પણ પ્રગટે છે.

'નૈ નૈ નૈ 'ગીતમાં જે અદૃશ્ય છે તે નથી એમ માનવાની કવિ ના પાડે છે. આપણા સ્થૂળ ચક્ષુની તો દેખવાની મર્યાદા છે. કેટી જે જોયું ન હોય તે માનવા સ્વીકારવા તૈયાર ન થાય. રણની રેતીએ દરિયો દીઠો ન હોય અને ઘુવડે કદી સૂરજ દીઠો ન હોય તો તેમને મન દરિયો કે સૂરજ ગપ્પાં લાગે. પણ કવિ દલીલ કરે છે કે સૂરજ તપે ત્યારે તારા બુઝાય છે અને તારા તગે ત્યાં સૂર્ય હોતો નથી. સમજુ એને સાચું ગણે છે બીજાઓ માટે એ પોથીલની વાત બની જાય છે. પણ કવિ કહે છે કે આંજણ આંજ્યા પહેલાંની અને આંજણ આંજયા પછીની આંખે દેખવામાં બહુ ફેર હોય છે. એથી જો મારું આંજણ હે અજાણ્યા જણ તને ખપતું હોય તો તારાં સહુ ઝેર હું ઉતારી દઉં. અરવિંદના પૂર્ણ-યોગના માર્ગે પળ્યા પછી કવિને આમ સહુ ઝેર ઉતારવાનું આંજણ મળી ગયું છે.

'મન ઘડુલો ' 'ઉત્કંઠા' કાવ્યસંગ્રહનું એક સુંદર ગીત છે. કવિનો મન-ઘડુલો સમંદર તરવા ચાલો છે. પોતાના નાનકડા પેટાળે સમંદરનાં બધાં નીર ભરવા ચાલો છે. કવિનો આ ઘડુલોનો સમંદર તણી યાત્રા આરંભાઈ તે પહેલાંના જીવન વિષેનો વાત તો કવિએ વિચારી જ નથી. કયા કુંભારે ઘડો, કોનો કેડ પર ચઢો. કોણે નીરમાં સરકાવો એ કંઈ જ કવિને ખબર નથી. કવિનો ઘડુલો હવે બસ 'હું ઘટ'.' હું ઘટ ' પ્રતિપળ વદતો પોતાને જ ઘાટે મન બનો ચાલો નીકળો છે. કવિ ઇચ્છે છે કે રૂમઝૂમનો રખડુ ઘડુલોને કોઈ કામણગારી મહિયારી રૂમઝુમ કરતી આવીને કરમાં ધારણ કરશે,

કરમાંથી કટિ પર અને કટિ પરથી શિર પર લઈ વનમાળીને ઝૂલવશે. 'રામ પિયાલો'માં કવિ સાકેય જામ છલકતા રામના પ્યાલા પીવા કહે છે. ફૂલડાંના પરાગનો આસવ એ રામનો રાગ-પ્રેમ છે. ડુંગરથી ઊંચાં આભ છે અને આભથી ઊંચાં રામનાં ધામ છે. સાકર શેલડીથી મીઠો હૈયાનો હૂંફ છે. પણ રામની પ્રીતિ તો તળ વગરનો કૂપ છે. ભૂમિ ખૂંદીને, વ્યોમમાં ઊડીને અને સ્થિર થવાનું ઠામ તો એક જ છે -રામજીની ભોમ. એટલે જ કવિ કોઈની જેમ દૂધના સાગર કે લખ લખ હેમ માગતા નથી ; એકલો રામજીનો પ્રેમ માગે છે.

'ઓ કાળી મા!' કાવ્યમાં અરવિંદનો પૃથ્વી ઉપર દિવ્યતાના અવતરણનો વિચાર પ્રગટ થાય છે. 'ઓ કાળી મા'' સંબોધન લાખો લોકોના દિલને પ્રભાવિત કરતાં માતાજીને ઉદ્દેશીને હોવાનું મને લાગે છે. કવિ કાવ્યનો ઉઘાડ કેવી સઘનતાથી કરે છે :

'ઘમ્મર વલોણાં તારાં ઘોર ઘોર ઘૂમે,
ઓ કાળી મા, કાળી મા '
કે લાખ લાખ લશ્કરિયા લુમે ને ઝૂમે,
ઓ કાળી મા, કાળી મા ''
(ઉત્કંઠા, પૃષ્ઠ- ૩૬)

કાળી માના ઘમ્મર વલોણાં ઘૂમે છે, ત્યારે કાજળિયાં વાદળાં પાતાળ મહીં પોઢી જાય છે. લાંબે લપકારે વીજળી લપકે છે, અને કોક ગાંડી ભવાની વિંઝાય છે અને એના ઝબૂકે સોણલા ઝબૂકે છે, નિંદ્રા ઊડી જાય છે. અંતરનાં ભૂતો ઢંઢોળાય છે, જોજનભર ડુંગરના ડુંગર ગબડે છે અને નવી ધરતીને નવાં નીર સાગરિયામાં ઢોળે છે.

'નવી ધરતીને નીર નવાં સાગરિયા ઢોળે,
કોઈ દેવતાઈ પાંખ અહીં ઝૂકે ઝૂકે.'
(ઉત્કંઠા, પૃષ્ઠ- ૩૬)

આમ માતાજીનાં ઘમ્મર વલોણાં માનવીઓના મનને ઢંઢોળી, પરમપ્રાપ્તિનાં સ્વપ્ન આપી જીવનભરનાં ડુંગર જેવડાં દુઃખો ટાળી દઈ, નવ્ય જીવનનો અનુભવ આપે છે. એ દેવતાઈ પાંખ ઝૂકે છે તે આપણા ઊર્ધ્વગમન માટેનું સાધન છે.

'ઉષાની દિશા'માં પાંચ કાવ્યો છે. પ્રથમ કાવ્ય 'ઘોર ઘારણ'માં કવિ કહે છે કે પાછલી રાતની મીઠી નીંદરમાં આખું જગત ઘોરે છે. એકલો તારલાની આંખ તગે છે અને અડાબીડ અંધકાર પથરાયેલો છે. જાગતાને સાન નથી, ઊંઘતાને ભાન નથી. એક મૂંગો મૂંગો શ્વાસ ચાલે છે- તેને શ્વાસ કે નિશ્વાસ જે ગણવો હોય તે ગણો. કોઈ દિશા કે સંકેત મળતો નથી. આવે વખતે કોણ કોનું હોય ? બીજા કાવ્ય 'એકલ જોગી'માં કવિ વિચારને આગળ વધારે છે. આ જગમાં કોઈનું કોઈ નથી. કોઈ નથી, આભને ટેકવીને બેઠેલો પારાવાર એક જ માત્ર આધાર છે. બધાં ઊંઘતા હોય ત્યારે તેની આંખ મીંચાતી નથી. એની પાંપણોની પાછળ ઝળાહળ તેજનો સંચાર થાય છે. શ્વાસ થંભી જાય છે તો ય પ્રાંતેય ભુવનમાં એના પ્રાણ વિસ્તરે છે. આ એકલ જોગીએ અદીઠાને દેખવા ધૂન લગાવી છે, અણપેટ્યા અગ્નિને જલાવા ધૂણી ધખાવી છે. એ સકલ અંધારને વીંધી પોઢેલા તેજ પાસે આવીને ટહેલ નાંખશે. ચેતનાના તોખાર ઉપર ચઢી એ એકલો જ સોનવરણી દેવમાના પૂજવા પરિયાણ આદરશે. એટલે જ દેવ, દાનવ, કિન્નરો, ગંધર્વગણ સહુ આજ એના જયકાર ઉચ્ચારે છે. આવો એકલ જોગી કવિને મન 'અરવિંદ યોગી' સિવાય બીજો કોણ હોય? ત્રીજા કાવ્ય 'અહં બ્રહ્મ'માં એક નવો જોગી જાગે છે. તે રાગ-ત્યાગની વાતોને મિથ્યા માને છે. રાગ એ જ વૈરાગ છે અને ઇન્દ્રિયનો માર્ગ સત્ય છે. ભોગ એ જ ત્યાગ છે

માટે એ જોગી કોઈ દેવને ભજવાનો કે ફૂલમાળા દેવાનો, એના નામ રટવાનો કે ચરણરજ લેવાનો ના પાડે છે. એક 'હું' જ સત્ય છે એમ માની 'અહં બ્રહ્મ'નો ટહેલ નાખે છે. ચોથા કાવ્ય 'પ્રલયાનલ'માં આ પાખંડી, ઢોંગી જોગીનો પ્રલય આવી પહોંચે છે એ વખતે એના શ્વાસ રુંધાય છે, આશા પિસાય છે, સ્નેહની સરિતા સુકાઈ જાય છે. ધરતી ને આભ દીન બની રહે છે, ગાત્રો ગળે છે. એવા આ યોગીના આસન હેઠળ કોઈ સુરંગ ચાંપે છે અને અખિલ ધરાના મસ્તક ઉપર કાળ-ભુજંગ ફૂંકે છે, પૃથ્વીના શિરે પ્રલયાનલ વરસે છે. ત્યારે પાંચમાં કાવ્ય 'ઉષા - રાજ્ય'માં 'આવે છે ઉષાનું રાજ'. તોફાન અને આંધી ઓસરી જાય છે. શાંતિનો પાળ બાંધી આભની પેલેપારથી કોઈક અવાજ આવે છે કે તેજની સુવર્ણરેખા લલાટ પર ધારણ કરી ઉષાનું રાજ આવશે અને જગનું અંગ અંગ પુલકિત થશે, મન મનના તરંગ ઉછળી રહેશે અને જગનું મંગલ થશે. આમ 'ઉષાની દિશા' એ અરવિંદની ચીંધેલી દિશા છે.

વસુધાકાળથી આરંભાયેલો કવિનો વ્રજરચનાઓનો મીરાંભાવ 'હૃત્કંઠા'માં પણ જોવા મળે છે. 'કાહે કો ?' અને 'મોહન કો' આ બન્ને ગીતો આ મનોરમ વ્રજરચનાની યાદીમાં ઉમેરો કરે છે. 'કાહે કો ?' ગીત કવિના હૃદયસ્પંદના લાંબેરા લયથી અને પરંપરાના અર્ધજાગૃત સામુહિક ચેતનાસ્તરના અનુસંધાનમાંથી આવે છે. રાધાની શાશ્વત વેદનાને મીરાંએ ગાઈ છે. આ વેદના એક રાધાથી અન્ય રાધાના હૃદય સુધી યુગોના યુગો વીંધીને વિસ્તરતી જ જાય છે.

'કાહે કો ?'નો વિશ્વોસ સુંદરમની વેદનામયી ચેતનાને આહ્વાન આપે છે. 'કાહે કો રતિયા બનાઈ ?' આ સામાન્ય વિધાનાત્મક પ્રશ્નથી કવિ વેદનાનું વ્યાપક વર્તુળ રચી, ભીતરી અનુભૂતિને ધીરે ધીરે આકારતા જાય છે. પૂર્ણને પામવા પહેલાંની તલસાટ તુરીય અવસ્થાની મધુર ક્રિયાઓ રચતી મનમાં અનેક રૂપો ચીતરી જાય છે. હે પ્રેમરૂપ કૃષ્ણ તમે એવા તે કેવા કે ન તો આવો છો, કે ન મનથી જાવ છો ? આ તે કંઈ અવસ્થા છે મારા સનાતન હૃદયની ?

'નહીં આતે, નહીં જાતે મનસે ,
તુમ ઐસે ક્યોં શ્યામ કન્હાઈ ?'
(હૃત્કંઠા, પૃષ્ઠ - ૧૨૮)

દરેક કડીને અંતે ફરી ફરીને કવિ પ્રશ્ન પૂછ્યે જાય છે : 'કાહે કો રતિયા બનાઈ?' આમ ઘૂંટી ઘૂંટીને વિરહસંવેદનાને વિસ્તાર્યે જાય છે.

જમુનાનાં પ્રેમજલથી જીવન-ઘટ ભરવો છે કવિને, પણ ક્યાં ભરાય છે ? પૂર્ણ પ્રેમ તો પાણીથી યે પાતળો છે. આવે આવે ને સરી જાય, જેમાં પ્રેમ પ્રાપ્ત કરવો છે, તેનું કરણ ઘટ પણ પ્રિયતમ પાસેથી જ પ્રાપ્ત થાય છે અને એ ઘટને તો તાગી સાથે જ પગાઈ છે. કવિ ગોપીહૃદય લઈ ભટકે છે. પ્રેમના પિયાલા ભરી ભરીને પીવે છે, પીવડાવે છે તોય દર્શન થતાં નથી. આ તો પૂર્ણની યાત્રા છે પ્રેમ ક્ષણક્ષણમાં પ્રભુ કોઈનેય ક્યાં મળ્યો છે ? કવિનું રાધાહૃદય સાંવરિયાની સુરત માટે ઝંખ્યા કરે છે. પ્રેમનું જગત જ વ્યવહારની બહારનું જગત છે. પાગલ થયા વગર પ્રેમ પ્રાપ્ત થતો નથી.

'હમ ઐસે તો પાગલ હૈં પ્રભુ,
તુમ જાનો સબ પગલાઈ ,
પાગલ કી ગત પાગલ સમઝે ,
હમેં સમઝો , સુંદરસાંઈ ।'
(હૃત્કંઠા, પૃષ્ઠ - ૧૨૮)

અહીં સમજવું એટલે પૂર્ણને સમજવું. કવિના અહીં ગોપીહૃદયનાં સાક્ષાત્કારનો પૂર્ણાનુભવ

કરાવી શકે છે. તો ફરી પાછું ધ્રુવપદ રણકી ઊઠે છે 'કાહે કો રતિયા બનાઈ' ભાવકના ચિત્તમાં રહી રહીને એક આંદોલન ચાલ્યા કરે છે 'કાહે કો રતિયા બનાઈ' આવું જ બીજું સુંદર ગીત છે 'મોહનકો'. કવિના પૂર્ણ સમર્પણને અભિવ્યક્ત કરતાં આ ગીતમાં કવિ કહે છે કે બધાં તો પોત પોતાની ગતમાં છે પણ ગોપીને તો મોહન સિવાય બીજા કોઈની ગત નથી. કૃષ્ણ મોરલી વગાડે અને ગોપી નાચે એ નૃત્યમાં જ રાધા પૂર્ણતઃ મોહનની બને છે. આ એકતાનતામાં ગોપી કૃષ્ણ સાથેની લીલાઓ-ક્રિયાઓને પણ ઝંખે છે. એની ગાય દોહવાની અને એની સાથે જમુનાતટ પર ફાગણની હોળી ખેલવાની ઉત્કટ ઇચ્છાઓ એના મનમાં ભરેલી છે. અહીં વિરહવ્યાકુળતાને બદલે ગોપીની મિલનોત્સુકતા અભિવ્યક્તિ પામે છે. કવિનું મન નંદજીના લાલમાં રાગમય -લાલ બન્યું છે, ત્યારે ગરજતું વાદળ આવે છે અહીં ઘેરા ઘનના આગમનમાં કૃષ્ણના આગમનનું સૂચન છે. વાદળ બનીને કૃષ્ણ આવે ત્યારે જ દુઃખગ્રસ્ત બનેલી રાધા -ધરા તૃપ્ત બને છે. એવા શ્યામઘન સભર શ્રાવણના વાદળનું વરસવું એટલે પૂર્ણતાનું અવતરણ થવું. પૂર્ણપ્રભુના પ્રાગટ્યનો ઉલ્લાસ જ ગોપીભાવે કવિ અહીં પ્રગટ કરે છે.

'ઉત્કંઠા'નાં સૉનેટકાવ્યોમાં 'મહાવર', 'કોઈક છાનું', 'જલધિનાદ', 'ભોમ-વ્યોમ', 'ફૂલાહૈયે', 'નરી પ્રકૃતિ', 'પ્રલયદીક્ષા', 'સીમોલ્લંઘન', 'સમાપ્તિ', 'મહાભિનિષ્ક્રમણ', 'ઝરે છે', 'અમરતાની વાત', 'અહીં સાક્ષાત્', 'અહીં તે છે', 'સંગામિની', 'ગયાં આવ્યાં' ઇત્યાદિ ગણાવી શકાય.

'મહાવર' સૉનેટયુગ્મનું પ્રથમ સૉનેટ 'ગરલ'માં સમુદ્રમંથન વખતે નીકળેલા ઝેરને પી જનાર શંકર જ જગતનાં વિષ પી શકે, જગતનાં દુઃખોને વિદારી શકે એમ કવિ કહે છે. ગરલને ધારણ કરનાર અને સંહારને રચનાર પણ કોઈ તો જોઈએ ને ? ધગધગતી ધરા પર ગગનથી સુધા આવે ત્યારે શિરનો ટોપ તૂટી રહી હતી, એ ગંગા શિવ વિના પૃથ્વી ઉપર ક્યાંથી અવતરી શકવાની હતી ?

બીજા સૉનેટ 'અમૃત'માં સમુદ્રમંથન વખતે વિષ્ણુ કહે છે -

'મને અમૃત ધો : ઉન્મત્મન બની વહું વિશ્વમાં
અનંત પરમાત્મની પરમ માધુરી : સૃષ્ટિનાં
પ્રસુપ્ત મૃત પુષ્પને દલદલે હું સીંચીશ એ :
વસાવીશ વસંતની કમલકુંજ સંમોહિની.

(ઉત્કંઠા, પૃષ્ઠ- ૯)

પરંતુ આ અમૃત તો ગગનની ટોચે નિગૂઢ મધપૂડામાં વસ્યું હતું. તેને મેળવવા ઉગ્ર તપની સીડીએ ચઢી, પ્રશાન્તતમ આત્મના સઘન ધ્યાનકુંભે ગહી, કૃપાળુ મધમાખીની સદય આશિષ જોઈએ. વિષ્ણુના પદામૃતનું એક બિંદુ મેળવવા મ ત્તના પલાણ કરી, ધરા તપસદુબેલા, તનુકૃપા બનશે ત્યારે શિવ સ્વયં ધરાને આરાધશે. એ મહાવર ધરાને પ્રાપ્ત થશે. અહીં 'તપદુબેલા', 'તનુકૃપા', 'મહાવર' શબ્દો શિવ માટે પાર્વતીના તપનો સંદર્ભ દર્શાવે છે.

જગતના ઝેરને પી જનાર શિવ સ્વયં પૃથ્વીને ત્યારે જ આરાધશે જ્યારે પૃથ્વી તપ દ્વારા વિષ્ણુના પદામૃતનું એક બિંદુ પણ પામી શકશે.

સુંદરમ્‌નાં 'યાત્રા' પછીના કાવ્યસંગ્રહોમાં અરવિંદ અને માતાજી પ્રત્યેનો ભક્તિભાવ અને તેમના વિચારોનો પ્રચાર એ કાવ્યના વિષય મહદ્અંશે બન્યા છે. 'કોઈક છાનું' કાવ્યમાં ~~કવિની~~ કોઈ અદૃષ્ટ વ્યક્તિ સતત તેમની સંભાળ લે છે તેની અનુભૂતિ વ્યક્ત થઈ છે. જ્યારે કવિ રાત્રે અર્ધજાગૃત નિદ્રામાં હોય છે ત્યારે કોઈ નજીક આવીને મધુર કંઠે ગાતા કવિના મનમાં એ સૂર મૂકી જાય છે. જ્યારે કવિ એકલા અટૂલા

અંધારનમાં ભટકે છે ત્યારે એ કાળા તિમિરમાંથી કોઈક આવીને કવિની આંગળી પકડી તેમને કેડીએ ચડાવી જાય છે. એ વ્યક્તિ કવિના હાથમાં આવતી નથી પરંતુ કવિને પંથ બતાવે છે. રંગના જંગમાં કવિ રસથી છલકતો પ્યાલો ઓષ્ઠ ઉપર મૂકવા જાય છે ત્યાં જ પાસેથી કોઈક સરકી આવે છે. હળવો ધક્કો દઈ વિષ ઢોળી નાંખે છે અને સરી જતાં હાસ્ય છાંટતું જાય છે. કવિ આ છાની વિષમગતિની રીતનું આશ્ચર્ય વ્યક્ત કરતાં
એમની વાત ફરી ફરી માંડે છે છતાં ય અધૂરી રહી જાય છે.

'જલધિનાદ' સોનેટમાં કવિ કહે છે કે તોફાન-ઘમાસાણમાં હું મહાસ્તંભ રૂપી પ્રભુને જ વળગી રહું છું. અનંતયુગના અસીમ પટમાં તેને પેખું છું. સનાતન અગમ્ય પથે ભ્રમણ કરવા હે પ્રભુ તું મને સંગાથ આપજે. એ મહાસાગર રૂપ પ્રભુને પોતાની જીવનનાવ ગ્રહી લેવા કહે છે.

'ભોમ-વ્યોમ'માં કવિ કહે છે કે અફાટ ભવ્ય ભૂમિ ઉપર એક બિંદુ શો હું શીશ ઉપર મહા અદ્ભુત અતલ વ્યોમ ધારીને ઊભો છું. વ્યોમનું કોઈક તેજસ્વી બૃહદ્ચક્ર મારા શીશને ગ્રસે છે અને કવિ ઊર્ધ્વગમન કરે છે.

'ફવા હૈયે' કાવ્યમાં કવિ ફવાને હૈયે ગરક બનતી બકુલોને સંભાળી લેવા એ દિવ્ય કરને પ્રાર્થે છે. 'ન ભૂખ'માં કવિ જણાવે છે કે હવે મને કોઈ વાંછના નથી, કશી ભૂખ નથી. માત્ર તૃપ્તિ-સૌંદર્યનું વહન તારા થકી હરેકમાં થતું રહે એ જ માગી રહ્યા છે. કવિ માતાજી પ્રત્યેના ભક્તિભાવને પ્રગટ કરતાં ચિત્તની પ્રસાદ લહરી અને સૌ ચિત્તની કૃપા વિતરનારી બની જવા પ્રાર્થે છે.

'નરી પ્રકૃતિ' સોનેટમાં કવિને સર્વત્ર પ્રચ્છન્ન નરી પ્રકૃતિ જ દેખાય છે. પુરુષનું નામ ય ક્યાંય નથી. પરંતુ અદૃશ્ય પવનોથી કોઈના નિગૂઢ સ્પર્શી સહુની ગતિને મતિ સ્ફુરે છે. તો જ્યાં પ્રકૃતિના પવન સરતા ન હોય ત્યાં અફાટ જલ-હોણમાં ખડક સમાન અકંપ્ય દૃઢ સ્વયં પ્રકૃતિના મહાસ્વામી શો સ્વયં પુરુષ ખડો દેખાય છે અને કવિની આંખો એનામાં જ ક્યાંક ઊર્ધ્વમાં કે ઊંડા ગગનમાં સૂતેલા પરમાત્મની પાસે જડાઈ જાય છે. 'સોમોલ્લંઘન'માં કવિ મૃત્યુબાદ શરીરથી અળગા બનેલા આત્મા વિષે વિચાર કરતાં કહે છે કે તન અને મનથી મુક્ત ચિતિના ગહન રૂપે સ્ફુરંતા અને ચૈત્ય જગમાં સરંતા આત્માના દૃગ શું અહીં અમારા ઉપર કદી ઢળતાં હશે ખરાં?

'સમાપ્તિ' કાવ્ય લેખનકળાને વિષય બનાવે છે. પુસ્તક વાંચ્યા પછી સમાપ્ત થાય છે પરંતુ તોય પુસ્તક હાથ-હેઠું બનતું નથી કારણકે ત્યાં જે રચાયું છે તેની અક્ષરરૂપે હવે બીજે કંઈક બીજું રચાતું રહે છે. કવિને એ રીતે જિંદગીનું એક પુસ્તક જ સમાપ્ત થતું જણાય છે. આ રીતે પુસ્તકને જીવનના સંદર્ભમાં સાંકળી ચિંતનના પરિમાણને બૃહદ્ અને આધ્યાત્મિક બનાવે છે. 'મહાભિનિષ્ક્રમણ'માં કવિ ભોળા અબુધ દુઃખી જગતને ઉદ્ધાર માટે મહાન બોધિ શ્રી અરવિંદનું શરણ ગ્રહણ કરવા જણાવે છે.

'ઝરે છે' આમ તો વર્ષાકાવ્ય છે. અનેક રૂપે પ્રગટતી વર્ષા પૃથ્વીને નવ્યતા, ચેતના, પ્રકાશ અને જીવન આપનારી છે. ગીતાના અધ્યાત્મચિંતનનો સંદર્ભ રચી કવિ અરવિંદદર્શનાનુસાર જીર્ણ ધરતી નવ્ય બનાવવાની પ્રક્રિયારૂપ વર્ષાને જુએ છે.

'અને જૂનું જૂનું જગત નિજનાં જીર્ણ વસનો
ઉતારી કો જામો સુરભિત ધરે ઇન્દ્રધનુનો.'

(ઉત્કંઠા.પૃષ્ઠ-૧૦૬)

'અમરતાની વાત', 'અહીં સાક્ષાત્', 'અહીં તે છે', 'સંગ્રામિની' અને 'ગયાં આવ્યાં' સોનેટ માતાજી વિષયક છે. ૧૯૭૩માં માતાજીના અવસાન બાદ લખાયેલાં છે. 'અમરતાની વાત'માં કવિ કહે છે કે તમે અમરતાની વાત કરી છે એટલી કોઈએ

કદી કરી નથી. પળે પળે તમે અમને નવજીવન અર્પી રહ્યાં છો. તમે જીવતી મૂર્તિથી આજ અહીં હતાં હવે ત્યાં છો. 'અહીં સાક્ષાત' કાવ્યમાં કવિને માતાજીના હાથના પારસમણિનો સ્પર્શ થાય છે, પ્રભુની શક્તિ અહીં સાક્ષાત્ બનીને આવી છે.

'અહીં તે છે ' કાવ્યનું અનુસંધાન 'યાત્રા' ના 'તને મેં ઝંખી છે, પ્રખર સહરાની તરસથી '.એ ટોચ પંક્તિના કાવ્યની સાથે મળે છે. કવિ જેને સહરાની તરસથી ઝંખતા હતા તે માતાજીમાં તેમને મળે છે.'અહીં તે છે' સૉનેટ રૂપે છે.

' હતી ઝંખી જેને પ્રખર સહરાની તરસથી
અહીં તે છે '
(ઉત્કંઠા, પૃષ્ઠ- ૧૨૪)

અને કવિ બધાંને તેના શરણમાં જવા કહે છે .

'અહીં આવો ઓ સૌ . નિજ નિજ તણાં ભીતર લઈ ,
તમારે અર્થે ત્યાં અમૃતમયી તે છે અવતરી .'
(ઉત્કંઠા, પૃષ્ઠ - ૧૨૪)

'સંગ્રામિની'માં કવિ માતાજીને ઉદ્દેશીને કહે છે તું અંધારનો પડિયો કરી સુકોમળ લાસ્યે પ્રગટ થાય છે, નયનનાં આંસુ લૂછી મુદામય કંકણ રણકતા હાથ બધા દુરિતગહોને દોરામાં બાંધે છે. કુટિલજગનો એક બાજુ ભૂતાવળો ઝૂમે છે તો સામે માતાજીના મધુર સ્મિતના અમોઘ સુધાજલો છલકાય છે. આમ કવિ જગતની કુટિલતા સામે સંગ્રામ કરી અમોઘ સુધાજલનું સિંચન કરતા સંગ્રામિની રૂપે માતાજીનું વર્ણન કરે છે. 'ગયાં આવ્યાં ' સૉનેટ માતાજીના અવસાન બાદ લખાયેલું છે. કવિ માતાજીને ઉદ્દેશીને કહે છે : તમે જગતનાં આંસુ લૂછયાં છે, સૃષ્ટિભરના ઝૂણ સાજા કીધા છે. પ્રભુપ્રેમનો પરમ રસ તમારે હૈયે ભરેલો છે અને તમારા આત્મામાં પરમ આત્માને તમે ધારેલો છે. તમે આખી સૃષ્ટિ હથેળીમાં ધારણ કરી શિશુવત્ જગતને મસ્તકે પરમ આશિષ આપી છે. તમે વિશ્વમાં પરમતમની પ્રેમલમુદા બની વષ્યાં છો અને વ્યોમમાં શત શત દ્યુતિનો શતકલા રચી છે. કવિ કહે છે 'ગયાં' એવું તો નયન જ માત્ર કહેશે પરંતુ અમારા અણુ અણુ તો કહેશે કે તમે હતાં તેથી યે વધારે સભર બનીને અહીં રહ્યાં છો. કવિ જગત ઉપર નવી આશિષ લઈને માતાજીને વળી પાછાં આવવા કહે છે.

શ્રી અરવિંદ અને માતાજીને વિષય બનાવતાં અન્ય કાવ્યોમાં 'તારે ચરણ'.' શ્રી અરવિંદ '.' નવદીક્ષા '.' શકું માગી ? '.' પ્રભાતે', ' તું '.' ધરતી હૈયે', 'અમરતાની વાત '.' મિલાવનહારી ' ઈત્યાદિ ગણાવી શકાય. '

'તારે ચરણ' ભક્તિભાવનું સ્તુતિગાન છે. કવિ કહે છે તારે ચરણે ક્ષારાબ્ધિથી ઉછળીને એક બિંદુ આવ્યું છે તેના ક્ષાર હરી, હે અમૃતના અતલ ચૈતન્યસિંધુ, તેને તારા ક્રોડમાં ધાર. હે અમિત સૌંદર્યના દિવ્યપુંજ તારે ચરણે જગ-ઝાડીના ઝુંડથી કંટકિત એક ગુંજ આવ્યો છે. તેના કાંટ હરી લઈ તારા હૃદય ઉપર ધાર. હે શાશ્વત તેજના ભવ્ય શૃંગ ' તારે ચરણ ઘન પ્રકૃતિના ઘર્ષણથી સળગતો એક સ્ફુલિંગ આવ્યો છે તેની ક્ષણિકતા હરી ,તવ મુકુટ પર ધાર.

'શ્રી અરવિંદ 'કાવ્યમાં કવિએ અરવિંદના વ્યક્તિત્વને ગીતમાં ગૂંથ્યું છે તેની ઉત્તમ સ્વરરચનાવાળો કૅસેટ પણ ઉતારાઈ છે. કવિ પોતે કહે છે તેમ 'શ્રી અરવિંદના વ્યક્તિત્વને ગીતમાં ગૂંથવું સહેલું નહોતું. તે માટે ઘણા ઘણા યથાર્થ શબ્દો શોધવા પડેલા..તેમાંથી નિર્વાહ્ય ગણાય એવી રચના બનેલી લાગી પણ તે રચનાને અતિક્રમીને કૃતિએ છેવટનું જે રૂપ લીધું તે" ઉત્કંઠા'માં પ્રગટ થયેલી કવિતાનું છે. શ્રી અરવિંદના વ્યક્તિત્વ સાથે શ્રી અરવિંદનું દર્શન અભિન્ન રીતે જોડાયેલું જ છે, આથી

સુંદરમ્‌ની કવિતાઓમાં આવતું અરવિંદતત્ત્વચિંતનનું સારસત્વ પણ અહીં પૂર્ણતઃ પ્રાપ્ત થાય છે. કાવ્યનો સારાંશ આ રીતે આપી શકાય.

શ્રી અરવિંદ હૃદય હૃદયમાં વસેલા છે. પુનિત દ્યુતિરૂપ અરવિંદે ધરણી-તલ પર પોતાનાં પગલાં પાડી જ્યોતિર્મય અંકુર આણી આપ્યાં છે. હે મધુરદ્યુતિ રૂપ, તારી કરુણા અને પ્રેમ અનર્ગલ છે. જેનાથી જગના દાવાનળ ભસ્મ બન્યા છે. હે અમૃત દ્યુતિરૂપ અરવિંદ, તું ધારક, પોષક, દ્યોતક છે. તેં જગને સ્વર્ણાંબર ભર્યું છે. હે જ્વલદ્ દ્યુતિરૂપ અરવિંદ, તમે ગહનતિમિર અવગુંઠનના ભેદક છો. એક મીટમાં શત શત ચિતિના સર્જક છો. હે પરમદ્યુતિ અરવિંદ, નયને નયને તમારા પરમ દૃગ હો, વિગલિત જગ તમારે હૃદયે વિરમો.

'નવ દીક્ષા' એ આઠ સૉનેટ ધરાવતું કાવ્ય છે. શ્રી અરવિંદનું ૫/૧૨/૫૦ ના દિવસે અવસાન થયું. તેમના દેહને ૯/૧૨/૫૦ના દિવસે સાંજના સમયે સમાધિ આપવામાં આવી. ત્યારબાદ રચાયેલું આ કાવ્ય છે.

પ્રથમ સૉનેટ તા.૧૨/૭/૫૧ના દિવસે રચાયેલું છે. શ્રી અરવિંદને સમાધિ આપવામાં આવી તે સાંજનું અને કવિની અનુભૂતિનું વર્ણન છે. કાવ્યનો પ્રારંભ થાય છે સાંજના વર્ણનથી.

'હતો ખરતો પત્તો પાનખરનો સમો સાંજનો,
અને રવિની શાંત સ્વર્ણ કિરણાવલી ત્યાં હતી,
ઢળેલી મૃદુ વસ્ત્ર શી સહુ પરે, ત્યહીં ઝૂલતા
મહા સઘન વૃક્ષ પે, ગૃહ શિરે, સમો - અંતરે.'
(દિનકરા, પૃષ્ઠ- ૧૧૨)

પ્રમાતુર-પ્રશાંત-ધીર ગહન સાગર રૂપી ચિત્તનાં અનંતતલનાં સમસ્ત જલ આજે ડહોળાઈને સ્થિર ઊભાં હતાં. એક અગમ્ય મહાન અભીપ્સાનો મહાસઢ ચઢાવીને એક નૌકા ત્યાં સરતી હતી. અરવિંદને સમાધિ આપવા પ્રચંડ મેદનો અમલા શાંતિના પ્રકાશથી પૂર્ણ, કોઈ ગૂઢ સ્પર્શથી ભરેલો ત્યાં ઊભો હતો. એક અકલ ખંજરી આજે ઝણઝણી રહી હતી કે પિતા આપ અતલમાં ક્યાં સરી જાઓ છો?

બીજા સૉનેટના પ્રારંભમાં અતલમાં જતા અરવિંદ પોતાની ઉર્ધ્વતા-વિજયધ્વજ ત્યાં અધપ્રમાંશ નમસતલે વિસ્તારવા જઈ રહ્યા છે એવી કલ્પના કરે છે. શ્રી અરવિંદે મહાતમસ સાથે જંગ કર્યો અને ક્ષણક્ષણ પ્રહારો ખમી, અદમ્ય નિજના પ્રહારો ઝીંકી આજે મૃત્યુને ક્ષત કર્યું. અરવિંદનાં પાર્થિવ શરીરને કવિ તિમિર-કાય ગણે છે. એ અચિત બનેલી કાય અહીં ઓજથી હણાઈને ઢળી પડી છે, જેણે સ્વર્ણનો પરમ ચંચળો ઓઢેલો છે. આ કાવ્ય ૧૪/૭/'૫૧ ના દિવસે રચાયું હતું. આજ દિવસે રચાયેલું ત્રીજું સૉનેટ છે જેમાં કવિ કહે છે અમે વિકલ જનોએ 'મરણ' શબ્દ ઉચ્ચારતા આવીએ છીએ અને ઘડીભર તિમિરના વાદળ છવાઈ જાય છે પણ આ તો બે પળ માટે જ હતું. શિખરથી આપની આણ ત્યાં ધસી રહી અને 'ઉરે ક ઉરેને પરમ પ્રભા અર્પતો -તર્પતો, નશેનશ અગમ્ય એક એક ઘન શાંત સંસ્પર્શનો' વિકલતા હરી લે છે અને કવિ કહે છે કંઈ ભય પામ્યું નથી મૃત્યુ જગતથી કશું હરી શક્યું નથી. પરમપૂર્ણના જે હતો તે હજી ય અક્ષુણ્ણ છે. પહેલાંની જેમ જ દિવ્ય દ્યુતિના ઉદ્ગારનો અમૃતથી સુપૂર્ણ જ્યોતિઘડયો અમર કુંભ આજેય છે અને કવિ નયન ઢાળી, શીશ નામી અરવિંદના ચરણમાં ઊભા અરવિંદના વિજયની ચતી સ્થાપનાને જોઈ રહ્યા છે.

૧૫/૭/૫૧ ના દિવસે લખાયેલા ચોથા સૉનેટમાં અરવિંદના જયની સ્થાપના કઈ રીતે થઈ તેનું વર્ણન કવિ કરે છે. હે પિતા તમારા મુખેથી અમે સદા જય

શબ્દ સાંભળ્યો છે. તમારા નયનથી અમે સદા જય-આણ જોતા છે. મહાયુદ્ધ અને મહાવિજયનો જ આપનો કયા છે. તમારી સમક્ષ જીવન જયોનો માલા હતું. જયપરંપરાને ગ્રહી આપ તમસ ચાંપીને અમરના રસોને ધારતા, મૃતનાં ભોમમાં અમૃતનો કથા બોધતા, અગમ્ય જગનો કલા સુગમ શબ્દ ઉચ્ચારતા અહીં ઊભા છો. હે ગુરૂ, તમે જગપટે સુભવ્ય શુભ ચૈતન્યનો યજ્ઞ રચ્યો અને દૃગથી માત્ર જગતને દીક્ષિત કર્યું.

૧૬/૭/૫૧ના દિવસે રચાયેલું પાંચમું સોનેટ અરવિંદે દૃગથી જગને દીક્ષિત કરી સુખનો ઝળઝળાટો આપ્યો અને પરમ ભવ્ય ભૂમિના ભવનદ્વાર ખોલી આપ્યાં. બધા બૃહત્ રસો અને બધા પ્રખર પ્રકાશો તેમનો જયકૂટ- વિજયપર્વત બની રહ્યાં એમ કવિ જણાવે છે. આજ દિવસે લખાયેલા છઠ્ઠા સોનેટમાં કવિ અભંગ જયકૂટ મૃત્યુથી ભંગ કેમ થયો? એ પ્રશ્નથી આરંભી અંતે કહે છે કે આ મૃત્યુથી કંઈ ઓસર્યું નથી, હે પિતા, અતલના જયાર્થે જ તારી આ ભવ્ય આક્રાન્તિ છે.

સોનેટ-૭ અને ૮ તા ૧૭/૭/૫૧ના રોજ રચાયેલ છે. સાતમા સોનેટમાં કવિ કહે છે કે પહેલાં તો આપનાં દૃગ નિહાળી અમારી દૃષ્ટિ સમુર્ધ્વ શ્રુતિ-દેશમાં જ જતી હતી પણ હવે ધરા-ઉરે આપના પગલાં નિહાળી પાછી વળે છે. હવે અમે આપને ઉપર-નીચે બધે ય નિહાળીએ છીએ. તમે 'અમને ધરો અખિલનો બૃહત માણમાં' -એ વિચારને આગળ લંબાવતા આઠમાં સોનેટમાં કવિ કહે છે કે હવે શરીર-અશરીરનો ભેદ રહ્યો નથી. જયાં આપ ત્યાં સઘન સત્ય રહ્યું છે. હવે આપ જયાં છો તે મુલક-દેહનો પારનો છે અને હવે આપના પ્રખર સાંનિધ્યથી એ ધબકી રહ્યો છે. હવે આપ જમીનખંડ-અમપંડ-બ્રહ્માંડમાં પણ અમારી સૌ સાધનાને પરમભૂમિમાં સ્થાપતાં, અમ અપારનો પાર પણ ભવ્ય કારુણ્યની ગતિ કરી રહ્યા છો. કવિ પ્રાર્થે છે કે હે પરમ તાત, આપનો આ પરમ યજ્ઞ અહીં પૂર્ણ સમિદ્ધ, મહામંત્રથી સતત ગુંજતો રહે અને જગતને અનંતની દીક્ષા નિત્ય સાધે. હે ગુરુ, આપને નમસ્કાર હો. આપની પરમકૃપા હંમેશા અહીં હજો. અમારી ઉરજયોતને સતત આપ સંકોરજો. આમ આ સોનેટઅષ્ટક અરવિંદને સમર્પિત છે.

'શકું માગી?' કાવ્ય ૧૫/૭/૭૩ ને ગુરુપૂર્ણિમાના દિવસે રચાયું છે. કવિ કહે છે કે હું શું માગું? કે શું પ્રાર્થું? કારણકે જેને કોઈ દિવસ જોયાં નથી, બહુ સાંભળ્યા છે ખરો પણ તે મારા માટે અજાણ્યો, અદીઠો પરાયો જ રહ્યો છે તો તેને શું કરવું? ચુપ રહીને આંખો મીંચી સ્તુતિ કે હાથ જોડી સ્તવન કે કંઈજ કરવું નથી. જો દેખાતો નથી તો પછી પ્રભુ છે? પણ કવિને શ્રદ્ધા છે કે પ્રભુ છે અને જો પ્રભુ હોય તો બધું જ કાર્ય પ્રભુએ જ કરવું રહ્યું. બધાં કાર્યમાં પ્રભુએ શું કરવું જોઈએ તેની યાદી કવિ આપે છે. એકતો અદીઠાં ધામોથી અહીં પ્રગટવું, રૂપ ધરવું, સઘન નિજ આલિંગન દઈ ધરાને જાતે નિજ ચરણથી અંકિત કરવી, અમારાં નેત્રોને નિજ મિલનથી દાન કરવું અને અમારા હૈયામાં નિજ હૃદયનું તેજ ભરવું.

'હે ગુરુ તમે આ કીધું : તો નમન અમ લાખો-અબજ લો.'

(ઉ-કવિતા, પૃ.૧૬-૧૧૭)

'પ્રભાતે' કાવ્યમાં પ્રકૃતિના આશ્રયે માતાજીનું વર્ણન કરે છે. અને પ્રત્યેક પ્રભાતે એ ત્રિભુવન-જનગણની માતા, અલખતણી બાલા અવનવા રઢિયાળા રંગો રચે છે. તો 'તું' કાવ્ય પણ માતાજી વિષયક કાવ્ય છે. માતાજીને ઉદ્દેશીને કવિ કહે છે કે તું હૃદયે વસનારી, ઘટ ઘટની ભીતર નર્તનહારી, અંતરના તારને સ્પર્શતી, તિમિરોના ઘણને વાળી લૈ રખવાળી કરતી, અમારાં માનસ મુકુલિત કરતી, જીવનના પ્રાણ ઉપર અમીમય કરુણા વરસાવતી, જીવનની જન્મ ક્ષણોની ધાત્રી, કદમે કદમે અગ્નિજયોત પજજવલતી, નયનો પર પડદા ઢાળી અન્ય નયનો દેનારી, જગમાં અને જગપાર અમારી

સાથે ઘુમનારી છે . તું પ્રભુનો અનગોળ આનંદ, પ્રભુની પર શકિત છે. તું ઋત ધારણ કરનાર અમારી અંતિમ મુકિત છે. તું અમારા ચરણોની ગતિ, અમારા નેત્રનો ધ્રુવતારા છે. હે હરિની રસધારા . તારા હૃદયે અમારો વાસ છે. અહીં સ્તુતિ રૂપે માતાજીના ભકિત-તત્ત્વને ગૂંથી લેવાનો કવિએ પ્રયત્ન કર્યો છે.

'ધરતી હૈયે ' કાવ્ય શ્રી માતાજીનું અવસાન તા.૧૭/૧૧/૭૩ ના રોજ થયું. ત્યાર બાદ તા.૨૦/૧૧/૭૩ના દિવસે રચાયેલું છે. અરવિંદના અવસાન બાદ રચાયેલા સોનેટ -અષ્ટકના વર્ણન સાથેનું સામ્ય અહીં જડી આવે છે.

'તમે ય ધરતી હૈયે - ભીતરે પગલાં ધર્યાં,
ભર્યાં પાતાળને દૈવી સાંનિધ્યે, સિદ્ધિને વર્યાં.'
(ઉત્કંઠા. પૃષ્ઠ-૧૨૦)

સમગ્ર કાવ્ય માતાજીના વ્યકિતત્વને વણી લે છે. અન્ય કાવ્યોમાં પ્રગટતા માતાજી પ્રત્યેના ભાવોનું સમવાયી સ્વરૂપ અહીં જોવા મળે છે.'મિલાવનહારી' કાવ્ય પણ માતાજી વિષયક કાવ્ય છે. આ કાવ્ય ૧૯૫૮ માં રચાયેલું છે. અનાદિ કાળથી આ જગત તો હતું જ પરંતુ તેમાં વસનાર વિના શૂન્ય હતું. જો કે જગત તો છે જ. જગતમાં વસનાર પણ છે જ. પણ ચેતનાવિહીન જગત શૂન્ય હતું. જડ હતું, અંધકારમય હતું . કવિ કહે છે કે આ જગમાં પ્રભુ યે હતા. માણસો ય હતા પરંતુ તે બંને વચ્ચેની કડી નહોતી. કવિ 'મુદિતા' સંગ્રહના એક કાવ્ય 'પ્રભુ દેજો'માં આ જ ભાવ વ્યકત કરે છે. ચેતનવાહિતાના અભાવે આવી જતી કુંઠાને લીધે જગતની દરેક વસ્તુનું અનુસંધાન તેના સત્યથી સત્ત્વથી તૂટી ગયું છે પરંતુ પ્રભુ અને મનુષ્ય વચ્ચે કડી બની મિલાવનહારી મા છે. પ્રભુના કરને ઉપાડી મનુષ્યના કર સાથે મિલાવતી મા એ માનવતામાં દિવ્યતા રચવા માટે જ પોતાના જીવનની નૌકાને આ જગતના કિનારે નાંગરી છે. હવે મનુષ્યની અંતર-ચેતના ક્ષણે ક્ષણે પોતાને રચતી કેવલ માના જ ઘાટમાં ઢળે છે. આ દિવ્ય દૃગોની દામિની, રમ્ય પળોની નર્તિકા, અખિલ જગતનો ઉધ્ધાર કરતી વસુંધરાને એના વર આપતી માની કવિ સ્તુતિ કરે છે.

આમ 'ઉત્કંઠા' કાવ્ય-સંગ્રહ મધુરગીતો અને અરવિંદ તથા માતાજી પ્રત્યેના ભકિતભાવને પ્રગટાવતાં સોનેટોથી મહદ્ અંશે સભર છે. 'યાત્રા' પછીના ત્રણેય કાવ્ય-સંગ્રહોમાં કવિનો અધ્યાત્મચેતનાનું પૂર્ણ વિકસિત રૂપ આપણને જોવા મળે છે. આધ્યાત્મિકતાના સ્થિર મુકામે પહોંચેલા કવિ સાધકમાંથી સિધ્ધ બનીને આપણી સામે પ્રગટ થાય છે. વાસ્તવદર્શનથી પ્રારંભાયેલી કવિની ચિંતન-યાત્રા આધ્યાત્મિકતાનું ચરમ શિખર સહોસર કરતા હોય એમ લાગે છે.

## અનાગતા

'અનાગતા' કાવ્યસંગ્રહ સુંદરમ્‌ના ગ્રંથચતુષ્ટયનો અંતિમ કાવ્યસંગ્રહ છે, જે હજી તૈયાર થઈ રહ્યો છે. 'વરદા' કાવ્યસંગ્રહના નિવેદનમાં કવિએ જણાવ્યા અનુસાર આ ગ્રંથચતુષ્ટયના પ્રથમ ભાગમાં પ્રભુ-અગમનિગમ, પ્રકૃતિ અને પ્રણય આ ત્રણ વિષયો-નો અને બીજા ભાગમાં જીવન. વિભૂતિઓ-અંગત અને કાવ્યકળાપ્રધાન વિષયોનો કવિતા સમાવિષ્ટ છે. એ મુજબ 'વરદા' અને 'મુદિતા'નાં કાવ્યો મહદ્ અંશે અધ્યાત્મ, પ્રકૃતિ અને પ્રણયને વિષય બનાવે છે તો 'ઉત્કંઠા'ના કાવ્યોમાં જીવન, વિભૂતિપ્રશસ્તિ અને 'અનુસ્વાર અષ્ટક' જેવાં કાવ્યકળાપ્રધાન કાવ્યો જોવા મળે છે. આ ઉપરથી કહી શકાય કે 'અનાગતા'માં પણ 'ઉત્કંઠા'ની જેમ જ જીવન, વિભૂતિવર્ણન, અંગત તથા

કાવ્યકલાના વિષયોને સમાવતાં કાવ્યો છે. પ્રયત્ન કરવા છતાં પુસ્તકની મૂળ નકલ મળી શકી નથી. આથી 'અનાગતા' સંગ્રહના કાવ્યોનું પરિશીલન શક્ય બન્યું નથી.'

## લોકલીલા

સુંદરમ્‌ના મરણોત્તર કાવ્યસંગ્રહોમાં ગ્રંથચતુષ્ટયના 'વરદા','મુદિતા', 'ઉત્કંઠા' અને 'અનાગતા' પછી ' લોકલીલા ' કાવ્યગ્રંથ ૧૯૯૫માં ડૉ.રમણલાલ જોશી અને ડૉ. ભોળાભાઈ પટેલના સહસંપાદનમાં ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રગટ કર્યો છે. પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવ્યા અનુસાર ' લોકલીલા' ઊર્મિકાવ્યાંક ૧૯૬૨માં શરૂ થયેલું. અહીં પૃષ્ઠ નંબર ૭૭ થી ૯૦ સુધી આવે છે. 'લોકલીલા'ના ૧૯ કડવાંની હસ્તપ્રત સુંદરમ્‌નાં પુત્રી સુધાબહેને સંપાદકોને આપેલી પછીથી સુંદરમ્‌ના ભાઈ શ્રી સુબંધુભાઈને ૫/૨/૧૯૩૪ ની જેલ ડાયરીમાંથી ૨૦મો ખંડ મળી આવેલો, જે અનુસંધાનમાં હતો આથી 'લોકલીલા' એ ૨૦ કડવાંનું, પ્રેમાનંદના ઢાળોમાં રચાયેલા ઊર્મિકાવ્યાંકનું કૃષ્ણ-સુદામાના પ્રવાસનું વર્ણન છે. અનુક્રમમાં પ્રારંભ, ઉમેદ, સુખી સુદામો, મિત્રમિલન, પ્રસ્થાન, પછી કડવું પાંચ છે. કડવું ૬ નથી અને કડવું ૭ થી ૨૦ સુધીનો ક્રમ છે.

કવિની કાવ્યપ્રતિભાનો જે ઉઘાડ'કોયા ભગતની કડવી વાણી'માં આપણે જોયો છે તેનું જ એક જુદું રૂપ અહીં આપણને સાંપડે છે. કવિની સામાજિક સંપ્રજ્ઞતાનો નાતો ફરી અહીં જોડાય છે એમાં કવિના જ સમાજદર્શનના ભાવ -કટાક્ષો, વિચારો અને વાસ્તવદર્શનની હાસ્ય-વ્યંગ્ય રેખાઓનો આપણને પરિચય થાય છે. સુંદરમ્ પ્રશિષ્ટ શૈલીના કવિ છે. છતાંય પ્રાચીન ઢાળોમાં પોતાના કથયિતવ્યને તેઓ સફળતાપૂર્વક ઉપસાવી શક્યા છે. પ્રેમાનંદના ઢાળ જ નહીં વિષયવસ્તુ પણ પ્રેમાનંદના 'સુદામાચરિત્ર'માંથી જ લીધું છે આજના સમાજના સંદર્ભમાં કૃષ્ણ-સુદામાનાં ચરિત્રોને કુટુંબવ્યવહાર અને જગતવ્યવહારના સંદર્ભમાં સુંદર રીતે હાસ્યકટાક્ષ શૈલીના વિગતપ્રચુર વર્ણનોથી કવિએ જે રીતે ઉપસાવ્યા છે તે કવિની સામાજિક વિષમતાઓને જ નહીં રૂઢિ, રિવાજ અને ધર્મ અંગેના , માનવના મહત્તમ કર્તવ્યના વિચારોને પણ પ્રગટ કરે છે. સમાજના કજોડવ્યંગ્ય, રમૂજ અને ધર્મભ્રષ્ટતા, અંધશ્રદ્ધા ઇત્યાદિના ચિત્રોને હૂબહૂ ખડાં કરવામાં કવિની શબ્દશક્તિ અને સર્જકતાનો આપણને જે અનુભવ થાય છે તે સાચે જ અહીં ભાવપ્રેરક છે.

કવિ આ ઊર્મિકાવ્યાંકનો આરંભ સંત મહંત, ઉદાર ગુરુનું સ્મરણ કરીને અને માનવની મહત્તાઈને લાખ વંદન કરીને કરે છે. ત્યારબાદ 'ઉમેદ'માં કવિ કહે છે.

'ભટ્ટ પ્રેમાનંદ ગાઈ ગયા જે કૃષ્ણસુદામાચરિત્ર ,
કાવ્ય કરી ગયા પૂરણ તોયે બાકી ઘણું છે ચિત્ર,
મહામતિ તે કવિએ કીધો કાવ્યકથાનો તંતુ .
આજ લંબાવા ઇચ્છું આગળ. રે શ્રમને જેમ જંતુ . '
(લોકલીલા,પૃષ્ઠ-૧૧)

'સુખી સુદામો'માં શ્રીકૃષ્ણની અસીમકૃપાથી સુદામાનું દારિદ્રય ટળ્યું છે પરંતુ ભક્તસુદામાથી વૈભવ વેઠાતો નથી તેમનું મન ઉદાસ રહે છે એવા વખતે મિત્ર કૃષ્ણનું આગમન થાય છે. 'મિત્રમિલન'માં સુદામા કૃષ્ણ પાસે દારિદ્રય પાછું માગે છે ત્યારે સુદામાનાં રોદણાં સાંભળીને કૃષ્ણ પણ 'પ્રસ્થાન'માં પોતાની હૃદયવ્યથા મિત્ર આગળ ઠાલવે છે. કૃષ્ણને ય ચેન નથી ,સૃષ્ટિના આટઆટલા દુષ્ટો હણ્યા તોયે

દુષ્ટતા તો અખૂટ ઝરાની જેમ ખળાતી જ નથી. કૃષ્ણમુખે કવિ આધ્યાત્મજીવન અંગે પોતાના વિચારોને રજૂ કરે છે.

'સંયમો જીવન કેરી શાંતિ સૃષ્ટિએ હજી ન જાણી જી,'
'વૈભવ જો બને ત્યાગ પગથિયું, તૃષ્ણા જો તૃપ્તિનો માના જી,
ત્યાગ અને એ તૃપ્તિની સિદ્ધિ માહિં સૌ જ્ઞાન સમાતાં જી.'
(લોકલીલા, પૃષ્ઠ-૧૯)

કૃષ્ણ હવે તેમના આગમનનો હેતુ દર્શાવતાં કહે છે કે તને દારિદ્રયમાંથી છોડાવવાનું કારણ એ છે કે તું જગના દુઃખોની ચિંતા કરી શકે. અધર્મના ખાડે ગયેલી માનવતાને ઉગારવા કોઈએ તો તરતા રહેવું જ પડશે. કૌરવકુળના નાશ પછી પણ જગની કૌરવતા ઘટી નથી. સમાજનું ખોખલાપણું દર્શાવતા કવિ મહેલનિવાસીને વૈભવવહાણે વહેતા, પોલા થડના ઝાડની ટોચે ફૂટતી કૂંપળ જેવા વર્ણવે છે. થડ અને મૂળ સડી ગયાં છે માત્ર ફૂટેલી લીલી કૂંપળ બે જ દિવસ લીલી રહેવાની છે. ગગનચુંબી શૈલ-ભવનના પાયાની ભૂમિ તો હોલી. પોલી થઈ ગઈ છે. એ સમાજના પાયા મજબૂત કરવાની કવિઈચ્છા અહીં કૃષ્ણમુખે પ્રગટ થઇ છે.

'એ મૂળ સાંધવું થડ ટકાવવું દૃઢ કરવો છે પાયો જી,
એ જ વિચારથી આજ સખા, હું તારે આંગણ આવ્યો જી.'
(લોકલીલા,પૃષ્ઠ-૨૦)

કૃષ્ણના આગમનનું મૂળ કારણ જાણ્યા પછી સુદામા પણ લોકલીલાનું દર્શન કરી પોતાના પાલવથી ધરતીનાં આંસુ બની શકે તો લૂછવાની ઇચ્છા વ્યક્ત કરે છે. સુદામા કહે છે કે દીનદર્શનની દારુણતા મેં તો સગી આંખે જોઇ છે. પોતે દારિદ્રય ભોગવ્યું છે એટલે એ અનુભવમાં એ પૂરા છે. આ કામ કૃષ્ણવતી પોતે જ કરી લેશે, લોકજીવનનાં કાદવ ફેંદવાની કૃષ્ણને શી જરૂર છે ? એતો કહે છે કે તમે દ્વારકા રહી ધ્રુવતારકની જેમ રસ્તો દોરજો, હું એ તમારું કામ - લોકદર્શનનું - પતાવી દઇશ ત્યારે કૃષ્ણ ખડખડાટ હસી પડે છે. અહીં પ્રેમાનંદની જેમ કુટુંબજીવનની તાદૃશ રેખાઓ આંકી કવિ હાસ્યવિનોદ જન્માવે છે.

'કૃષ્ણ હસ્યા ખડખડાટ સુદામાની વાત સુણી ભાવભીની જી.
એ ખડખડાટે સુદામા પુત્રો વાત સુણંતા તે બીની જી.'
(લોકલીલા,પૃષ્ઠ-૨૦)

કૃષ્ણ કહે છે કે સાગરની મઝધારમાં હોકાયંત્ર દિશા જાણવા કામ આવે છે, ધ્રુવતારક થઇ આકાશમાં હું બેસું એમાં નાવિકને ખાસ લાભ નથી. કવિનો સમાજના દુઃખોને દૂર કરવાનો નિર્ધાર અરવિંદના યોગદર્શન પછી પણ એવો કરુણાસભર છે પરંતુ માત્ર કરૂણાના આંસુ વહાવ્યે કંઈ વળશે નહીં. ભેખ ધરીને ભાવસમર્થન કરવું પડશે. 'કોયા ભગતની કડવી વાણી' ગાઈ ત્યારે કવિને ઉપાય ખબર નહોતો માત્ર વાસ્તવદર્શન જ હતું પરંતુ હવે વાસ્તવ જગતના દુઃખનો ઉપાય એમને જડી ગયો છે ત્યારે પ્રગટતી તેમની સામાજિક સંપન્નતા જુઓ ---

'લોકજીવન પે કરુણા કેરાં આંસુ વહાવ્યે અર્થ ન જી.
ભાવનાઓને ભેખ ધરીને કરવું ભાવસમર્થન જી.'
'ભાવનાથાકે જીવનગારો થકવો ભાઇડ બનાવવાં જી'.
'દર્શન જે છે આપણી આંખ પાંખ જે છે કૌવત જી,'

'યોગ અનેરો આદરવો આ, વર હવે ન દેવાના જી.'
'અખંડ માનવતાને લાવીએ બંધુત્વના વડ છાંયે જી.'
(લોકલીલા, પૃષ્ઠ-૨૦-૨૧)

અહીં અરવિંદનો ઉપદેશ આપણને કૃષ્ણમુખે કવિ આપતા જણાય છે.

ત્યારપછી કૃષ્ણસુદામા નવા જીવનની નવી કેડીએ ડગલું દેતા ચાલી નીકળે છે. આમ લોકલીલાના દર્શન અર્થે કૃષ્ણસુદામાનો સહપ્રવાસ આરંભાય છે. અહીં સમાજદર્શનની સ્થૂળ ભૂમિકા નથી પરંતુ નિયતિની અજબ લીલાનું દર્શન કરવાનો ઉપક્રમ છે. એ અર્થમાં 'લીલા' શબ્દ સાર્થક છે. લોકો કૃષ્ણસુદામાને ઓળખી ન જાય માટે વેશપલટો કરી તેઓ યાત્રાનો આરંભ કરે છે. યાત્રાનું વર્ણન કૃષ્ણસુદામાને થતા અનુભવો અને જેને સમાજ દર્શન પ્રત્યેનો તેઓનો પ્રતિભાવ એ 'લોકલીલા'ના કથયિતવ્યનું મુખ્ય પાસું છે. વિવિધ સ્થળોની મુલાકાત અને એ મુલાકાત દરમ્યાન જનજીવનની જે ઝાંખી થાય છે તેમાં રૂઢિરિવાજોની ચુંગાલમાં ફસાયેલું, ધાર્મિક અજ્ઞાન, અંધશ્રધ્ધા અને પાખંડનો શિકાર બનેલું લોકજીવન નાદૃશ થાય છે.

કડવું-૫ માં કૂવાકાંઠે સ્ત્રીઓના હૃદયમાં વિધવિધરૂપે ઊઠતી કૃષ્ણની છબી, આખલાની લડાઈમાં અટવાયેલા છોકરાનો કૃષ્ણ દ્વારા બચાવ, ધરમશાળામાં નિવાસ અને ઉગરી ગયેલા છોકરાના માબાપના આતિથ્યનો આસ્વાદ માણવા મળે છે. કડવું- ૬ નથી. કડવું- ૭ માં બપોરે ચા-પાણી કરી યજમાન સાથે રાતે ભવૈયાનો ખેલ જોવા કૃષ્ણસુદામા જાય છે. આ ખેલમાં કૃષ્ણસુદામાનો પાઠ ભજવતા નાટકના ભવૈયાનું કટાક્ષમય વર્ણન મળે છે. કડવું- ૮ માં મૂર્તિપૂજાની જડતા પ્રત્યેના ચાબખા આપણને સંભળાય છે. તેમાંય અરવિંદદર્શનનો ઝાંય નો પડયા વિના રહેતો નથી.

'જડનો જડતા ટાળવા કાજે ચેતને પાથર્યા ખોળા.
ચેતન સામે ચેતને માંડયા કેવાક ગરબડ ગોળા.'
(લોકલીલા,પૃષ્ઠ-૪૨)

કડવું-૯માં કૃષ્ણસુદામા તળાવકાંઠે મંદિરમાં આવે છે. ત્યાં મંદિર પાછળની કોઠારામાંથી પાણી ભરતો શેઠાણીઓ. મંદિરના પૂજારીની રંગલીલા, એક કન્યાએ ચખાડેલો પદાર્થપાઠ ઈત્યાદિમાં પણ ધર્મની દુર્ગંધતા, સંકુચિતતા પર કવિ પ્રહાર કરે છે.

કડવું-૧૦માં કૃષ્ણસુદામા બ્રાહ્મણવાડે જાય છે. અહીં નાતજાતના વાડા અને બ્રાહ્મણધર્મની પોકળતાને કવિ છતાં કરે છે અને કહે છે --

'એક અચળ છે માનવ ધર્મ શાશ્વત ક્યારેય ન ખોટો જી.'
(લોકલીલા, પૃષ્ઠ-૫૩)

કડવું- ૧૧માં બ્રાહ્મણભટ્ટને ત્યાં કૃષ્ણસુદામા ખીચડો જમવા બેઠા છે. ભટ્ટનો છોકરો આવા ધાર્મિકવેડામાં માનતો નથી આથી રસોડામાં મોમાં ઉંદર લઈને પેઠેલા બિલાડીને કાઢવા તેને ભટાણી બોલાવે છે ત્યારે તે જવાબ આપે છે કે હું તો વટલાયેલો - ધર્મભ્રષ્ટ થયેલો છું. હવે રસોડામાં કેવી રીતે પેસું? સાંજે પટેલને ત્યાં વિવાહમાં જવાનું હોઈ અત્યારે ખીચડો જ કર્યો છે.

કડવું-૧૨માં યજમાન સાથે લગ્નમાં પહોંચેલા કૃષ્ણસુદામા લગ્ન પ્રસંગના ઠાકઠમાળ, ખોટાખર્ચા અને જમવાનો જમાતની વચ્ચે કૃષ્ણ ગરીબો અને વાઘરા વચ્ચે એકડામાં બેસવાનું પસંદ કરે છે. તે કહે છે --

'યુધિષ્ઠિરના જગનમાં મેં એંઠું ઉપાડ્યું, તમને જાણ?'

આજ એવું સેંકડવાડામાં હું એ જ યુગમાં માગે ધ્યાન,
એઠું ખાનાર લોક છે જ્યાં લગ, ધૂળ તમારાં સૌ પકવાન.'
(લોકલીલા, પૃષ્ઠ-૬૨)

અહીં કવિનો સમાજવાદનો ભૂમિકા અકબંધ જળવાઈ રહેલી જોઈ શકાય છે. દલિત-પીડિતોની વચ્ચે જ ભગવાન તો હોય એ વાત કૃષ્ણના તેમની વચ્ચે બેસવાના આગ્રહમાં જણાઈ આવે છે. કૃષ્ણ સુદામાને અને ભટ્ટના નવા વિચારો ધરાવતા દીકરા મોતીને સંબોધીને કહે છે કે હવે નવો જમાનો આવ્યો છે. ભૂખ્યા લોકો જે આજે તમને જમવા દઈને એઠું લૂંટે છે તે કાલે તમને જમતા પહેલાં જ લૂંટશે, તમારી ભર્યા ધાનની કોઠીઓ ખાલી કરશે. એ જ દબાયેલા કાલે તમને ઉખેડી નાંખશે. તવંગર ભાઈચારો શીખે. અધું અધું વહેંચીને ખાતાં નહીં શીખે તો ભાઈચારામાં ભેગા થયેલા લોક તમને પીસી નાંખશે. આવા કૃષ્ણના શબ્દો કોક કોક બોલે છે અને વિવાહ મ્હાલતા લોક હુડૂડ થતા વેરાઈ જાય છે. અહીં ગાંધીજીના આર્થિક અસમાનતાને દૂર કરવાના વાલીપણાના સિધ્ધાંતના સમાજવાદની ભૂમિકા જોઈ શકાય છે.

કડવું- ૧૩ માં પટેલની જાનમાં યજમાન કૃષ્ણસુદામાને ખેંચી લાવ્યા છે, ત્યારે કૃષ્ણસુદામા તળાવકાંઠે ધૂળથી ધોળાયેલી કાયાને જળથી ધોવા આવે છે. ત્યાં નહાતાં નહાતાં કૃષ્ણ જીવનના પલટાતા આધારોની, સંતોની અને દરિવણોની અને ડામાડોળ વિશ્વમાં પણ અંતરની સ્વસ્થતા- સમતાની શીખ આપે છે. એવામાં કૂવે પડવા આવેલી દુઃખિયારી પરણેતરને કૂવે પડતી બચાવવા કૃષ્ણ ભીના લૂગડે દોડે છે. સુદામા એને શાંતા આપે છે. કૃષ્ણ તો કેટલાના ચીર પૂરે, કેટલાના ઝેર નિવારે? એ તો સુદામાને કહે છે કે હું એક વાર નહીં સાતવાર જન્મ લઈશ તો પણ કોઈનો સાન ઠેકાણે આવવાનો નથી. નારીના કંથ - બાંધવા મને નજીક આવવા દેતા નથી, નારીની અવદશા માટે હું કંઈ કરી શકું તેમ નથી. કવિ સુંદરમ્ અહીં ભગવાનના મુખે જ ભગવાનના ભરોસે ન રહેતા ઝૂઝવામાં જ જીવન અને મૃત્યુ મળે તો આત્માનું કલ્યાણ થવાની વાત રજૂ કરે છે. આ વાત ચાલે છે ત્યાં એકાએક બાઈ ઉછળીને કૂવામાં પડે છે. ત્યારે એને દુઃખમાંથી ઉગારી લેવા સુદામા કૃષ્ણને જણાવે છે, તો કૃષ્ણ એનું સમાધાન કરતાં કહે છે કે મૃત્યુ દુઃખકારી નથી એના જીવને શાંતિ આપવા અને એને પાર ઉતારવા મેં જ સત્વરે એના પ્રાણ હર્યાં છે. આમ કૃષ્ણ અને સુદામા બંને મૂંગા થઈ, હાથમાં શીશ ઢાળી હેઠા બેઠા, ત્યાં ગામમાં લગન પૂરાં થયાંના ઢોલ-ત્રાંસાં ગાજ્યાં, ત્યારે કવિ સમાજનો વિરોધી સ્થિતિઓને વર્ણવતા વ્યંગ્યવાક્યો રજૂ કરે છે. આજે ઉજમાળે લગ્ન કરીને પાનેતર ઓઢીને જે કન્યા સાસરે જાય છે તેને સાસુ, નણંદ કાલે પજવીને રોવડાવશે એટલે કાલે બીજી ચુંદડી ઓઢીને એ ચિતામાં ઊંઘી જશે. આ કડવામાં સત્ય-વચન કવિ કૃષ્ણમુખે જ કહેવડાવે છે. આમ ત્યાર પછી કૃષ્ણસુદામા બાકી રહેલું સ્નાન કરવા ઓવારા પર આવ્યા તો કડવું-૧૪ માં ગોપીઓનાં વસ્ત્રો હરનારનાં જ વસ્ત્રો કોઈ લૂંટી ગયું છે. ભગવાનનાં ય લૂગડાં લઈ જાય એવા આ જમાનામાં લૂંટ સાર્વત્રિક છે. હવે કૃષ્ણને અંગે ટાઢ ચડે છે અને એ વાત અધૂરી મૂકે છે પણ કૃષ્ણનાં ચીર કોણ પૂરે? ત્યારે સુદામા કહે છે કે જગરાય તમે તો ઘણા ભક્તોની વહારે ધાયા છો આજે ભક્તોને વહારે બોલાવો. કાંતો કલ્પવૃક્ષ હલાવો, આનો ઉત્તર આપતાં કૃષ્ણ કહે છે-

'હો રે કૃષ્ણ, ખડાં કલ્પવૃક્ષો રે, દેરદેર સમજીને ઠરખો રે,
ઊગે માણસને હૈયે રે, માત્ર ઉગાડનાર જ જોઈએ રે.'
(લોકલીલા, પૃષ્ઠ-૭૬)

હવે બીજો પ્રોનકો છે કે નોચોવો એનોઘો દિલ ભુછી બંને અંધારામાં જાય છે તો લોકો એમને વાઘરા સમજે છે ત્યારે મુશ્કેલીમાંથી ઉગરવાનો કૃષ્ણ સંકલ્પ કરે છે. દુનિયા ભગવાનને લૂંટે છે તો ભગવાનેય વિશ્વને ઉગારવા આજે લૂંટ કરવાનો નિર્ણય કરે છે. જાનૈયા વેવાઈ મંડળમાં ગયા છે અને જાનીવાસો સૂનો છે ત્યાં વસ્ત્રભરેલો પેટી ઉઘાડો કૃષ્ણ કોટ અને કાળો ટોપો પહેરી લે છે. તો સુદામા ડગલો અને ફાળિયું. પછો બંને ત્યાં રોકાવું લાજમો ન સમજતાં સત્વરે ગામ છોડો ચાલો નીકળે છે.

કડવું - ૧૫માં કૃષ્ણ-સુદામા ચાલો ચાલોને થાકયા ભૂખ્યા એક કોસ નજીકનો ઝૂંપડોમાં આવે છે. ઝૂંપડોમાંનો બાઈ આગ્રહ કરી લૂખું ધાન જમાડે છે. છેલ્લે દારૂડિયો પતિ રાત્રે આવે છે, તેને મારે છે છતાંય રોતા બાળકને અને ભૂખ્યા પતિને બંનેને તે તૃપ્ત કરે છે.

'હૈયે એને બાળ ધાવે છે, હાથથી પતિ પામે છે અન્ન,
ટમટમતો એક દીપ ભાળે છે દૃશ્ય બધું આ કંપતો તન.'
(લોકલીલા.પૃષ્ઠ- ૭૭)

પ્રેમાનંદનો જેમ કવિનો રસસિદ્ધિ ય કંઇ ઓછો નથી. મૈથિલીશરણ ગુપ્તનો 'આંચલ મેં હૈ દૂધ ઔર આંખો મેં પાની' પંકિતનો જેમ નારીનો કરુણદશાનું રસઘન ચિત્ર કવિ અહીં આંકો આપે છે. કરુણરસનો અહોભાવ જન્માવતો છોળ આપણો આંખને ય ભીંજવતો જાય છે. કૃષ્ણ પોતે પણ આ નારીશકિતને નમન કરે છે. કૃષ્ણ પોતે આ દૈવો શકિતને ~~શકિતને~~ નવલખ નમસ્કાર કરતા કહે છે -

'હું કોણ તારાં ચીરનો દેનાર, તું જ મારી આશા અંકોળ.'
(લોકલીલા,પૃષ્ઠ- ૭૮)

કડવું -૧૬માં ઝૂંપડોમાંના આ દૃશ્યને બહાર પરાળ પર સૂતેલા કૃષ્ણ-સુદામા જોઈ રહ્યા હતા તે હવે સૂઈ જાય છે પણ ઊંઘ આવતો નથી. સવાર પડે છે અને ખેતરમાંના નાળે નાળે બંને જણા હાલો નોકળે છે ત્યાં સાંકડી વાટમાં તોતડિયા શેઠનું ગાડું પંદર જણા રોકે છે અને શેઠાણીના ઘરેણાં અને મુદ્દામાલ લૂંટો લે છે. આ વાટપાડુના કાર્યને યોગ્ય ઠરાવવાનો કૃષ્ણનો પ્રયત્ન કડવું -૧૭ માં જોઈ શકાય છે. અનેક દલીલો અને સામાજિક ઈતિહાસ બતાવીને કૃષ્ણ સુદામાને ન્યાયનીતિ સમજાવે છે.

કડવું -૧૮ માં પ્રકૃતિનો સુંદરતાનું પાન કરતા કૃષ્ણ-સુદામા એક કોસ ચાલતો હતો એવો વાડોમાં આવે છે. ત્યાં વસુલી કરવા આવેલા શેઠનો વાર્તાલાપ અને બે ખેતરના ઝઘડામાં એકબીજા સાથે વેર લેવા તત્પર પિત્રાઈઓનો વાત તેઓ સાંભળે છે. એક જણ જે ધારિયું ઘસતો હોય છે તે વધો પડેલા ઝઘડામાં સામાવાળાને ધારિયું મારી બેસે છે. શેઠ સાક્ષી આપવાનો બીકે પોબારા ગણો જાય છે. ફરિયાદ કરવા તત્પર પિત્રાઈઓ ત્યાંથી વેરાય છે. સુદામાના મનમાં પ્રશ્ન પ્રગટે છે કે પ્રકૃતિ લીલીકુંજ છે તો માનવ દાનવ છે ? આ કડવામાં ઝઘડાના વર્ણનમાં પ્રેમાનંદોય શૈલીનો આપણને યાદ આવો જાય એવું વર્ણન મળે છે.

'છોકરાં લડે છોકરાં સાથે. બૈરાં બાઝે બૈરાં સાથ.
ગાળો કાઢતા પુરુષ લોકો ઊંચા નીચા વીંઝે હાથ.'
(લોકલીલા, પૃષ્ઠ-૯૫)

કડવું -૧૯ માં સુદામાનું અંતર ઠારવા માનવનો દાનવલીલાનું રહસ્ય કૃષ્ણ પ્રગટ કરે છે. તે કહે છે કે 'કુદરત સારી અને માણસ ખરાબ' એ અધૂરી ભાષા છે.

સાપેક્ષથી સત્ય નોખું. નિરપેક્ષ અને નિરુપાધિ- ભાષામાં પ્રગટ ન થઈ શકે તેવું છે. કૃષ્ણ મુખે કવિ અહીં કહે છે

'પૃથ્વી પરનો જીવને ભોળા ચૈતન્યનો આવિષ્કાર જી.
અનંત પદાર્થ પ્રત્યેક માંહે વિકાસના ભેદ અપાર જી.
નિગૂઢ નિયમ પ્રકૃતિ કેરા અવલંબી સૌ વધતું જી,
એને વશ થઈ સુખદુઃખ દ્વંદ્વે રાચી રહે મથમથતું જી.'
(લોકલીલા,પૃષ્ઠ- ૯૭)

જગતના દ્વંદ્વને કવિ અહીં વિસ્તારથી વર્ણવે છે અને કૃષ્ણમુખે પોતાના તત્ત્વજ્ઞાનને પ્રગટ કરે છે. પ્રકૃતિના પાયા ઉપર માનવના મહેલ મંડાયા છે, જેમાં તરણાથી માંડી તત્ત્વજ્ઞાની સુધીના બધાં જ સજીવ બંધાયેલાં છે- ચણાયેલાં છે. અદૃષ્ટ શક્તિએ આ બધું નિર્માણ કર્યું છે, તેઓ નિર્મેલા ગુણસ્વભાવને વશવર્તીને બધાં આગળ વધે છે. અખિલ જગતમાં માણસ માત્ર જ જાગૃત છે. આત્મશક્તિ જાગૃત થતાં દુર્ગુણો એને દેખાવા લાગે છે. માણસની એ પ્રકારની ગતિને વર્ણવતાં કવિ કહે છે--

'આત્મવિકાસની સ્વાયત્ત સત્તાથી કૂદકે ભૂસકે વિકસ્યો જી,
મુક્ત મતિ એ જ સત્તાથી અનિષ્ટ ગર્તમાં લપસ્યો જી.'
(લોકલીલા,પૃષ્ઠ-૧૦૦)

આમ માનવી જ જ્ઞાનીમાં જ્ઞાની પણ છે અને હીનમાં હીન પણ છે અને માનવથી દાનવ થતો પણ માનવી જ છે.

કડવું- ૨૦ સુન્દરમ્‌ની જેલની ડાયરીમાંથી મળ્યું છે. તેનું અનુસંધાન કડવું -૧૯ સાથે છે. કૃષ્ણ-સુદામાની આમ જ્ઞાનની ગોષ્ઠિ ચાલે છે અને બંને ગામોના ગામ વટાવી ચાલ્યા જાય છે. સાંજ ઢળવા આવે છે. આજે જંગલમાં રહેશું એવા સુદામાના વિચારને કૃષ્ણ પણ કુદરતના ખોળે આળોટી શાંતિના પાણી પી લેવાનું જણાવી માન્ય રાખે છે, ત્યાં બાવળોમાં છાણનો ટોપલો ભરી ઊભેલો ડોસો એના છોકરા છોતિયાને બોલાવતો હોય છે. છોતિયો એક લાકડું હાથ જૂડી લેવા રોકાયો છે. તે ક્યારનું ઝાડું ઝૂડવા લાગે છે. ત્યાં અંદર નાગના રાફડામાંથી ફૂંફાડો મારતો સાપ નીકળે છે અને છોતિયાને કરડે છે. આ પૂર્વભૂમિકા યોજી કવિ હવે અસ્પૃશ્યતાના કલંકને ધોવાનો ઉપક્રમ દાખવે છે. ભંગિયા પોતે જ સવર્ણને અડવા તૈયાર નથી, ગામના વાણિયા-બ્રાહ્મણો ભૂવા-પાસેથી તેને પાછો કાઢે છે અને કૃષ્ણ પોતે જ્યારે સાપનું ઝેર ઉતારવા તૈયાર થાય છે ત્યારે ભંગિયા એમ કરવા દેતા નથી કેમકે તેઓ માને છે કે બ્રાહ્મણને અભડાવે તો એમને નરકમાં જવું પડે. સુદામા કૃષ્ણને વર્ણાશ્રમનું શાસ્ત્ર સુણાવવા સલાહ આપે છે તો કૃષ્ણ કહે છે કે મૂઢ પ્રજાને જ્ઞાનનું દાન સીધે સીધું પચે નહીં. ભંગિયાને બીક છે પરગામીને અડયા ને સાપ ઉતરાવ્યો એવું ગામમાં લોકો જાણશે તો તેમના છાશપાણી રોકશે. એંઠો-માગવું બંધ કરાવશે અને જૂડી જૂડીને અંગોના એક એક સાંધા ભાંગી નાખશે. સાપ ઉતારવા જતાં કૃષ્ણને ભંગિયા રોકતા જાતે ન જાય તો હાંકી કાઢવા કહે છે. આ દશા જોઈને સુદામા 'ધિક્ દશા આ !' બોલી ઊઠે છે અને કૃષ્ણ-સુદામા નીચે મોઢે ભંગિયાવાડથી નીકળે છે. હવે કૃષ્ણ-સુદામા વાતો કરતા નળાવતોરે જાય છે. કૃષ્ણમુખે કવિએ અહીં હિન્દુસમાજને ફિટકાર્યો છે. આજે તો અધમને અધમતા યે વ્હાલી લાગે છે. હિંદુએ પાપની નદીને રેલાવી છે તે ક્યાં સુધી ચાલી છે તે નજરે જોયા પછી કૃષ્ણ-સુદામાને થાય છે આર્યધર્મના આંધળા આચાર સૌને ઘાણીએ ઘાલશે. આ રીતે નિર્જન જગ્યા ઓળંગતાં કૃષ્ણ-સુદામા વસ્તીથી દૂર અંધ નિશામાં જાગૃત આંખે પંથના ચીલા ઝાલે છે. ટેક પૃથ્વી દડબડે છે. સુદામાના ચિત્તમાં કૈં ખ્યાલ આવ્યો

ગડબડે છે. કૃષ્ણનો ભોજનમાં સુદામાનો ચિત્તનો નોબત ગડગડે છે. અને આમ કૃષ્ણ-સુદામાના મેળાપનું વર્ણન અહીં પૂરું થાય છે.

આમ 'કોયલોબા' કાવ્યગ્રંથ ૧૯૬૫માં પ્રગટ થાય છે, પરંતુ તેનો રચના-કાળ તો ૧૯૩૪ છે. ૧૯૩૨માં 'કોયા ભગત'ના ધર્મની સંકુચિતતા સામેના પ્રહારો પછી સુંદરમ્ 'કોયલોબા'ના માધ્યમે જનસમાજનું દર્શન- વર્ણન- વિવેચન કરે છે, જે ગાંધીજીના સમાજવાદને અને ગરીબોના દુઃખની પોકારને તો પ્રગટ કરે જ છે સાથે સાથે આ અંધારા ઉલેચવાની, કાદવમાંથી નવા ભાંડ સર્જવાની કવિની ખેવના તથા એ સર્વના ઉકેલ રૂપે આત્મજાગૃતિની -જડતાને ટાળવા ચેતનાને ઊર્ધ્વ ચડાવવાની વાત અરવિંદ-દર્શનના સ્પર્શને પણ પ્રગટ કરે છે. આ માટે બે શકયતાઓ છે, કાં તો અરવિંદદર્શનની માન્યતાઓ મૂળભૂત રીતે કવિમાં નિહિત છે અને અરવિંદનો સંયોગ તેમના તત્ત્વચિંતનની સમાનતાને લીધે છે. અથવા તો કવિએ ૧૯૩૪માં લખાયેલી કૃતિમાં પાઠાંતરો કર્યાં હોય; પરંતુ પ્રથમ માન્યતાને સાચી માનવા માટે વિશેષ કારણો તેમના 'કાવ્યમંગલા' અને 'વસુધા' કાવ્યસંગ્રહોમાં પણ અરવિંદદર્શનને મળતા આવતા વિચારોમાં જોઈ શકાય છે. આ રીતે 'કોયલોબા' કવિની સામાજિક સંપ્રજ્ઞતાને અને આધ્યાત્મની પ્રારંભિક ભૂમિકાને પ્રગટ કરતો કાવ્યગ્રંથ છે, જેમાં કવિના ભાષાકર્મની, ચિત્રનિર્માણ શકિતની, હાસ્યકટાક્ષ શકિતની, યથાતથ નિરીક્ષણ શકિતની, અને જનમાનસના ઊંડા અભ્યાસની આપણને પરિચય મળે છે.

ઈશા

'ઈશા' કાવ્યસંગ્રહ સુંદરમ્‌ના મરણોત્તર કાવ્યગ્રંથોની શ્રેણીમાં ગુજરાત સાહિત્ય અકાદમીએ પ્રગટ કરેલો અરવિંદ વિષેનાં અપ્રગટ, આધ્યાત્મિક કાવ્યોનો ગ્રંથ છે. તેના સંપાદકીયમાં જણાવ્યા અનુસાર સુંદરમ્‌ને ધ્રુવપદની પ્રાપ્તિ થયા પછીનાં કુલ ૧૧૨ અધ્યાત્મકાવ્યો એમાં સંગૃહિત છે. જો કે લગભગ ઘણાંખરાં કાવ્યો ૧૯૪૫ થી ૧૯૮૨ દરમ્યાન લખાયેલાં છે, તો કોઈક ૧૯૩૨ કે ૧૯૪૧માં લખાયેલાં પણ છે. 'ઈશા' કાવ્યસંગ્રહનાં બધાં જ કાવ્યો અધ્યાત્મપરક કાવ્યો છે પરંતુ તેનો લેખનકાળ અગાઉનો જ હોઈ વિચારોનું, ભાવોનું માત્ર પુનરાવર્તન આપણને જોવા મળે છે. વિચારોની તાજગી કે અનુભૂતિનું નાવીન્ય અહીં પ્રગટતું નથી આ સંગ્રહની ઘણી ખરી કવિતાઓ શ્રી અરવિંદ અને શ્રી માતાજીને જ ઉદ્દેશીને લખાયેલી છે. કવિની ગુરુભકિતને ઝીલતી, શરણાગતિને પ્રગટાવતી અને સમર્પિત જીવનનો અહેસાસ કરાવતી કવિતા અહીં મળે છે. કવિ કૃષ્ણરૂપે કે જગત જનની રૂપે કાવ્યોમાં જેનું વર્ણન કરે છે તે અરવિંદ રૂપ કૃષ્ણ અને પરાશકિતરૂપ માતાજીનું વર્ણન છે. ગોપીભાવનાં મીરાંની ભાવશૈલીને ઝીલતાં ગીતો પણ અહીં મળે છે. જે અગાઉના કાવ્યસંગ્રહોમાં મળતાં આવાં પ્રકારનાં ગીતોનું સ્મરણ કરાવે છે. અગાઉના કાવ્યસંગ્રહોમાં આવાં મીરાંભાવનાં ગીતોમાં કવિના આરત, ઇંજન, ઝંખના, વિરહ-વ્યાકુળતા અને અંતે પૂર્ણની પ્રાપ્તિના અનુભવો ઝિલાયા છે. જયારે અહીં મળતાં આવાં પ્રકારનાં કાવ્યોમાં માત્ર પૂર્ણતાની -પ્રિયતમની પ્રાપ્તિના આનંદને જ અભિવ્યકિત મળી છે. આ એ દૃષ્ટિએ આ કાવ્યો કવિને ધ્રુવપદની પ્રાપ્તિ થયા પછીનાં કાવ્યો છે તેની પ્રતીતિ થાય છે. પૂર્ણયોગને સમર્પિત એમની કેટલીક કવિતાઓમાં યોગક્રિયાનું વર્ણન અને એની જુદી જુદી પ્રક્રિયાની અનુભૂતિનું વર્ણન

કાવ્યોમાં નિરૂપાયું છે, ઘણી પ્રાર્થનાઓ માત્ર વિધાનાત્મક બને છે, કાવ્યત્વની ઊંચાઈને પહોંચી શકતી નથી, અગાઉની ખેડાયેલી પ્રાર્થનાઓની છાયા ઝીલતી આ કવિતાઓ કવિકર્મની કે અનુભૂતિની શિથિલતા દર્શાવે છે.

અરવિંદના પૂર્ણયોગને વરેલા કવિના આ કાવ્યસંગ્રહમાં કવિની ઇચ્છાઓ અને પ્રાર્થનાઓ પ્રગટ કરતાં ઘણાં કાવ્યો છે. સંગ્રહનું પ્રથમ કાવ્ય 'ઈશ ઈચ્છા'માં કવિને ઈશ્વરેચ્છા શી છે તે જાણવાનું મન છે. પોતાની ઇચ્છાને ક્ષણે ક્ષણે ક્ષીણ કરી. જ્યારે તે અશેષ બને ત્યારે શૂન્યના આસન પર બિરાજમાન ઈશ્વરેચ્છાને જાણવાનો કવિનો હવે ઉપક્રમ છે. અહીં સુંદરમ્‌ની આધ્યાત્મિક ભૂમિકાને સ્પષ્ટ રીતે આપણે પામી શકીએ છીએ. તેમની જીવનનાવ ઝોલાં ખાતી મંઝિલ વગરની નથી પરંતુ કવિ સામે તેમની મંઝિલનો માર્ગ હવે જ્ઞાનપ્રકાશથી પ્રોજ્જ્વલ છે. પોતાની ઇચ્છાઓને અશેષ કરી ઈશ્વરની ઇચ્છામાં જ સમર્પિત બનતા કવિની શરણાગતિ-પ્રપત્તિનાં અહીં દર્શન થાય છે.

આમ રીતે કવિની ઇચ્છાઓ અને પ્રાર્થનાઓ પ્રગટ કરતાં કાવ્યોમાં 'પામું', 'ચરણ ઉજ્જવલ ',' જ્યોતિનો અબ્ધિ','સકલ શુભદાતા',' ધરા ઉપાડો','સતત--', અડો યંત્ર',' જ્યોતિ - ઈજન',' તવ .... પાસે પાસે ','પ્રભાનો પુદ્‌ગલ','તુજ ગાન', 'શકાય પાયો ?' ઇત્યાદિને ગણાવી શકાય.

'પામું' કાવ્યમાં સીધી વિધાનાત્મક પ્રાર્થના છે.

'દીન દયાળુ, પરમ કૃપાળુ, તવ ચરણે શિર ઢાળું.
પળ પળ પદ પદ વરદ સ્પર્શનમ્ કરુણા-રસ તમ ન્યાળું.
પરમાશિષ પામું.'
(ઈશ, પૃષ્ઠ- ૨૧)

અહીં 'ઢાળું','ન્યાળું' અને 'પામું'ની પ્રાસયોજનાથી કાવ્યત્વ આગળ વધતું નથી.'કરુણા રસ' શબ્દપ્રયોગમાં કવિને પ્રભુના મહારસમાં 'કરુણા'નાં જ હંમેશા દર્શન થયાં છે, કરુણામય પ્રભુનું સ્વરૂપ જ કવિની કલ્પનામાં હંમેશા રમાતું આવ્યું છે તેની પ્રતીતિ થાય છે.

'ચરણ ઉજ્જવલ'માં કવિની ખૂબ જ ખેડાયેલી પ્રાર્થના 'એકજ રટના'ની છાયા ઝીલાતી જોઈ શકાય છે. કવિ સચરાચરમાં વ્યાપ્ત અગમનિગમને પ્રણામ કરે છે. યોગક્રિયામાં જોડાયા પછી કવિનું ધ્યાન શ્વાસની ગતિ ઉપર વધારે કેન્દ્રિત છે. ધ્યાન તેમનો નિત્યક્રમ છે. આથી કવિ કહે છે --

'દિન દિન પલ પલ   શ્વાસ શ્વાસમાં
શું ઊતરે અમ ભીતર,
તું જાણે શી શી મથી અહીં આ
લીલા કોઈ છૂમંતર.'
(ઈશ, પૃષ્ઠ- ૨૫)

શ્વાસે શ્વાસે કવિચિત્તમાં જાદુઈ લીલાનું નિર્માણ થાય છે. સુખદુઃખાત્મક જીવનના બે સૂરોની વચ્ચે કવિના જીવનનું જંતર બાજી રહ્યું છે. કવિનું એક સુંદર કલ્પન મોરાંની પંક્તિઓમાં મળે છે --

'ગગન ગગન નવ ભમતા સૂર્યો,
ગ્રહમંડળનાં કુંડળ,'
(ઈશ, પૃષ્ઠ- ૨૫)

અને એનાથી જ માતોગળ જીવનના ભાવિ કંતાતા જાય છે. અંતિમ પંક્તિ --

' તુજ ચરણકમલ ત્યાં ઉજ્જ્વલ
હો અંકિત હા શતદલ .'
(ઈશ, પૃષ્ઠ- ૨૫)

માં ' એક જ રટના'નો છાયા જણાય છે .

'જ્યોતિનો અબ્ધિ 'કાવ્યમાં કવિ કિનારાની ભૂમિના તીરની શિલાને ભીંસીને ભેદતા, કોટિધા નીર રેલતા જ્યોતિના અબ્ધિને આવવા કહે છે, જેનાથી માનવો એની જ્વાળાના વડવાનળોને ચેતવે અને સારું યે ચૈત્ય લક્ષદીપ બની રહે.

'સકલ સુખદાતા' પ્રાર્થનામાં પણ 'હરતાં ફરતા, રમતાં, જમતાં, ભમતાં, નમતાં તું અમ સંગે અમ માતા.... નવ ચરણ સકલ સુખદાતા'- શબ્દ અને પ્રાસની ભૂમિકાથી કાવ્યત્વ ઉપર ઊઠતું નથી. તે જ રીતે 'ધરા ઉપાડો',' પદ્મવાસિની','સતત--', ઈત્યાદિ માત્ર સંવેદનાત્મક ઉદ્ગારો બની રહે છે, રસઘન અનુભૂતિ આપતાં કાવ્યો નહીં, તો 'અડો શ્વાસ 'માં પણ સંવેદનતાજગીનો અનુભવ થતો નથી.

'જ્યોતિ -ઈજન' માં અરવિંદદર્શન પ્રાર્થના-ઉદ્ગાર રૂપે કવિ રજૂ કરે છે.

' પૂર્ણ ઓ ' બાહુમાં તારી
તું લે છે માટીની ધરા .
તાહરા સ્નેહનાં નીરે
સોંપાતી ભૂમિ ઊર્વરા
પૂર્વાને સ્પર્શતું આવ્યું
પૂર્ણનું જ્યોતિ-ઈજન .'
(ઈશ,પૃષ્ઠ-૧૧૧)

'નવ ..... પાસે પાસે'માં કવિ પંક્તિદ્વયમાં ઈશના ચરણની વધુ પાસે પહોંચવાની અને તેના હૃદયની વધુ પાસે જંપવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

'પ્રભા પુદ્ગલ'માં કવિ જેમ દીપમાં જ્યોતિ પ્રગટ થાય છે તેમ દેહમાં ઈશની જ્યોતિ પ્રગટી હોવાનું જણાવે છે એટલે નાનાં અણુએ અણુ બધાં તેજનાં બિંદુ થઈ પ્રભાનો એક પુદ્ગલ બની રહે એમ તેઓ ઈચ્છે છે.

'તુજ ગાન'માં કવિની ઈચ્છા છે

'નયનમાં તુજ જ્યોત સદા રહે,
હૃદયમાં તુજ સ્રોત સદા વહે ,
ચરણમાં તુજ નૂપુર રહે રણી.
જગતમાં તુજ ગાન રહે બની .'
(ઈશ,પૃષ્ઠ-૧૧૨)

'શકાય પ્રાર્થી? 'માં કવિની પ્રાર્થના છે.

'તું જે ચહે કેવલ તે જ સત્ય --
એમાં અમારાં ગળજો અસત્ય .'
(ઈશ,પૃષ્ઠ-૧૩૬)

આમ 'ઈશ'ની કવિપ્રાર્થનાઓ માત્ર સંવેદનાની સ્થૂળ ભૂમિકા પરના ઉદ્ગારો જ બનીને રહી જાય છે .

શ્રી અરવિંદ અને શ્રી માતાજી વિષયક પણ ઘણાં કાવ્યો આ સંગ્રહમાં છે. 'શ્રી ચરણે '.' પુણ્યાવતરણ'. 'પ્રણામ. પરમેશ્વરી ',' અમારા પ્રશ્નોના '.' ચાર સોનેટ',

' નહું ',' દિવ્યના ',' આમંત્રું ',' પ્રદીપ્તિમ્મર ',' પદ્મવાસિની ',' રહો નંદ ઉભરી', ઇત્યાદિમાં કવિએ તેમના ઉપાસ્ય શ્રી અરવિંદ અને શ્રી માતાજીની દિવ્યપ્રતિભાનું વર્ણન, કરી હૃદયનાં દેવરૂપે તેમની સ્તુતિ કરી છે.

' શ્રી ચરણો'માં કવિ માતાજી વિષે કહે છે.

' હે મહાદ્યુતિ. - તવ કૃપાકિરણ
જ્યાં અડે સ્વર્ગ ત્યાં પ્રગટે ,
ત્યાં દેવ વસે , પરમાત્મ વસે
નિજ ગોમય સ્વર્ણિમ મુગટે .'
(ઈશા.પૃ૭૯-૧૭)

'પુણ્યવિતરણ'માં કવિ ધન્યધામથી ધરા ઉપર અવતરણ કરવા અને અવતાર બની એમના હૃદયકમળમાં વસવા મા ભગવતીને સ્તુતિ કરે છે.

'પ્રણામ, પરમેશ્વરી'માં યોગક્રિયાને વરેલા કવિ પરાશક્તિરૂપ માતાજીની કલ્પના કરે છે. મનથી સંકલ્પથી શક્તિરૂપે તે ઉર્વીમાં બિરાજે છે, કવિની સૌ ગતિને પ્રેરે છે. વિશાળ કરે છે. એની અનંત પ્રજ્ઞતાને ભરી એમની લઘુતા થકી મહાગુહતા રચે છે. આવી આ પરાશક્તિની અદૃષ્ટ અને અપૂર્વ છોળો નવાણ છલકાવી ભરી દે છે.

' અમારા પ્રશ્નોના' સૉનેટ કાવ્યમાં કવિ પરાશક્તિને, દિવ્યચેતનાને, કે દિવ્ય ચેતનાના અવતારરૂપ માતાજીને એમના પ્રશ્નોના ઉત્તર આપવા પ્રાર્થના કરે છે. એના રહસ્યોનું વિતરણ કરવા,એના અકલ આયોજન વિષે ન કહે તો કંઈ નહીં પરંતુ કવિના આગળના કદમને દીપિત કરવા, ડોલતા મનને સ્થિરતા અને ધીરતા આપવા અને સૌ પ્રશ્નોના ઉત્તરો એની વિમલ દ્યુતિથી ભરી જવા કવિ પ્રાર્થે છે.

'ચાર સૉનેટ'માંના પ્રથમ સૉનેટ 'સદા ય શિશુ'માં કવિ પોતાના બૃહત્ મહારૂપના અંચળા ઉતારી ક્ષીણક્ષીણ લઘુકથી લઘુ નાનું બાળ બની શ્રી માતાજીના ચરણમાં ખેલ્યા કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે. કેમકે જ્યાં અહંકારની વિકટ ટોચ પર પ્રકૃતિના વાયરા ફુંકાય, આસન ડગમગી ઊઠે, ધન-ગૌરવ - યશ જેવી પ્રચંડ સિદ્ધિઓ કંઈ દાદ ન આપે એવા પ્રખર જંગને વખતે કવિ કહે છે કે માતાજીની આંગળી પકડી ઊભેલા બાળકની જેમ માતાની વધુ નજીક દબાઈ, આંખ ઉઠાવી બોલ્યા વિના એના ખોળામાં લપકી જવાની ચાહના કરે છે. ~~કવિના માતે~~ પરમ શૂન્યને મહા મંદિરે લઈ જતો એનો સુશીતલ હસ્ત કવિના શિર પર દબાય છે. માતાજી પ્રત્યેની ભક્તિને લીધે તેમનું સતત સાંનિધ્ય કવિ અનુભવે છે. અહીં યોગક્રિયામાં આવતાં વિઘ્નોને ટાળવા કવિ માતાજીની આંગળી પકડી શિશુવત્ ઊભા રહેવાની , ભયમાં માતાજીના ખોળામાં આશ્રય શોધવાની અને તેના શીતલ સ્પર્શથી પરમ શૂન્યને મહામંદિરે પહોંચવાની વાત કરે છે.

બીજા સૉનેટ 'પૂર્ણતમમાં' પોતે લઘુકને વિરાટ દીક્ષા મળતા, ભૂપટે લઘુક બિંદુ ઉપર પ્રખર જ્યોતિનો મુકુટ ધરી તેજ લેખાનો નવલ આલેખ બની રહે છે અને માતાજી કવિ માટે નવલ પુણ્યની વિજયમાળ ધરી રહે છે, તો ત્રીજા સૉનેટ 'પ્રભાત સમય' અને ચોથા સૉનેટ ' અરૂપ ગુરુ'માં કવિ પોતાના ગુરુ શ્રી અરવિંદ પ્રત્યેનો ભક્તિભાવ પ્રગટ કરે છે. ' પ્રભાત સમય'માં કવિ સવારે પુનિતજ્યોતઆભનું સ્મરણ કરે છે . વિશ્વની લીલા નિહાળે છે. ત્યાં જગતરૂપના પટ ઉપર પરાત્પર બ્રહ્મની સ્વરૂપલીલા પ્રગટતી કવિ જુએ છે પરંતુ અરૂપ બ્રહ્મલીલા પોતાના બ્રહ્મરૂપ ગુરુની જ હોવાનું કવિ માને છે અને તેમની દૃષ્ટિ જ કવિને નિગૂઢતમ ચૈતન્યથી પ્રેરે છે. કવિ

સૃષ્ટિની અખિલાઈને બાંધતી સનાતન પરમ મૂર્તિરૂપ ગુરુના અરૂપ સૂક્ષ્મરૂપને નિહાળે છે.

'અહો, અખિલ સૃષ્ટિકેરી અખિલાઈને બાંધતી :
પિતા તવ સનાતની પરમ મૂર્તિ ત્યાં રાજતી.'
(ઈશ, પૃષ્ઠ- ૬૪)

કવિ ચોથા સોનેટ 'અરૂપ ગુરુ'માં કહે છે કે આ રૂપ- અરૂપની ભુલભુલામણી પ્રતિપળે પોતાના સ્થૂળચિત્તને મૂંઝવતી રહે છે. આવી મૂંઝવણમાં આંખ આંસુ સારે છે ત્યારે જ એ પરમપિતા વિદાય લે છે. તેની ગતિ કે આશ્રયની તો કવિને ખબર પડતી નથી. ત્યાં જ કવિને અરૂપગુરુની હાજરીનો અનુભવ થાય છે.
ગુરુનાં નયન કવિનાં નયનને ઊંચકે છે. કવિ શરીરધારી હોવા છતાં કોઈક અશરીરમાં પ્રવેશ કરે છે અને પોતાના અનેક જન્મો, ચિતા પર જલતા પોતાના પાર્થિવ શરીરને જુવે છે. આવા ગૂઢ અનુભવોના અંતે, કવિ ઇચ્છે છે પુનઃ પુનઃ જન્મ અને પરમ શાશ્વત ગુરુમાં આશ્રય.

'અને પુનઃ જન્મ જન્મ : અહ કાલને ઉત્ક્રમું,
ત્યહીં ચરમ શાશ્વતે પરમ આપમાં વિશ્રમું.'
(ઈશ, પૃષ્ઠ -૬૫)

આમ જ જન્મો પછી જન્મો ધરી દયામય પ્રભુએ સોંપેલો જ પાઠ આ જગતમાં પોતે ભજવે એવી ઇચ્છાને કવિ અભિવ્યક્ત કરે છે 'નટ' કાવ્યમાં. કવિ પરાત્પર બ્રહ્મનું સાકારરૂપ જુએ છે અરવિંદમાં અને દિવ્યશક્તિ, પરાશક્તિ, વિશ્વલીલાના કારણરૂપ પ્રકૃતિ રૂપ જુએ છે માતાજીમાં. આથી અહીં નેપથ્ય પાછળ રહી જે પરમતત્ત્વ બધાંને એમનો પાઠ ભજવાવે છે તે જ. કવિ કહે છે, એમના નટનમાં ખામી હોય ત્યાં ઇંગિત પ્રગટાવી પૂરા પાઠ ભજવાવી જાય છે. એ રીતે પળ પળ અનંત કલામય દૃશ્યો ખૂલે છે. કવિ એમના શીખવેલા પાઠ ભજવવામાં જ જીવનની સાર્થકતા જુએ છે.

'પળ પળ ખૂલે ખીલે દૃશ્યો અનંત કલામયઃ
તવ જગપટે નાચું વસ્તુ નટું હું દયામય''
(ઈશ, પૃષ્ઠ- ૬૬)

અહીં પોતાના કર્તૃત્વને સદંતર લોપી ગુરુના શરણમાં પૂર્ણ સમર્પણ કવિ વ્યક્ત કરે છે.

પોતાના ગુરુહૃદયમાં પૂર્ણપણે નિહિત અને તેમણે જ પ્રબોધેલી દિવ્યતા જે કરી શકે છે તેનો ખ્યાલ તેઓ આપણને 'દિવ્યતા' સોનેટકાવ્યમાં આપે છે. મૃદુ સ્પર્શી સુતેલા આત્માને જગવતી, જડત્વથી જામી ગયેલાં મનુજ મનને મુક્તિ આપતી, મૃત્યુહૈયે છુપેલા અમૃતરસનું ઉત્થાન કરી પૃથ્વી ઉપર અજબ કીમિયો રચતી દિવ્યતા ભોળા મનુજના ઉરને ત્રાણ આપે છે. સૃષ્ટિને પરમ દ્યુતિના તોરણથી સજાવે છે. કવિ આવી શત જ્યોત્સ્ના પ્રગટાવતી દિવ્યતાને ગગનોના પટ પર સ્ફુરતી જુએ છે ત્યારે તેમનું ય હૃદયજલ સાગરની જેમ મહાછોળે છલછલતું જાય છે પરંતુ અંતે કવિ કહે છે કે આવા નિરવધિ પ્રેમરસની વાતો ગાવા કરતાં મૌન-જલધિમાં એનાથી ય વધારે મધુરતા છે.

'આમંત્રું' સોનેટદ્વયમાં કવિ દિવ્યશક્તિરૂપ માતાજીને લોકનિંદાની પરવા કર્યા વગર આમંત્રે છે. તેઓ કહે છે કે આખી ય સૃષ્ટિ તારાપ્રતિ ખડ્ગ લઈને ધસે છતાંય હું તારું શરણ લઈને ખડકની જેમ ઊભો રહીશ. સમર્પણ, ગુરુભક્તિ અને તેમના માટેનો અગાધ પ્રેમ કવિ આ રીતે પ્રગટ કરે છે. તેઓ નયનનો નોક આંસુડે સારીને, હૃદયપટ આખોય તેના પગમાં ઢળતો દઈ પલ પલ પ્રતીક્ષા કરે છે. એવાં

'બનો રહો પૂર્ણ પ્રફુલ્લ ચંદ્ર શે,
કો ભાવિના ભાનુ સુવર્ણ લાવવા,
પરાત્પરનો અહીં
સૃષ્ટિ સ્થાપવા.'
(ઈશ, પૃષ્ઠ- ૧૯)

ગોકુળાષ્ટમીએ લખેલા આ કાવ્યમાં કૃષ્ણરૂપે પરબ્રહ્મરૂપ ગુરુને જ કવિ સ્મરણ-વંદન કરે છે. અહીં કૃષ્ણ દિવ્યચેતનરૂપ કૃષ્ણ છે. કૃષ્ણલીલાઓનો સંદર્ભ પણ અરવિંદદર્શન નિમિત્તે જ યોજાયો છે. આજ કાવ્ય આજ સંગ્રહમાં 'કૃષ્ણ-શ્રી' શીર્ષક હેઠળ પણ આપેલું છે માત્ર આરંભનું સંબોધન બંને કાવ્યમાં જુદું છે. 'હે કૃષ્ણ, હે કૃષ્ણ'' કાવ્યમાં 'હે કૃષ્ણ, હે કૃષ્ણ અધિદેવ દેવ' ' એવું સંબોધન છે, જ્યારે 'કૃષ્ણ-શ્રી' કાવ્યમાં ' હે નાથ' હે કૃષ્ણ, હે કૃષ્ણ' ' એવું સંબોધન છે. બાકીનું કાવ્ય એક જ છે, બંનેનો રચનાનો સમય અને દિવસ પણ એક જ છે.

'શ્યામ - ધરા' કાવ્ય પણ એજ રીતે વિરાટ, સર્વવ્યાપી કૃષ્ણનાં રૂપને પ્રગટ કરે છે. અહીં કૃષ્ણનો સંદર્ભ અરવિંદ, અરવિંદદર્શન અને દિવ્યચેતનાના નિમિત્તે જ રચાયો છે. ધરતીનો ઉદ્ધાર કરવાનો અરવિંદચિંતનનો સંકલ્પ લઈને આ કાવ્ય આવે છે. ભમતો ભમતો અચાનક ઘનશ્યામ આવી ચઢે છે અને ધરતી સફાળી બેઠી થઈ જાય છે. ધૂળી- ધૂસર, સાવ અદૂલી ધરાને તેનું કેવી રીતે સ્વાગત કરવું તેની સૂઝ પડતી નથી. આવરી -બાવરી ઘૂમતી ધરતીને શ્યામને શું આપું શું ના આપું, એના ચરણકમલને ક્યાં પધરાવું એવી મુંઝવણ થાય છે. પછી તો એ ધરતીને થાય છે -

' આ તવ ચરણો ભાવ ગ્રહી લઉં,
આ તવ નયનો નયન ભરી લઉં,
આ આખોયે શ્યામ ભરી લઉં
ભીંસ કરી ભુજ બાથ.'
(ઈશ, પૃષ્ઠ-૨૦)

ત્યાં તો શ્યામના ત્રણેય ચરણ ત્રણે ભુવનને વ્યાપીને બેઠાં, મધુર નયનમાં સૂરજ સળગ્યા શ્યામ વદન પર આખી ધરતી તિલ થઈ બેઠી. હવે તો શ્યામરૂપ બની ગયેલી ધરતી 'અધિકી અધિકી શ્યામ' બની. કવિનો વિરાટ બ્રહ્મરૂપનો અનુભવ અને સમગ્ર જગતને બ્રહ્મરૂપ જોવાનો અનુભવ અહીં આ રીતે પ્રગટ થયો છે. અરવિંદદર્શનના સંદર્ભમાં સમગ્ર ધરા શ્યામરૂપ- દિવ્યચેતનાથી ગ્રસ્ત બની હોવાની સંકલ્પસિદ્ધિની સુરમ્ય કલ્પના-અનુભૂતિ કવિ અહીં રજૂ કરે છે.

'જ્યાં -- ' કાવ્યમાં પરાશક્તિરૂપ માતાજીનું કવિ વર્ણન કરે છે અને એ દિવ્યશક્તિ સાથે પોતાનું સાંનિધ્ય-એકત્વ જુદી જુદી રીતે પ્રગટ કરે છે. કવિ કહે છે કે જ્યાં જ્યાં તું ત્યાં ત્યાં હું છું. તારાં જ ચરણમાં ચરણ ધરતો હું આ વિશ્વમાં વિચરણ કરું છું. ત્યાર પછી વિવિધ કલ્પનો દ્વારા કવિ કહે છે કે --

'તું પ્રગટી જો પુષ્પ થઈ તો
હું ગુનગુન ત્યાં ભમરો.
વન વનમાં તુલસી થઈ બેસું,
જૂઈ ચંપેલી ડમરો.
તું શિખરો પર જઈ બેઠી તો,
ત્યાં આવું થઈ વાદળ.

સાગર નભિયે મોતી થઈને
ચરણ ફરું તવ પાગલ .'
(ઈશ, પૃષ્ઠ- ૨૨)

આવો ભ્રમ કવિના મનમાં અને બીજાઓના મનમાં રમતો ભ્રમનો વિવિધ વેશ સજે છે. કવિ એના આવા રંગરૂપાળા ચાળા દર્પણ થઈ ઝીલે છે.

એ જ ગેબ પરમશક્તિનો પદે પદે અનુભવ અને એ શક્તિમાં કવિનું સમર્પણ 'ચરણોમાં' કાવ્યમાં જોવા મળે છે. પાર વિનાની કરુણા, અપાર પ્રેમ, અગાધ શક્તિ, અકલ્પિત - અગમ્ય તેજ એ પરાશક્તિ - દિવ્યશક્તિ માતાજીમાં છે. કવિના કરમ ગતનાં કદમોને એ જ સંભાળે છે. મનના અને તનના વશમાં ઘા એ જ પંપાળે છે. માતાજીના આ સૂક્ષ્મરૂપનો અનુભૂતિ કવિમાં સુધાનું સિંચન કરે છે, અંતરનાં દલ ખીલે છે ત્યારે યુગયુગનો વિરહી કવિ-આત્મા તેનાં જ ચરણોમાં ઢળે છે.

'ગુરુ ને શિષ્ય' કાવ્યમાં કવિ ગુરુનો મહિમા બતાવતાં એમના ગુરુ અરવિંદના પોતાના ઉપરના ઉપકાર અને પોતાનો ગુરુપ્રત્યેનો ભક્તિ પ્રગટ કરે છે.

'પૂર્ણ માતા' માતાજીની દિવ્યશક્તિનું સ્તવન છે. બધાં જ રૂપો જેમાં એકસાથે છે એવી પૂર્ણ માતાની કલ્પના કરતાં કવિ કહે છે કે એકડા ભણાવતી સરસ્વતી, પ્રેમભાવે પૂર્ણ ભંડારને છલકાવતી મહાલક્ષ્મી, ખપ્પર અને ઝંઝામાં બળથી સઘળું સાફ કરી ભવ્ય રચના સર્જી જતી મહાકાળી, વિશાળ એના આસનેથી અમારું વિશ્વ રચી જતી દીપ્તિમંત મહેશ્વરી - એવાં બધાંય અપૂર્વરૂપોને ધારણ કરતી પૂર્ણ માતા ભગવતી આત્માને જન્માવે છે, પાળે છે, પોષે છે અને એની પૂર્ણતામાં સ્થાપે છે.

'રાધા - પ્રાર્થના'માં કવિ પૂર્ણ સમર્પણના ભાવને અભિવ્યક્ત કરે છે. રાધાની જેમ કવિ પોતાના અખિલ આત્મનો નાથ, ઈશ જોયા, જાણ્યા પછી તેનાં જ ચરણે પોતાને પૂર્ણ સમર્પિત કરી દે છે. પોતાના વિચારો, ઊર્મિઓ, હૃદયના સર્વ ભાવો, જીવનક્રિયાઓ, દેહનો પ્રત્યેક કોષ, બુંદ બુંદ રક્ત બધું જ એનું છે એમ તેઓ માને છે.

'સકલ ભાવથી, સકલ રીતથી અશેષ તારી હું....
ક્યાંય નથી સંકોચ, નથી આક્રોશ, અંતરપટ....ઓ''
(ઈશ, પૃષ્ઠ-૪૭)

કવિ પ્રભુની પ્રત્યેક લીલામાં વિષમતા, અન્યાય દરેક સ્થિતિને પ્રભુનો ઉપહાર માને છે. કવિ સુંદરમ્નો અહીં પુનઃ બદલાઈ ગયેલો દૃષ્ટિનો આપણને પરિચય થાય છે. વિષમતા અને અન્યાય માટે પ્રભુને ગાળો આપતા કવિ એને જ પ્રભુના દિવ્ય ઉપહાર માને છે, એમાં જ પ્રભુની પરમમુદ્રા છલકતી એમને દેખાય છે. એમના મનમાં પ્રભુનું કોઈ સાકારરૂપ તો નથી જ પણ 'ઈશ' શબ્દ એ પરમતત્ત્વ માટે વાપરે છે. સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશક્તિમાન દિવ્યચેતનાના બ્રહ્મમય રૂપને કવિ અરવિંદમાં સાકાર થતું જુએ છે અને પરબ્રહ્મરૂપ કૃષ્ણનું રૂપ પણ અરવિંદમાં જ પ્રગટતું જોઈ શકાય છે. 'રાધા' એ પ્રકૃતિ છે. પ્રકૃતિ અને પુરુષ વચ્ચેથી માયાનો પડદો હટી જતાં પ્રકૃતિ બ્રહ્મમય બને છે, ત્યાં દુઃખ, સુખ, હર્ષ, શોક કંઈજ રહેતું નથી. બધું જ દિવ્ય ઉપહાર બની રહે છે.

'બે કાવ્યો' માં પ્રથમ કાવ્ય 'જીવનપટ પર'માં ઈશ્વરનું સર્વવ્યાપીપણું વર્ણવાયું છે. પ્રકૃતિ દ્વારા સૃષ્ટિમાં બ્રહ્મના આવિર્ભાવને આ પુરુષરૂપ બ્રહ્મ અને પ્રકૃતિ-રૂપ શક્તિના બે સાકારરૂપો અરવિંદ અને માતાજીની ભક્તિ-સ્તુતિમાં પ્રગટ કરવામાં આવ્યાં છે.

'તું સકલ વિષે સહુ કો તુજમાં .

તું સર્વ સ્થળે, સહુ સ્થળજળ તુંમાં,
વસ્યાં દેવ વિશ્વંભર
તું ભરી રહી મા વિશ્વંભરી અખિલ આ.'
(ઈશ, પૃષ્ઠ- ૫૦)

બીજા કાવ્ય 'રેલવે સ્ટેશન'માં રેલવે સ્ટેશનને ભીડ વચ્ચે સ્ટેશન પર સર્વેનો સાસ્થિર સ્થિતિ અને ગતિવિધિ વિચાર કરતા શાશ્વતનો પાંખે થકો અનંતમાં જ ધકો કવિ ખોવાઈ જાય છે. તો 'તારા પરાપ્રો' કાવ્યમાં કવિ વિશ્વવિરાટચેતનાને નમસ્કાર કરી, ભીતરથી ય ભીતરમાં અને ઊર્ધ્વથી ય ઊર્ધ્વમાં એના પ્રવાસી થઈ, અહંના દ્વિપનિવાસી મટી જઈ એના અનંત આભ સાથે બાથ ભીડવા ઈચ્છે છે, પણ પોતે એકલા નહીં. એમના સંકલ્પો તો સર્વેને માટે છે.

'અને પછી ત્યાંથી પરાત્પરે પરે.....
નીચે નીચે સરતો અખિલા ભૂમિ ને ભૂ-પદાર્થો.'
(ઈશ, પૃષ્ઠ-૫૩)

પરાત્પરના ધામમાં પહોંચ્યા પછી અખિલ ભૂમિ અને તેના પદાર્થ નીચે સરતા જાય છે. યોગમાં પણ પૃથ્વીતત્ત્વથી ઊઠીને આકાશતત્ત્વ સુધી, ચિદાકાશ, સહસ્રાર સુધી પહોંચવાનો ઉપક્રમ હોય તો આકાશમાં પહોંચ્યા પછી પૃથ્વીતત્ત્વ- જડતા નીચે સરતાં જાય છે.

'નમન' કાવ્યમાં કવિ શ્રી મા અને શ્રી અરવિંદને નમન કરતાં તેમને મધુરજનની - વિશ્વપિતા પરમાત્મન્, દિવ્યજનની-કરુણામય પરમાત્મા, પરમજનની- તેજોમય પરમાત્મન્ ચિદાનંદિની જનની - પૂર્ણ પરમાત્મા ઈત્યાદિ પરમોત્તમ દિવ્ય સ્વરૂપોમાં પ્રગટ બનેલા વર્ણવે છે. અક્ષરબ્રહ્મ ઓમનું સાકારરૂપ કવિ માતાજીમાં શોધે છે.

'આનંદમયિ, ચૈતન્યમયિ, સત્યમયિ, પરમે, ઓમ,
અમ તમ ચરણે વંદન વંદન શત શત હો.'
(ઈશ, પૃષ્ઠ- ૫૪)

'અવતર પ્રભા' કાવ્ય 'વરદા' સંગ્રહમાં મુકાયેલું છે જે અહીં પુનઃ પ્રકાશિત થયું છે. જેમાં અરવિંદતત્ત્વચિન્તનને કવિ પ્રગટ કરે છે. એ જ રીતે અરવિંદદર્શન પ્રગટાવતું બીજું કાવ્ય 'કુસુમ-વજ્ર' છે. દિવ્યશક્તિરૂપ માતાજીને સંબોધાયેલા આ કાવ્યમાં કવિ કુસુમ કે વજ્રથી સિદ્ધિ પૂર્ણ કરી લેવા પ્રાર્થના કરે છે.

'કાલિન્દી - કૃષ્ણ'માં કવિ કૃષ્ણના કાલિમર્દનના પ્રસંગનું અરવિંદના તત્ત્વચિંતનના સંદર્ભમાં નિરૂપણ કરે છે. કૃષ્ણ અહીં શામળાં નીર, અંધકાર અને કાલિ, સર્વેનો મોક્ષ કરનાર છે. કાલિન્દીમાં કૃષ્ણને જોઈને શામળાં નીર હસી ઊઠે છે, શામળો કાલિ કૃતાર્થભાવે લડે છે, અંજલિબદ્ધ શ્યામાઓ દેવની ઉપાસના કરે છે. ધરા તણાં સર્વ તિમિરોને પણ કાલિ સાથે મોક્ષ પામવા ત્યાં નિમંત્ર્યા છે. જ્યારે સમસ્ત તેજ હટી ગયાં હતાં અને માત્ર ઝેર જામી ગયાં હતાં, ત્યાં સ્પર્શનું અમી દઈ કૃષ્ણ વિષનો મોક્ષ કરે છે, અંધારને તેજનું વસ્ત્ર આપે છે અને એ મહા શાપિત ચેતનાને નવાજી યુદ્ધમાં એ ભુજામાં ગ્રસે છે, ત્યારે જાણે જ કૃતાંત-કૃષ્ણ પણ કરાળ. કૃપાળ કૃષ્ણ રહી રહે છે. અહીં પાતાળમાં ય અંધારનો મોક્ષ કરી તેજથી સભર કરવાની ઘટનાને દર્શાવતા કવિ કહે છે--

'શૂંગો તણી ટોચ વળો નીચે ત્યાં
પાતાળને ચૂમી રહો પ્રસન્ન.'
(ઈશ, પૃષ્ઠ- ૭૨)

શૃંગનો હોઠ પર રહેલું તેજ પાતાળમાં પહોંચ્યું છે ત્યારે જાણે કે શૃંગોનો હોઠ પ્રસન્ન થઈ પાતાળને ચૂમી રહ્યો હોય એ કલ્પનમાં અરવિંદવિચારને સુંદર કાવ્યાત્મક અભિવ્યક્તિ મળી છે.

'અનંત સ્વાંગ'માં કવિ બુદ્ધદર્શનને મળતું આવતું ગતિશીલ ચિંતધારાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

'વહ્યે જશે વિશ્વ પ્રવાહ આ સદા -
ને હું ય ને તું ય ત્યહીં વિરાજતા
હશું કંઈ ન કંઈ રૂપ રંગે -
અનંતતા શાશ્વત કોઈ સ્વાંગે.'
(ઈશ. પૃષ્ઠ- ૯૮)

કવિ અહીં કાલનિરપેક્ષ પોતાના અને વિશ્વના અનંત અસ્તિત્વનાં દર્શન કરે છે.

મૌન સમાધિનો ભાવલોલ કવિ 'રાગ-રાગિણી'માં અનુભવે છે. અગમ્ય ક્રિયા કરતો, અગ્રદૃશ્ય ફરતો, ભક્તને અવતારતો, અને પરમ મૂક સુગમ વહાવતો એ ભવ્ય સુદિવ્ય વાદક સવારે- સાંજે એની રાગિણી છેડે છે. મધ્યાહ્ને અને મધ્યરાત્રિનો તીવ્ર સ્પર્શી તંતુએ તંતુમાં છેડાય છે અને કવિના રોમેરોમમાં સૂતેલા સપ્તસાગરો જાગે છે અને મનની મનીષા પવનની જેમ ઝણઝણાવી સ્વરો ભરે છે. કવિને સુખદ ઘડીઓ યાદ આવે છે. કવિની ભાવસંવેદનાનો વિસ્તાર થતો જાય છે. નિખિલ સ્વર્ગને ધરતી પર અવતારવાની સૌંદર્યરંગી કલ્પનાઓમાં તેઓ વિહાર કરે છે. પછી પ્રભુ પ્રેમનો પ્યાલો પીધો ના પીધો ત્યાં ઢળી ગઈ એમ કહી કૃષ્ણને સકલ ભસ્મ બનેલું નિરખવા કહે છે પણ ભસ્મ-અભસ્મ બધું જ ચૈતન્યલીલારૂપ છે. કવિ કાલિને કાળથી છોડાવનાર હરિનું અખિલા ધરા રટણ કરી રહી છે. એ શ્યામને શોધતી રાધા શ્યામને કર ઢળી, અંકમાં ઓગળી, એના અંગમાં અંગ થઈ ભળી જાય છે. જગત રાધાને શોધે છે. કવિ સકલ ઉરનર અંતરમાં ધરી મૂક સુમૂક જગત ભરી વિચરે છે ને એમના મૂંગા અંગોમાં હજારો સૂર જાગી ઊઠે છે. પૂરવી પાર તણી અલૌકિક વીણા માંગતા વ્યોમ, ધરા અને દિશાઓ કવિ નિરખે છે. ત્યાં જ અખિલ સર્જનની અવધિનાં કવિને દર્શન થાય છે. દૃશ્ય જગતની વાત અદૃશ્ય થઈ દૃષ્ટિપથમાં અદૃશ ગમ્ય થઈ રહે છે. કવિને આ સમાધિ અવસ્થામાં સૂક્ષ્મ જગતનો -અદૃશ જગતનો અનુભવ થાય છે . આમ કવિને સવાર અને સાંજના ધ્યાનમાં અગમ્ય કર તંતુઓ પર ફેરવતા ભવ્ય સુદિવ્ય વાદકની રાગિણી ગુંજતી સંભળાય છે.

દિવ્યચેતનાના અવતરણની પ્રક્રિયાથી પરિવર્તિત બનતી ધરતીનું વર્ણન કરતાં કવિ 'અધિકતર તું વિતરે'માં કહે છે --

' અહો, આખી પૃથ્વી કમળ સમ આજે વિકસતી :
બધી મિટ્ટી એની યુગયુગથી મિટ્ટી જ હતી ને
ભરેલી પંકે, તે અવ પુલકની પંકજ બની.'
(ઈશ. પૃષ્ઠ- ૧૦૨)

નવી દ્યુતિથી સંચિત થતી ધરતીના કણોમાં પ્રબળ દ્યુતિનો સંચાર થાય છે, મનુષ્યનો આત્મા છલકી ઊઠે છે, જાણે કે ધરતી અને મનુજનો નવો જન્મ થાય છે ત્યારે કવિને પોતાની પ્રાર્થનાઓ ઓછી લાગે છે કેમ કે પોતે માગ્યું છે તેના કરતાં અધિકનું એ વિતરણ કરે છે.

'તારી દિવ્યતા'કાવ્યમાં કવિ દેવને દિવ્યતાનું દાન કરી અણુએ અણુને ભરી દેવા કહે છે. પછી --

' સઘળું રાસમાં તારા ચગશે, દિવ્ય નર્તક ! '
(ઈશ,પૃષ્ઠ- ૧૦૮)

વૈષ્ણવ સંપ્રદાયમાં રાસ એ સકલ વિશ્વની બ્રહ્મલીલાનું પ્રતીક છે. અહીં કવિ એ જ દિવ્યનર્તક દેવની રાસલીલામાં સકલ વિશ્વને ચગતું જુએ છે.

માતાજીની વિરાટ શક્તિનો પરિચય પામેલા કવિ સકલ લીલારૂપ વિશ્વમાં એનાં જ દર્શન કરે છે. 'તું છે' કાવ્યમાં અને 'નવ ચંદ્રિકા' કાવ્યમાં પણ કવિ એવા જ સર્વવ્યાપી વિશ્વલીલારૂપ ઈશ પાસે સત્ય, દયામય શાંતિ, પ્રબલ બલ અને પ્રખર દ્યુતિની યાચના કરે છે.

કૃષ્ણ-પ્રભુના અવતરણને વિષય બનાવતા કાવ્ય 'જન્મરાત્રિ'માં કવિ કહે છે કે એ અજાતનો જન્મ થયો એટલે જાણે કે મધ્યરાત્રે શત પ્રભાનો મહા સૂર્ય ઊગ્યો.

'મહા હૈયા' કાવ્યમાં ગાંધીજીનો સંદર્ભ અરવિંદદર્શનયુક્ત બની આ રીતે આવે છે--

' અહો ગાંધી - હૈયા, કમલ -મૃદુતા વજ્રમયતા
વણી લઈ ગૂંથ્યા કો વસન સમ , તું ભૂમિ પટપે
છવાયું -
(ઈશ,પૃષ્ઠ- ૧૧૯)

આ વસનથી અખિલ ધરતી શોભી રહી છે. જડત્વથી ઘેરાયેલા આ જગમાં પ્રભુનામ રટતો, ત્યાગ ધરતો, મહાહિંસા સામે ગહન નિજ પ્રેમ વહતો વિમલ મહા 'હે રામ' વદતો ઊડી ગયો. આવા ગાંધીજીના મહા હૈયાને કવિ શ્રદ્ધાંજલિ આપતા કહે છે--

'મહા હૈયા - જીવ્યું અમૃત જગપે નિત્ય ભ્રમતું ,
ઢળ્યું છેલ્લે - ભૂનાં ત્રણ ગરલનાં બુંદ જમતું .'
(ઈશ, પૃષ્ઠ-૧૧૯)

' હું - તું ' કાવ્યમાં કવિ ઊર્ધ્વતણા નિવાસીને શાશ્વતીનાં ધામ ત્યજી અમારા ઉરમાં નિવાસવા અને પૃથ્વીનો પ્રવાસી બનવા ઈજન આપે છે. પ્રભુનું ઋણ ફેડવા સમગ્ર જગને પરમતત્ત્વના- અરવિંદના ચરણોમાં લાવવાની કવિને ઈચ્છા છે. તો 'તારી પાસે 'માં ધીરે ધીરે એના ચરણમાં આવેલાં બાળાં ભોળાં મનુજ હૃદયોથી સૃષ્ટિ શોભી રહી છે. 'અકલ્પ્ય દાતા'માં કવિ માગે છે તેના કરતાં અધિક પ્રભુ આપે છે. કવિએ કરતા કરતા એક કિરણ જ માત્ર માગ્યું ત્યારે એ અકલ્પ્ય દાતાએ કવિને એનો પૂર્ણ ભાનુ આપી દીધો. 'રચો રચ્યું' કાવ્યમાં કવિ દિવ્યશક્તિને આ સૃષ્ટિના તમોમલિન મસ્તક ઉપર એનો ઉદાર હાથ સ્થાપવા, એનાં રમ્ય દૃગોથી ભૂમિને નિહાળવા, શ્યામ પૃથ્વીપટે એનાં પદ્મ આત્મિક ઉજ્જ્વલ ચરણ ધરવા પ્રાર્થે છે અને એ જગત-સર્જિકાને એના મહિમ વૈભવે જે રચ્યું રહ્યું છે તેને રચવાની પ્રાર્થના કરે છે.

'પ્રભુ દેજો' કાવ્યની યાદ અપાવતા 'કોલ' કાવ્યમાં કવિ પ્રકાશ નિહાળવા નયનોની, અનંત આકાશમાં ઊડવા પાંખની, વિશાળ પૃથ્વીને ખૂંદવા ચરણોની, સૃષ્ટિના અમૃતને પીવા અંતરની માગણી કરી અને જીવન આપ્યું છે તો તેને પૂર્ણ બનાવવાની માગણી કરતાં કહે છે કે આ જગમાં તારો અને અમારો કોલ તું પાળજે અને અમારી પાસે પળાવજે. 'પગલી દિવ્યતાની'માં માનવમાં પ્રભુતા સ્થાપવાની કવિમનીષા પ્રગટ થાય છે.

'પૃથ્વી-પાટે ચરણ પગલી સોહતી દિવ્યતાની,
તું માનવ્યે અહીં પ્રગટજે ઈશના સર્વ છાનો.'
(ઈશ, પૃષ્ઠ- ૧૬૮)

'જીવનના અવલંબનને'માં કવિને સૃષ્ટિનાં ક્રમણ-ભ્રમણનો કંઈ ગમ પડતો નથી. વિશ્વનાં રહસ્યો સમજાતાં નથી. જો એ રહસ્યો ઉઘડશે નહીં તો કવિનો વ્યથાર્થ અચળ જગક્રમ્મા ય ચળી ઊઠશે. જગતના અચળ પરિક્રમણને ચળાવી નાંખે એવા પ્રાણવાન આત્માની પ્રબળ ઈચ્છા અહીં પ્રગટ થાય છે.

'અકલિત દાતા'માં કવિને માગ્યું અને વણમાગ્યું બધું જ આપનાર અકલિત દાતાના ચરણમાં જ શાતા મળે છે. તે જ એકલ ભ્રમતા કવિનો સાથી, કવિનો પથદર્શક છે. આવા આ કીમિયાગર દૂર વિષે નિકટ અને નિકટ વિષે દૂર છે.

'ગુરુ પૂર્ણિમા'માં કવિ અદીઠા ધામોથી પ્રગટ થઈ રૂપ ધરનાર, ધરાને નિજ ચરણથી અંકિત કરનાર, કવિના નેત્રોને મિલનનું દાન કરનાર અને હૈયામાં નિજ હૃદયનું તેજ ભરનાર ગુરુને શત શત નમન કરે છે.

'દૈવી પાક'માં કવિ અરવિંદના દર્શનને પ્રગટાવતા પૃથ્વીના ઉધ્ધારનો અને મનુષ્યમાં દેવત્વના પ્રાગટ્યનો ગાન કરે છે. અરવિંદસાધનામાં જોડાયેલા સાધકો દૈવી પાકને પ્રગટ કરે છે, તેનું વર્ણન કવિ આ રીતે કરે છે--

'અહીં આ ફગંત ફગ હા પુષ્પોના, માનવ તણાં
હારોનો હાર. હૈયાંનો માનવો ભક્તિ-પૂતનો,
સાધના-સિંધુનો જાણે ઊર્મિ-માળા છલંત જનો.'
(ઈશ, પૃષ્ઠ- ૧૩૫)

'સકલ સિધ્ધિઓ'માં લઘુક બિંદુને શિરે અનંત સ્થાપવાનો, ક્ષણ તણે શિરે ચરમ શાશ્વતનો યોજતો જાણે ક્ષણનો આ ગતિ, પરમનો સંનિધિ જેણે આ જગત સર્જ્યું છે તેનો સમસ્ત સિધ્ધિઓ સિધ્ધિઓ અહીં પ્રજાવી દેવાનો એનો પરમ સંયોજના હોવાનું કવિ જણાવે છે.

પૂર્ણયોગને વરેલા સુંદરમ્ યોગક્રિયા અને પૂર્ણ પ્રાપ્તિના અનુભવો પણ કાવ્યોમાં વણી લે છે. આવાં કાવ્યોમાં રહસ્યમયતાનો અનુભવ પણ થાય છે. 'વિધિનો કલા' માં સમાધિની ક્ષણોમાં પ્રાપ્તિ પહેલાનું મંથન છે. કવિને અકળ અનુભવો થાય છે. વિધિનો કલા સકલ ઉત્તમ પૂર્ણને ચાહે છે. કવિ બધું જ અપૂર્ણ પૂર્ણને ચરણે ધરી દે છે પણ પૂર્ણને ગ્રહી શકાતું નથી. અમૃતનું સરોવર પાસે જ છે પણ એક ચાંચ વડે કેટલું ગ્રહી શકાય ? વિધિ ગહન ગહરાઈમાં સુપૂર્વનો સૃષ્ટિમાં લઈ જાય છે. કવિનો આ અપૂર્વ-ને, અપરિમેયને ગ્રહણ કરવાની શક્તિ - અશક્તિનું સતત મંથન ચાલે છે. સમાધિ લાગ્યા પહેલાંની ક્ષણો સમાધિની ક્ષણને કવિ આ રીતે વર્ણવે છે.

'સતત સ્વપ્નની જાગૃતિ ધરિની
ઉભય એ પરે પદ દેરવી
ગતિ કર્યે જતો તું હતો વીર હા,
ક્ષણ પછી બસ લાધ્યું સમસ્ત ને
ક્ષણ બનો બસ એ જ સમાધિનો.'
(ઈશ, પૃષ્ઠ- ૨૭).

'નયન સુક્કાં સુક્કાં'માં કવિ સમાધિની ક્ષણોનો અનુભૂતિને એકવાર થઈ ચૂકી છે તેને પુનઃ ઝંખે છે અને સમાધિની ક્ષણો છીનવાઈ ગયાનું દુઃખ વ્યક્ત કરે છે.

'નયન આજ સુક્કાં સુક્કાં
વાદળ સહુ લુખ્ખાં લુખ્ખાં
થાકી ગયા છે હાથ હલેલા ગૂંથી ગૂંથી

ઊડી ગયા છે ફૂલરંગ,
જોઉં હું આંખ માંડી દૂરે દૂરના
સૌ જંપી ગયા છે તરંગ.'
(ઈશ, પૃષ્ઠ-૨૭)

કવિનો આંખોએ ક્ષણાર્ધ કરેલું દર્શન પળમાં અલોપ થઈ જાય છે--

'સાથે જોયેલ પેલો હંસોનો હાર
કંઈ ગેબમાં દટાઈ પળ માંહ્ય
બાજુનાં સોગઠાં કેમ રે ઉછાળ્યાં દૈવ
કંઈક કીધું છે કામ મૂળમાંહ્ય.'
(ઈશ, પૃષ્ઠ-૨૭)

કવિને આ એક મળે તો બીજું કંઈ માગવું નથી.

કવિમાં થતાં દિવ્યતાના અવતરણનો અનુભવ કવિ 'પળપળ થાજો' કાવ્યમાં પણ પ્રગટાવે છે--

' અહો થઈ તું આવો ધરા પર કો મધુનો છલકત પ્યાલો.'
' તું સ્વર્ગ-પરીનો લઈ થાકતા, ગગનો ભરતો આવો.'
(ઈશ, પૃષ્ઠ-૨૮)

અને કવિ એને લઈને કુંજ કુંજમાં ઘૂમે છે, કોકિલ શો ટહુકાવે છે, મઘમઘતા કોલરમાં મહેકાવે છે. વસંતનો લહેરે લહેરે એ ફૂલમાળા થઈ ઝૂલે છે. કવિ પણ એ માળા કંઠે ધરી સાનભાન ભૂલી ઝૂલે છે. કવિ કકડતા ગ્રીષ્મ અને ગરજતી વર્ષાને ય વધાવી લે છે- વ્યથાનો સહી લે છે. છતાંય તે વીજ બની ગેબમાં અલોપ થઈ જાય છે.

પોતાની ફળીભૂત થતી ઝંખનાનું વર્ણન કવિ 'વંદન' કાવ્યમાં કરે છે. જગતના આદિ કાળથી ધરા જે ઝંખી રહી હતી તે તેને મળ્યું છે. કોઈ અગમ્ય બળ સૌના ગહનતમ અંતઃસ્તલોને આકર્ષણ ગતિમાં ખેંચી રહી સ્વૈરભ્રમણમાં નવા ગગનમાં આ ધરતીને રચી દે છે. સહુના હૃદય જે ઝંખે છે તે સચ્ચિદ્-પરમમુદનો સૂર્ય સામે જ પ્રગટી રહે છે અને એનાં કિરણો સર્વ ભુવનોને ભરતા વર્ષી રહે છે. કવિની સામુહિક સાધના સમગ્ર પૂર્વજોમાંટે છે. માટે સચ્ચિદાનંદના પ્રાગટ્યનો ઉત્સવ જગતને મળ્યો છે અને દરિદ્રી પૂર્વજોને સકલ તપનો યજ્ઞ ફળ્યો છે એવું કવિને લાગે છે.

'સંકિર્તન હૈ' અને 'સમર્પણમ્' કવિની શ્રી માતાજી અને શ્રી અરવિંદ પ્રત્યેની શરણાગતિને વ્યક્ત કરે છે. 'તે' કાવ્ય પણ પુનઃ પુનઃ પ્રગટ થતું અરવિંદ તત્ત્વચિંતન જ પ્રગટ કરે છે. જે કવિની અનુભૂતિનું શબ્દવિધાન માત્ર બની રહે છે. મહાઆનંદની મુદ્રા ઈશ તણાં પરમામૃત લઈ આકાશેથી ભૂ-પટ પર ટપ ..... ઊતરી આવે છે અને રમ્ય નર્તન ઝન ઝનનન ઝન નર્તાવી જાય છે.

'તમેય પૂરા પથ્થર' પણ નબળું કાવ્ય છે. વિશ્વની રહસ્યમયતા અંગે કવિ જે પ્રશ્નો પૂછે છે તે ઘણા છીછરા લાગે છે અને કવિ છૂટેપેટે બધી લીલાનું રહસ્ય ખોલી નાંખવા મહેશ્વરને કહે છે, કે પછી તે ય ઢેફાં, રોડાં, કાદવ-કીચડ જેમ પૂરા પથ્થર છે એવો પ્રશ્ન કવિ કરે છે.

'થડકતી ભરતીઓમાં' કાવ્યમાં પણ કાવ્યત્વ શિથિલ બન્યું છે. અહીં યોગના અનુભવને શબ્દસ્થ કરતાં વર્ણનમાં કવિમાં ચિત્કાર જાગે છે, આત્મા ઊંચકાય છે. દેહની પ્રકૃતિમાં કોઈક પ્રખર ભાવ જાગે છે અને કવિ-હૃદય એ દિવ્યતા પ્રત્યે ઊંચે ચઢે છે. આ સકલ્ય અદ્ભુતતા અને તેજોમયતાને કવિ ઝંખે છે. કવિ એ દિવ્યતાને કહે છે કે મારી

ઝંખનાની રોમાંચિત છાતી પર તારા ચરણોનો સ્પર્શ એકવાર જો મળી જાય. એકાંતમાં નીરવતામાં મારાં નયનો તારાં નયનો શું માત્ર એક પળભર જો મળતાં થાય તો પ્રખર હર્ષ મુજને વીંટી વળશે. રૂપાંતરકારક તેજપ્રભાનો અગ્નિ જાગશે. પછી તો કવિ પૂર્વવત્ ઉપરના માનવ જેવા રહેશે નહીં, અમર બની જશે. તેઓ કહે છે--

'અહો પછી તો મુજ મન થાશે પ્રભુ-દર્શનનો
સૂર્ય પ્રભામાં - જ્ઞાનરાશિમાં સાવ લીન નિઃશેષ ,
ને હૃદય પછી મુજ થશે અચાનક અધિક પુનિત ને
કૃતનિશ્ચય ને સ્વસ્થ શાંત આત્મસ્થ .'

(ઈશ,પૃષ્ઠ- ૫૫)

પછીતો કવિનું રૂપાંતરણ થઈ જશે . દેહની નસેનસ સ્વર્ગની દિવ્યછટામાં પલટો લેશે. કવિમાં એ. વિરાટ શક્તિનો પાત થશે પછીતો કવિ કહે છે હું તને તારી સ્થિરતાના સાગર મધ્યે જ્યોતિના વ્યોમમાં મળીશ . તારી શક્તિ મારી નસનસમાં મૃત્યુવિહોણા અજરો કેરા દેહ વિષેના જલરસ જેવી વ્યાપી જશે અને --

'મુજ આત્મા તુજ આત્મા સંગે. નવ થોભિર વસંતો તારી
અનંતતાની- સંગે એક શ્વાસ શો બનશે ,
ને નવ સૌન્દર્યતણા દર્શનમાં, નવ માધુર્યતણા
અદ્‌ભુત ભાવે હા પુલકિત કંપિત રહેશે.'

(ઈશ,પૃષ્ઠ- ૫૬)

આમ યોગનો અંતનો થકે છે ત્યારે કવિ જે સ્પંદનો-મંથનો અનુભવે છે તે તેમનાં કાવ્યોમાં પ્રગટાવે છે.કવિ પોતાની અનુભૂતિને સત્યતાથી પ્રગટ કરવા જવાના મોહમાં કાવ્યત્વને શિથિલ બનાવી દે છે.

'દૂતત્વ' કાવ્યમાં કવિ શૃંગનાં આસન આપો ઉર્ધ્વની સુવર્ણ આશિષ આપો. ખીણમાં કેમ પછાડે છે એવો ફરિયાદ કરીને કલ્પના કરે છે કે ખીણને શૃંગની, પ્રકાશની, મહોર્મિની, સચ્ચિદાનંદની વાત પહોંચાડવા અમને દૂત બનાવે છે.

'દ્રવ્ય તારાં શાલિનો' કાવ્યમાં ઊંડે ઊંડે દાટી રાખેલા અને ઊંચેથી ઊંચે ઢાંકી રાખેલાં દ્રવ્ય સૂર્ય-તેજે ઝગતા બહાર આવે છે ત્યારે કોઈ રંકું અટૂલું રહેતું નથી. કવિ એના ઝીલિ નિત્ય બાળ થઈ ઝૂલવા ઈચ્છે છે..

'મૌન' કાવ્યમાં યોગક્રિયાનું વર્ણન છે. અગાધ-અભેદ મૌન છે, વૈખરી ઓસરી ગઈ છે ઈન્દ્રિયોનો દારમાળ વિરમી ગઈ છે. આકાશના તેજગહન સંપુટમાં પરમ મુક્ત બનેલી ચેતના સ્થિર જડાઈ ગઈ છે, ત્યારે આત્મામાં સ્થિત બનવાની પ્રખર સિદ્ધિ સામે ખડી છે.આમ સ્થિર આત્મસ્થ બન્યા પછી અનાગતની પ્રત્યે જ મીટ માંડી , સજ્જ થયેલ તોખાર જેવી સ્થિર આંખો ,ગગનનાં તેજસો ઝીલવા ખડી છે. પ્રચંડ ગતિથી વ્યોમ-ઉડાન કરી અતલની અદૃશ્ય ગુફામાં સુધા સ્થાપવા જવું છે. આ મૌનમાં શાંત આતુર બની અકલને જોવા ઊભી રહેલા કવિ સુંદર રીતે એ વાતને અભિવ્યક્ત કરે છે. ત્યારપછી કવિ સાંદ્ર મધુર નૂપુરના ગુંજન અને મધુર પદ ઠેકથી થતું નર્તન નિહાળશે અને કવિ % અદ્‌ભુત દર્શન-અનુભવ કરશે. કવિ જે પરાવાણીને 'પરાત્પરનો નૃત્ય-નાદ' કહે છે તેને 'વેણુ' કાવ્યમાં આ રીતે રજૂ કરે છે.

'આજ અનંતની વાગતી વેણુ,
સૂરની સોનલ રેલતી રેણુ,'

(ઈશ,પૃષ્ઠ- ૬૬)

દિવ્યપ્રકાશ અને પરાવાણીના અનુભવને કવિ કાવ્યાત્મક રીતે શબ્દસ્થ કરવામાં અહીં સફળ રહ્યા છે.

'વિચરણ'માં કવિ અંતરગુહામાં સરી જે અનુભવ કરવા માગે છે, તેને આ રીતે રજૂ કરે છે. ત્યાં ગુફામાં આસનની સોડમાં સરી જઈ, સ્થિર ધુનિને પામી, પરમના નયનોનું અમીપાન લઈ, ઘૂંટ પર ઘૂંટ ભરતા મસ્ત બની એ પરમતાના ચરણોની જ કિરણ કેડીએ વિજયગતિ કરવા પ્રાણરૂપી મહારથને આદેશ કરે છે.

'સંતાકૂકડી'માં ધ્યાનમાં પ્રગટ થતાં પ્રભુને પામવા કવિ કહે છે કે એ મહાકુશળ જાદુગર કોઈ ગુફામાં સંતાઈ રહ્યો છે. તું ભટકીશ તો તે હાથ નહિ લાગે. માટે તું પણ છુપાઈ જઈ કોઈ અણભેદ્ય ગુહામાં સ્થિર આસન માંડી બેસી જા. તું સ્થિર થઈશ તો પ્રભુ ડગ ભરશે, તું ગુપ્ત થઈશ તો પ્રભુ પ્રગટ થશે, તું મૌન થઈશ તો હરિ ઉદ્ગાર થશે. આમ ધ્યાનયોગમાં પ્રભુ પ્રાપ્ત થશે.

'મિલન પળ'માં ધ્યાનયોગમાં મિલનની પળની ઝંખના વ્યક્ત થઈ છે. કવિ 'મિલન પળ ક્યાં, ક્યારે આવશે?'ની પ્રતીક્ષા કરે છે, અનિમિષ આંખે આખું જગત એના આવવાની રાહ જુએ છે. જ્યારે અંતરપટ હટી જાય છે ત્યારે કવિને યુગ યુગનાં પટાંતર ઊઘડતા દેખાય છે. એમને અવનવાં રંગદૃશ્યો દેખાય છે.

'મતવાલી'માં મતવાલી મનહારી દિવ્યશક્તિ તેજ અને આનંદગીતથી કવિની સૃષ્ટિને શણગારી જાય છે. એ ગાનની પરમ મુદા કવિને બ્રહ્મનર્તનનો અદ્ભુત અનુભવ આપે છે--

' હું લઈ આવ્યો મુરલી, તેં તુજ નૂપુર લીધા પ્રમાણી,
તું નાચે, હું ગાઉં : ગજબની ઊતરે તો કો પ્યાલી.'
(ઈશ, પૃષ્ઠ-૬૧)

બ્રહ્માનંદના મહારસનો નશો કવિને ચડતો જણાય છે. અહીં કવિ 'તું નાચે, હું ગાઉં' કહે છે તો 'કંઈ કહે' કાવ્યમાં કહે છે --

'તું ગાય નહિ તો કેમ કરી હું નાચું ?'
(ઈશ, પૃષ્ઠ- ૬૨)

કવિના પરમતત્ત્વ સાથેનાં સંવનનોમાં કવિનો મનોભાવનું વિશ્વ પ્રગટતું જણાય છે. તેઓ નયન મીંચી, અધર બાંધી, પૂર્ણ સમાધિમાં બેઠેલા એ અકલિત તત્ત્વને વાચા મુક્ત કરવા જણાવે છે. એમને તેને રીઝવવાની રીત તો આવડતી નથી પણ કવિને લાગે છે કે અકલિત ગાનના સૂરો રેલાવતો તે ક્યારેય કૃપણ તો નથી, તો શું દાતા નહિ બને ? અહીં ધ્યાનમાં બેઠેલા કવિની સાદ સુણવાની - પરાવાણીને પામવાની ઝંખના અભિવ્યક્ત થઈ છે. 'રંગમાં રાજા'માં ભાવજગતનાં અગમ્ય કલ્પના- ઉડ્ડયનો જોવા મળે છે. આ રંગમાં રાજા એ કવિનો આનંદ ભર્યતાનું સાકારરૂપ છે. કવિ કહે છે--

' રાજા રંગમાં આવ્યો,
કૈંક કામણ લાવ્યો,
હીંચો હીંચો મેં કોશો ટેકતો ચાલ્યો.'
(ઈશ, પૃષ્ઠ- ૬૩)

આ રાજા ક્યાંકથી સાત સિતારા લાવ્યો છે. વીસ વીસ સિતારા એણે તોડી લીધા છે અને હિમપાગરમાં હોડલી મૂકી ગાતો ગાતો ઊપડ્યો છે. 'સાત સિતારા' તેજની સંપ્રાપ્તિ સૂચવે છે. સિતારાને તોડવાની વાત વ્યવધાનોને ખાળી લેવાનો નિર્દેશ કરે છે. હિમસાગરમાં હોડલી મૂકી ગાતાં ગાતાં ઊપડવું એ ચિંતામુક્ત, નિજાનંદની દશાનું

મુગ્ધ કરે છે. ભાવલોકનો આ વિહાર કવિને ધુંધળા દૃશ્યોમાંથી પ્રગટતા તેજની ઝાંખી લકીરો અને તેમાંથી ઊઠતા આનંદસંગીતનો અનુભવ આપે છે, જેને કવિ આ રીતે મૂર્તરૂપ આપે છે.

'આગળ પાછળ, વાદળ વીંટયાં,
ચાંદની ચોકનાં ચંદન લૂંટયાં,
આંખ મીંચામણી કરતો આવ્યો
વાયનો વેણુ વાતો.'
(ઈશ, પૃષ્ઠ-૬૩)

'તેં બાથ' કાવ્યમાં શાંત, નીરવ, અનિમેષ આંખો લઈ ધરા એના- પરમતત્ત્વના-આલિંગનની પ્રતીક્ષા કરે છે. આ ધ્યાન-સમાધિમાં બારી ખૂલે છે ત્યારે દિશાએથી ગગન ધસી આવે છે. અંધાર પણ જોઈ શકે એવું ઝળકતું હસીને એ દિવ્યતા માનવીને બાથમાં લે છે. જ્યાં માનવતા ધન્ય બને છે અને આમ રાતનો રંગત રેલાઈ જાય છે. કવિ ધ્યાનસમાધિમાં જે ચૈતન્ય-સ્પર્શ પામે છે એનાથી જ ધરાની માનવતા ધન્ય બને છે કવિની સાથે.

'કયહીં......કયહીં'માં ધ્યાનસમાધિનાં અનુભવો કવિએ વ્યક્ત કર્યા છે, તે શબ્દાતીત છે. આથી શબ્દોમાં સુપેરે પ્રગટ થતા નથી. અસંગત ઉદ્ગારોમાંથી કવિભાવને પામી શકાય છે. પહેલા તો મનવિષાદવિવર્તનશોકના પડદા ઊપડતા પડતા જણાય છે, વિરહથક વિહંગસમો મહાઉરેકમાડ પર પળ પળ ભીંસાય છે ત્યાં ક્યાંક કેડી, ક્યાંક પંથ, ક્યાંક ઉગ્ર ગર્ત દેખાય છે. કોઈક ગુપ્ત પગલો એ દિવ્યતાનો પડે છે ત્યાં તો રવ, મૃદુલ મર્મર સંભળાય છે. આ અવાજ કેટલો ત્વરિત, ક્ષણિક છે અને છતાંય કવિના વિષાદ- વિરહનાં આંસુને ભરખો લે છે તે બતાવતાં કવિ નોંધે છે.

'ટહુક કો, ટપકો જઈ આંસુનો
ભરખ લૈ, જત ઊડો વરાળ થૈ.'
(ઈશ, પૃષ્ઠ-૧૦૦)

ત્યારબાદ ઊર્વીમાં ઉડ્ડયન કરતો પક્ષીરાજ દિવ્યતાનું અવતરણ કરાવે છે. કવિની સંપ્રાપ્તિનો એ અનુભવ એટલો અકલ્પ્ય અને અનોખો છે કે ભાવવિવશ કવિ પોતાની પ્રાપ્તિનો ઉલ્લેખ પણ કરી શકતા નથી.

'બન્યું' કાવ્યમાં કવિને અગાધ દિવ્યતાની માત્ર ઝાંખી જ થઈ છે.

'અહો તારું ઊંચું શિર ગિરિ - શિરે ક્યાંક છુપવ્યું.
અમારી પાસે તો ચરણ-નખની રેખ જ ધરી.'
(ઈશ, પૃષ્ઠ- ૧૦૧)

તેઓ કહે છે કે તારા મનસૂબા મુજબ જ તું સૃષ્ટિનો અને અમારા દેહની રચના કરે છે. છતાં દશેદિશામાં ભ્રમતો તારો વાયુ આ મારા શ્વાસોચ્છ્વાસમાં હળુ હળુ ધબક રચ્યો જાય છે. કોઈ પ્રણય-પયધિ એક લહર સહી ફેંકી જાય છે અને કોઈ અજબ ડમરી રચી જાય છે. આ અગમ્ય અનુભૂતિ કવિહૃદયમાં ઉલ્કાપાત મચાવે છે, આવું કેમ બન્યું હશે એનું એમને આશ્ચર્ય થાય છે પરંતુ એ મિલન-અવસ્થાનું વર્ણન શબ્દાતીત છે. એ મિલનની ઘટના બન્યા પછી બનવાનું કંઈ શેષ રહેતું નથી.

'અમારું-તારું આ મિલન કયમ આવું જ બન્યું,
'બન્યું' - બીજું કહેવા સરખું નહિ કે શેષ જ રહ્યું....'
(ઈશ, પૃષ્ઠ- ૧૦૧)

કવિ આવા જ મિલનને ધ્યાનસમાધિમાં પલ્પલ આરાધે છે 'પદપદ આ-રાધ્યું' કાવ્યમાં.

'પદ પદ પ્રભુ આરાધ્યું,
પળ પળ નવ આલિંગન સાધ્યું.'
(ઈશ, પૃષ્ઠ-૧૧૦)

આ ધ્યાનસમાધિ કવિને શ્રેષ્ઠ અને પ્રિય લાગે છે કેમ કે તેમાં જ કવિ ભીતરમાં ફરકતા એનાં અંચલને જોઈ શકે છે. બધો જ ઘટના ભીતરમાં જ બને છે. આવો સૂક્ષ્મ જગતનો અનુભવ કવિ પળ પળ ઝંખે છે.

'ધ્યાન તણા શિખરે, નહિ તારાં દરશન લાધે કેવળ,
અહીં પળે પળ હર ઘટના ભીતર તવ ફરકે અંચલ.'
(ઈશ, પૃષ્ઠ-૧૧૦)

તેઓ કહે છે કે ધ્યાનશિખર પર માત્ર પ્રભુનાં દર્શન જ થતાં નથી, પ્રત્યેક ઘટનામાં એનાં અસ્તિત્વને નિહાળી શકાય છે. વસ્તુદર્શનની પારનું દર્શન કવિને આ સૂક્ષ્મજગતમાં લાધે છે.

'અહો શિશુ' કાવ્યમાં કવિ મહાન શિશુના શિશુત્વને બિરદાવે છે. જે સ્મિતખેલ છોડી ધ્યાનસ્થ બની ભવ્ય ભાવિને ઉચ્ચારી રહ્યું છે. હજી આ શિશુએ ગિરિશિખરોની ઉત્તુંગતા, અગાધ સપ્ત પાતાલના અવગાહન, અનંત નભના પ્રસાર, યુતિઓની દૈવી ઘટા અને સઘન નીલ અશ્વત્થની ટશર જોઈ નથી. પણ સફર પર જતી સઢવાળી નૌકા શું રમ્ય, સૌમ્ય, મૃદુલ શિશુત્વ સકલ શક્યતાઓ સંગ્રહીને ખડું છે.

'દર્શન' કાવ્યમાં દેવતાએ આપેલા દર્શનનું વર્ણન કરતાં કવિ કહે છે કે નહિ વાણી, નહિ વાચા કે નહિ અંગ એકાકી, છતાંય આખા યે રૂપથી વિરાજતું પ્રભુનું એ રૂપ કેવું અદ્ભુત છે! સચ્ચિદાનંદ રેલાવતાં નેત્રોમાં, વ્યોમમાં સૂર્યની જેમ સદાય સ્થિર બની કવિદૃષ્ટિ જડાઈ જાય તેમ કવિ ઈચ્છે છે અને અંતે જે ઘટનાને કવિ ઝંખે છે તે બની રહેશે.

'ધડકશે તેજના શકે સમ ઘાટ - અમો તણા
વન્ય આ તંતુથી સ્વર્ગે રચશે દિવ્ય અંજર.'
(ઈશ, પૃષ્ઠ-૧૩૦)

ધ્યાનસ્થ કવિ પોતાનામાં જાગૃત થતી દેવત્વની ક્ષણોને જોઈ રહે છે 'દેવ પ્રભાત' કાવ્યમાં. અનંતના આવિષ્કારને ઝીલી એ જે વિશ્વરૂપનું દર્શન કરે છે તેનું સુંદર વર્ણન અહીં મળે છે. આ વિરાટ પ્રભુના પગ અનંતને ઓળંગી પડેલા છે તો મસ્તક પૂર્ણપરાત્પરોમાં અડેલું છે. ત્રિકાળનું આસન લઈ અને શાશ્વતીનું મૌન ઓઢીને એ બેઠા છે. જન જનમાં પોઢેલા દેવને જગવાનો કાળ છે દેવ પ્રભાત. અનંત, અપરિમેય રૂપ મૌન ધરી જે વાક્પ્રકાશ-શક્તિને પ્રગટાવે છે. તે વિશ્વના બે અંતિમોને ગૂઢતા એકત્વ-અદ્વૈતમાં પ્રવર્તન ગૂંથી રહે છે ત્યારે કવિને દેવના ઊઘડવાનો ઝાલર સંભળાય છે.

'બે સોનેટો'માં કવિ શ્રી અરવિંદનું સતત સાંનિધ્ય અને એનાથી પોતાને લાધેલી અપૂર્વ સિદ્ધિને વર્ણવે છે. કવિ પ્રથમ સોનેટમાં કહે છે કે એમના ગુરુએ એમને એક પળનો પણ વિરહ આપ્યો નથી. બાકી મિલનને પૂર્ણ કરવા, અધૂરી શક્તિને સભર અને બળવંતી કરવા, અધૂરી સિદ્ધિને પરમતમથી સિદ્ધ સજવા, ગુરુએ જ કર્યો ઊર્ધ્વ ભણી ડગ માંડયું. ઊર્ધ્વે ચડી, બૃહત્ નિજની પાંખ પસારી, ધરાને છાઈને અખિલ નભને બાથમાં લઈ સકલ સ્થૂળતમને સૂક્ષ્મમાં સાંધી રહ્યા અને જે અમૃતતમ જ્યોતિ - જલદ તેમને લાધ્યો તેની વર્ષા કરી રહ્યા. આજે એવા એ ગુરુ માટે કવિ કહે છે. ---

'ખડા છો આલિંગી અણુ અણુ અમોને પરમના,
નવા મૂર્યા પરતમ પમાશો વરસના.'
(ઈશ, પૃષ્ઠ- ૧૨૦)

જેણે ઊર્ધ્વારોહણ કરી દિવ્યતા પ્રાપ્ત કરી છે અને પ્રમળ ધારા માટે એ દિવ્યતાના અમી વર્ષાવી રહ્યા છે એવા ગુરુએ કવિને પણ પોતાની નિકટ, તેમના મહાન સાંનિધ્યમાં લીધા છે. બીજા સોનેટમાં મહા આસવનાં સુધાપ્યાલીઓ મોઢાં એનાં અણુ અણુને પીતાં કવિ ગુરુ સાથે શાશ્વતને વરશે. ત્યાર પછી કવિને એ ધ્યાન સમાધિમાં ગુરુકૃપાથી જે ઉપલબ્ધિ થઇ છે એનું કવિ વર્ણન કરે છે. ગુરુ ભ્રૂકુટિને પલકમાં ઝળકતી જ્યોતિ વ્યોમમાં સરે છે. છલકતી દિશાઓ ઊર્ધ્વથી પણ ઊંચા શૃંગને અડતી અને સકલ ભુવનમાં મલકતી ઝૂકી રહી છે. ગુરુએ અણુતમ - વિરાટોને પ્રબળ રશ્મિદોરે સાંધી દીધાં છે. નવલ ગતિથી વિશ્વનું ભ્રમણ કરતાં તેઓ ઊભા છે, દિવ્ય ધુનિના પરમ વરને હાથમાં ધારણ કરતા તેઓ એ દિવ્ય જળનું સિંચન કરી રહ્યા છે. એ ગુરુકૃપાથી કવિ કહે છે --

'અહો આ નાનેરાં અણુ અણુ અમારાં પુલકતાં.
(ઈશ, પૃષ્ઠ- ૧૨૧)

નિત્ય ક્રમનાં આ અમૃત કોને નથી મળ્યાં? કવિ અહીં બ્રહ્મજ્ઞાનની દિવ્યપ્રભાનું વિવરણ કરતાં બ્રહ્મમય-દિવ્ય ગુરુની સ્તુતિ કરતાં પોતાની પ્રાપ્તિના આનંદને પણ અહીં વર્ણવે છે.

'હું..ને..હું..' કાવ્યમાં પરમતત્ત્વ સાથે એકરૂપ બનેલા પોતે અને પરમતત્ત્વ એક જ છે. જુદા નથી એ વાત સ્પષ્ટ કરતાં પોતાનું શિશુહૃદય જે નિતાંત ભોળું અને નિર્દોષ છે તેની પોતે જનની હોવાનું જણાવે છે. અહીં શિશુહૃદય કવિ અને એની પરમજનની વચ્ચેનો અપૃથક્ સંબંધ વિવિધ રીતે વ્યક્ત કરતાં કવિ કહે છે સૃષ્ટિના ક્યારે હું તારા માટે પુષ્પ બની વિકસું છું. અંધારામાં તારા માટે જ તેજ બની પ્રગટું છું, વંટોળમાં હું તારું દૃઢ આલંબન છું, તારા માટે જ હું આશાનો સબલ દોર પણ છું. કવિ આગળ કહે છે કે તારી ક્ષુધા માટે હું મધુર પ્રાશ સર્જું છું, તૃષા માટે વિમલ પાન વિરચું છું. તને શાંતિમાં પ્રબલ બલથી સજ્જ કરું છું અને તારી સૌ નિરાશાઓમાં મારી આશાથી દૃઢ કરું છું અને છેલ્લે પોતાના આ જગતજનની સાથેના અદ્વૈતને પ્રગટાવતાં કવિ કહે છે--

'અહીં સૌંદર્યનો, નિખિલ રસનો હું જ ઉદધિ,
પ્રિયા તારી હું ને પ્રિયતમ હું તારો નિરવધિ ..'
(ઈશ. પૃષ્ઠ-૧૨૩)

'દ્વારે મિલનના'માં કવિ પ્રાપ્તિની ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિ પ્રગટ કરે છે. કવિ રિક્ત - શૂન્ય બને છે ત્યારે કવિને રણકતા વરદ સ્પર્શનો અનુભવ થાય છે. સરી ગયેલા પાણી જાણે કે ભરતી થઇ તટ પર છલકાઈ જાય છે. પુનઃ નભમાં વિમલ દીપ્ત ચક્ષુ મલકી ઊઠે છે. અર્થાત્ સહસ્રારમાં જે આધ્યાત્મિક આકાશ છે તેમાં ત્રીજું નેત્ર ખૂલે છે, પરમ તત્ત્વની સંનિધિથી હવાઓ મહેકી ઊઠે છે. ધ્યાનસમાધિમાં પ્રાપ્તિની ક્ષણે અનુભવાતા તેજ, આનંદ અને સુગંધના અનુભવો તેઓ આ રીતે વર્ણવે છે. કવિ પરમ મોક્ષની સ્થિતિને આ મિલનના દ્વારે પામી રહે છે.

' નિચોવી ભરું આ મુજ સકલ : એ મુક્તિ જ હતી.
પરા. સૌ મોક્ષો ત્યાં : અવ તવ હું દ્વારે મિલનના.'
(ઈશ, પૃષ્ઠ-૧૩૩)

'યાત્રા' માં મળે છે તેવા મીરાંની વ્રજશૈલીનો છાંટવાળાં કાવ્યો અને ગીતો પણ આ સંગ્રહમાં છે. 'બાંસુરી બરસ રહી','તોરે',' કિસસે બાત કરું', 'તુમ બિન ',' પરમ શરણ ',' છિપો ના','શ્યામ સજનવા','મેરો ફાગુન',' મીટ એક','સુરત તેરી ' ઇત્યાદિ ગોપીભાવ પ્રગટાવતાં કાવ્યો છે. તો 'મોતિની બેન','આ વાત',' પ્રથમ પ્રીત','પાંદડાંની પ્રીત','લગન લગન','કોણ કહું?','હરિનો હાટ','જોજર અજ કમલ ક-થી '.' સરયૂના નીર 'ઇત્યાદિ ગીતોમાં કવિ પોતાની આધ્યાત્મિક ચેતનાનો સંસ્પર્શ પ્રગટાવે છે.

'બાંસુરી બરસ રહી' કવિની સંપ્રાપ્તિના આનંદને વહાવે છે. ઘનશ્યામની કૃપાવૃષ્ટિ ગોપીના અંગ અંગને ભીંજવી રહી છે. ગોપી માટે પ્રીતમની મધુર મુસકાન વીજળી બની ચમકી રહી છે. એનું મન પ્રિયતમની સમીપતામાં નાહી રહ્યું છે. હવે તેને શ્યામનું જ બંધન માત્ર છે. એવા પ્રિયતમની કૃપાની બાંસુરી પરમરસને વરસાવી રહી છે.

'બાંસુરી રસ રસ બરસ રહી .'

(ઈશ,પૃષ્ઠ-૨૯)

'તોરે'માં કવિને પ્રીતમના ચરણ, નયન અને હૃદય પ્યારાં અને દુલારાં લાગે છે. કવિને સોના-રૂપા કે હીરા-મોતી જોઇતા નથી. એતો કહે છે --

' મૈં ચાહું દો કંકર .' (ઈશ,પૃષ્ઠ-૩૦)

પ્રીતમની તુચ્છ ભેટ પણ કવિ માટે અમૂલ્ય છે.

'કિસસે પ્યાર કરું 'કાવ્યની યાદ અપાવતું કાવ્ય છે 'કિસસે બાત કરું'. કવિને અહીં પણ કોની સાથે વાત કરું, કોનાથી રહું. કોને દશે દિશાઓમાં ઢૂંઢું એવી મૂંઝવણ થાય છે. કવિની શોધ પૂરી થઇ ગઇ છે. ભરેલા શ્રાવણનાં વાદળો - પ્રેમસભર ઘનશ્યામ-અને ચમકતી વીજળીનો ઓથિલ છે ત્યાં કોનાથી છુપાઈ શકાય? હવે તો કવિ પ્રભુ સામે પ્રત્યક્ષ છે, છુપાવાનો પ્રશ્ન જ નથી. કવિનું મન પ્રભુમય જ નહીં પ્રભુ જ બની ગયું છે, એટલે પ્રભુ વરસે ત્યારે તે પણ વરસે છે. રોમ રોમમાં પ્રભુનો જ પાવક પસરી રહ્યો છે. રોમે રોમ વ્યાપેલા પ્રભુને પામીને કવિનું મન આનંદવિભોર બની છમક છમક નૃત્ય કરે છે. વનનો મોરલો બની કવિ પ્રભુનો રટણા કરતાં એના મેહને- સ્નેહને જોઈ શકે છે- પામી શકે છે. હવે તો રાત છે જ નહીં, હંમેશની સવાર છે. આ સંપ્રાપ્તિની અપૂર્વ અનુભૂતિને માણતા કવિની આંખો આનંદાશ્રુથી ભરાઈ જાય છે.

'મૈં નયનન નીર ભરું .' (ઈશ,પૃષ્ઠ-૩૨)

'તુમ બિન'માં કવિની વિરહવ્યાકુળતા અને હરિદર્શનની પ્યાસ વ્યક્ત થાય છે. કવિ કહે છે --

'તુમ બિન મેન પિયાસી , સુન્દર
દિનદિન રાતરાત નવ સૂરત
તરપત નિત હૈ ઉદાસી - સુન્દર .'

(ઈશ ,પૃષ્ઠ- ૩૩)

જીવનની એક એક પળ વહી જાય છે .મોહનનાં દર્શન વિના કવિની સ્થિતિ જળ વિનાની મીન જેવી છે. એટલે જ કવિ પ્રાર્થના કરે છે--

' દો નવ રૂપ પ્રકાશી .' (ઈશ,પૃષ્ઠ-૩૩)

કવિ આ પાર અને પ્રિયતમ પેલી પાર છે, વચ્ચે જમનાના જલ છે. જમનાના જલ માયાનું પ્રતિક છે. કવિ કહે છે કે વસંત આવી અને તાગ મોરલીનો સૂર વન વન ગુંજી ઊઠયો પણ તારો ભક્ત તો બેબસ થઈને બેઠો છે અને જગત એની હાંસી કરે છે.

કવિ પોતાની ઝંખનાના પ્રિયતમનાં પુનિત,પાવન ચરણોનું જ નિત સ્મરણ, રટણ, ચિંતન કરે છે'પરમ શરણ'માં. સકલ જગતને ભૂલીને માત્ર શ્યામના જ પરમ શરણમાં કવિ જવા ઇચ્છે છે.

'સકલ વદન વિસરી મનમોહક,
શ્યામ વદન મન બાર બાર.'
(ઈશ,પૃષ્ઠ-૭૪)

'છિપો ના'માં કવિ શ્યામને પોતાનાથી છૂપાઈ ન જવા જણાવે છે. તે કહે છે--

'સજન મોરે શ્યામ છિપો ના.'
(ઈશ,પૃષ્ઠ-૭૫)

શ્યામ વિના કવિની સ્થિતિ જળ વિનાની માછલી જેવી છે. કવિ વાદળમાં શ્યામનાં રૂપને જુએ છે --

'આયો શ્યામ, મધુર મન મોહન,
પ્રગટ બનો નિમિ મેરા સાવન,
કર્યો ઇતની બાદલસે પ્રીતિ,
બાર બાર બહે જાય.'
(ઈશ,પૃષ્ઠ-૭૫)

'શ્યામ સજનવા'માં બંને કાવ્યો 'ચાલ્યા કાં?' અને 'સોડમાં શ્યામ' ગોપીભાવે લખાયેલાં છે.'ચાલ્યા કાં?'માં ગોકુળ છોડીને ચાલ્યા ગયેલા શ્યામના વિરહની વ્યાકુલતા ગોપી પ્રગટ કરે છે તો 'સોડમાં શ્યામ' કાવ્યમાં નીંદરમાં ય કાનાની બંસીને સાંભળતી ગોપીની એકમયતા-સૂક્ષ્મ પ્રીતિ એમને પ્રગટ કરવી છે 'ચાલ્યા કાં?'માં. કવિ કદંબ, જમનાઘાટ, લાખ ગાયોનું ગોકુળિયું, મંદારની માળા, મેરુડાના મહોડાં, વજની બાળા - બધું છોડીને ચાલ્યાં ગયેલા શ્યામને પૂછે છે--

'વૈકુંઠના નાથ, યાદ આવ્યાં વૈકુંઠ કે શું-
ઝાઝો કોક દુઃખી દુનિયા ભાળી?
સુખદુઃખનાં સાથીને અળગાં કરીને, હરિ,
ચાલ્યા કાં ઝટ દઈ હાથે તાળી?'
(ઈશ,પૃષ્ઠ-૮૦)

તો 'સોડમાં શ્યામ'માં કવિ પૂછે છે --

'મીઠી રે નીંદરમાં મને કેમ રે જગાડી?
સોડમાં આવી કાં શ્યામ, બંસી વગાડી?
(ઈશ,પૃષ્ઠ-૮૧)

શ્યામરૂપ અરવિંદ કવિને દૃશ્ય જગતની પારનું કયું જગત બતાવવા માગે છે તે કવિ કળી શકતા નથી. કવિનો શ્યામ અહીં વ્યક્તિ મટી પરબ્રહ્મરૂપ બને છે.

'નમે રે પોઢો રાઓ ખ, નમે જગાડણહાર,
નમે થાઓ ચમકાવ્યા, તારલા ટમકાવણહાર,
આવો રૂડો લીલા મૂકી કિયા રે મુલક ધામ
જોવાં હજુ બાકી? - મારો મેઘ મહાડો.'
(ઈશ,પૃષ્ઠ-૮૧)

'મેરો ફાગુન'માં કવિને જગતની, દરેક ગતિવિધિમાં શ્યામરૂપે અરવિંદનું સાયુજ્ય દેખાય છે. 'ફાગુન આયો' એ ફાગુન નહીં ફાગુન રૂપે અમૂર્તશ્યામ આવે છે.

' હો મેરો ફાગુન આયો,
મેરો શ્યામ ગુલાલકો લાલ લાલ
ભર પિચકારી રંગ લાયો.'
(ઈશા. પૃષ્ઠ- ૮૪)

કૃષ્ણ સાથેના પ્રણયને કવિ ગોપીભાવે અહીં પ્રગટ કરતાં કહે છે કે બધી સખીઓ ગાય છે, નાચે છે; પોતે જ માત્ર ઉદાસ છે. શ્યામની પ્રીતમાં જ તેમની આંખો લાગેલી છે. સખીઓ હસી હસીને પોતાના ભવનમાં જતી રહે છે અને કવિ માત્ર આંગણ વચ્ચે ઊભા રહી જાય છે ત્યારે શ્યામ સજન તેમના હાથ પકડીને વારંવાર હસી રહ્યો છે. કવિને ફાગણનું સોહામણું ફૂલ બની જમના તટે વસતા શ્યામની પ્રતીતિ થાય છે. એ તો જણાવે છે -

'જહેઁ જહેઁ શ્યામ તહેઁ તહેઁ ફાગુન,
મોરે ચોર રહ્યો રંગ બાર બાર.'
(ઈશા.પૃષ્ઠ- ૮૪)

'મોહ એક' કૃષ્ણરૂપ પુરુષ અને રાધારૂપ પ્રકૃતિની લીલાનું ગાન છે.

'રંગભવન રસિયો નાચે,
વાર વાર રાધામુખ નીરખે.
મોહ એક રમનો યાચે.'
(ઈશા.પૃષ્ઠ-૮૭)

હૃદયનાં દ્વાર ઊઘડે છે અને જ્ઞાનપ્રકાશનો સ્પર્શ થાય છે ત્યારે હરિદર્શન લાધે છે જે નીચેની પંક્તિમાં કવિ વ્યક્ત કરે છે.

'અમલ કમળનાં દલ વિકસ્યાં છે,
દલ દલ ચંદ્ર- ચરણ પરસ્યાં છે.' (ઈશા.પૃષ્ઠ-૮૭)

પ્રત્યક્ષ મિલનમાં જે એકમયતાનો અનુભવ થાય છે, પરમતત્ત્વ પોતામાં ઊતરતું અને પોતે પરમાત્મામાં ભળતા હોવાનો અનુભવ કવિ કૃષ્ણ-રાધાના સંદર્ભે દર્શાવે છે.

'રાધા હરિમુખ મુરલી ધારે,
હરિ રાધામુખચંદ્ર નિહારે,
રાધા વદન નયન આકુલ બે
મોહ એક હરિનો યાચે.'
(ઈશા. પૃષ્ઠ- ૮૭)

પ્રભુની દિવ્યદ્યુતિનું એક કિરણ જ કવિ માગે છે કેમકે કવિ તેને પામીને પ્રભુમય જ નહીં પ્રભુ બની શકશે.

મીરાંની જેમ જ મીરાંભાવને પ્રગટાવતાં સુંદરમ્‌નાં કાવ્યોમાં પણ યોગક્રિયાનું વર્ણન મળે છે. મીરાંની જેમ કવિ પણ ભક્ત અને યોગી બને છે. 'મૂરત' નામે કાવ્યમાં શ્યામની જ મૂરત એમના નયનમાં વસેલી છે. જમના, ગંગા ને કદંબની ડાળ બધું જ અહીં છે, ત્યાં જ વસ્ત્રહરણ કરનારો પણ બેઠો છે. માયાનાં-જડતાનાં વસ્ત્રોનું હરણ કરનાર વાદળમાં વીજળીની જેમ ચમકી જાય છે- દર્શન આપી જાય છે અને કવિનો પ્રત્યેક શ્વાસ તેને પુકારી રહ્યો છે. એનો જ મોરલીનો સૂર પ્રગટાવી રહ્યો છે.

'ઉમડ ઉમડ હર સાસ રહી વહ
પાગલ મુરલી પુકાર,
સૂરત તેરી નયનમેં બસ ગઈ શ્યામ.'
(ઈશ,પૃષ્ઠ- ૮૮)

અહીં ધ્યાન-યોગમાં વીજળીની જેમ શ્યામના દર્શનને કેવી રીતે પામે છે તેનું વર્ણન કવિ આ રીતે કરે છે.

'સોનેરી દિન'માં કવિ પ્રકૃતિતત્ત્વોની સહાયથી દિવ્યચેતનાનું વર્ણન કરે છે. વસંતના વાયરારૂપે તે ચૈતન્યને મૂર્ત કરે છે, અને લખલૂંટ લેવાની અને દેવાની વાત અરવિંદદર્શનને પ્રગટ કરે છે.

'સૂંડલા ભરી ભરી લેજો
અને ગાડલાં ભરી ભરી દેજો.
વસંતના આ ડોલે વાયરા.' (ઈશ,પૃષ્ઠ-૩૧)

કવિમાં થતા દિવ્યચેતનાના અવતરણને કવિ સોનેરી દિન કહે છે. કવિને જે મળ્યું છે તે કેવી રીતે મળ્યું અને કોણે આપ્યું એનું આશ્ચર્ય પણ છે અને આ કોણની ભાળ કાઢતા કવિ 'આ વાત'માં કહે છે--

'તારા પડદાની પાર પહોંચે છે કોણ એનો
લેવાનો ભાળ હજુ બાકી.' (ઈશ, પૃષ્ઠ-૩૪)

'પરથમ પ્રીત'માં કવિ લીલીકુંજાર પ્રકૃતિમાં લીલીજામે પધારતા શ્યામને વર્ણવે છે. એ શ્યામે બધાંને મનભર રંગ્યાં છે, બધાંને હૈયે એના હેજ પૂર્યાં છે. એના વિના કવિની સેજ અગનભરેલી બની જાય છે.

'પાંદડાંની પ્રીત'માં કવિ જુદાં જુદાં પ્રતીકોથી પ્રભુનું સાયુજ્ય દર્શાવવા પ્રયત્ન કરે છે. કવિની પ્રીત તો તુલસીનાં પાંદડાંની પ્રીત છે. 'અગન લગન' કાવ્યમાં કવિને જેને પામવાની અગન જાગી છે અને જેની લગન લાગી છે એને કવિનો પ્રાણ હોંકે હોંકે પુકારે છે. કવિની નાવ તીર કિનારા દૂર મૂકી મઝધારે ઝૂલે છે. રોમે રોમ કોક ગુંજારવ જાગે છે. આદિના સાદ વહાલીડાની વેણુના સૂર બની આવે છે. પોતાને થતી પરમતત્ત્વની પ્રતીતિને કવિ ખૂબ જ રોચક રીતે અભિવ્યક્ત કરતાં કહે છે--

'બાગમાં બેઠો આજ વસંત હો,
ફૂલ વીણીને માળીડા.
મારો શ્યામ રમે છે પરાગે.'
(ઈશ,પૃષ્ઠ- ૮૬)

અહીં પ્રત્યેકમાં સમવાયરૂપ પ્રભુનું દર્શન તેઓ પામે છે. હવે તો એની પ્રાપ્તિ એ જ જીવન ધ્યેય છે. કવિના જીવનનો દોર હવે સૂરજ ચંદ્રની સાથે બંધાઈ ગઈ છે. ઈશનું નિવાપ બનેલું મન એનું જ ગીત ઘૂંટયા કરે છે. એના સર્વવ્યાપીપણાને પ્રગટ કરતાં એ કહે છે--

'તું હિ ઠામોઠામ, તું પોઢિ આગ.'
(ઈશ,પૃષ્ઠ-૮૨)

કવિના મુગ્ધ અને ગૂઢ ભાવોને વ્યક્ત કરતું 'કોણ ખડું?' કાવ્ય કવિની 'કોણ ગયું બજાવી મુજને' પંક્તિની યાદ અપાવે છે.

'આ કોણ ખડું મુજ ઉંબર આવી,
સભર ભરી નભ શ્યામ સુહાગી.

ભાગી રહ્યું મુજ મેમ અનામી.'

(ઈશ, પૃષ્ઠ-૮૩)

પણ આ અનામી કોક યોગપંથે પળેલા કવિને ધ્યાનાવસ્થામાં જડે છે--

'પાંપણનો બે પલક વિષે બસ

નિજ આસન કો ગયું જમાવી.'

(ઈશ, પૃષ્ઠ-૮૩)

કવિ એના મનોહર નયનને, ચરણોનો નૂપુર - આહટને, મધુરસ વરસાવતો સૌરભને શોધે છે પણ આ અમૂર્ત મૌનપટલ પર એનું મુખ ઝિલાતો જાય છે. કવિને ધ્યાનાવસ્થામાં થતું આ દર્શન, એની અનુભૂતિ અને પ્રગટતો આનંદ તે આ રીતે વ્યક્ત કરે છે.

'કેવલ એક ધબક ભીતરમાં,

એક સુર ગુંજત અંતરમાં,

તાર તાર પર નર્તન એનું

નિજ સોહાગ ગયું જ સજાવી.'

(ઈશ, પૃષ્ઠ-૮૩)

'હરિનાં હાટ'માં કવિ કહે છે કે હરિ હાટ માંડીને બેઠા બેઠા દેવા ચૂકવે છે. સૃષ્ટિ સર્જનના ઉપનિષદનિર્દિષ્ટ ક્રમ સાથે અરવિંદતત્ત્વચિંતનનો સ્પર્શ સૂચવતા તે કહે છે--

'અરે આ સચ્ચિદાનંદ સ્વામી પરમેશ એણે

ઊલટું જગત રચી દીધ,

નિજનાં પ્રકાશ ચીર ઉતારી નાખ્યાં ને સાવ

અંધકારે આસનિયાં લીધ.'

(ઈશ, પૃષ્ઠ-૮૫)

તો નીચેની પંક્તિઓમાં તત્ત્વજ્ઞાન મુખર બનીને પ્રગટે છે.

'માનવી સ્થાને એનો દેવતાઈ હરી લીધો,

સોનાનું કર્યું રે કથીર,

એહ રે કથીર તણાં કરવાં કંચન હવે,

માંડ્યાં હાટ ધરતીને તીર.'

(ઈશ, પૃષ્ઠ-૮૫)

જડતામાં દિવ્યતા પ્રગટાવવાનાં અને માનવમાં દેવત્વ પ્રગટાવવાના અરવિંદવિચારને કવિ અહીં આ રીતે કાવ્યરૂપ આપે છે અને એ રીતે હરિએ માંડેલા હાટ એ અરવિંદની સાંપ્રદાયિક પ્રવૃત્તિ જ છે.

'ઝાંઝર અલક મલકથી'માં સુન્દરમ્‌ની સંપ્રાપ્તિની સહજ અભિવ્યક્તિ જોઈ શકાય છે. અલક મલકથી આવેલું ઝાંઝર કવિને વહાલાએ પગમાં પહેરાવ્યું છે. જેના મુખમાં મોરલિયાના સૂર છે પડખે ચાંદલિયા અને ઘૂઘરે તારલિયાના તેજ છે. એવું ઝાંઝર કવિ પહેરે છે ત્યારે સાહેલી હરખે છે અને લોકની આંખ પાણી થાય છે. રાજા-રાણી જેવી ભલભલી વ્યક્તિઓ એ ઝાંઝરને માગે છે. આમ ઝાંઝર કવિની આધ્યાત્મિક પ્રાપ્તિનું રૂપક બનીને આવે છે.

'સરયૂના તીર'માં કવિ માનવ ચેતનામાં દિવ્યચેતના ભળતાં જે અદ્ભુત આનંદ થાય છે તે વાત તે સરયૂના શાંત જલમાં ઉર્મિલા ભળવાથી જળના બાહ્યઅંતર બદલાઈ જાય છે એમ જણાવી વ્યક્ત કરે છે. લક્ષ્મણ, સીતા ભળી ભળી એ જલભીતર-

રામચરણોથી પાવન જળમાં - પોતાનું મુખ નિરખે છે. એ જળમાં એમના અધીર અંગ પુલકી ઊઠે છે. રામના સંદર્ભને અરવિંદમાં બદલી નાંખતાં છેલ્લી કડીમાં કવિ કહે છે --

'ત્યાં બદરી નભ આય હિમંતનો ,
'ઓ મુખચંદ્ર ધરાતટ' રટતો,
ઝરતો પ્રેમલ ઝરમર નીર .'
(ઈશ,પૃષ્ઠ- ૧૦૬)

પ્રભુકૃપાનું વાદળ પ્રેમની હેલી વરસાવતું આવે છે. તેઓ પ્રભુકૃપાની સ્વાનુભૂતિને રામ, કૃષ્ણ ,અરવિંદ ,માતાજી ,ઈશ જેવા રૂપોમાં સાકાર કરે છે.

કવિના અતીન્દ્રિય, ગૂઢ અનુભવોને વ્યક્ત કરતાં ,રહસ્યમયતાને પ્રગટાવતાં કાવ્યોમાં-- 'રણઝણતી રાત' અને 'ચકની ઘુઘરી' ધ્યાન ખેંચે છે.'રણઝણતી રાત'-માં કવિ અગમ્ય ખેંચાણને અનુભવે છે. કવિ કહે છે--

'રણઝણતી રાતમાં
કોના આ ઘુઘરા વાગે ?
કોનાં આ નેણ અહીં જાગે ?'
(ઈશ ,પૃષ્ઠ- ૭૦)

કવિને એવી અગમ્ય , સકલ અનુભૂતિ થાય છે કે એને અભિવ્યક્ત કરવા કોઈ ભાવના બોલ અધૂરા લાગે છે , એને જોવા દૃષ્ટિના દોર ટૂંકા લાગે છે. બધ કાંઈ વહેતો મૂંગો મૂંગો મૌન છલકાય છે. એ અગમના સંદેશ ટૂંકડા આવતા જાય છે. કવિ એ તરફ અનાયાસ ખેંચાય છે અને ઊડવા તત્પર બને છે.

'ખુલતાં જો આભ અને પહોળી બે પાંખ જો
ચંદનવરણાં ને પેલાં હેમાળાં શૃંગ જો,
માનસનાં નીર રહ્યાં ટહુકી બે કંઠ જો,
હવે હંસાને ઊડવાને વાર શી ?'(ઈશ,પૃષ્ઠ- ૭૦)

કવિને ખબર પડતી નથી,

'કોના આ નોતરાં આવે ?
ને કોણ કેવા સંદેશડા લાવે ....' (ઈશ,પૃષ્ઠ- ૭૦)

કવિનું અગમ્ય ખેંચાણ અહીં સુંદર અભિવ્યક્તિ પામ્યું છે. તો 'ચકની ઘુઘરી'માં એમણે એ પ્રયાણ આદરી જ દીધું છે. આ કાવ્ય અને 'નરદા'માં 'પવનપંથે'શીર્ષક હેઠળ મુકેલું કાવ્ય બંને એક જ છે. આથી પુનઃ વિવેચન ટાળું છું .

'પરમ જર' કાવ્ય ભગવદ્ગીતાના ઉપદેશની લઘુ આવૃત્તિ જેવું છે. કૃષ્ણની જેમ કવિની શ્રદ્ધામૂર્તિ અહીં કહે છે દુઃખમાં, અસહાયતામાં, ભયમાં, સંશયમાં તું મારે શરણે આવજે. હું તને જન્મ આપનાર, સંવર્ધન કરનાર છું. જગના ધમસાણમાં પ્રજ્ઞા પંગુ બની જાય ત્યારે મારા બ્રહ્માસ્ત્રનું તું સ્મરણ કરજે. કામ-ક્રોધના મર્કટો ગ્રસવા આવે ત્યારે ગાઢથી ઊંઘ-મુક્તિ કરાવનાર મને યાદ કરજે. આ પરમતત્ત્વ ઉપનિષદ્વાણીની જેમ પોતાનો પરિચય આપતાં કહે છે --

' હું છું શક્તિ તણો અબ્ધિ પ્રશાંત અતલાન્તિક ,
સર્વ ક્લેશ તણો શાહિ , દૂર ને તોય અન્તિક .
આવા આ દેવનું આણ જગમાં તુંય દૈવત ,
તું મારો અંશ છે જાણ, અંશુ તું અંશુમાનનું .'
(ઈશ,પૃષ્ઠ- ૩૬)

ગીતાના વિભૂતિયોગની જેમ એ પરમતત્વની વિભૂતિઓને પ્રગટાવતા એમને કહેવું છે--

'હું સદા સંગાથે તારી, પ્રત્યક્ષ વા પરોક્ષ વા,
તારી આ નાવનો નિત્ય નાખુદા, નાવનો પતિ-
હું પ્રચંડ સઢને તારા પ્રેરનાર અને વળી
હું અબ્ધિ, નાવને તારી જલોમાં ધારનાર હું

(ઈશ, પૃ૯- ૩૭)

માટે જ હે વિશ્વયાત્રી તું સદા મારા પંથે જ પળજે, પંથ ભૂલ્યા વિના દેવ માર્ગને ક્રમતા અશ્વને મારા સદ્ધામે સદા પ્રેરજે. હું મારા દ્વાર પર તારી પ્રતીક્ષા કરું છું. તારાં પગલે પગલે મારા હું તેજ સાંકળું છું. હું તારા જયમાં મારા જયને સર્જું છું, તારી સિદ્ધિમાં મારી સિદ્ધિને સાધું છું.

કવિ કૃષ્ણ-ઉપદેશને અરવિંદ- ઉપદેશમાં પરિવર્તિત કરી મહાન અરવિંદ-દર્શન પ્રગટ કરે છે--

'આવ તો શિશુ હે મારા, ઊર્ધ્વે આક્રન્દથી બનો,
દૈન્ય ને પંગુતા કેરી જંજીરો છેદીને બધી.
આ મારા શક્તિને ધામે મહા શાક્ત બની રહે,
આ મારા જ્યોતિને ધામે જ્યોતિર્માન બની રહે,
મારા આનંદધામે તું આનંદ લીન થૈ રહે,
ને મારા પરમૈશ્વર્યે ઈશ્વરીય બની રહે.
તું રહે રટતો સોઽહં, સોઽહં, સોઽહં, રટું ય હું
ત્વમહં ત્વમહં બાલ, હું તારું બ્રહ્મ છું સદા.'

(ઈશ, પૃ૯- ૩૭)

આપણે જોઈ શકીએ છીએ કે આ અરવિંદ-ઉપદેશ આપણા સનાતન ધર્મનો જ નવો ઉન્મેષ છે. એ દર્શનનાં મૂળ તો આપણા વેદોપનિષદ્‌માં જ પડેલાં છે, માત્ર અભિગમ અને અર્થઘટન જ અરવિંદનિર્દિષ્ટ છે. જીવ અને શિવના, આત્મા અને પરમાત્માના, શાશ્વત સંબંધને રજૂ કરતાં તેઓ કહે છે --

'વિયોગે આપણો યોગ, સંયોગે મોક્ષ આપણો,
યુગોના યુગની યારી આપણી શાશ્વતી સદા.'

(ઈશ, પૃ૯- ૩૭)

જેને ઉપનિષદોએ બ્રહ્મ કહ્યું છે તેને જ અરવિંદ દિવ્યતા કહે છે. ઊર્ધ્વારોહણની પ્રક્રિયા યોગમાં પ્રાણોની ઊર્ધ્વગતિ છે. સહસ્રારમાં પહોંચેલી પ્રાણશક્તિ એ આધ્યાત્મિક આકાશમાં ધુતિના ઓઘને પામી રહે છે અને પુનઃ નીચે આપણા શરીરમાં નાભિના નીચેના ભાગમાં પુરુષોત્તમને ચૈતન્યગ્રસ્ત કરે છે. પતંજલિના યોગનું જ અરવિંદ પોતાના શબ્દોમાં અર્થઘટન કરતાં કહે છે.

'આ શ્રદ્ધા, જ્ઞાન આ, શક્તિ આ પ્રકાશ હું દે ધરી.
નિજને ઊર્ધ્વમાં પ્રેરી તમસો સર્વ જા તરી:

(ઈશ, પૃ૯- ૩૮)

અને કૃષ્ણની જેમ શિષ્યને અસત્‌માંથી સત્‌માં, તમસ્‌માંથી જ્યોતિમાં અને મૃત્યુમાંથી અમૃતમાં સંસ્થાપન કરવાનું અભયવચન આપે છે. આમ ઉપનિષદ્‌ના દોહનરૂપ ગીતાજ્ઞાનને પ્રગટાવતું આ કાવ્ય અરવિંદદર્શનની સનાતન ધર્મમાં સંસ્થિતિને પણ દર્શાવે છે. આવું ઉપનિષદ્‌વાણીમાં બ્રહ્મનું વર્ણન કરતું કાવ્ય છે 'ગુરુ'. ઉપનિષદોમાં

જેમ બ્રહ્મનું વર્ણન કરતાં ઋષિ કહે છે કે આ આંખ એ બ્રહ્મ નથી પણ આંખ જેના વડે જુએ છે એ બ્રહ્મ છે. આ કાન એ બ્રહ્મ નથી. પણ કાન જે શક્તિથી સાંભળે છે તે બ્રહ્મ છે. એ જ રીતે કવિ આ કાવ્યમાં એ ગૂઢતત્ત્વને નિરૂપે છે. તે કહે છે કે અમારા અંતરમાં જે ધબકે છે તે ધબક અમારી નથી, આ પાંપણ જે પલકે છે એનો પલકન ક્યાંકનો અનોખો જ છે. આ મનનું જે બળ છે એ બળમાં તો બીજા પવન ગાજે છે. આ વાણીનો વૈભવ આપનાર પરમ મુકદાતા છે. આ નયને રંગિયાળા રસ જન્માવનાર એ જ નિરંજન છે. અહીં ઘટના મંદિરિયામાં હરિનું ધામ સ્થાપિ બેઠેલા કવિ માટે એમનો દેહ એ જ ઈશનું આવાસ છે.

'એંધાણ' કાવ્યમાં કવિને અગમતત્ત્વનો એંધાણ મળે છે.

'કોઈ આવે અગમનાં એંધાણ .
મૂકો રે મૂકો મનનાં બાંધેલાં મેલાણ .'
(ઈશ, પૃષ્ઠ- ૭૭)

કવિને આ અગમના રૂપ વિશે મનમાં પ્રશ્નો જાગે છે. આ અદીઠા દેવનું મુખ, એના કેશ, એના વેશ કેવા હશે અને એનો પગલો કેવો પડતો હશે એ જોવાનો - જાણવાનો કવિને ઉત્સુકતા છે. યોગસિદ્ધિના માધ્યમે એ દર્શન કરશે એનો કાવ્યાત્મક રજૂઆત જોઈએ --

'અમારી આંખોનાં કમળ તને દઈ દેશું , દેવ,
ખોલી દેશું ભોંગળોના ભાર .
ચિત્તનો ચકવો અમે માળિયે મૂકીશું અને
જાશું તારા સામેના ઓવાર .'
(ઈશ, પૃષ્ઠ- ૭૭)

આંખોના કમળ દઈ ધ્યાનાવસ્થાને પ્રાપ્ત કરી, ભોંગળોના ભાર ખોલી હૃદયગ્રંથિનો ભેદ કરી, ચિત્તવૃત્તિઓને સંકેલી કવિ સામેના પાર - સૂક્ષ્મ જગતમાં પ્રવેશવા માગે છે.

'ભલે પડ્યાં'માં કવિ રાતદિવસ પડવાની, વાગવાની, સૂઈ જવાની, કામે લાગવાની ક્રિયાઓ તેની સાથે સાંકળી જે કાવ્ય રચના કરે છે તે સાવ કૃતક અને છીછરા તરંગી વિચારની અભિવ્યક્તિ માત્ર બની રહે છે.

આમ 'ઈશ' કાવ્યસંગ્રહ કવિની 'યાત્રા' પછીની અધ્યાત્મચેતનાને ઝીલતા અધ્યાત્મકાવ્યોનો સંચય છે, જેમાં કવિની અરવિંદવિચારધારાની ભૂમિકા અને અરવિંદની શરણાગતિ પ્રગટપણે જોઈ શકાય છે.

**પલ્લવિતા** .

'પલ્લવિતા' કાવ્યસંગ્રહમાં સુંદરમ્‌નાં ૧૯૨૭ થી ૧૯૪૦-૪૧ દરમ્યાન લખાયેલાં કાવ્યો સંગૃહિત છે. આ સુંદરમ્‌નો 'કોયા ભગતની કડવી વાણી', 'કાવ્યમંગલા', અને 'વસુધા' કાવ્યસંગ્રહોના પ્રકાશનનો કાળ છે, એટલે સ્વાભાવિક રીતે જ 'પલ્લવિતા'ની કવિતા એ કુળની જ છે. એ સમયગાળા દરમ્યાન સુંદરમ્‌ની પ્રસિદ્ધ થયેલી કવિતાઓ 'પલ્લવિતા'માં ગ્રંથસ્થ કરવામાં આવી છે. ધ્રુવપદની પ્રાપ્તિ પહેલાંનાં આ કાવ્યોમાં મહદ્અંશે પ્રણયકાવ્યો, પ્રાર્થનાઓ, ભક્તિગીતો અને કથાકાવ્યોનો સમાવેશ છે. તીવ્ર આધ્યાત્મિક સંસ્પર્શવાળાં 'યાત્રા' અને યાત્રોત્તરકાળનાં કાવ્યો અહીં મળતાં નથી પરંતુ વિવિધ રાગોમાં રચાયેલી પ્રાર્થનાઓ, હરીન્દ્ર ચટ્ટોપાધ્યાય અને અંગ્રેજી કવિઓના અનુવાદો તથા ઋગ્વેદમંત્રોના અનુવાદો પણ છે.

પોંડિચેરી નિવાસ પહેલાં પણ કવિની શ્રધ્ધા જગતજનની-મધુરમાતામાં જ ઠરેલી હતી જેની પ્રતીતિ 'પલ્લવિતા'ના પ્રથમ કાવ્ય 'અનુભૂતિ'માં કવિના નિમ્નાંકિત ઉદ્ગારો પરથી થાય છે.

'અરે જનની ! દુઃખનાં ઝિમરનાં દૂરે આંસુડાં !
પરિપ્લાવિત હાર્દ ના અવર અન્ય કાંઈ મળે.
અહો મધુર માત ! જીવનસમુદ્ર આંસુભર્યો !
ધરે હૃદય અનુભૂતિ સર્વ તે રંકો ખોળલે ,
(પલ્લવિતા, પૃષ્ઠ- ૪)

કવિને ગરીબોનાં આંસુ પ્રત્યેનું જે દર્દ છે તે પણ અહીં પ્રગટ થયું છે--

'નહો શું ભવ સ્થાન આ સરજને ધરી તું પદે
સદાભિનવ છાબમાં ગરીબનાં સુકાં આંસુને ?'
(પલ્લવિતા, પૃષ્ઠ-૪)

તેમને દેશની દુર્દશા ભાવની સમાજની અકર્મણ્યતા પણ કઠે છે. 'અકર્મણ્યતા' કાવ્યમાં કવિ એનું દુઃખ વ્યક્ત કરતાં તેઓ કહે છે --

'પ્રયત્ન સહુ વ્યર્થ રે ! જીવનમાં અકર્મણ્યતા
રહી પ્રસરી એકલી: અહ હા ! ઈશ, આ શી દશા?'
(પલ્લવિતા, પૃષ્ઠ-૬)

'તાંડવ'માં કવિ વિનાશકર રુદ્રની લીલા જુએ છે. --

'વિનાશકર રુદ્ર એ મનુજ સાથ આજે રમે.
હશે, રમત એહની, જગજીવોનું એ મોત તો.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૮)

'જય જનની'માં કવિ ભૂપાલી રાગ માટે સરસ્વતીની પ્રાર્થના આપે છે. તો 'સવિતા- હિરણ્યગર્ભ'માં દુરિતોને દૂર કરનાર હિરણ્યગર્ભની સ્તુતિના ઋગ્વેદમંત્રોનો કાવ્યાનુવાદ મળે છે. એ જ રીતે 'સંપત્તિ - સપ્તક'માં કાવ્યાનુવાદ તેઓ આપે છે.

અરવિંદના યોગમાર્ગ પહેલાંથી જ એમની મીટ આકાશમાં મંડાયેલી છે. 'મધુરની આશે' ગીતમાં કવિ કહે છે--

'એક આશે આકાશે,
રહું માંડી મીટ મધુરની આશે.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૬૨)

કવિને જીવન અજવાળણહારની શોધ છે ગગનના આંગણમાં પૂરવી ગ્રહગણગુંફિત રાસમાં ઘૂમે છે. પૂરવીનો આ ઉન્નતપ્રવાહ અરવિંદ દર્શન સાથે સામ્ય ધરાવે છે. કવિના મુક્તિ મુક થયેલા ઉલ્લાસમાં નૂતન નૃત્યવિલાસે નાચી ઊઠે છે. વાસંતી સૌરભ પ્રાણને પ્રફુલ્લાવે છે.

'રૂપા કુંજ' ખમાજ રાગ માટે રચાયેલું છે. એમાં તેઓ રૂપાનિકુંજની રૂપા સુધા વાણી અને એની પગલીની શોધ કરતા જણાય છે. 'પ્રણય રસ' ભીમપલાસ રાગ માટે રચાયેલું ગીત છે. તેઓ અહીં પ્રણય-રસપાનમાં સત્યદર્શનને શોધે છે અને સિદ્ધિનાં ગગનોમાં ઘૂમવાની આશા સેવે છે. 'કુંજ નિવાસી' ભૈરવી રાગ માટે રચાયેલું ગીત છે. અરવિંદ-તત્ત્વવિચાર અરવિંદને મળ્યા પહેલાં જ અહીં સંનિહિત છે તે જોઈ શકાય છે. જુઓ

'ચેતનને પગથારે જગવો જડતામાં ભડ હોળી.
તિમિરભર્યાં મનખંડ દિશો આ તેજ વિષે ઝબકોળી.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૬૩)

એ જ રીતે 'ગગન વાટ'માં પણ અરવિંદાશ્રમ નિવાસ પછી રચાયેલાં કાવ્યોનું સામ્ય જડી આવે છે.

'ઊડ ઊડ ગગનની વાટ,
ઊગ્યાં ઊજળાં પ્રભાત,
ઊર્ધ્વે શિખર ચમકે,
ચઢો આરો કટક કાટ.
શિખર શિખર પાય માંડ
જ્યાંને જીવન મલકે,
ઉચ્ચ ગજવ માનવ ગાન.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૨૮)

'છલક છલક'માં કવિનો અદીઠા માટેનો અભિસાર જડે છે. એમને ઝળકાવી કે ઝળકોળી જતી ગૂઢ અનુભૂતિનો સંસ્પર્શ અહીં પણ જડે છે.

'અંગ અંગમાં કશી અગન આ,
રોમેરોમમાં કશી લગન આ,
કોણ અદીઠા પ્રીતમ અર્થે,
અણથંભ્યા અભિસાર.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૩૦)

એમના અણથંભ્યા અભિસારમાં પળ માટે પણ ચરણ થંભતાં નથી, રટણ પળભર પણ જંપતું નથી. એમની આરતના મોતીના ભંડાર છલી રહ્યા છે.

'તંતન હો'માં કોઈક તંતને આવીને ભજન પૂરું કરવા તેઓ કહે છે. ખોટીએ બંધાયેલા દૃશ્યજગતનો પાર મોટો ખોટો છે. એમના વાંકા પડેલા તંબૂરનો ભરમ કોઈ ઉકેલી શકતું નથી. ત્યાં તો મરદામાં જીવ મૂકે એવો અજબ કારીગર તેમને મળે છે અને કવિના જીવનતંબૂર સૂરતાએ ખોટો નિહાળી ગાજી ઊઠે છે. સૂરતાનો ખોટો બનાવનાર અને કવિના જીવનતંબૂરને ગજાવનાર કારીગર તો શ્રી અરવિંદ છે પરંતુ કવિએ આ કાવ્ય ૧૯૩૨માં રચ્યું છે. ભાવિમાં આકાર લેનારી ઘટનાઓ કવિના અજ્ઞાત મનમાં ઘૂંટાતી જ રહી છે. તેની પ્રતીતિ આપણને અહીં થાય છે.

'હંસલા'માં પાંખે પાણીના પલાણ લઈ ખુલ્લા અનંત ચોકમાં, કંઠમાં ગાન ભરી એકલા ઊડતાં હંસલાનું કલ્પનાચિત્ર રજૂ થયું છે. સૂરજદેવ, પવનદેવ ઇન્દ્રાદિને સોના-રૂપાની પગલી પાડી જવા જેમ તેઓ અન્ય કાવ્યમાં નિમંત્રે છે, એ જ રીતે 'મંજરી' કાવ્યમાં આભાની મંજરી કાને ધરવા, તુલસીની મંજરી થાળે ધરવા, સૂરજની મંજરી ટીલે ધરવા, જીવનની મંજરી હૈયે ધરવા કોઈને ખોળો ભરવા કહે છે. જીવનની મંજરી એ કવિને મન આધ્યાત્મિક ઉપલબ્ધિ છે.

'પૂર્ણગાન'માં કવિ હાર્દિઆંખે, ભડભડતા અંતરે, અનંતના અણદીઠ ઊભરે ઝૂમતા મૂર્છના દર્દભરી વ્યથા વ્યક્ત કરે છે. 'ઘોર જંગ'માં મોહન જીવનયમુનાતીરે ઘોર જંગ જગાવે છે, અંતરના નાદ જગવે છે. એનો મોરલીના ઘેનમાં ઘેરાયેલા ચેતન પણ જાગી ઊઠે છે. કોઈ જાગતું નથી એને કુંજમાં શ્યામનો મોહન સાથી સંગીને ખોળતો ફરે છે. સમાજની જડતા પરત્વે એમનો સંકેતનિર્દેશ છે કદાચ. 'શ્રદ્ધુ નારા'માં કવિ ગરીબોની દશા પરત્વે દુઃખ પ્રગટાવનાર અમીર-ગરીબ વચ્ચેની ઊંડી ખાઈનો તેઓ નિર્દેશ કરે છે. ભગવાનના ઐશ્વર્ય આગળ ગરીબો તો ગૂંગળાઈને, કચડાઈને મરે છે, એ વાતને કવિ જુદાં જુદાં પ્રતીકો દ્વારા પ્રગટ કરે છે.

'તારાં નયનોથી જીવનજ્યોત ઝરે,
એમાં સૂરજ ચન્દ્રનો નાચ તરે,
પેલા તારલિયા ઝૂલી ઝૂલી મરે.
તારા મુખમાંથી પુષ્પ પ્રફુલ્લ ઝરે,
મૂકી પૃથ્વીમાં ભીનો વસંત ભરે,
પેલા ભમરા સુગન્ધે ઝંખાઈ મરે.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૪૦)

ઇત્યાદિમાં કવિ ઐશ્વર્ય સામે લઘુતાને ઝંખાતો કથકાનો બનાવે છે. 'ઘન ગાજે' એમનું અધ્યાત્મભાવને રજૂ કરતું કાવ્ય છે. સંતભજન શ્રેણીમાં મુકાય એવા આ કાવ્યમાં તેઓ કહે છે --

'ઘટડામાં ઘન ગાજે રે, સંતન પ્યારા,
મુરલી અનંત બાજે રે, સંતન પ્યારા.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૪૧)

'ઘટડામાં ઘન ગાજે' એ દેહમાં આત્મરૂપ બ્રહ્મની સ્થિતિનો નિર્દેશ છે. અનંત મુરલીનો નાદ એ પ્રણવનાદ છે. ધ્યાનયોગથી જ્ઞાનતેજના આનંદરસને પામવાની વાત રજૂ કરતાં એમને કહેવું છે --

'નયણોમાં નભ ભર્યાં,
શ્રવણે સોહમ્ ભર્યાં,
પ્રાણ કેરા પલકારા હૃદયમાં જઈ ઠર્યાં રે.
(પલ્લવિતા, પૃષ્ઠ- ૪૧)

નયનમાં નભ એ હૃદયગ્રંથી ભેદ પછી થતાં સૂક્ષ્મના દર્શન છે, શ્રવણે સોહમ્ એ સાક્ષાત્કારની ક્ષણે સંભળાતો પરા વાણીનો નાદ છે. પ્રાણની ઊર્ધ્વગતિ જ્યારે એ આધ્યાત્મિક હૃદયમાં સ્થિત બની હોય છે ત્યારે જ હૃદયદલ ઊઘડે છે અને પરમદર્શનની પ્રાપ્તિ થાયછે. એ ક્ષણે તેજપુંજનો ઓઘ, અમૃતરસની છોળ અને રોમરોમમાં એનો પ્રસાર અનુભવાય છે, જે તેઓ નીચેની પંક્તિઓમાં અભિવ્યક્ત કરે છે.

'નવલખ ઝગે તારા,
ઝરમર ઝરે ધારા,
વીજળીના ચમકારા રૂંવે રૂંવે જઈ સર્યાં રે.'
(પલ્લવિતા, પૃષ્ઠ-૪૧)

આ આનંદસમાધિમાં કવિને પ્રભુના આગમનની-સાક્ષાત્કારની પ્રતીતિ થાય છે.

'દરિયો મગન ડોલે,
ડુંગરાના દ્વાર ખોલે,
પ્રભુ તારા ઠમકારા ઘરે ઘરે થઈ રહ્યા રે.'
(પલ્લવિતા, પૃષ્ઠ- ૪૧)

ધ્યાન યોગમાર્ગે સાક્ષાત્કારની અનુભૂતિને પ્રગટાવતું આ સુંદર કાવ્ય છે.

'ક્યાં આરામ?' કાવ્યમાં એમના અંતરને આરામ નથી કેમકે તેમનું અંતર રાત્રિના તિમિરપુંજને તેજ રૂમાલથી લૂછી એનાં મુંઝાળા ગાલને ઉજમાળા કરવા તલસે છે. ખારા જળભંડારને ખાલી કરી અમૃતના દરિયા ત્યાં ભરવા તલસે છે, જલ-વન-પવન-ગગનનાં દાવાનળોને ઠારી પ્રેમળ મૃગજળની ધારા થઈને ઝરવા તલસે છે, મૃત્યુથી ઘવાયેલા જગતની જીવનમાળામાં શાશ્વત આશાના મૂંગા પડઘાનો દિગંત ભરમાં ગુંજન

કરવા તલસે છે. વિશ્વ માટે કંઈક કરવાની કવિની ઝંખના આમ વિવિધ રીતે પ્રગટ થાય છે.

'આનંદનાં મૂળ'માં કવિ આનંદના મૂળ શોધતાં ગરીબો અને અમીરોની વિરોધાભાસી સ્થિતિને જુદી જુદી રજૂ કરે છે અને અંતે કહે છે કે --

'આનંદ હો તો મહેનત હોજો ન મહેનત હો તો બધેય '
મહેનત ઉપર મોકેલ પ્રકૃતિમાં એક જ હોજો વિધેય :
સૌમાં સૌનો હોવો જ સાથ,
આપ-આપનો સ્વાર્પણ સાથ.'
(પલ્લવિતા, પૃષ્ઠ- ૭૨)

ગાંધીજીના પ્રભાવવાદી વિચારો અહીં જોઈ શકાય છે.

'કર્મ ઉદ્દામ'માં તેઓ ઉદ્દામ હૈયાને ચૈતન્યસભર પ્રકૃતિના અનેક તત્ત્વો જળતત્ત્વો અને બાળકુસુમમાં પણ એ અવતરતો દર્શાવે છે. 'શમણાંની રમનારી'માં કવિ પોતાની કલ્પનાની કોઈક અગમ્ય સુંદરીના અભિસારે જવા તેઓ તત્પર છે.

'જનમજનમથી જીવ ક્યો તત્પર
ઉરના તવ અભિસારે,
રે મુજ અકલ ઓ અલગારી !'
(પલ્લવિતા, પૃષ્ઠ-૮૩)

'ઠરશે'ના કાવ્યમાં જગતમાં ક્યાંય દિલચારી ન મળતાં કવિનું હૃદય ક્યાંય ઠરતું નથી, સ્વાર્થી સંસારમાં પ્રભુચરણમાં જઈને જ હૃદય ઠરશે એવું એમને લાગે છે.

'સ્વારથમાં સંસાર મચ્યો આ,
શે શે રસ એ રચ્યો પચ્યો હા,
પ્રભુ ચરણે જઈ ઠરશે રે '
(પલ્લવિતા, પૃષ્ઠ-૧૭૭)

અહીં દુઃખ મુક્તિ માટે પ્રભુનું શરણ કવિએ લીધું જેની ભૂમિકા જોઈ શકાય છે.

'અંધકાળ'માં કવિ જડતાગ્રસ્ત જગતની ચિંતા કરતાં કહે છે --

'સમાધિ તજી ક્યારે નયન ખોલશે શંભુ, ને
વિમુક્ત કરી કાળને બહાવશે સુધા અંબુને ?'
(પલ્લવિતા, પૃષ્ઠ- ૨૦૮)

અહીં થીજી ગયેલા કાળમીંઢ સમયની જડતાને ઓગાળી ચૈતન્યસુધાને વહાવે એવી કોઈ ક્રાન્તિની ક્ષણની એમને ઝંખના છે.

'વિશ્વનું સૌભાગ્ય'માં નારીશક્તિની પ્રશંસા કરતાં તેઓ તેના ગુણવિશેષનું ચાર પંક્તિની ૪૨ કડીઓમાં દીર્ઘ વર્ણન કરે છે. 'જોઈ'માં સૂર્યની પ્રભાની વિવિધ અસરોનું નિરૂપણ કરતાં પોતાના પર પણ તેની જે અસર થાય છે તેનો ઉલ્લેખ કરે છે. કવિને ઉરમાં અનેરી વ્યગ્રતા અને અનેરી પ્રસન્નતા વ્યાપે છે. મનુજના મુક્ત કવિ પોતાના ઉરને વિભક્ત થયેલું જુએ છે. સૂર્યની પ્રભા કવિના અહંને હરી લે છે અને એ પ્રભાના કણો નૈનનાં કોડિયાં કવિની મહા હુલ્લાસનાં ય કોડિ થાય છે. 'ક્યહીંની'માં કવિ અકળ સંવેદનને કળવા પ્રયત્ન કરતા હોવાનું અને જણાય છે. કોઈક અકળ તત્ત્વ કવિને આસપાસમાં સર્વત્ર અનુભવાય છે. કવિ, પોતાના હૈયાની ઝંખના એ સ્નેહને વર્ણવવા માગતો નથી, ~~અને~~ છતાંય કહે છે કે પ્રાણને આંજતું, કંપતું જે તત્ત્વ હોય તેનો

કંઈ જો તે જડી દેશે તો કવિ એના લઘુ હોડલામાં તેને ય સાથે લઈ જશે પણ આવો કંઈ જડી દે તેવો સુથાર કવિને હજુ મળ્યો નથી. માટે તે અનિયંત્રિત ક્રમમાં બધાં સંધાય છે. છેદાય છે.

'ગુરુપૂર્ણિમા'માં કવિ એમના ગામ મીયા-માતરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી અને ગામના એક ગુલાબગુરુ જેમની સાથે તેમનો પરિવાર સંકળાયેલો હતો, તે ગુરુની ભક્તિનું વર્ણન કરતાં પોતાનો તેમના પ્રત્યેનો અહોભાવ પ્રગટ કરે છે. વીંછીનો ડંખ પણ ઉતારી નાખે તેવી સિદ્ધભક્તિ ધરાવતા અને અનેકને પ્રભુની પાસમાં પહોંચાડતા આ ગુરુ જ્યારે દિગંતર પળ્યા ત્યારે ગામલોકોએ એમની સમાધિ બનાવી. ભક્તિની વેલને વાવી જનાર આ અલ્પ અજાણ માનવીને અનક્ષર બ્રહ્મની અક્ષરપ્રભા સાંપડી હતી. તેઓ આવા ગુરુ અને લોકોની પ્રભુભક્તિને ધન્ય ગણે છે, એ જ આ ધરતીને હૈયે પ્રગટતો શાશ્વત અનુરાગ છે એમ માને છે. સુંદરમે 'ગુરુપૂર્ણિમા' ઉપર અન્ય કાવ્યો પણ રચ્યાં છે જેમાં અરવિંદદર્શન અને શ્રી અરવિંદ અને માતાજીની ગુરુભક્તિનો સ્પર્શ અને ગુરુની ઉપકારકતાના સંદર્ભો મળે છે. કવિની પ્રારંભિક આધ્યાત્મિક ભૂમિકાના સંસ્કારબીજોનું અનુસંધાન આ કાવ્યમાં આપણને જડી આવે છે, જે સૂચક છે.

'માયાવિની' ઈશ્વરની લીલારૂપ માયાવિનીના ગુણચિત્રને આલેખતું પદ્યનાટ્ય છે. માયારૂપે દેખાતું ઈશ્વરનું વૈવિધ્યસભરરૂપ પામવાનો લોકો પ્રયત્ન કરે છે પરંતુ માયા એમને ભૂલભુલામણીમાં નાખી દે છે. માયાનું આવરણ એ રૂપને પ્રગટ થવા દેતું નથી. આથી ઈશ્વરપ્રાપ્તિની સાધનામાં માણસ અનેક વાર પડે છે, ઊઠે છે, આશા-નિરાશાના અંતિમો વચ્ચે ઝોલા ખાતો જ રહે છે. આ બધા ભાવોનું એમાં નિરૂપણ થયું છે.

આમ 'પલ્લવિતા' સુંદરમ્‌ની 'કાવ્યમંગલા-વસુધા' કાળની કવિતાની પરંપરાની કવિતાઓનો સંગ્રહ હોઈ કવિના એ કાળની કવિતામાં પ્રગટેલાં અધ્યાત્મસંસ્કારબીજોની આપણને અહીં પણ ક્યાંક ક્યાંક ઝાંખી થાય છે.

**મહાનદ**

'મહાનદ' સુંદરમ્‌નો મરણોત્તર કાવ્યસંગ્રહોની યાદીમાં અંતિમ સંગ્રહ છે. જેનાં કાવ્યો પ્રધાનપણે સ્વાતંત્ર્ય સંગ્રામ, ગાંધીજી અને દૈનંદિન લોકજીવનને અનુલક્ષે છે. ૧૯૩૦ થી ૧૯૪૯ સુધીની સમયાવધિમાં રચાયેલાં આ કાવ્યોમાં સુંદરમ્‌ની સ્થૂળ ભૂમિકાનો આપણને પરિચય મળે છે. કવિ અંતરમુખ બની અધ્યાત્મના તાગ કાઢવા હજી નીકળ્યા નથી. પરંતુ 'કોયાભગતની કડવી વાણી'માં ભક્તિના ધજાગરા બોલાવતો કોયો ભગત અહીં પણ વેલી-ફૂલ ક્યારીઓ વાવવાને બદલે મરચાંની વાડી વાવીને બેઠો છે કે જેથી મરચાંની ધૂણીથી ભૂતોને ભગાડી શકાય. આ ભૂતો પાખંડી ભગતોનાં, શોષણ કરતાં શેઠિયાનાં, માણા-તંજર અને કસુંબાના કેફ ભરતાં ધરમ-કરમ કરી દખણાનો લોટ માગતા બામણોનાં, મિથ્યાભિમાની રજપૂતોનાં, ગરાસિયાઓનાં અને કવિતાને વટલાવતા કવિઓનાં છે. આમ મરચાંની ધૂણીએ જે નવાં નવાં ગાણાં ગજવ્યાં તેનો હિસાબ કોયો વાડી વચ્ચે બેસીને માંડે છે. 'મહાનદ'ની કવિતામાં સુંદરમ્‌ની પ્રથમ કવિતાનો રંગ-આઝાદીની ચળવળ, ગાંધીજી અને સમાજવાદની સમાજસુધારણાની ભૂમિકા જ આપણને જોવા મળે છે.

સુંદરમ્‌ના 'કોયાભગતની કડવી વાણી' થી માંડી 'વરદા- મુદિતા-ઉત્કંઠા' સુધીના કાવ્યસંગ્રહોમાં એમની આધ્યાત્મિકતાના જે ક્રમિક વિકાસનાં સોપાનો

પ્રગટ કરે છે એ સોપાનો ઉપર જ જે તે સમયાવધિને સમાવતાં કવિના [illegible] કાવ્યસંગ્રહો-'લોકલીલા', 'ઇશ', 'પલ્લવિતા' અને 'મહાનદ' -ને પણ [illegible] આ કાવ્યસંગ્રહોની કવિતા 'યાત્રા' અને 'યાત્રા પછીના કાવ્યસંગ્રહોમાં [illegible] પહોંચેલી અધ્યાત્મચેતનાના વિકાસક્રમને આગળ વધારતી નથી. પરંતુ એમની એક ચોક્કસ ગાળા દરમિયાન પ્રગટેલી કવિ ચેતના અને અધ્યાત્મચેતનાના વિકાસક્રમને સમજવામાં જ ઉપકારક બને છે.

MEHTA LIBRARY

## ૬.૩ અધ્યાત્મવિશેષ

સુંદરમ્‌ની સમગ્ર કવિતાના પરિશીલનના અંતે તેમની કવિતામાંથી પ્રગટ થતા અધ્યાત્મવિશેષને ઓળખવાનો પ્રયત્ન કરીએ. સુંદરમ્‌ના અધ્યાત્મનું દર્શનીય પરિમાણ, તેમની કવિતાનું રસકીય પરિમાણ અને તેમની આધ્યાત્મિક અનુભૂતિની તેમના કાવ્યો દ્વારા આપણને જે પરિચય થયો છે તેને તારવવાનો અહીં પ્રયાસ છે.

### દર્શનીય પરિમાણ

સુંદરમ્‌ની સમગ્ર કવિતાને વાંચ્યા બાદ તેમની અધ્યાત્મકવિતાના દર્શનીય પાસાને બતાવવું હોય તો સ્પષ્ટતઃ અરવિંદદર્શનને આપણે ગણાવી શકીએ. કવિની અધ્યાત્મકવિતા નિઃશંક અરવિંદદર્શનપ્રાણિત છે પરંતુ અરવિંદદર્શન પણ ભારતીય સનાતન ધર્મનો નવો ઉન્મેષ છે ત્યારે સમગ્ર કવિતાનો વિકાસક્રમ ધ્યાનમાં લેતા તેમની અધ્યાત્મકવિતાના દર્શનીય પરિમાણને તપાસવું એ રસપ્રદ બની રહે છે.

'કોયાભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો'થી આરંભાયેલી સુંદરમ્‌ની કાવ્યયાત્રાનો પ્રધાન સૂર છે આધ્યાત્મિકતા. 'કોયાભગતની કડવી વાણી'માં પણ ઇશ્વર સાથેનો નાતો અવળવાણીમાં પ્રગટ થાય છે, તો 'લોકલીલા'માં પણ એ હાસ્યકટાક્ષમાં પ્રગટે છે. 'કાવ્યમંગલા' અને 'વસુધા'ની કવિતા તો પ્રારંભથી જ પ્રભુ સાથે સંકળાયેલી છે. 'કાવ્યમંગલા'ના પ્રથમકાવ્યમાં જ કવિ પ્રભુને દયા,પ્રેમ અને શાંતિનો સાગર માને છે અને એ સાગરમાંથી એકાંશને પામવાનો અભિપ્સા પ્રગટાવે છે. આ એક અંશનો અભીપ્સા ક્રમશઃ તેમને પૂર્ણની અભીપ્સા અને પૂર્ણની પ્રાપ્તિ સુધી પહોંચાડે છે. 'યાત્રા'પહેલાં 'ધ્રુવપદ'ની શોધમાં રહેલા કવિની અધ્યાત્મકવિતા સનાતન હિન્દુ-ધર્મના દર્શનને ઝીલે છે, 'યાત્રા' પછી એ અરવિંદદર્શનને પ્રગટ કરે છે. આમ સુંદરમ્‌ની કવિતામાં દાર્શનિક પરિમાણનો વિચાર કરતાં તેમની કવિતા ત્રણ તબક્કામાંથી પસાર થાય છે. પહેલો તબક્કો ગાંધીજીના પ્રભાવનો સમાજવાદી રંગ ધારણ કરે છે અને તેમની કવિતા રાષ્ટ્રપ્રેમ અને સમાજસુધારણાના ગાંધીદર્શનનો સ્પર્શ ઝીલે છે. સાથે સાથે જન્મ, કુટુંબ અને બાળપણના ધાર્મિક સંસ્કારો અને સાહિત્ય તથા વિદ્યાપીઠના શિક્ષણના સનાતન ધર્મના વિચારો અને સર્વોદયની ભાવના, દુઃખમુક્તિ માટે પ્રભુની પ્રાર્થના, ઝંખના, આરત, ઇજન પણ પ્રગટાવે છે.આ પ્રથમ તબક્કાનીકવિતા ધ્રુવપદની શોધની કવિતા છે. તેમાં કવિને પરંપરાગત મળેલા સંસ્કારવારસાનું સમન્વયરૂપ દર્શન અધ્યાત્મ-કવિતામાં અભિવ્યક્તિ પામે છે. અહીં કવિ આપણા વેદોપનિષદ્ અને અધ્યાત્મ કવિતાના વારસામાંથી મળેલા અને વિદ્યાપીઠમાં પોષાયેલા સનાતન ધર્મના દર્શનને કવિતાના માધ્યમે રજૂ કરે છે તો 'ધ્રુવપદ' મળ્યાં પછીનો બીજો તબક્કો સ્પષ્ટ રીતે

અરવિંદના પ્રભાવને ઝીલે છે. આમ ગાંધીદર્શન, સનાતન હિન્દુધર્મ અને અરવિંદદર્શન એવા ત્રણ દાર્શનિક સંસ્પર્શો સુંદરમ્‌ની અધ્યાત્મકવિતામાંથી જડે છે. ગાંધીદર્શન પણ સનાતન હિન્દુધર્મનો જ એક વિશિષ્ટ દૃષ્ટિકોણ રજૂ કરે છે. તો અરવિંદદર્શન પણ સનાતન હિન્દુધર્મનો જ નવો ઉન્મેષ છે. આ રીતે જોતાં સુંદરમ્‌ની કવિતામાંથી પ્રગટ થતું દાર્શનિક પરિમાણ સનાતન ધર્મને જ ગણાવી શકાય. આની વિગતે ચર્ચા કરીએ.

સુંદરમ્‌ની કવિતાનો પ્રથમ તબક્કો ગાંધીદર્શનને ઝીલે છે. ગાંધીજીના રાષ્ટ્રપ્રેમ અને સમાજવાદના વિચારો 'કોયાભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો', 'કાવ્યમંગલા'.' વસુધા ' અને આ ગાળામાં લખાયેલાં સુંદરમ્‌ના મરણોત્તર પ્રકાશિત થયેલા કાવ્યસંગ્રહો 'લોકલીલા'.' પલ્લવિતા' અને 'મહાનદ'માં જોવા મળે છે. સમાજને સુંદર અને દુઃખ,પીડાથી મુક્ત બનાવવાનો આદર્શ કવિને હૈયે છે, માટે તો કવિને કોઈ ભક્ત કે સાધકની જેમ અહીં મોક્ષ. મુક્તિ કે પરમપદને પામવાની એષણા નથી . પરંતુ દયા. પ્રેમ અને શાંતિના સાગરરૂપ પ્રભુ પાસેથી એક અંશને પામવાની એષણા છે . માણસના મનમાં પ્રભુનું અવ્યક્ત સ્વરૂપ પોતાની જ ઇચ્છા અને જરૂરિયાતના સંદર્ભમાં રચાતું હોય છે. માટે સુંદરમ્ દુઃખમાંથી મુક્તિ અપાવી શકે અને અપાર પ્રેમ અને કરુણા વહાવી શકે. હૃદયને પરમ શાંતિ અપાવી શકે એવા પ્રભુની કલ્પના કરે છે. માટે જ તેમનો પ્રભુ બુદ્ધ. ઇશુ કે ગાંધીજીની જેમ કરુણામય છે. આ ત્રણેય વ્યક્તિત્વોએ પણ કવિને પ્રભાવિત કર્યા છે. એટલે સુંદરમ્‌નો પ્રભુ કરુણાસાગર. માનવપ્રેમને વહાવતો , દયાનિધાન છે. આ તબક્કાની કવિતામાં એમને પ્રાકૃતિક સૌન્દર્યતત્ત્વોમાંથી વેદઋષિની જેમ કંઇક સાંત્વન મળતું જણાય છે. કંઇક અગમ્ય . ગૂઢ અનુભૂતિ થતી જણાય છે. કવિ પ્રભુ પાસે અંધારે જોવા આંખે તેજ અને વણજહાજે દરિયાને તરવા બાહુમાં બળ માગે છે. કવિને સમગ્ર માનવજાતિ માટે કંઇક કરવું છે. માત્ર પોતાની દુઃખમુક્તિની એમને ચિંતા નથી પણ સમષ્ટિની ચિંતા છે. અરવિંદદર્શનનું આ ખાસ લક્ષણ સુંદરમ્‌માં પહેલેથી જ જોઇ શકાય છે. આતમને આવાસ પ્રભુની પગલી પાડે છે અને કવિ સુંદર પ્રભુના અમરપ્રેમની ગઠરિયા બાંધી ચાલી નીકળે છે આ જગતમાં પોતાનું 'ધ્રુવપદ' નિશ્ચિત કરવા પરંતુ હજી માર્ગ મળ્યો નથી. કવિને પોતાના મૂઢ જીવન પ્રત્યે અણગમો જાગે છે ત્યારે કવિ પોતાની જીવનનૌકાને પ્રભુની મોજના હલેસે હાંકે ત્યાં હંકારી જવા મઝધારે મૂકી દે છે. આમ પ્રથમ તબક્કાની કવિતા કવિમાં વિરતિમાંથી સાધનાના પંથે પળવાની ભૂમિકા રચે છે પછી 'યાત્રા'માં કવિ 'તવ ચરણે'- સંપૂર્ણ શરણાગતિને સ્વીકારી અંતે અરવિંદના ચરણમાં ' ધ્રુવપદ'ની પ્રાપ્તિ કરે છે.

જોકે અરવિંદદર્શન પણ સનાતન ધર્મનો જ નવો ઉન્મેષ છે. શ્રી અરવિંદને થયેલી આધ્યાત્મિક અનુભૂતિઓ સહજ છે પણ આપણા વેદોપનિષદો અને યોગસાધના- પદ્ધતિઓથી અનુપ્રાણિત છે. સૌ પ્રથમ તો ભારતના મુક્તિસંગ્રામ માટે શ્રી અરવિંદે કરેલા ભારતમાતાના ઉદ્‌બોધનમાં તેઓ કહે છે 'હું શાશ્વત પ્રભુમાંથી જગતમાં અને તમારામાં જે બ્રહ્મ છે તેમાં વહેતી અનંત શક્તિ છું. વિશ્વની માતા છું, જગજ્જનની છું.'૨ ત્યારપછી મંત્રશક્તિના વ્યવહારિક ઉપયોગ. તેજપુરુષનાં દર્શન. પ્રાર્થનાની શક્તિની અનુભવ. સૂક્ષ્મ જગતના અસ્તિત્વની પ્રતીતિ. અનંત બ્રહ્મની અનુભૂતિ. મૂર્તિમાં સાક્ષાત્ કાલીમાના દર્શન, પ્રાણાયામનો અભ્યાસ અને અંતર્દૃષ્ટિની જાગૃતિ, સંસ્કૃતના અભ્યાસથી હિન્દુધર્મની મહાનતાનો પરિચય, રામાયણ, મહાભારત, પુરાણો અને ઉપનિષદો દ્વારા

---

૨. જનકલ્યાણ, વર્ષ-૪૩.અંક-૫.ઓગષ્ટ-૧૯૯૩. પૃષ્ઠ-૨૩.

પરમતત્ત્વ અને અવતારરૂપ પ્રભુની પ્રતીતિ, હિન્દુધર્મના કહેવા પ્રમાણે પોતાની જ અંદર પ્રભુને પામવાનો સંકલ્પ, યોગી વિષ્ણુ ભાસ્કર લેલે પાસેથી યોગવિદ્યાના અભ્યાસ પછી ત્રણ જ દિવસમાં નીરવ બ્રહ્મની અનુભૂતિ, આ બ્રહ્મચેતનાના સાક્ષાત્કાર પછી અદ્વૈત અને કેવલાદ્વૈતનો અનુભવ, સહજ પ્રજ્ઞાની વાણીનો આવિર્ભાવ, ઊર્ધ્વચેતનાની દોરવણી હેઠળ જ થતી બધી પ્રવૃત્તિઓ, જેલમાં દારૂણ દુઃખ, પીડા-યાતનાના અનુભવોને અંતે ઉપનિષદોના ગંભીર વિચાર જગાડનાર અને અક્ષયશક્તિ બક્ષનાર મંત્રોને યાદ કરતાં અથવા તો 'સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ'ની અનુભૂતિ કરવાનો પ્રયત્ન કરતાં 'સર્વં ખલુ ઈદમ્ વાસુદેવમ્'ની કૃષ્ણરૂપ સક્રિય બ્રહ્મની અનુભૂતિ -આ બધું જ વેદોપનિષદપ્રાણિત ભારતીય દર્શનપરંપરા અને હિન્દુ સનાતન ધર્મનું પ્રબોધન છે.

ત્યાર પછીની શ્રી અરવિંદની સાધનાઓમાં સૂક્ષ્મ ભૂમિકાઓમાં ઊર્ધ્વમાં મનથી ઉપરના પ્રદેશમાં અને નિમ્નમાં મન, પ્રાણ, દેહ અને એથી ય નીચેની ભૂમિકા- અવચેતનાને છેક તળિયે પહોંચીને ભગવાનની ઝળહળતી જ્યોતિનાં તેમને દર્શન થયાં. જેમ જેમ તેઓ અવચેતનામાં ઊંડેને ઊંડે ઊતરતા ગયા તેમ તેમ પરમાત્માની આ જ્યોતિ વધુંને વધુ તેજસ્વી બનવા લાગી. આ ઉપરથી શ્રી અરવિંદને સ્પષ્ટ દર્શન થયું કે જડત્વના પેટાળમાં, અવચેતનાના ગર્ભમાં પણ પરમાત્માની જ્યોતિ રહેલી છે. આ અવચેતના અને જડદ્રવ્ય, જેના દેખાતા શરીરના અંધકારગ્રસ્ત કોષોના પેટાળમાં પણ પરમાત્માનો પરમ પ્રકાશ વ્યાપ્ત છે. આ નિગૂઢ પ્રકાશને પ્રગટ કરવામાં આવે અને દેહકોષો એ પ્રકાશથી જ કાર્ય કરતા થાય તો દેહના ક્ષયનો અને મૃત્યુનો કોયડો ઉકેલાઈ જાય. જીવનભર તપશ્ચર્યા કરીને કોષોની ભીતરમાં રહેલા પ્રકાશને પ્રગટ કરવાનો એક આગવો માર્ગ એમણે કંડાર્યો હતો. પંચમહાભૂતના આ દેહમાં અને પંચેન્દ્રિયોના કાર્યમાં પરમાત્માની પૂર્ણ જ્યોતિ - અતિમનસ જ્યોતિનું અવતરણ કરાવ્યું હતું. મૌન સાધનાથી પ્રકૃતિના દિવ્ય રૂપાંતરનો માર્ગ એમણે શોધી કાઢયો હતો.

શ્રી અરવિંદ પોતાના આધ્યાત્મિક જ્ઞાનને સતત ચકાસતા રહ્યા હતા. ભૂતકાળના યોગમાર્ગની પ્રચલિત પદ્ધતિઓની સાધનાના સાક્ષાત્કાર પણ તેમને કર્યા હતા પરંતુ મનુષ્યના દુઃખમય જીવનના ઉકેલની સાચી ચાવી એમાંથી પ્રાપ્ત થઇ નહોતી. આથી ભૂતકાળના યોગમાર્ગોના સાક્ષાત્કારથી પણ આગળની સાધના આરંભી એ દ્વારા આ દુઃખમય જીવનના ઉકેલની ચાવી પરમાત્માની પૂર્ણ ચેતનાના આવિર્ભાવની મળી. અત્યારની માનવચેતનાને પરમાત્માની પૂર્ણ ચેતનામાં, જેને તેમણે 'અતિમનસ' ચેતના કહી છે, તેમાં સ્થિર કરી દેવામાં આવે તો જ માનવજીવન રોગ, દુઃખ, જરા અને મૃત્યુથી મુક્ત બની પ્રકાશિત અને આનંદિત બની રહે. ભગવાને શ્રી અરવિંદ સમક્ષ પ્રગટ કરેલા દિવ્ય રહસ્ય મુજબ પરમ દિવ્યચેતનાને માનવજીવનની અંદર પ્રત્યેક ક્ષણે પ્રગટ કરવાની છે. જેથી માનવજીવન પ્રભુરૂપ બને. પ્રભુ જેવું સુંદર અને મધુર, શક્તિ-સભર, આનંદમય, જ્ઞાનમય, પ્રેમમય બની રહે. પ્રત્યેક મનુષ્ય પ્રભુ રૂપ બની રહે. ભિન્ન ભિન્ન રૂપોમાં પણ એ એકમેકની સાથે એકતાનું અનુસંધાન અક્ષુણ્ણ રહે. સમગ્ર માનવજાતિ આવું જીવન જીવે એ પરમ પ્રભુનો ઉદ્દેશ છે. આ માટે જ પરમાત્માએ આ આખી ય સૃષ્ટિનું સર્જન કર્યું છે.'યાત્રા'પછીની કવિતામાં સુંદરમ્‌ની અરવિંદદર્શનની સંકલ્પનાઓ પાને પાને પ્રગટે છે. એકરીતે કહીએ તો સુંદરમ્‌ની કવિતા અરવિંદવિચારપ્રચારનું માધ્યમ બને છે.

આપણે જોયું કે સુંદરમ્‌ની કવિતામાં પ્રગટ થતી આ આધ્યાત્મિકતા બે વિભૂતિઓના પ્રભાવથી અનુપ્રાણિત છે. પ્રથમ તબક્કામાં ગાંધીજીનું દર્શન 'દરિદ્રનારાયણ'નું રૂપ લઈ આવે છે. તો બીજા તબક્કામાં સત્યમ્‌, શિવમ્‌, સુંદરમ્‌ના સ્થાપન માટે અરવિંદની દીક્ષાનો પ્રભાવ જોઈ શકાય છે. આ ઉપરાંત તેમણે રચેલા કાવ્યદીક્ષારૂપ 'બુધ્ધના ચક્ષુ' અને 'ત્રિમૂર્તિ' કાવ્યો ઉપરથી બુધ્ધ અને ઈશુ, ભકિતગીતોનો વિષય બનતા કૃષ્ણ, કોઈક કવિતામાં રામ, મહાન કવિઓમાં કાલીદાસ, રવીન્દ્રનાથ અને અન્ય ગુજરાતી સાહિત્યના કવિઓને વિષય બનાવીને રચાયેલાં કેટલાંક કાવ્યો આપણને સુંદરમ્‌ના કાવ્યસંગ્રહોમાં મળે છે. 'યાત્રા' અને 'ઉત્કંઠા'માં આવાં વ્યકિત-વિશેષનાં કાવ્યો વિપુલ પ્રમાણમાં મળે છે. કવિની શ્રી અરવિંદ અને માતાજી પ્રત્યેની સમર્પિત ભકિતભાવના, ઊર્ધ્વયાત્રા માટેની ઉત્કટ અભીપ્સા, આરાધ્ય તત્ત્વ પ્રત્યેની અભિમુખતાથી અંકિત નિર્મળ સાધકહૃદયની સમુજ્જ્વલતા તેમના આ ઉભય વિભૂતિ વિષયક કાવ્યોમાં તો પ્રતિબિંબિત થાય જ છે પરંતુ કવિનાં બીજા બધાં કાવ્યો પણ એ વિભૂતિઓના ચિંતનના સંસ્પર્શથી આલોકિત છે. કવિના ધ્રુવપદ પ્રાપ્ત કર્યા પછીનાં કાવ્યોના મરણોત્તર કાવ્યસંગ્રહ 'ઈશ'માં પણ શ્રી અરવિંદ અને માતાજીને ઉદ્દેશીને લખાયેલી કવિતાઓ પ્રચુર પ્રમાણમાં મળે છે. એમાં કવિની ગુરુભકિત, શરણાગતિ અને સમર્પિત જીવનનો અહોભાવ આપણને જોવા મળે છે. કવિ શ્રી અરવિંદ અને શ્રી માતાજીને ગુરુ રૂપે, કૃષ્ણ અને જગજ્જનની રૂપે, પરબ્રહ્મ અને પરાશકિતરૂપે જુએ છે. પરમતત્ત્વના બ્રહ્મના, પરાશકિતના અને દિવ્યતાના રૂપો કવિ શ્રી અરવિંદ અને શ્રી માતાજીમાં સાકાર કરે છે, અને તેમના ચરણમાં ભકિત, શરણાગતિ અને સમર્પણનાં પુષ્પો ધરાવે છે. દિવ્યચેતનાની અભીપ્સાથી માંડી પૂર્ણતાની પ્રાપ્તિ સુધીની બધી જ ભાવાનુભૂતિઓ, ધ્યાનયોગની અગમ્ય સંવેદનાઓ પણ સુંદરમ્‌ની કવિતામાં જોવા મળે છે. આમ સુંદરમ્‌ની કવિતા સાંપ્રદાયિક બને છે.

સુંદરમ્‌ના કાવ્યસંગ્રહોમાંની પ્રાર્થનાઓ પણ અરવિંદદર્શનની લાક્ષણિકતા રજૂ કરે છે. અરવિંદસંપ્રદાયની સાધના પ્રાર્થનાપ્રધાન હોય છે. શ્રી અરવિંદ-દર્શનની પ્રાર્થના પૂર્ણતા માટે છે. આ પૂર્ણતામાં પૃથ્વીના સર્વ દર્દોનો ઉપાય છે, આ જ 'દિવ્યતા' છે જે શ્રી અરવિંદદર્શનનો પ્રધાન શબ્દ છે. પ્રભુની આ આનંદલીલા છે કે તે રમતમાં પ્રથમ અચિતિમાં ડૂબકી મારે છે અને પછી ક્રમશઃ ચૈતન્યમાં ઉપર આવે છે. મનુષ્ય અચિતિમાંથી ચૈતન્ય તરફ -દિવ્યતા તરફ ગતિ કરી રહ્યો છે. તેમાં અત્યારે માનવતાની ચરમસીમાએ છે ત્યાંથી હવે એક પગલું ભરવાનું છે. પછી તો દિવ્યતા છે, આ દિવ્યતા એ ઐશ્વર્ય છે, નરી ઈશ્વરતા છે, જયાં નર્યો વૈભવ છે. કાર્પણ્ય અને દારિદ્ર્યનું તો નામનિશાન નથી. આવી પૂર્ણાવસ્થાની પ્રાપ્તિ માટે સુંદરમ્‌ની કવિતામાં સંખ્યાબંધ પ્રાર્થનાઓ છે. આવી પ્રાર્થનાઓ એ શ્રી અરવિંદસંપ્રદાયની સાધનાનું મહત્ત્વનું સોપાન છે. સુંદરમ્‌ની પ્રાર્થનાઓ ગુજરાતની શાળાઓ તથા શ્રી અરવિંદ-શિક્ષકો દ્વારા ગવાય છે તે લોકપ્રિય બનવા ઉપરાંત અરવિંદવિચારપ્રચારનું માધ્યમ પણ બની છે.

આમ સુંદરમ્‌ની કવિતામાંથી જડી આવતું દર્શનીય પરિમાણ વેદોપનિષદમાં જડે છે પરંતુ અરવિંદદર્શનનાં ઢાંચામાં ઢળેલું અંતે આપણને જોવા મળે છે. અરવિંદદર્શન પણ ભારતીય દર્શનોમાંથી જ પરિષ્કરણ પામેલી સ્વદર્શનની નવી ભૂમિકા રજૂ કરે છે. ઉપનિષદોના પરમચૈતન્યના સ્વીકાર સાથે બૌધ્ધ દર્શનની ક્ષણિક ચિત્તધારાની સતત ગતિશીલતાના સમન્વયમાં અરવિંદદર્શનનો ચૈતન્યવાદિતાનો સતત સંક્રમણને દુઃખ-જડતામુકિતના ઉપાય તરીકે રજૂ થયેલું હોવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી, એવું મને લાગે છે.

રસકીય પરિમાણ

સુંદરમ્‌ની કવિતા કવિના આધ્યાત્મિક વિચારોની વાહક છે એટલું જ નહીં તેમના આધ્યાત્મિક વિકાસની કેડી પણ છે. સુંદરમ્ માટે કાવ્યરચના એ જ એક આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. કવિની ચેતના કોઈક ઉદાત્ત તત્ત્વને ઝીલે અને તેને શબ્દસ્થ કરે આ પ્રક્રિયા જ એક દિવ્યપ્રેરણા રૂપ છે. પ્રારંભિક કાવ્યોમાં બીજરૂપ અધ્યાત્મિક સંવેદના ક્રમશઃ પાંગરીને વિકસતા જઈ અંતે લક્ષ્ય પ્રાપ્તિની મંઝીલ સુધી પહોંચે છે. આમ કવિની કાવ્યયાત્રા એ એમની અધ્યાત્મયાત્રા બની રહે છે. એમની કવિતા અને આધ્યાત્મિકતા સાથે સાથે વિકસતાં જાય છે.

સુંદરમ્‌ની સમગ્ર કવિતા જોતાં સ્વરૂપ અને શૈલીનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. જૂનાં લોકગીતોની ઢબનાં કાવ્યોમાં સમાજની કરુણતાઓ ચિત્રિત કરતાં અને નિરર્થક ધાર્મિકતાને વખોડતાં 'કોયાભગતની કડવી વાણી'નાં ગીતો જૂના કાવ્યસ્વરૂપમાં નવા યુગની ચેતના લઈને આવે છે. કવિશ્રી સુંદરમ્‌નું વિશેષ અર્પણ ગીત રચનાઓમાં છે. અરુઢ ગીતોથી માંડી પ્રશિષ્ટ શૈલીનાં છંદોબદ્ધ કાવ્યો અને પદ્યનાટિકાઓ સુધી તેમના કાવ્યસર્જનની સીમાઓ વિસ્તરેલી છે. અક્ષરમેળ - માત્રામેળ છંદો, મુક્તકો, ગીતો, પ્રાર્થનાઓ, પદ્યનાટિકા, આખ્યાન તથા અછંદાસ કાવ્યોનું ખેડાણ પણ એમણે કર્યું છે. મુક્તકથી માંડી દીર્ઘ ખંડકાવ્યો અને 'લોકલીલા' જેવા આખ્યાન શૈલીના કાવ્યની પણ રચના કરી છે. તો ગરબા-ગરબી અને લોકગીતોના સ્વરૂપને પણ તેમણે પોતાની કવિતાનું માધ્યમ બનાવી વૈવિધ્યપૂર્ણ સર્જકશક્તિનો પરિચય કરાવ્યો છે.

છંદોબદ્ધ કવિતાનું પ્રમાણ સુંદરમ્‌ની કવિતામાં સવિશેષ છે. છંદ વૈવિધ્ય પણ પ્રચુર માત્રામાં સધાયું છે. શિખરિણી, પૃથ્વી, ઉપજાતિ, અનુષ્ટુપ છંદોમાં સંખ્યાબંધ કાવ્યો મળે છે. તો અંજની, ખંડશિખરિણી, સગ્ધરા, શાર્દૂલવિક્રીડિત, મિશ્રોપજાતિ, ઝૂલણા, ગુલબંકી જેવા છંદો અને પરંપરિત હરિગીત અને પરંપરિત હરિણી જેવા છંદ -પ્રયોગો પણ કવિએ આપ્યા છે. સુંદરમ્‌ની છંદસિદ્ધિ કલાસિદ્ધિના ચરમશિખરે સધાઈ છે. કાવ્યવિષયને પલોટવામાં તેમની છંદોની પકડ શ્રેષ્ઠ પુરવાર થઈ છે. અર્થસઘનતા એમની છાંદસ કવિતાની લાક્ષણિકતા છે. છંદોબાની સૉનેટ-કાવ્યોમાં જે બલિષ્ઠતાથી પ્રયોજાઈ છે તે સાચે જ વિરલ છે. ઘૂંટાયેલી પંક્તિઓ તેમની છાંદસ કવિતામાં સંખ્યાબંધ મળે છે. એમાં ય શિખરિણીમાં તો કવિએ લયસૌંદર્યને સિદ્ધ કરી છંદવિધાનને કૃતાર્થતા બક્ષી છે. વિભૂતિપ્રશસ્તિ અને પ્રાર્થનાઓ ભાવાભિવ્યક્તિની બળકટતા, કલાત્મકતા અને સહજલાલિત્યને સિદ્ધ કરી હૃદયસ્પર્શી અને અભિવ્યંજક બનતા આસ્વાદ્ય બને છે. વર્ણન -કથન -નાટ્ય જેવી વિવિધ નિરુપણરીતિને મૂર્ત કરતો આ એકજ છંદ અનેકવિધ ભાવોની લયછટાઓ પ્રગટ કરે છે. કવિના કલાકૌશલ્યને પ્રગટ કરવામાં આ છંદ કારગત હથિયાર સાબિત થયો છે. કાવ્યસૌંદર્યને નિખારવામાં છંદકલાનો અપૂર્વ વિનિયોગ કવિ સાધી શકયા છે. જુદાં જુદાં કાવ્યમાં એક જ છંદ આગવું વ્યક્તિત્વ લઈને આવે છે. સુંદરમ્‌ની છંદકવિતાના કેટલાક શિથિલ પ્રયોગો - 'આવ્યા'નું 'આવિયા', 'નીકળ્યા'નું 'નીકળિયા' - સુરેશ દલાલે નોંધ્યા છે જે તેમની મર્યાદા ગણાવી શકાય.[3] ક્યારેક છંદની ચાલ લયકતી પણ લાગે છે એમ છતાં ય

3. શબ્દયોગ, સંપા. મફત ઓઝા, સુધા પંડ્યા, ૧૯૮૪, પૃષ્ઠ-૧૧૨.

ગાંધીયુગીય કવિતાની છંદસિદ્ધિની નોંધ લેતાં સુંદરમ્ ઉમાશંકરની સાથે અગ્રીમ હરોળમાં આવે છે. એટલે જ તો ઉશનસ્ એમને આપણી છંદોમયી કવિતાનું એક સમૃદ્ધ પ્રકરણ ગણાવે છે.[૪]

છંદકવિતામાં કવિએ સૉનેટસ્વરૂપને વિશેષ ખેડયું છે. સૉનેટના બાહ્ય અને આંતર સ્વરૂપની પૂરી સૂઝબૂઝ તેમને છે. પંક્તિવિભાગ, વળાંક અને અંતની ચોટના આંતરસંબંધને તે પામી ગયા છે. સૉનેટમાળામાં સધાતું ભાવસાતત્ય પ્રશંસનીય છે. શેક્સપિયરિયન સૉનેટ ઉપર તેમનું સારું પ્રભુત્વ હોવા છતાં સ્વતંત્ર સ્વરૂપના સૉનેટની રચનાઓ તમણે કરી છે. સ્વતંત્ર પંક્તિવિભાગના પ્રયોગો ભાવવિકાસની અનિવાર્ય જરૂરિયાતમાંથી નીપજેલા છે. સૉનેટમાં તેમની આત્મપ્રભા પ્રગટે છે. બલિષ્ઠ તીવ્ર વેગ, આવશ્યક કલાસંયમ.આયોજનસૂઝ. ભાવાવેગ તેમની સૉનેટકવિતાનો ગુણવિશેષ છે. 'યાત્રા'માં કવિએ સંગીતના રાગ વિષેનાં સૉનેટો આપ્યાં છે. તો 'ત્રિમૂર્તિ' જેવી અમર સૉનેટકૃતિ-તેમની પ્રાણશક્તિનો ધબકાર ઝીલે છે. પ્રણય, અધ્યાત્મ, શ્રી અરવિંદ તથા માતાજી પ્રત્યેના ભક્તિભાવનાં સૉનેટ પણ તેમણે રચ્યાં છે.

કવિના ભાવાવેગને ભાવસમાધિ સુધી પહોંચાડતું બીજું મનોરમ મધુર કાવ્યસ્વરૂપ છે ગીત. 'કોયા ભગતની કડવી વાણી' રૂપે નરી વાસ્તવિકતા નિરૂપતાં 'ગરીબોના ગીતો'થી છેક 'ઇશ' સુધીનાં આધ્યાત્મિક ચિરશૃંગોને સર કરતાં ગીતો એ કવિનું અમૂલ્ય પ્રદાન છે. એમનાં સાદ્યંત ઊર્મિસભર ગીતોમાં ભાવપ્રવાહનું સાતત્ય. શબ્દ, લય, ભાવ બધું જ એકરસ બનીને કૃતિને આંતર-ઐક્ય આપવા સાથે રસઘનતાથી અનુપ્રાણિત કરે છે. માટે તો ઉમાશંકર જોષી જીવંત ઊર્મિપુદ્ગલ એ સુંદરમ્‌ની કવિતાનું મુખ્ય બળ ગણાવે છે. રસળતી સરળતા, પ્રવાહિતા એમના ગીતોમાં વહેતા ઝરણાંનો કલકલ નિનાદ આપી જાય છે. સુંદરમ્ શબ્દ અને લયના સંયોજનથી એવી રસઘન અનુભૂતિ સાધે છે કે એ રસછોળમાં આપણે પરિપ્લાવિત થઇ જઇએ છીએ. ગીતનો લયહિલ્લોળ અને શ્રવણમધુરતા સંગીતની અદ્દભુત ગુંજનશ્રુતિને જન્માવે છે. શબ્દના લય દ્વારા કવિ ભક્તહૃદયની વ્યથા, વેદના અને અગમ્ય અનુભૂતિનું પ્રત્યાયન સફળ રીતે સાધી શક્યા છે. શબ્દને લયના સાયુજયથી સુંદર ભાવાભિવ્યંજના જન્માવી કવિચિત્તનું ભાવકચિત્ત સાથે અનુસંધાન સાધી આપવામાં કવિ અપૂર્વ સામર્થ્ય દાખવે છે.

રમણલાલ જોષી સુંદરમ્‌ની કવિતામાં સત્ય અને સૌંદર્યની યુગપત્ સંસ્થિતિ હોવાનું જણાવે છે.[૫] તેમણે સુંદરમ્‌માં સત્યની શોધ અને કળાની ગંભીર ઉપાસના એ બંને ચીજોને આગળ પડતી ગણાવી છે.[૬] ઉમાશંકરે કહ્યું છે કે સુંદરમ્‌ની કવિતામાં પ્રથમ રણકો ઊઠે છે સચ્ચાઇનો .... બીજું તત્ત્વ છે એક જાતની ભારઝલી તાકાત. સુંદરમ્‌ના શબ્દો ભૌતિકવિશ્વની ગંજાવરતા અને માનવયાતનાની નિઃસીમતાનો ભાવ સહજભાવે, નિરાયાસભાવે ઊઠાવી શકે છે.[૭] સુંદરમ્‌ની કવિતામાં સિદ્ધ થયેલી કવિતાનાં દર્શન થાય છે. સુંદરમ્ કાવ્યકલાને જે રીતે સેવે છે, એ રીતે આપણી ભાષામાં જૂજ કવિઓએ સેવી હશે. ભાવની અનેક પરિસ્થિતિઓ અને ચિત્તસ્તરો માટેના યોગ્ય શબ્દને તેમણે તે તે ક્ષણે ઓતપ્રોતભાવે શોધવા પ્રયત્ન કર્યો છે. શબ્દશોધ માટેનો

---

૪. એજન, પૃષ્ઠ-૧૦૮
૫. એજન, પૃષ્ઠ- ૬૧
૬. એજન, પૃષ્ઠ- ૬૧
૭. એજન, પૃષ્ઠ- ૪૦

સુંદરમ્‌ની ઉપાસના અને સજ્જતા પ્રભાવક છે. સૌંદર્યમંડિત, કલ્પનાસભર, રસાત્મક ભાષાની અભિવ્યંજના સુંદરમ્‌ની કાવ્યશૈલીના પ્રગટ ગુણો છે. બચુભાઈ રાવત સુંદરમ્‌ને પ્રસાદમાધુર્યના કવિ ગણાવે છે.[8] સંવેદનની સભરતા, અનુભૂતિની તીવ્રતા અને અભિવ્યક્તિની કલામયતા સુંદરમ્‌નો સર્જક કલાનો વિશેષ છે. છંદોલય અને ગીતલય ઉપરાંત કલ્પન-પ્રતીકો, પ્રતિરૂપો અને અલંકારોનો વૈભવ તો સુંદરમ્‌ની કવિતામાં અપાર છે. ઉપમા, રૂપક, દૃષ્ટાંત જેવા અલંકારો, અર્થાનુલક્ષી અને કલાત્મક કલ્પનોનો પ્રયોગ અને વળી એનો આધ્યાત્મિક સંદર્ભમાં વિનિયોગ, પતંગિયું, ગરોળી, ગરુડ,વાંદરા જેવાં પ્રતીકોની સાથે પવનપાવડી, તોખાર, દરવેશ જેવાં અનેક પ્રતીકો-રૂપકો અરવિંદવિચારદર્શન, જીવનનું તત્ત્વચિંતન અને રહસ્યમયતાનો અપ્રગટ ઉઘાડ બનીને યોજાય છે. પ્રકૃતિવર્ણનમાં વ્યંજનાથી ચિંતનનો સ્પર્શ ઝિલાય છે. 'બુદ્ધનાં ચક્ષુ'નું 'નયન રસ' જેવું રૂપક વિરલ છે તો સંગીતના રાગના વાતાવરણને સર્જતા દૃશ્યચિત્રો પણ કવિત્વઊંચાઈનો પરિચય આપી જાય છે. કવિના અન્ય સ્થૂળ વિષયના ચિત્રાંકનો પણ નોંધપાત્ર છે. અધ્યાત્મ-કવિતામાં પણ 'આભનો એકૈયો' અને 'પંખણિ' જેવાં વ્યક્તિચિત્રો અજોડ છે. કરુણ-કટાક્ષનાં ચિત્રો 'કોયા ભગતની કડવી વાણી'માં તો હાસ્યકટાક્ષનાં સુંદર ચિત્રો 'લોકલીલા' અને 'મહાનદ'માં મળે છે જે કવિની આગવી કલાસિદ્ધિનો પરિચય આપે છે.

ગાંધીયુગનો બુલંદ અવાજ સર્જકનાનો સંસ્પર્શ પામી સુંદરમ્‌ની પ્રારંભિક કવિતામાં સંભળાય છે તો સુંદરમે યોગનો માર્ગ લીધો અને અધ્યાત્મને જીવનમાં પ્રધાનતા આપી સાથે સાથે કવિતા પણ અનિવાર્ય પણે આધ્યાત્મિક બને છે. સાધનામાર્ગે જતાં પહેલાં પણ કવિ આધ્યાત્મિક ભૂમિકાને તો પ્રગટ કરે જ છે.'પલ્લવિતા'માં 'માયાવિની' જેવી અધ્યાત્મસ્ફૂર્તિવાળી કૃતિ એમણે અરવિંદઆશ્રમમાં નિવાસ પહેલાં જ રચી હતી જે પ્રથમથી જ તેમનામાં નિહિત અધ્યાત્મનો સંકેત કરે છે. વિશ્વસંવાદની ઉત્સુકતા, વિભુતિ-પ્રશસ્તિ અને અપાર પ્રાર્થનાઓ કવિની વિશિષ્ટતા છે. સંગીતના શાસ્ત્રીય રાગોનું નિરુપણવર્ણન રાગ માટેનાં ગીતો અને ગીતોનો શાસ્ત્રીય ઢાળ એમની સંગીતપ્રીતિના દ્યોતક છે.

સુંદરમ્ ગાંધીયુગના કવિ છે આથી તેમના ઉપર ન્હાનાલાલ, બ.ક. ઠાકોરનો પણ પ્રભાવ જણાય છે. સોનેટ કાવ્યોનું ખેડાણ બ.ક.ઠાકોરનો પ્રભાવ પ્રગટાવે છે તો થોડાં દીર્ઘ અછાંદસ કાવ્યોમાં ન્હાનાલાલનો ડોલન શૈલીનો પ્રભાવ હોવાનું મને જણાય છે. પ્રાકૃતિક તત્ત્વો સાથેનું કવિનું સંવનન ટાગોરની યાદ અપાવે છે તો 'લોકલીલા' પ્રેમાનંદની શૈલીમાં રચાયેલું હાસ્ય-કટાક્ષનું નિરૂપણ છે. પણ 'વરદા', 'મુદિતા' અને 'ઈશ'માં કવિએ રચેલી ગીત રચનાઓ અગોચર અનુભવોને એટલી કારગત અને મનોહર રીતે સાકાર કરે છે કે આપણને એ સુંદરમ્‌ની આગવી શૈલી હોવાનું પ્રતીત થાય છે. આમ તો કવિના કોઈ પણ કાવ્યની પ્રથમ પંક્તિનો ઉઘાડ મીરાં, દયારામ, કબીર, કે ન્હાનાલાલની ગીત રચનાની યાદ અપાવતો હોય અથવા તો કોઈ લોકગીત, ગરબા કે ભજનના રૂપમાં ઉઘડતો હોય સુંદરમ્‌નો આત્માનુભુતિની સચ્ચાઈ અને વૈયક્તિકતા તેને સુંદરમ્‌શાહી જ બનાવી દે છે. અરવિંદવિચારપ્રચારનું માધ્યમ બનતી હોવા છતાં ય સુંદરમ્‌ની કવિતામાં 'અવતર પ્રભા' અને 'ધૂળની આરત' જેવા અનેક કાવ્યો કાવ્યત્વની ઊંચાઈને પણ સર કરી શક્યા છે. 'આભનો એકૈયો' અને 'પંખણી'

---

૮. એજન, પૃષ્ઠ- ૧૦૮

જેવાં વ્યક્તિ-ચિત્રોનું કાવ્યત્વ પણ કવિની કાવ્યદીક્ષા રૂપ 'બુધ્ધનાં ચક્ષુ' જેટલી જ ઉન્નત ભૂમિકાએ વ્યક્ત કરે છે.

સુંદરમ્‌ની આધ્યાત્મિક કવિતાનો વિચાર કરતાં રહસ્યમયતાનું તત્ત્વ સહેજે જડી આવે છે. સુંદરમ્ નિશ્ચિતપણે રહસ્યવાદી કવિ છે. તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યમંગલા'માં 'માનવી મનુજ' કાવ્યમાં 'આ વૈખરીથી જ અગમ્ય ગાઓ' કહેનાર કવિ 'આ અલ્પ દેહે પ્રભુની પ્રતિષ્ઠા' જ ગાવા ઈચ્છે છે. સુંદરમ્‌નું ભાવજગત અલૌકિક છે. અગમ્યના અણસારથી માંડી ભાવલોકમાં અવગાહન કરતાં કવિની કાવ્યયાત્રાના વિકાસની સાથે સાથે રહસ્યમયતાનું તત્ત્વ પણ ઘેરું ને ઘેરું બનતું જાય છે. કવિના રહસ્ય-લોકને પ્રગટ કરતા શબ્દો કરતાં કવિનું વિસ્મય, એમની મુગ્ધતા આપણા માટે કોઈ અદ્દભુત દુનિયાના દ્વારને ખોલી આપે છે. 'વસુધા'માં 'એક સવારે આવી મુજને કોણ ગયું જગાવી?','ઝંઝાના ઝાંઝર પહેરી પધાર પિયા',' પેલી મૂર્તિ વિરાટ મટી અંગુલી શી સાવ થઈ' ઈત્યાદિ કાવ્યોનો મુગ્ધભાવ રહસ્યમયતાને પ્રગટ કરે છે. 'યાત્રા'માં 'આભનો ખેડૈયો', 'પંખણી' જેવાં રૂપકકાવ્યોમાં કલ્પનાની ભવ્યતા અને પ્રકૃતિ નિમિત્તે પ્રગટતી ગૂઢ અનુભૂતિઓનો વિસ્તાર વધતો જાય છે. તો 'યાત્રા'ના અનુગામી કાવ્યગ્રંથો 'વરદા',' મુદિતા' ને ' ઉત્કંઠા' તો કવિના કોઈ અલૌકિક ભાવજગતનાં ઈન્દ્રિયાતીત અનુભૂતિઓના કાવ્યો લઈને આવે છે. 'યાત્રા'થી આરંભાયેલું ઊર્ધ્વગમન 'ઊગતે સવાર', 'ભટકણ આંખો',' પવન પંથે', 'ચલ પવનની પાવડી', 'પરાક્રમણ', 'ગિરિ ગિરનાર' જેવાં અનેક કાવ્યોમાં 'વરદા'માં જોવા મળે છે. તો 'મુદિતા'માં 'ઊર્ધ્વતા', 'સેતુબંધ', 'વાદળિયા ડુંગરા', 'તિમિર ગોદ',' ગગનની ઘેર', ' વસંતવધાઈ', 'પાગલ વધાઈ' જેવા સંખ્યાબંધ કાવ્યો ગૂઢ ભાવોને પ્રગટાવે છે. 'ઉત્કંઠા' મહદ્ અંશે વ્યક્તિવિશેષ અને વિભૂતિવિષયક કાવ્યગ્રંથ છે. તેમાં પણ 'હાલજો હળવા', 'કોઈક છાનું',' નૈ નૈ નૈ', 'ભોમ-વ્યોમ' ઈત્યાદિ ઘણાં કાવ્યો રહસ્યવાદી અભિગમ ધરાવે છે, તો 'ઈશ'માં 'વિધિની કલા',' તેં',' ચકની ઘુઘરી', જેવાં કાવ્યોમાં રહસ્યમયતાનો સંસ્પર્શ સાંપડે છે. 'વરદા'અને 'મુદિતા'નાં પ્રકૃતિ વિષયક કાવ્યો તો રહસ્યવાદના જ કાવ્યો બની રહ્યાં છે.

સુંદરમ્‌ની કવિતાનો શબ્દ ઘણું ખરું શિષ્ટ છે. સમગ્ર કવિતામાંથી અરવિંદ દર્શનની વિશિષ્ટ પરિભાષા તારવી શકાય છે. આમ છતાં 'લોકલીલા' જેવા કાવ્યગ્રંથમાં રજૂ થયેલું હળવા કટાક્ષ શૈલીનું સમાજદર્શન, પ્રેમાનંદની છટાથી આલેખાયેલા વર્ણનો અને હાસ્યપ્રસંગો સુંદરમ્‌ની કાવ્યશૈલીનું એક નવું જ રૂપ પ્રગટાવે છે. સુંદરમ્‌નું કાવ્ય-સાહિત્ય વિપુલ છે. તેમની કવિતા સીડીના સોપાનનો જેમ ક્રમિક વિકાસનો આલેખ રજૂ કરે છે. સુંદરમ્‌ના પ્રારંભિક કાળનાં કાવ્યોમાં ઘણાં કાવ્યો સામાન્ય કોટિનાં છે. વિષયવસ્તુ અને અભિવ્યક્તિની સર્વાંગ સંપૂર્ણતા 'કોયાભગતની કડવી વાણી',' કાવ્ય-મંગલા', 'વસુધા' અને એ ગાળાના લખાયેલાં કાવ્યોના કવિના મરણોત્તર પ્રસિધ્ધ થયેલા કાવ્યસંગ્રહો 'પલ્લવિતા' અને 'મહાનદ'નાં ઘણાં કાવ્યોમાં જોવા મળતી નથી. 'ઈશ'નાં ઘણાં કાવ્યો માત્ર વિધાનાત્મક પ્રાર્થનાઓ વ્યક્ત કરતાં વાક્યો છે. વળી અરવિંદદર્શનના ભારને ઝીલતી કવિતા એકના એક વિચારોનું પુનરાવર્તન અને ભાવોનું એકવિધતાથી વિપુલ કાવ્ય સર્જન સતત નવા અને તાજગી ભર્યા અનુભવો કરાવી શકતું નથી. અરવિંદભક્તિમાં નિત્યકર્મ જેવી યાંત્રિકતાનો અનુભવ થાય છે. અનંતબ્રહ્મની અનુભૂતિ પામેલ વ્યક્તિ જેમ જગતને બ્રહ્મરૂપ જુએ તેમ સુંદરમ્‌નો કવિતા કોઈ પણ વસ્તુમાં અરવિંદનું જ દર્શન કરતી હોય તેમ અરવિંદ કે માતાજી કે તેમના વિચારોના

પૃથ્વીમૈયા' 'માં પૃથ્વીમાતાને તમસ્ત્રુલ્લામાંથી જગતને છોડાવવા અને દિશાઓને વિદ્યુત જ્યોતિથી ભરી દેવાની પ્રાર્થના છે. આ ઉપરાંત સૂર્ય, ધરા, ઉષા, રાત્રી, પૂર્ણિમા, વસંત, પ્રભા, પવન ઈત્યાદિ અનેક પ્રાકૃતિક તત્વોને ઉદ્દેશીને કવિએ પોતાના અંતરના અને જગતના અંધકારને દૂર કરી સુંદરતાનું, શાંતિનું, પરમપ્રકાશનું સ્થાપન કરવાની પ્રાર્થનાઓ કરી છે. પ્રકૃતિ કવિને વિસ્મયની અગમ્ય અનુભૂતિ આપી જાય છે. કવિની ઝંખનાનું કોક ઝંઝાના ઝાંઝર પહેરી, વસંતની ફૂલમાળા પહેરી, કોકિલની બંસી લઈ, પુષ્પની પાંદડીએ બેસી, પવનના રથ ઉપર ચઢી આવે છે. આ તત્વ ક્યારેક ઊર્ધ્વગમન કરતું લાગે છે ત્યારે 'અહો ગગનચારિ !',' આભનો એઠૈયો', 'પંખણી', જેવાં રૂપોમાં પ્રગટે છે. ક્યારેક કવિની શ્રધ્ધા બુધ્ધ, ગાંધી, અરવિંદ કે માતાજી જેવા વ્યક્તિ-વિશેષના માધ્યમે પ્રગટે છે તો ક્યારેક જગતમાં શક્તિના પરમ સ્રોતરૂપ જગત જનનીના રૂપે પ્રગટ થાય છે. વ્રજ વનિતાનો ગોપી ભાવ, કોઈ અવધૂતની અલખ, સંતનો જ્ઞાનોપદેશ અને ભક્તિમાં સ્નેહ સમર્પણ નો પ્રણયોજનના આરત -ઈજન પણ કવિ પ્રગટાવે છે ત્યારે કવિની શ્રધ્ધાભૂમિની શોધ કવિની પોતાની અનુભૂતિ જેવી જ અગમ્ય આપણા માટે પણ બની જાય છે.

કવિ તેમનાં કાવ્યોમાં પ્રભુના સાકાર અને નિરાકાર રૂપો પ્રગટાવે છે. ક્યારેક પ્રભુ બુધ્ધના ચક્ષુ બની ઊઘડે છે, ક્યારેક કૃષ્ણના શ્યામઘન વદનરૂપે પ્રગટે છે. ક્યારેક અરવિંદ અને માતાજીનું માધ્યમ બની આવે છે પરંતુ આ બધાને અંતે આપણને લાગે છે કે કવિની શ્રધ્ધાભૂમિતો પ્રભુના સાકાર સ્વરૂપથી પર કવિની પોતાની કલ્પનાના સત્ય, શિવ અને સુંદર સ્વરૂપને ધારણ કરતી, ધરાના તિમિરને ટાળવા મનુષ્યચેતનામાં અવતરણ કરતી તેજોમય પ્રભારૂપ, જગતની કુંઠિતતાને હરી લઈ ચૈતન્ય પ્રગટાવતી શક્તિરૂપ કોઈ અમૂર્ત કલ્પનાની ભૂમિ છે. 'કાવ્યમંગલા'નું પ્રથમ કાવ્ય 'અંકાશ દે' કવિની શ્રધ્ધાભૂમિની શોધ માટે સૂચક છે. કવિની કલ્પનાના પ્રભુનું સ્વરૂપ અતિવ્યાપક છે.

'પ્રભો છલકતાં દયા- પ્રણય શાંતિના સાગરો.'
'પ્રચંડ તમ વીંધતી પ્રખર પ્રાણવંતી પ્રભા.'
'સર્જે જગત, ને વહે સકળ ભાર ભૂમિ તણો,
અને વિકળ વિશ્વના દુઃખ હરે, ઠરે વિશ્વ આ તુંમાં.'

આ પંક્તિઓમાં કવિની પ્રભુ વિશેની આદ્ય સ્વસંસ્કારની કલ્પના સાકાર થાય છે. ત્યાર પછીનાં કાવ્યોમાં જુદા જુદા અનેકવિધ સ્વરૂપો પ્રગટે છે પણ છતાં ય કવિની શ્રધ્ધા ભૂમિનું આ આદ્યસ્વરૂપનો અખંડ જ રહે છે.

કવિ 'વસુધા'માં 'નમું' કાવ્યમાં કહે છે --

'નમું તને પથ્થરને ? નહીં, નહીં,
શ્રધ્ધા તણાં આસનને નમું નમું.'
'તું માનવોના મનમાં વસ્યો અને
તને ય આ માનવ માનવે કર્યો,'
'તું કાષ્ઠમાં, પથ્થર વૃક્ષ સર્વમાં,
શ્રધ્ધા ઠરી જ્યાં જઈ ત્યાં, બધે જ તું.'

આમ પ્રભુનું સ્વરૂપ મનુષ્યની પરિકલ્પના માત્ર છે. જેમાં વ્યક્તિની શ્રધ્ધા ઠરે તે દેવ. આ રીતે સમગ્ર સૃષ્ટિમાં પ્રાણભૂત-સુષુપ્ત કે ગતિશીલ-ચર-અચલ તત્વ એ જ કવિની શ્રધ્ધા ભૂમિ છે, માટે જ કવિ અનેક સ્વરૂપોમાં અનેકવિધ રીતે આ તત્વને શોધે છે, અને અનેક-

વિધ રીતે વિભિન્ન સ્વરૂપોમાં કવિને આ તત્ત્વ જડે પણ છે. આમ કવિની શ્રધ્ધાભૂમિ તેમની કવિતામાં પ્રગટતા વિવિધ સ્વરૂપો કરતાં ભિન્ન અને આગવી જ છે.

સુંદરમ્‌ની કવિતામાંથી સમગ્રતયા જે આધ્યાત્મિક અનુભૂતિ પ્રગટે છે તે કોઈ પણ માધ્યમે કે સ્વરૂપે પ્રગટતી હોય, તેનું પ્રયોજન વિશ્વનો ઉધ્ધાર કરવાનું છે, વિશ્વનું કલ્યાણ કરવાનું છે, વિશ્વની નમસુલીલાને હરિ ચૈતન્યસંચાર કરવાનું છે, દુઃખોના તાપને ટાળી શીતળ વર્ષનોની સુંદરતા રેલાવવાનું છે. સુંદરમ્‌ની મોટાભાગની કવિતા અરવિંદદર્શનપ્રાણિત હોઈ આપણને લાગે કે સુંદરમ્‌ના ચિંતનનો મૂળ સ્રોત અરવિંદ-દર્શનમાં પડેલો છે પરંતુ આપણે આગળ જોયું કે અરવિંદનું દર્શન એ આપણા સનાતન ધર્મદર્શનનો જ નવો ઉન્મેષ છે. સુંદરમ્‌ની કવિતા અરવિંદ પ્રત્યેના ભકિતભાવને કે અરવિંદવિચારપ્રચારને પ્રગટાવે છે પરંતુ એ વિચારો અરવિંદના છે જેનો કવિ સ્વીકાર અને પ્રસાર કરે છે આમ કહેવું યોગ્ય નથી. અરવિંદની વિચારણાનાં મૂળ આપણાં ધર્મ-દર્શનનો જ એક આવિર્ભાવ હોઈ સુંદરમ્‌માં આ વિચારો સંસ્કારરૂપે પડેલા જ હતા. કવિને અરવિંદ ગમ્યા તેનું કારણ અરવિંદના વિચારોનો કવિ ઉપર પ્રભાવ નથી પણ અરવિંદના વિચારો સાથે કવિના મૂળગત વિચારોનું સામ્ય છે. કવિ જે વિચારે છે અને અજ્ઞાતપણે ઇચ્છે છે તે અરવિંદદર્શનમાં સિધ્ધ થતું કવિને જણાય છે. અહીં પ્રભાવથી પરિવર્તનના બદલે દર્શનથી આત્મજાગૃતિની ઘટના વિશેષપણે જોઈ શકાય છે. ઉદાહરણ તરીકે 'વસુધા'નું પ્રથમકાવ્ય ' અહો પૃથ્વી મૈયા ' લઈએ . આ કાવ્ય ૧૯૩૫માં કવિએ લખ્યું છે જેમાં અરવિંદનો સભાનપણે કોઈ જ પ્રભાવ નથી. આ કાવ્ય કવિએ અરવિંદઆશ્રમમાં નિવાસ કરવાનું વિચાર્યું તે પહેલાં લખાયેલું છે. અહીં કવિનું ચિંતન ધરતીની પીડાથી દૂર ગયું નથી ત્યારે કવિ જે પ્રાર્થના કરે છે --

' અહો પૃથ્વી મૈયા , તમ ચરણ સંગીત ઝમતું
મહા જે સ્રષ્ટાના અગમ ગિરિથી , તે ગમ તમે
અમારાં વાળી ધો તૃષિત મુખનેત્રો ભરી દિયો
દિગન્તો વિદ્યુતને અમ જડુક ચાત્રાળુ થશે. '

તેનું અનુસંધાન અરવિંદદર્શનપ્રાણિત કાવ્યોમાં પણ જડે જ છે. એ જ રીતે ૧૯૪૭માં ભારતની સ્વાતંત્ર પ્રાપ્તિ વખતે લખાયેલું કાવ્ય 'જયોઽસ્તુ'' કાવ્યની પંકિતઓ --

'નમોઽસ્તુ વરદે ' મહામધુર હે જગન્માતર !
ઉદાર સ્મિતતારે આ જગ રચ્યાં સુધાસરોવર . '

અનુગામી કવિતાઓમાં માતાજીને ઉદ્દેશીને લખાયેલાં અનેક કાવ્યોની પંકિતઓ સાથે અનુસંધાન ધરાવે છે. એ જ રીતે 'લોકલીલા'નો રચનાકાળ પણ કવિ અરવિંદ-આશ્રમમાં ગયા પહેલાનો છે. તેમાં પણ સંચારો ઉલેચવાની , કાદવમાંથી નવા ભાંડ સર્જવાની કવિની ખેવના, સર્વ દુઃખોમાંથી મુકિત માટે આત્મજાગૃતિનો ઉપાય, જડતાને ટાળવા ચેતનાને ઊંચે ચઢાવવાની વાતમાં અરવિંદદર્શનનો સ્પર્શ જડે છે. આ માટે બે વસ્તુ કહી શકાય ,કાં તો અરવિંદદર્શનની ભૂમિકા સુંદરમ્‌માં પહેલેથી જ હતી અથવા તો કવિએ અરવિંદપ્રભાવ પછી આ પહેલાંનાં લખાયેલાં કાવ્યોમાં પાઠાંતરો કર્યાં હોય પરંતુ આપણે જોયું તેમ 'કાવ્યમંગલા' અને 'વસુધા'માં પણ અરવિંદવિચારોની ભૂમિકા સાંપડે છે જે ઉપરથી જોઈ શકાય છે કે શ્રી અરવિંદ અને સુંદરમ્‌ની આધ્યાત્માનુભૂતિની ભૂમિકા સમાન હતી માટે જ કવિને શ્રી અરવિંદમાં પોતાની સમસ્યાઓનો-વિશ્વકલ્યાણનો ઉકેલ જડયો .

આમ કહી શકાય કે કવિની આધ્યાત્મિક અનુભૂતિ તો પોતાની સ્વતંત્ર અનુભૂતિ છે. જ્યારે જે રૂપ કે ઘાટ કે તત્ત્વ એ અનુભૂતિને પ્રગટ કરવા સમર્થ બનીને એમની સામે આવે છે ત્યારે તે રૂપે એ પોતાની આધ્યાત્મિક સંવેદનાને અભિવ્યક્ત કરે છે. એમના સંસ્કારો, અભ્યાસ, આત્મચિંતન અને વિભૂતિ-પ્રભાવ આ બધાના અંતે કવિ જે સ્વતંત્ર વિચારણા પ્રગટાવે છે તે તો અનેક અનુભવોના સમવાયરૂપ પરિષ્કૃત બનેલી શુદ્ધ વિચારણા છે અને માટે જ એ વિચારણા કવિની અતલ શ્રદ્ધાનો આશ્રય પણ છે. કવિના મતે સમગ્ર બ્રહ્માંડ એક અનંત ઉર્જાથી ઊભરાતો સાગર છે. તે ઉર્જાનું સંક્રમણ સૃષ્ટિને સંચાલન આપે છે. એ દિવ્ય શક્તિ પૃથ્વી ઉપરની જડતાને ઓગાળીને જ્ઞાનમય પ્રકાશને પ્રસરાવે છે, જો કે પદાર્થવિજ્ઞાનના સિદ્ધાંત મુજબ પણ ઉર્જાની-શક્તિનો પ્રવાહ ચાલુ હોય ત્યાં સુધી જ યંત્રની ગતિ શક્ય બને છે. તે રીતે આ સંક્રમિત થતી દિવ્યતા ધરાતલની જડતાને પ્રકાશિત કરે છે. દિવ્યચેતનાના પ્રપાતથી જગતનાં જડતત્ત્વો પણ ગતિશીલ બને અને શુભમાં સંયોજાય છે પણ એ શક્તિપ્રપાત અટકી જતાં પાછું વિશ્વ જડ બની જાય છે, અંધકારમાં ગરકાવ થઈ જાય છે. આનો અર્થ એ થયો કે દિવ્ય ચેતનતત્ત્વ જેટલું જ શાશ્વત છે જગતનું જડત્વ. જગતનાં જડતત્ત્વોને ઓગાળી નાખવાની શક્તિ દિવ્યચેતનામાં પણ નથી. જડતા શાશ્વત અને વિશ્વ વ્યાપી છે. પરંતુ ચૈતન્યવાહિતા એ જડતાને ગતિ આપે છે- સદ્ગતિ આપે છે પરંતુ મોક્ષ આપી શકતી નથી. આથી ઇચ્છવા યોગ્ય તો એ છે કે જગતમાં ચૈતન્યવાહિતાનો પ્રવાહ સતત ચાલુ રહે અને જડત્વ, કુંઠિતતા દિવ્યચેતનાથી ગ્રસ્ત રહે તો જ વિશ્વ સુખી અને સુંદર બની રહે.

આમ સુંદરમ્‌ની કવિતાનો અધ્યાત્મ એ પ્રધાન સૂર બને છે. કવિ અરવિંદની કંઠી પહેરીને સાંપ્રદાયિક ભક્તિયોગને સ્વીકારે છે છતાંય કવિની વિચારસરણી આગવી અને સ્વતંત્ર છે. કવિની શ્રદ્ધાભૂમિ વ્યક્તિ કે દેવ નથી 'શ્રદ્ધાનું આસન' છે. કવિની વિલક્ષણ પ્રતિભાનો પણ તેમની કવિતા પરિચય કરાવે છે. કવિ પ્રભુની વિડંબના કરે છે છતાં ય નાસ્તિક નથી, અરવિંદને શરણે જાય છે છતાં ઇષ્ટદેવરૂપે સાકાર કરતાં નથી. માનવચેતનાના આરોહણનો વિચાર જેનાં મૂળ વેદોપનિષદ્‌માં મળે છે તે કવિના સંસ્કારો સાથે સુમેળ ધરાવે છે પણ કવિ પીડામાંથી ઊગરવાના અને વિશ્વને ઉગારવાના ઉપાય રૂપે અરવિંદઆશ્રમમાં નિવાસ સ્વીકારે છે. કવિ જ્ઞાન, ભક્તિ અને યોગ ત્રણેય ઉપાસનાના માર્ગોનું અનુસરણ કરતા હોવાનું તેમની કવિતામાં જણાઈ આવે છે. આમ કવિની આધ્યાત્મિકતા જુદાં જુદાં સ્વરૂપોમાં વિકસતી આગળ વધે છે. કવિની છેલ્લા તબક્કાની કાવ્યરચનાઓમાં વિભૂતિપ્રભાવ અને અરવિંદપ્રચાર મહદ્‌અંશે પ્રગટ થાય છે. કવિ વિરતિમાંથી સાધનાના માર્ગે પળે છે છતાંય કવિનો શ્રદ્ધાનો દીપક પૂર્ણ જ્યોતથી પ્રજળ્યા જ કરે છે. કવિ પ્રારંભિક કાળની કવિતામાં પ્રગટ થતી અકળામણને બાદ કરતાં મહદ્‌અંશે જીવન પ્રત્યે વિધેયાત્મક વલણ દાખવે છે. નિરાશા કે અશ્રદ્ધાના ગાન કવિ ગાતા નથી. તેમની કવિતા તો અશ્રદ્ધાઓનું ઉન્મૂલન કરી સત્યમ્, શિવમ્, સુંદરમ્‌નું સ્થાપન કરે છે.



રાજેન્દ્ર શાહ

જન્મ : ૨૮-૧-૧૯૧૩